
# કચ્છમાં જૈન સંસ્કૃતિ-એક દૃષ્ટિપાત




૧૯ મી સદી દરમ્યાન કાષ્ટકલાનો ઉત્કૃષ્ટ નમૂનો-ઐરાવત ઉપર બિરાજમાન ઇન્દ્રદેવ તીર્થંકરની પૂજા કરવા જઇ રહ્યા છે.

- ડૉ. નીતા ઠાકર

# કચ્છમાં જૈન સંસ્કૃતિ-એક દૃષ્ટિપાત

- ડૉ. નીતા ઠાકર



૧૯ મી સદી દરમ્યાન કાષ્ટકલાનો ઉત્કૃષ્ટ નમૂનો-ઐરાવત ઉપર બિરાજમાન ઇન્દ્રદેવ તીર્થંકરની પૂજા કરવા જઇ રહ્યા છે.

:: વિક્રેતા ::

**અક્ષરભારતી**

૫, રાજગુલાબ સેન્ટર, વાણિયાવાડ, ભુજ-કચ્છ.

ફોન : (૦૨૮૩૨) ૨૫૫૬૪૯

○ **કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દૃષ્ટિપાત.**

ડૉ. નીતા ઠાકર

○ © ડૉ. નીતા ઠાકર

○ **પ્રકાશક :**

ડૉ. નીતા અનિમેષ ઠાકર

૨૧/એ, ટપકેશ્વરી કોમ્પ્લેક્ષ, ભાનુશાલીનગર,

મુન્દ્રા રોડ, ભુજ (કચ્છ).

ફોન : (૦૨૮૩૨) ૨૩૦૪૭૫

○ **પ્રથમ આવૃત્તિ**

ડિસેમ્બર ૨૦૦૫

○ **કિંમત :** રૂા. ૧૦૦/-

○ **મુદ્રક :**

શ્રીજી ઓફસેટ,

સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ૩૭૦ ૦૦૧.

ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭.




# અર્પણ

દરેક ધર્મોથી પર.
'આત્મા'ના ધર્મને...

## સૌજન્ય સ્વીકાર....

પ. પૂ. ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા.ની
પ્રેરણાથી
સ્વ. મુકેશ મણીલાલ મેઘજી વીરા (નાની ખાખર-કોલકત્તા)
ના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી
આ પુસ્તકમાં અનુદાન પ્રાપ્ત થયેલ છે.
આભાર.....



શ્રી મુકેશ મણીલાલ વીરા

નાની ખાખર - કોલકત્તા

જન્મ : ૧૬-૯-૧૯૬૩ અવસાન : ૧૮-૯-૨૦૦૫

: ફર્મ :

**ભારત ટ્રેડીંગ કંપની**

કેનીંગ સ્ટ્રીટ, કોલકત્તા-૧

# નિવેદન...

## ચળકતાં શિખરોની છબી

ગુજરાતના એક જિલ્લા તરીકે ભારતના નકશામાં આજે જેનું સ્થાન છે તે કચ્છ વસ્તુતઃ એક પુરાતન દેશ છે. રણ, પર્વત, જંગલ, ઘાસિયા મેદાન, ઢંઢ (પાણી ભરેલાં છીછરાં તળાવ), રેતાળ મેદાન - આવું ભૌગોલિક વૈવિધ્ય તો અહીં છે જ, સાથે ધાર્મિક અને સામાજિક વૈવિધ્ય પણ એટલું જ અહીં જોવા મળે. કચ્છની ખરી વિશેષતા તો છે - વૈવિધ્યમાં પણ એકતા. વિવિધ ધર્મો અને જ્ઞાતિઓ વચ્ચે સહઅસ્તિત્વ, સહિષ્ણુતા, સૌજન્ય, સૌહાર્દ વગેરે ગુણો જેવાં અને જેટલાં આ ભૂમિમાં વિકસ્યા છે તેવાં અન્યત્ર ઓછાં જોવા મળે. કચ્છની ભૂમિએ સંતો, સંશોધકો, વિજ્ઞાનીઓ અને પ્રવાસીઓને હંમેશાં આકર્ષ્યા છે. ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છના પ્રેમીઓના વર્ગમાં સમાજશાસ્ત્રીઓ, ભૂસ્તર શાસ્ત્રીઓ, પુરાતત્ત્વવિદો અને દેશવિદેશના સમાજસેવી જનોનો ઉમેરો થયો છે.

કચ્છ વિશે કે કચ્છના લોકો વિશે લખાય ત્યારે જૈન ધર્મનો સંદર્ભ તેમાં હોવાનો જ. જૈનો કચ્છની વસ્તીનો મુખ્ય અને આગળ પડતો હિસ્સો બની રહ્યા છે. કચ્છમાં જૈનો અને જૈન આચાર્યો-મુનિઓના પ્રદાન અને પ્રભાવ વિશે છૂટું છવાયું ઘણું લખાયું છે, આ બધી સામગ્રીને માળાના મણકાની જેમ એકસૂત્રે સાંકળી આપે એવા એક પુસ્તકની જરૂર હતી. એ જરૂરત પ્રસ્તુત "કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દષ્ટિપાત" પુસ્તકથી મહદંશે પૂરી થાય છે. કચ્છમાં જૈનોના ઈતિહાસ અને વર્તમાનનો એક આલેખ આ પુસ્તકમાં અંકિત થયો છે, જૈનોનાં પ્રદાનની એક સુરેખ છબી આમાં ઉપસી આવી છે. આ પુસ્તક દસ્તાવેજી સામગ્રીના આધારે લખાયું છે અને લખનાર એક અ-જૈન વિદુષી છે એ આ પુસ્તકની વિશેષતા છે. શ્રીમતી ડૉ.નીતાબહેનની સંશોધનરૂચિ તથા કચ્છપ્રીતિના એક સુફળ તરીકે સંસ્કૃતિરસિકોને એક સંગ્રહણીય દસ્તાવેજી પુસ્તક મળે છે.

ડૉ. નીતાબહેને જૈન ધર્મના પરિપ્રેક્ષ્યમાં કચ્છનો અભ્યાસ કરવાનું પસંદ કર્યું તેમાં તેમની ધર્મપ્રીતિ પણ પ્રતિબિંબિત થાય છે. જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિના કચ્છ સંબંધિત અનેક પાસાંને આવરી લેવાનો તેમનો પ્રયાસ ધ્યાનાર્હ છે. લેખિકાની ચીવટ અને ચોકસાઈનો હું સાક્ષી છું. જો કે કચ્છમાં જૈન ધર્મ-જૈન સંસ્કૃતિ જેવા વિષયનો એક પુસ્તકમાં પૂરો આલેખ આપવો એ દુષ્કર જ

ગણાય. આથી કેટલીક વિગતો અહીં રહી જતી લાગે તો તે ક્ષમ્ય જ ગણાવું જોઈએ. કુકમામાં સ્થાપિત શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર, દેવપર-યક્ષ પાસે નિર્માણાધીન પાર્શ્વવલ્લભ ઈન્દ્રધામ જેવાં જૈન કેન્દ્રો, કચ્છમાં અને કચ્છ બહાર કચ્છી જૈનો દ્વારા ચલાવાતા કચ્છી ભવનો, અનેક સખાવતી પ્રવૃત્તિઓ, ડગારા જેવા ગામમાંથી દીક્ષિત થયેલ આયર જ્ઞાતિના સાધ્વીઓ - આવું કેટલુંક અહીં નોંધાયું ન હોય તો તેમાં કોઈ આશ્ચર્ય નથી. દૂરથી ધ્યાન ખેંચે એવા ચળકતાં શિખરોની છબી ફ્રેમમાં મઢીને જાણે અહીં મૂકાઈ છે. પાસે જઈએ ત્યારે જ પરખાય એવી ઝીણી કોરણી જેવી વિગતો આમાં ન જોવા મળે તો તે સ્વાભાવિક જ ગણાય. દેરાસરો અને તીર્થોમાં બે-ચાર પેઢીથી ગાયન-વાદનનું કાર્ય કરતા મુસલમાન ગાયક-લંઘા-ઢોલી, દેરાસરો અને મહાજનોની સંસ્થાઓમાં સેવા બજાવતા પૂજારી, મહેતાજી, પટાવાળા વગેરે સાથે સંઘની નાની-મોટી વ્યક્તિઓના મીઠા સંબંધો, સ્થાનક-ઉપાશ્રયમાં તપ-જપ-સત્સંગનો હોંશથી લાભ લેતા ગરાસિયા-બ્રાહ્મણ-પટેલ-આયર-હરિજનો, શંકરમંદિર કે ઠાકરમંદિર કે પીર કે જખડાડાના મંદિરોના નિર્માણ-જીર્ણોદ્ધારમાં પ્રેમથી ફાળો નોંધાવતા જૈન શ્રેષ્ઠીઓ - જૈન ભાવના અને જૈન સંસ્કારોએ કચ્છની 'બાંધણી'માં પૂરેલા આ રંગો તો નિકટ પરિચયે પરખાય એવા છે. અભ્યાસનિષ્ઠા અને ગુણાનુરાગમાંથી સર્જાયેલું આ પુસ્તક કચ્છમાં જૈન ધર્મનું વિરાટ દર્શન કરાવશે અને સાથે સાથે, ઉપર કહ્યું તેવું નિકટ દર્શન કરવાની ઉત્કંઠા વાચકમાં જગાડશે એવી આશા જરૂર રાખી શકાય.

ડૉ. નીતાબહેનની સાહિત્ય સેવા, કચ્છ સેવા અને ધર્મસેવાનું હાર્દિક અભિવાદન કરું છું ને આવા સ્થાયી મૂલ્યવાળાં સાહિત્યનું સર્જન તેમના હાથે થતું રહે એવી મંગળકામના પાઠવું છું.

**- ઉપા. ભુવનચંદ્ર**
**'ચિન્મય'**

**નાના ભાડિયા**
**સં. ૨૦૬૧, આસો સુદ ૭,**
**તા.૧૦-૧૦-૦૫**

# અભિપ્રાય

## જીવદયા દ્વારા વિશ્વનું શુભ ઈચ્છતી સંસ્કૃતિ, એટલે જૈન સંસ્કૃતિ

ઈસુ પૂર્વેની છઠ્ઠી સદી માત્ર ભારતના જ નહિ વિશ્વના ઈતિહાસમાં એક મહાન ક્રાંતિનો યુગ મનાય છે. આ કાળ બૌધિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર હતો. વિશ્વના વિવિધ વિસ્તારોમાં આ સદીમાં બૌધિક ચિંતનના આંદોલનો થયાં જેના કારણે મનુષ્યના ધાર્મિક, સામાજીક અને રાજકીય જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. ગ્રીસથી માંડીને ચીન સુધી અને ભૂમધ્ય સમુદ્રથી માંડીને પ્રશાંત મહાસાગર સુધીના દેશોમાં વૈચારિક ક્રાંતિનું મોજું ફરી વળ્યું. મનનશીલ વિચારકોએ માનવ સમુદાય માટે પ્રશસ્ત પથ ચીંધ્યો. આધ્યાત્મિક વિકાસની આ સદીમાં આવી ક્રાંતિના પ્રણેતા હતા - ચીનમાં કોન્ફયુશિયસ. ઈરાનમાં જરથુસ્ત્ર અને ભારતમાં ભગવાન મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધ.

જૈનોના ૨૪ તીર્થંકરોમાં મહાવીર સ્વામી સૌથી છેલ્લા - ૨૪મા તીર્થંકર. સૌથી પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવ. ઈતિહાસ એમનો સમયગાળો ઈ.સ.પૂર્વે૨૩૦૦નો ગણાવે છે. વેદમાં તેમજ ભાગવત પુરાણમાં ઋષભદેવનો ઉલ્લેખ જોવા મળે છે. વેદકાળે એ અસ્તિત્વ ધરાવતા હતા એમ વેદના ઉલ્લેખ નજરે કહી શકાય. વેદો ઘણા પ્રાચીન છે. શતપથ બ્રાહ્મણમાં આવતા એક ઉલ્લેખથી એવું કહી શકાય તેમ છે. શતપથ બ્રાહ્મણ ૬/૨/૨/૧૮માં આવતા ઉલ્લેખ મુજબ અગાઉ સંવત્સરની શરૂઆત ફાગણ સુદ ૧૫થી થતી હતી.

"एष ह संवत्सरस्य प्रथमा रात्रिर्यत्फाल्गुनी पूर्णमासी"

એટલે કે નિશ્ચિત જ આ ફાગણની પૂનમ સંવત્સરની પ્રથમ રાત્રિ છે. આ વાક્યાંશ જે સમયે સંવત્સરની શરૂઆત ફાગણની પૂનમથી થતી હતી તે સમયનો નિર્દેશ કરે છે. જ્યોતિષીઓના કથન પ્રમાણે તે સમયે વસન્ત સમ્પાત ઉતર ભાદ્રપદા નક્ષત્રમાં થતો હતો. જ્યારે હાલમાં તે પૂર્વ ભાદ્રપદા નક્ષત્રમાં થાય છે. આ રીતે સમ્પાતની એક આખી પ્રદક્ષિણા પૂરી થઈ ચૂકી છે. જેને પૂરી કરતાં ૨૦,૦૦૦ વર્ષ લાગે છે - અને આ હાલની પ્રદક્ષિણા ફરીથી આરંભાઈ છે. આ પ્રદક્ષિણાને પણ ૨૦૦૦ વર્ષ જેટલો સમયગાળો વીતી ગયો છે. આ રીતે શતપથ બ્રાહ્મણનું આ વાક્ય ૨૨૦૦૦ વર્ષ પૂર્વેની સ્થિતિ નિર્દેશ છે. શતપથ બ્રાહ્મણથી પહેલાં વેદો હતા અને વેદમાં તેમના એટલે કે ઋષભદેવના

નામનો ઉલ્લેખ હોય તો ૨૨૦૦૦ વર્ષ પૂર્વે શ્રી ભગવાન ઋષભદેવ અસ્તિત્વ ધરાવતા હતા.

ભાગવત પુરાણ પ્રમાણે ભારતનું અસલનામ નાભિવર્ષ હતું. સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત નામનો પુત્ર હતો. તેનો મોટો પુત્ર આગ્નીધ્ર હતો. આ આગ્નીધ્ર સમગ્ર જંબુદ્વીપનો રાજા હતો તેણે પોતાના પુત્રોને રાજ્યના ભાગો કરીને વહેંચી આપ્યા હતા. જે ભાગો ખંડ કે વર્ષ તરીકે ઓળખાતા હતા. આગ્નધ્રીએ પોતાના પુત્ર નાભિને ભાગે જે વિસ્તાર આપેલ તે નાભિવર્ષ કહેવાતો. ઋષભ આ નાભિના પુત્ર હતા. નાભિઅજ તરીકે પણ ઓળખાતા હોવાથી તેમને મળેલ વિસ્તારને અજનાભવર્ષ પણ કહેવામાં આવતું. ત્યાર પછી ઋષભના પુત્ર ભરત થયા, જેના નામ પરથી આ દેશ ભારતવર્ષ તરીકે ઓળખાવા લાગ્યું.

જૈનોના ૨૪મા તીર્થંકરો પૈકી ૨૨મા તીર્થંકર શ્રી નેમીનાથ, ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ અને છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી. આ મહાવીર સ્વામીએ જૈન ધર્મના પુનરૂત્થાનનું ભગીરથ કાર્ય કર્યું. ઈ.સ.પૂર્વે ૫૨૭ (અન્ય ગણત્રીએ ઈ.સ.પૂર્વે ૪૬૭)માં નિર્વાણ પામ્યા. તેમના નિર્વાણ પછી તેમના શિષ્યોએ જૈન ધર્મના વ્યાપક પ્રચાર અને પ્રસારનું કાર્ય ઉપાડી લીધું. જેના કારણે આ ધર્મ વિશ્વના એક જીવંત ધર્મ તરીકે વૈશ્વિક સ્તરે આજે પણ અહિંસા અને વિશ્વશાંતિની દિશામાં મૈત્રીભાવના પવિત્ર ઝરણાને વહાવી રહ્યું છે.

કચ્છની ધરતી પર આ પૂનિત પ્રવાહ ક્યારથી પ્રવાહિત થયો અને લોકસમૂહે એને કઈ રીતે સત્કારી આત્મસાત કર્યો તેની ક્રમબદ્ધ કથા ડૉ. નીતાબેન ઠાકરે તેમના આ પુસ્તક **"કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દષ્ટિપાત"** દ્વારા કહે છે. રતિલાલ દીપચંદ દેસાઈ કૃત 'શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ'માં દર્શાવેલા વિક્રમ સંવત ૧૯૩૯ના એક શિલાલેખમાં ભદ્રેશ્વરનું મંદિર ક્યારે અને કોણે બંધાવ્યું તેની વિગતો દર્શાવવામાં આવેલ છે. આ શિલાલેખના ઉલ્લેખ મુજબ કચ્છ દેશમાં ભદ્રાવતી નામની એક નગરી હતી. તેમાં મહાન ઋષિવાન દેવચંદ નામના શ્રાવકે લાખોના લેખે દ્રવ્ય ખર્ચીને વીર નિર્વાણ સંવત ૨૩માં એક દેરાસર બંધાવ્યું હતું. આ ઉલ્લેખના આધારે કહી શકાય કે મહાવીર સ્વામીના સમયે કચ્છમાં જૈન ધર્મ પ્રર્વતતો હતો.

કચ્છ વિશે સંસ્કૃત ભાષામાં રચાયેલા એક સુંદર શ્લોકનો ઉલ્લેખ રામજી ઠાકરશી દેઢિયાએ તેમના પુસ્તક 'સંત પરમ હિતકારી'માં કરે છે કે,

નરા તુરઙ્ગા જલવાયુ રમ્યાઃ
ગિરા મધુરી શિરપેચ વક્રાઃ ।
ન વિદ્યતે કચ્છ વિહીન દેશઃ
તતો ગમિષ્યામિ હિ કચ્છ દેશે ॥

એટલે કે જયાંના મનુષ્યો, અશ્વો અને હવા પાણી મનોહર છે. અને જે દેશની ભાષા મધુર છે, પાઘડી વાંકી છે એવો કચ્છ સિવાય બીજો દેશ નથી. તેથી કચ્છ દેશ તરફ હું જઈ રહ્યો છું. આવી વિશિષ્ટ ગુણવાળી કચ્છ ધરા પર જૈન સાધુ ભગવંતો, આચાર્યો વિગેરેએ વિચરીને કે વિહાર કરીને લોક કલ્યાણ માટે ધર્મને પ્રબોધ્યો, અને એ દ્વારા "અહિંસા પરમો ધર્મ"ની ઉદાત ભાવનાને લોક હૈયે પ્રતિષ્ઠિત કરી અને એમાં કોનો કેટલો ફાળો રહ્યો અને એ દ્વારા જીવદયાની સંસ્કૃતિના વિકાસમાં રાજકીય અને સામાજીક ક્ષેત્રે કોનું કેટલું પ્રદાન રહ્યું અને તેની સમાજ પર કેવી ને કેટલી અસર થઈ તેની આધારભૂત વિગતો લેખિકાએ રસાળ શૈલીમાં આપી છે.

આ ધર્મના સિદ્ધાંતો જોતાં તો સાધુઓ માટે સંપૂર્ણ નિવૃત્તિનો માર્ગ નિર્દેશાયો છે. તેમની પરંપરા આત્યંતિક નિવૃત્તિની ને લોકસેવાતો પરાંગમુખ. પણ સમયની માગને સમજનારા સાધુ ભગવંતો - આચાર્યો - મુનિશ્રીઓ - વર્તમાન પ્રવાહથી અલિપ્ત નથી રહી શક્યા - અને ધર્મની વિષમ ધર્માક્ષા વચ્ચે પણ ગાંધીયુગે પોતાના મનમાં મ્હોરેલા મનોરથોને પાર પાડવાનું અતિ કઠીન કાર્ય મુનિશ્રી કલ્યાણચંદ્રજી મહારાજે કેવી રીતે કર્યું. તેનું સુંદર ઉદાહરણ હરિજન ઉન્નતિ માટે તેમના માટે એક શાળા સ્થપાય અને એ દ્વારા જ્ઞાનનો પ્રકાશ પથરાય એવા ઉદ્દેશ સાથે હરિજન વાસમાં જઈને હરિજનોના ઘેરથી ભીક્ષા પણ વહોરી અને ઈભી શેઠને બંગલે જઈને હરિજનો માટેની શાળા પણ વહોરી - એ આપણે આ પુસ્તકમાં જોઈએ છીએ. કંઠી પટમાં વિચરણ કરતાં કરતાં શ્રી ભુવનચંદ્રજી મહારાજને સમાજોત્થાનનું કાર્ય કરતા જોઈએ ને ભુજની આઠકોટિ પક્ષના મુનિશ્રી નરેશચંદ્રજી મહારાજને વ્યસનમુક્તિ, સંસ્કાર સીંચન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું અભિયાન ચલાવતા જોઈએ, ત્યારે સંતો શા માટે પરમ હિતકારી મનાયા છે તેનો ખ્યાલ આવી શકે છે. ધર્મના સિદ્ધાંતોને વળગી રહીને ભગવાનના આદેશોને વર્તમાન સમયની જરૂરિયાત પણ ધર્મના રૂપે લોકોને કલ્યાણના માર્ગે દોરી જાય એવા ઉચ્ચ ઉદ્દેશને વળગી રહેનાર જૈન ધર્મના સાધુઓ સિવાય કોણ જોવા મળશે ?

શ્વેતાંબર સંપ્રદાયના મુખ્ય ત્રણ પંથો, સંવેગી, સ્થાનકવાસી અને તેરાપંથી. આ તેરાપંથનું મહત્ત્વ પણ કચ્છના જૈન શ્રાવકોને સ્પર્શી ગયો છે.

૨૦૦ વર્ષ અગાઉ આ પંથનો ઉદ્ગમ કચ્છમાં થયો. સમયે સમયે આ પંથના આચાર્ય, ગુરૂઓ, સાધુ-સાધ્વીઓએ અહીં આવીને લોકોમાં સંસ્કાર સીંચનનું અભિયાન ચલાવ્યું છે - અને આચાર્ય તુલસીનું નામ આ માટે ખૂબ જ જાણીતું છે. કચ્છમાં એ આવેલા ત્યારે એક ગામડામાં એમના પ્રવચનમાં આવેલા હરિજનો, મુસલમાનો અને જૈનેતરોને દૂર રાખવાની આયોજકોની વ્યવસ્થાને - એમણે પોતાનું પ્રવચન બારણાની વચ્ચે બેસીને આપ્યું - અને સૌને સરખો આદર કરી ભેદભાવ અને અસ્પૃશ્યતા તરફ પોતાનો અગણમો એ રીતે વ્યક્ત કરેલ. એમના પ્રવચને જૈનેતરો પર જે અસર કરી તેના કારણે ઘણા લોકોએ વ્યસનો ત્યજયા, અને સ્ત્રીઓએ જુગાર ન રમવાના પ્રત્યાખ્યાન લીધા હતા. કચ્છના તે વખતના સાંસદ લવજીભાઈ લખમશી ઠક્કરે પણ સીગારેટ છોડવાની પ્રતિજ્ઞા લીધી. સંતોના આવા પ્રભાવના કારણે જ તો કહેવાયું છે કે,

સરવર તરૂવર સંતજન, ને ચોથા વરસે મેહ,
પરમારથને કારણે એ ચારે ધરિયો દેહ.

જૈન સંસ્કૃતિમાં - આવા સાધુ-ભગવંતોના સદ્બોધ અને ઉત્તમ આચરણની અસર કચ્છના રાજવીઓ પર પણ પડી છે. એમનાથી પ્રભાવિત થયેલા કચ્છના રાજવીઓએ જૈન ધર્મના આવા વાહકોને હંમેશાં પૂજ્ય ગણીને આદર કર્યો છે- એની વિગતોની વિસ્તૃત માહિતી આપણે આ પુસ્તકમાં જોઈ શકીએ છીએ. કચ્છના રાજવીઓએ માત્ર જૈન સાધુ-ભગવંતોનો જ નહિ, જૈન મહાજનોને પણ માનથી જોયા છે, માનથી સાચવ્યા છે. જૈન ધર્મની આદર્શ પરંપરાને નિભાવવા માટે પર્યુષણના દિવસોમાં કસાઈઓ કે ખાટકીઓ કોઈ જાનવરનો વધ ન કરે અને લોધીઓ માછી પકડે નહિ અને વેચે નહિ તે માટે અગાઉથી ચાલી આવતી પરંપરાને જાળવવા માટે તારીખ ૧૩-૮-૧૯૪૩ના એક ઠરાવ પણ કચ્છ રાજ્યે બહાર પાડેલ- અને તે દ્વારા જણાવેલ કે શ્રાવણ સુદ ૧૨થી તે ભાદરવા સુદ ૫ સુધી કોઈએ કોઈ પ્રકારે જીવહિંસા કરવી - કરાવવી નહિ, લોધીઓએ માછલી પકડવી પણ નહિ, વેચવી પણ નહિ. મુસલમાનો પણ આ પરંપરાનો આદર કરતા. જીવદયાની સાથે વહેવારૂ બનેલ મહાજન - લોધીઓની આજીવિકાની પણ ચિંતા કરતું ને પર્યુષણના આ તમામ દિવસો માટે લોધીઓને શરૂઆતમાં રોજની ૨ કોરી અને તે પછી રોજની ૩ કોરી આપતા.

પુસ્તક માત્ર ધાર્મિક બાબતોની જ ચર્ચા નથી કરતું. જૈનોએ આર્થિક અને સામાજીક ક્ષેત્રે જે પ્રદાન કર્યું છે તેની સાથે સાથે રાજકીય ક્ષેત્રે લોકોએતો

ખરૂં જ પણ જૈન મુનિઓએ પણ જે ફાળો આપ્યો તેની રસપ્રદ વિગતો આપે છે. તે સમયની એટલે કે રાજાશાહીના સમય સુધીની કચ્છમાં જૈન સ્ત્રીઓની સામાજીક પરિસ્થિતિની કરૂણાભરી વિગતો ક્યાંક આપણને કંપાવે છે - તો સમાજને સુધારવા માટે સ્ત્રીઓએ જે પ્રદાન કર્યું છે તે માટે ગૌરવ લેવા પણ પ્રેરે છે. આ બધાં પરિબળોએ કચ્છમાં જૈન સંસ્કૃતિનું જે સર્જન કર્યું તે ખરેખર અલૌકિક થયું.

આ પુસ્તક વિશે મારે ટૂંકમાં જ કહેવાનું હોય તો હું માત્ર એટલું જ કહું કે હાથ કંકણને આરસીની જરૂર નથી રહેતી. ડૉ. નીતાબેનને જૈન પરંપરાનું વિપુલ અને ઊંડું શાસ્ત્રજ્ઞાન છે તેની પ્રતીતિ આપણને શરૂઆતના પ્રકરણોથી જ થાય છે. અને પછી લખાણ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ એમની વિદ્વતાનો ખ્યાલ આવતો જાય છે. એમનામાં રહેલી સંશોધન વૃત્તિએ એમના ચિત્તમાંથી ગમા-અણગમાને દૂર કર્યા છે જેથી તટસ્થ ભાવે થયેલું આ સર્જન વાચકને સ્પર્શી જાય છે. ઈતિહાસનું આલેખન હોવા છતાં જાણે નવલકથા વાચતા હોઈએ એવી રસાળ શૈલીના કારણે તે ગમી જાય છે. પુસ્તકમાં દરેક પ્રકરણને અંતે પાદનોંધમાં આપેલ ગ્રંથોની સંદર્ભ સૂચી અવલોકતાં સર્જકે સર્જન પાછળ જે મહેનત લીધી છે તેનો પણ ખ્યાલ આવે છે. પુસ્તક પૂરૂં થાય છે ત્યારે આ ધર્મના ઉદાત્ત ગુણો અને ઘટનાઓ મન માથે છવાઈ જાય છે અને મુનિશ્રી ચંદ્રપ્રભ સાગરજીના આ કલ્યાણ ભાવનાથી ભર્યા ભર્યા શબ્દો જેમણે ક્યારેય પણ સાંભળ્યા હશે તો તે તેમના હૃદયપટ પર છવાઈ જશે -

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે

- ઉમિયાશંકર અજાણી

૧૪, હંસા
રેવન્યુ કોલોની, ભુજ (કચ્છ)
તા. ૪-૮-૨૦૦૫

## પ્રસ્તાવના...

કચ્છ સાથે શું ઋણાનુબંધન છે ! કે જ્યારે કચ્છ વિશે લખું છું ત્યારે આત્મસંતોષની અનુભૂતિ થાય છે. શરૂઆતમાં વિષય પસંદગી વખતે થોડી મુંઝવણ હતી, પરંતુ શ્રી હરેશભાઈ ધોળકિયાનું પ્રોત્સાહકબળ જીવંત હોવાથી મારું મનોબળ દઢ થયું અને 'કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દષ્ટિપાત' વિષયક સંશોધન કાર્ય શરૂ કર્યું, પણ જ્યારે આધાર સાધનો ઉપલબ્ધ ન થાય ત્યારે નિરાશ થઈ જતી. એવા સમયે આશાવાદી બનાવવામાં ડૉ. દર્શનાબેન ધોળકિયાનો મહત્તમ ફાળો રહ્યો છે. અત્રે નોંધનીય છે કે કચ્છયાત્રાએ આવેલ આદરણીય મુનિ શ્રી વિજયશીલચંદ્રસુરિજીએ મને જે માર્ગદર્શન અને પ્રેરણા આપી તેનાથી મારા સંશોધનકાર્યને વેગ મળ્યો.

જૈન સંસ્કૃતિ વિશેના આધારગ્રંથો શોધી મારા સુધી પહોંચાડવામાં આદરણીય ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબે જે જહેમત ઉઠાવી છે તે ઋણ ચિરસ્મરણીય રહેશે. એટલું જ નહીં પણ મારું લેખનકાર્ય ચોકસાઈપૂર્વક તપાસી ખૂટતી કડીઓની પૂર્તિ કરી મારું સંશોધનકાર્ય પૂર્ણ બનાવ્યું તે બદલ અત્રેથી તેમનું ઋણ સ્વીકારું છું. તેજ રીતે આદરણીય શ્રી ઉમિયાશંકર અજાણીએ ઐતિહાસિક દષ્ટિએ મારૂં લેખનકાર્ય તપાસી તેની પૂર્તિ માટે જે માહિતી આપી તે બદલ તેમનો અંતઃપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

જૈન સંસ્કૃતિના વિકાસમાં જેઓનો મહત્તમ ફાળો રહ્યો છે તે સંદર્ભે શરૂઆતમાં 'જૈનધર્મ' વિશે ટૂંકમાં ચિતાર આપી કચ્છના શાસકો, જૈનમુનિઓ અને શ્રેષ્ઠીઓનું યોગદાન આલેખ્યું છે. સાથે કચ્છમાં જૈનોની રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને પ્રજાકલ્યાણની નીતિ વગેરે પાસાંઓમાં રહેલી સમભાવની નીતિનું યથાર્થ દર્શન કરાવવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત કચ્છનાં ગૌરવરૂપ વ્યક્તિઓની માહિતી આપી કચ્છના ઈતિહાસની સમૃદ્ધિનું મૂલ્યાંકન કર્યું છે. જો કે વેપારાર્થે કચ્છ બહાર વસેલ કચ્છી જૈનોની સિદ્ધિઓ અને વિકાસનો ઈતિહાસ સમાવવો પુસ્તકની મર્યાદામાં શક્ય ન હોવાથી માત્ર કચ્છ પ્રદેશને કેન્દ્રમાં રાખી સિમિત સંશોધનકાર્ય કર્યું છે. છતાં તેમનો વતનપ્રેમ કેટલો ઉત્કૃષ્ટ છે તે કચ્છમાં કરેલાં તેમનાં કાર્યો દ્વારા જણાઈ આવે છે.

આ ઉપરાંત સંશોધન કાર્યમાં જેઓનો સાથ સહકાર મળ્યો છે તેમાં તપગચ્છીય દહેરાસર - છઠ્ઠીબારી, ક.વિ.ઓ.- શ્રી ડુંગરશી ટોકરશી વોરા (વિવિધલક્ષી સંકુલ), શ્રી ભવાનજીભાઈ (સાધનાશ્રમ લાયબ્રેરી, બિદડા),

પ્રેમિલાબેન (સાર્વજનિક લાયબ્રેરી, બિદડા), શ્રી સુરેશભાઈ શાહ (કચ્છમિત્ર), શ્રી મોહનભાઈ શાહ, માતૃછાયા કન્યા વિદ્યાલયનાં ભૂતપૂર્વ આચાર્યા અને હાલ નિયામક શ્રી નલીનીબહેન શાહ, શ્રી બંકીમ ઉપાધ્યાય (ચેરમેન રોટરી લાયબ્રેરી, ભુજ) શ્રી દવેભાઈ (જૈન લાયબ્રેરી), શ્રી બાબુલાલ ગોર, શ્રી દિલીપભાઈ વૈદ્ય, શ્રી પ્રમોદ જેઠી અને વિશેષરૂપે શ્રી નરેશ અંતાણી (જેમની પાસેથી કચ્છ મ્યુઝિયમના જૈનસંગ્રહ વિશેની માહિતી ઉપલબ્ધ થઈ છે) વગેરે સંશોધનના સહસદ્ભાગીશ્રીઓનો હું આભાર વ્યકત કરું છું.

**- ડૉ. નીતા ઠાકર**

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા. | ૧ |
| ૨. | કચ્છમાં જૈન ધર્મ; તેના વિકાસમાં કચ્છના શાસકો અને જૈન યતિઓનો ફાળો. | ૨૧ |
| ૩. | કચ્છમાં દિવાન અને કારભારી તરીકે જૈન. | ૩૭ |
| ૪. | કચ્છમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ. | ૪૬ |
| ૫. | જૈનધર્મના પ્રસારમાં અને પ્રજા કલ્યાણક્ષેત્રે શ્રેષ્ઠીઓનો ફાળો. | ૬૪ |
| ૬. | કચ્છમાં આઝાદીની લડત અંતર્ગત જૈનોનો ફાળો. | ૧૦૨ |
| ૭. | કચ્છમાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ. | ૧૧૧ |
| ૮. | ઐતિહાસિક મૂલ્ય સંદર્ભે કચ્છનાં જૈનતીર્થો. | ૧૨૪ |
| | - સંદર્ભ ગ્રંથો | ૧૫૦ |

# ૧. પૂર્વ ભૂમિકા

ધર્મ સમાજનું એક અતિ આવશ્યક અંગ રહ્યું છે. તેની ઉત્પતિનો આદિકાળ ઐતિહાસિક દ્રષ્ટિથી અજ્ઞાત છે. સમાજવિજ્ઞાનની દ્રષ્ટિએ જ્યારથી માનવનું અસ્તિત્વ છે ત્યારથી ધર્મના અસ્તિત્વનો સ્વીકાર કરવો જ પડશે. સંસારનાં કોઈપણ ખૂણામાં શિક્ષિત અથવા અશિક્ષિત માનવનો સ્વભાવતઃ કોઈપણ વર્ગ એવો નહી હોય જેને પોતાનો કોઈ ધર્મ ન હોય. ધર્મહીન સમાજનાં જીવનમાં સમતુલા નથી રહી શકતી પછી તે વિચારમૂલક હોય કે આચારમૂલક[૧]. ધર્મનું તત્વતો સુસ્પષ્ટ છે. તે મૈત્રીભાવનો વિકાસ, પરોપકારી વર્તન અને શમવિભૂષિતવૃત્તિ જેવાં લક્ષણો ધરાવે છે[૨]. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને નિર્લોભતા એ શિષ્ટસમ્મત જગન્માન્ય સાર્વજનિક ધર્મ છે[૩].

ધર્મની જેમ સંસ્કૃતિની પણ અનેક પરિભાષાઓ કરવામાં આવી છે. ડૉ. પી. જે. મજમુદારના મતે સંસ્કૃતિની ૧૧૬, પરિભાષાઓ આજ સુધી થઈ ચૂકી છે. અને હંમેશા નવીન નવીન પરિભાષાઓ રચાય છે. તેથી સંસ્કૃતિને એક જ વાક્યમાં સમજવી એ અસંભવ નહીં તો કઠિનતો જરૂર છે. આ ઉપરાંત ડૉ. મજમુદાર ઉમેરે છે કે સંસ્કૃતિ સામાજિક સૌંદર્ય તેમજ બૌધ્ધિક શ્રેષ્ઠતા છે. હેગલ અને કેન્ટ સંસ્કૃતિમાં સામાજિક સૌંદર્ય અને બૌધ્ધિકતાની સાથે નૈતિકતાને પણ ઉમેરે છે. મેથ્યુઆર્નોલ્ડ એમાં માધુર્ય અને શિષ્ટતાને વધુમાં ઉમેરે છે.[૪]

મહાન દાર્શનિક કેસર તથા સમાજશાસ્ત્રી સોરોકિન અને મેકાઈવરે સંસ્કૃતિ શબ્દનો પ્રયોગ મનુષ્યની નૈતિક, આત્મિક અને બૌધ્ધિક પક્ષની સમુન્નતિ માટે કર્યો છે. જ્યારે સંસ્કૃતિનાં મહાન વ્યાખ્યાકાર ટેલટ લખે છે કે 'સંસ્કૃતિ' શબ્દ વિશ્વાસ, વિચાર, પ્રથા, કાનૂન, નૈતિકતા, કલા તથા યોગ્યતા તેમજ ચતુરાઈ માટે પ્રયોજવામાં આવે છે. કે જેને માનવસમાજ સદસ્યના રૂપે મેળવે છે. જ્યારે રેડફિલ્ડે સંસ્કૃતિની પરિભાષા આ રીતે આપી છે. "સંસ્કૃતિ કલા અને ઉપકરણોમાં વ્યસ્ત પરંપરાત્મક જ્ઞાનનું તે સંગઠિતરૂપ છે, જે પરંપરાથી સંસ્કૃતિ બની માનવસમૂહની વિશેષતા બને છે." વળી એડવર્ડ શાપિરની દ્રષ્ટિએ સંસ્કૃતિ માનવનાં પ્રાકૃતિક અને આધ્યાત્મિક જીવનમાં સમાયેલ એક સામાજિક તત્વ છે.[૫]

આમ, ધર્મ અને સંસ્કૃતિનો અભિન્ન સંબંધ છે. ધર્મના અભાવમાં

સંસ્કૃતિ અને સંસ્કૃતિનાં અભાવમાં ધર્મનું અસ્તિત્વ રહેતું નથી. ઇ.સ. પૂર્વેની છઠ્ઠી સદી સમગ્ર જગતમાં સ્વતંત્ર વિચારો અને ધાર્મિક ક્રાંતિના સીમાચિન્હરુપ હતી. આ સદીમાં અનેક દેશોમાં પુરાતન વિચારો અને અંધવિશ્વાસોને આઘાત આપનારા તેમજ નવીન ચેતન-પ્રગટાવનારા ધાર્મિક નેતાઓ પેદા થયાં. એમાં ભારતમાં મહાવીર અને ગૌતમબુધ્ધ, ચીનમાં કોન્ફયૂશિયસ, ગ્રીસમાં પાયથાગોરાસ, ઇરાનમાં અષોજરથુષ્ટ્ર વગેરે નોંધપાત્ર વિભૂતિઓ મનાય છે. આ બધા વિચારકો જગતનાં ધાર્મિક પ્રશ્નોને હલ કરવા સક્રિય હતાં. એમણે અનેક નવીન તાર્કિક સિધ્ધાંતો દ્વારા જનતાને કઠોર અને અંધવિશ્વાસભર્યા ધાર્મિક જીવનમાંથી છુટકારો અપાવવા માટે પ્રયાસો કર્યા. સમગ્ર માનવજાતને પ્રેરણા આપનાર વ્યક્તિઓમાં મહાવીર સ્વામીનું સ્થાન અનોખું છે. જેણે જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર કર્યો.

## જૈનધર્મનો ટૂંકમાં પરિચય :-

શરૂઆતમાં પશ્ચિમના વિદ્વાનોએ જૈનધર્મ અને બૌધ્ધધર્મમાં ગોટાળો કર્યો. મિ. વેબરે જૈન સાહિત્ય ઉપર પહેલો નિબંધ લખ્યો એમાં એવું પ્રતિપાદન કર્યું કે જૈનધર્મએ બૌધ્ધધર્મનો ફાંટો છે. પરંતુ, બે ધર્મમાં તફાવત છે. આ બધા ગોટાળાનું કારણએ હતું કે જૈનધર્મનાં જુના ગ્રંથો - 'જૈન સાહિત્ય' માં તીર્થંકરો માટે 'બુધ્ધ' અને 'જિન' એ શબ્દો વપરાયા છે તેમજ બૌધ્ધ સાહિત્યમાં પણ બુધ્ધને માટે 'બુધ્ધ' અને 'જિન' શબ્દો વપરાયા છે. ડૉ.બુહ્‌લરે જૈનધર્મનો અભ્યાસ કર્યો પછી તેણે બહાર પાડ્યું કે જૈનધર્મએ સ્વતંત્ર ધર્મ છે. બન્ને ધર્મના પ્રચારકો મહાવીર અને બુધ્ધ સમકાલીન હતા, પણ તેમના ધર્મના સિધ્ધાંતો બારીકાઇથી તપાસતા માલુમ પડે છે કે બન્ને ધર્મો તદન નિરાળા છે. અને જૈનધર્મ અન્ય ધર્મનો ફાંટો નથી.[૬]

જૈન સાહિત્યનો મહાન સંશોધક જર્મનીમાં બોન શહેરમાં ડૉ. હર્મન જેકોબી છે. તેમણે હસ્તલિખિત ગ્રંથોનું લીસ્ટ બનાવી બે હજાર પાનાનું 'કેટલોગ' બહાર પાડ્યું. બીજા એક જર્મન પ્રો. ગ્લાસેનોપરિએ ૭૦૦ પાનાનો એકગ્રંથ લખ્યો જેમાં જૈનધર્મનું સઘળું રહસ્ય આવી જાય છે. પેરિસના ડૉ. શુબ્રાનો 'ડી જૈન' નામનો ગ્રંથ એટલો બધો પ્રખ્યાત છે કે તેમાં વિશાળ દૃષ્ટિથી જૈનધર્મનું વિહંગાવલોકન કર્યું છે.[૭]

જૈન સાહિત્યનો અભ્યાસ કરવા માટે યુરોપનાં કેન્દ્રોમાં મુખ્યત્વે : લંડન શહેરમાં બ્રિટિશ મ્યુઝિયમ, બર્લિનની સ્ટેટ લાયબ્રેરી તેમાં આર્ય વિભાગ

જુદો છે. પેરિસમાં જાહેર પુસ્તકાલય, જૈન સાહિત્ય સંગ્રહનું બીજું અગત્યનું સ્થળ ઈટાલીનું ફ્લોરેન્સ છે ત્યાં હસ્તલિખિત ગ્રંથો છે. અને એક કેન્દ્ર હોલેન્ડની રાજધાની - આમ્સટર્ડહામ છે.[૮]

હિન્દુધર્મમાં કોઇ પ્રવર્તક નથી પણ જૈનધર્મમાં છે. જૈનધર્મ કેટલો પ્રાચીન છે તે સંદર્ભે કેટલાંક મંતવ્યો અત્રે ઉલ્લેખનીય છે.

'મારું કથન જરાપણ અતિશયોક્તિ યુક્ત નથી કે વેદરચનાના કાળ પહેલાં પણ જૈનધર્મ હતો' - ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

'જૈન સિધ્ધાંત' નિ:સંશય પ્રાચીનકાળથી છે. કારણ કે 'अर्हन् इदं दयसे विश्वमल्वम्' ઈત્યાદિ વેદવચનથી માલૂમ પડે છે. - પ્રો. વિરુપાક્ષ, વેદતીર્થ

ऐतिहासिक शोधसे यह प्रकट हुआ है कि यर्थार्थ में ब्राह्मणधर्म के सद्भाव अथवा उसके हिंदुधर्म में परिवर्तन होने के बहुत पूर्व जैनधर्म इस देश में विद्यमान था । - ન્યાયમૂર્તિ રાંગણેકર (મુંબઇ હાઇકોર્ટ).

ભારતીય ધર્મ વિચારધારામાં બે પરંપરાઓ જાણીતી છે. એક બ્રાહ્મણ અને બીજી શ્રમણ. બ્રાહ્મણ પરંપરાનો વિકાસ 'બ્રહ્મન્' શબ્દની આસપાસ થયો જયારે શ્રમણ પરંપરાનો વિકાસ 'શ્રમ'ની આસપાસ થયો. શ્રમણ પરંપરા પ્રમાણે ધર્મએ કોઇ એક વ્યક્તિ કે સમાજનો ઈજારો નથી, પરંતુ તે સમાજનાં દરેક માનવીને માટે સરખા અધિકારની ભાવના બતાવે છે. કોઈપણ મનુષ્ય સ્વપુરૂષાર્થ વડે અર્હંતપદ કે તીર્થંકરપદ મેળવી શકે છે. અને તેથી જ સમર્થ નાટ્યકાર, ચિંતક તથા મહાન સલાહકાર બર્નાડ શોને પૂછવામાં આવ્યું કે જો પરલોક જેવી વસ્તુ હોય તો તમે આ જન્મ પછી ક્યાં જન્મ થાય તેમ ઇચ્છો છો ? બર્નાડ શોએ જવાબ આપ્યો કે, "હું જૈન થવા માંગું છું, કારણ કે જૈનધર્મમાં ઈશ્વર પરમાત્મા બનવાનો પરવાનો કોઈપણ એક વ્યક્તિને જ નથી આપી દેવામાં આવ્યો. પરંતુ વિશિષ્ટ યોગ્યતાવાળો કોઈપણ મનુષ્ય આત્માની ઉન્નતિ-ઉર્ધ્વીકરણ કરીને પરમાત્મા બની શકે છે. તેમજ એ માટે એમાં વ્યવસ્થિત, ક્રમિક સાધનામાર્ગ બનાવ્યો છે. જે વૈજ્ઞાનિક પણ છે. એવો વ્યવસ્થિત સક્રિય, ક્રમિક અને વૈજ્ઞાનિક સાધનામાર્ગ બીજે નથી."[૯]

જીવનના આખરી ધ્યેયને સિધ્ધ કરવાને માટે અહિંસાને મુખ્ય સાધન ગણવામાં આવ્યું છે. શ્રમણ પરંપરામાં ધર્મભાવના, દર્શન અને તત્વજ્ઞાન

'અહિંસા' શબ્દમાં વ્યક્ત થાય છે. બ્રાહ્મણ પરંપરામાંથી વેદધર્મનો વિકાસ થયો જયારે શ્રમણ પરંપરામાંથી જૈનધર્મ અને બૌધ્ધધર્મનો વિકાસ થયો. એક મત એવો છે કે બ્રાહ્મણ પરંપરા કરતાં શ્રમણ પરંપરાની વિચારધારા ઘણી પ્રાચીન છે. તેની પ્રાચીનતા હડપ્પા સંસ્કૃતિ સુધી બતાવવામાં આવે છે. તેના પ્રવર્તકોમાં સૌ પ્રથમ ઋષભદેવ છે.[૧૦] ભાગવતમાં ઋષભદેવને વિષ્ણુના ૨૨, અવતારોમાં આઠમો અવતાર માને છે.[૧૧] જો કે ઋષભદેવ વિશે કોઇ ઐતિહાસિક અન્ય માહિતી ઉપલબ્ધ થતી નથી.

જૈનધર્મ, શ્રમણધર્મ અને નિર્ગ્રંથ સંપ્રદાયના નામે જાણીતો થયેલો છે. 'નિર્ગ્રંથ' શબ્દનો અર્થ ગ્રંથિ વિનાનો થાય છે. આ નિર્ગ્રંથ સંપ્રદાયમાં જે આચાર્યો અને સંતો થયા તેમણે તપ દ્વારા પોતાનાં મન, વાણી અને કાયાને તદ્દન જીતી લીધાં હતાં. આવા મહાપુરુષોને માનની દૃષ્ટિથી 'જિન' નામ આપવામાં આવ્યું છે. જિન સંસ્કૃત ધાતુ जि = જીતવું ઉપરથી થયેલો છે. તેનો અર્થ જેણે રાગ, દ્વેષ આદિ સર્વદોષોમાંથી પોતાનું મન નિર્મળ કર્યું છે અને મન, વચન અને કાયા ઉપર સંપૂર્ણપણે કાબુ મેળવ્યો છે. આ જિનોએ તપ વડે પોતાના અંતરનાં શત્રુઓને હણીને તેમના ઉપર વિજય મેળવ્યો હોવાથી તેઓ 'અર્હંત' ને નામે પણ ઓળખાય છે. આ અર્હંતો કેવળજ્ઞાન મેળવ્યા પછી 'તીર્થ' એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના બનેલા ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. તેથી તેઓ તીર્થંકર કહેવાય છે. આ જિનોએ પ્રતિપાદિત કરેલો ધર્મ તે જૈનધર્મ કહેવાય છે. જૈનધર્મનો વ્યવહાર અનેક નામોથી થાય છે. જેમ કે નિર્ગ્રંથ, શ્રમણધર્મ, અર્હંતધર્મ અનેકાન્તમાર્ગ, વીતરાગમાર્ગ, જિનમાર્ગ વગેરે.[૧૨]

પહેલાં તીર્થંકર ઋષભદેવ ક્યાં અને ક્યારે થઇ ગયા તે અંગેની ઐતિહાસિક વિગતો પ્રાપ્ત થતી નથી. જૈન અનુશ્રુતિ અનુસાર બાવીસમાં તીર્થંકર નેમિનાથ યાદવકુળમાં જન્મ્યા હતાં અને તેઓ કૃષ્ણનાં પિતરાઇ ભાઇ થતાં હતાં તેવું અનુમાન છે. નેમિનાથ વિશે એવી કથા છે કે પોતાના લગ્નના દિવસે ભોજન માટે અસંખ્ય પશુહિંસા થવાની હતી આ જોઇને તેઓ ખૂબ દુઃખી થઇ ગયા અને લગ્નને બદલે તેમણે દીક્ષા ગ્રહણ કરી, તેઓ સૌરાષ્ટ્રનાં ગિરનારમાં કાલધર્મ પામ્યા હોવાથી ગિરનાર જૈનો માટે મહત્વનું તીર્થ ગણાય છે. ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી પહેલાં આશરે ૨૫૦ વર્ષ પહેલાં થયાં હતાં. જ્યારે ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામીએ પોતાનાં આયુષ્યના ૩૦માં વર્ષે સંસારત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી હતી. તેમણે પોતાનાં ઉપદેશમાં અહિંસા, સત્ય,

બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, ક્ષમા, નમ્રતા અને વિવેક ઇત્યાદિ સદ્‌ગુણો ઉપર ભાર મૂકીને પ્રજાને પ્રેમમય અને નિર્ભય જીવન જીવવાના મંત્ર આપ્યા. સર્વધર્મનું મૂળ દયા છે. એમ જણાવી ધર્મક્ષેત્રે તેમણે અહિંસાને એટલી બધી પ્રતિષ્ઠિત કરી કે સમય જતાં તે ભારતીય ધર્મોનો પ્રાણ બની ગઇ.[13] મહાવીરસ્વામીએ ૩૦ વર્ષ સુધી ગૃહસ્થપણામાં, ૧૨ વર્ષ સાધકપણામાં અને ૩૦ વર્ષ સર્વજ્ઞપણે વિચરી ૭૨ વર્ષનું પોતાનું આયુષ્ય પૂર્ણ કરી રાજગૃહ પાસે પાવાપુરીમાં ઇ.સ. પૂર્વે ૫૨૭ માં નિર્વાણ પામ્યાં.[14]

આમ, ૨૪ તીર્થંકરો થયાની જૈનધર્મમાં માન્યતા છે. પરંતુ આદ્યતીર્થંકર ઋષભદેવ, સોળમાં તીર્થંકર શાંતિનાથ, બાવીસમાં તીર્થંકર નેમિનાથ, ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ અને ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામી - આ પાંચનાં નામ આમ જનતામાં વધારે પ્રચલિત છે.[15] મહાવીર સ્વામી એવા ધાર્મિક નેતા હતાં જેમણે રાજ્યનો કે કોઇ બહારી શક્તિનો સહારો લીધા વગર કેવળ પોતાની શ્રધ્ધાનાં બળ પર જૈનધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરી.[16]

## ૧. ત્રિરત્ન :-

જૈનધર્મમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રને ત્રણરત્નો તરીકે ઓળખવામાં આવે છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર જીવનમાં પરસ્પર સંકળાયેલા છે. દર્શનથી જ્ઞાન અને જ્ઞાનથી ચારિત્ર ઉત્પન્ન થાય છે. આ ત્રણે રત્નોની આગળ 'સમ્યક્' એટલે કે 'સાચુ' વિશેષણ લગાડવામાં આવે છે. અર્થાત્ સમ્યક્ દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર.[17]

## ૨. વ્રત :-

જૈનધર્મમાં સાધુઓ અને ગૃહસ્થીઓએ પાળવાનાં કેટલાંક વ્રત બતાવેલાં છે. સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ માટે પાંચવ્રત એટલે કે આચારના નિયમો નક્કી કરવામાં આવ્યા છે. જૈનધર્મમાં સાધુ-સાધ્વીઓ આ પાંચવ્રત સંપૂર્ણરીતે પાળે તેને મહાવ્રત કહેવાય છે. અને શ્રાવક-શ્રાવિકાઓ પોતાની પરિસ્થિતિ અને સંયોગ પ્રમાણે પાળે ત્યારે તે અણુવ્રત કહેવાય છે. આ પાંચવ્રત આ પ્રમાણે છે. : (૧) અહિંસાવ્રત (૨) સત્યવ્રત (૩) અસ્તેયવ્રત (૪) બ્રહ્મચર્યવ્રત (૫) અપરિગ્રહ વ્રત. જૈનધર્મની વિશેષતા એ છે કે એમાં જાતિ કે વર્ણના કોઇ ભેદ નથી. મહાવીર સ્વામી આર્ય-અનાર્યના ભેદ રાખ્યા વગર સર્વજનોને ઉપદેશ આપતાં હતાં.[18]

## ૩. ચાર ભેદ :-

જૈનધર્મમાં સંઘના ચાર ભેદ છે. સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. દરેક ધર્મમાં વ્યક્તિ અને સમાજનું મહત્વ સ્વીકારવામાં આવ્યું છે. જૈનોમાં બંને માટે જુદાજુદા આચારના નિયમો બનાવ્યાં છે. આમાનાં પહેલા બે સંસારનો ત્યાગ કરી વૈરાગ્ય અને તપના તીવ્ર નિયમો પાળે છે અને છેલ્લા બે સંસારમાં રહી સાધુ-સાધ્વીઓનો ઉપદેશ સાંભળી યથાશકિતધર્મનું આચરણ કરે છે.[૧૯]

## ૪. સંપ્રદાયો :-

જૈનધર્મમાં મુખ્યત્વે બે સંપ્રદાયો છે. એક શ્વેતામ્બર અને બીજો દિગમ્બર. શ્વેતામ્બર એટલે જે સફેદ વસ્ત્ર ધારણ કરે છે તે, અને દિગમ્બર એટલે કે જે નિર્વસ્ત્ર છે તે. અર્થાત્ 'દિશાઓરુપી જેમનું વસ્ત્ર છે' તે, આ બંને પંથો એકબીજાથી પોતાને પ્રાચીન કહેવડાવે છે. મૂળ તો આ ભેદ સાધુઓમાં પડ્યો હતો અને પાછળથી તે શ્રાવકોમાં પણ પડ્યો. આ બન્ને પંથોના પાયામાં સિધ્ધાંત વિશે મતભેદ નથી.

### તફાવત

બન્ને સંપ્રદાયો વચ્ચે જે તાર્કિક તફાવત છે. તેમાં (૧) દિગમ્બરો સ્ત્રીઓ મોક્ષાધિકારીણી બને તેમ માનતા નથી. પણ શ્વેતાંબરો માને છે. (૨) દિગમ્બરોના મતે તીર્થંકરો વીતરાગી હોવાથી તેમની પૂજા ફૂલ, ધૂપ અને વસ્ત્રાભૂષણથી કરવી જોઈએ નહીં જ્યારે શ્વેતાંબરો એ બધા દ્રવ્યોથી તીર્થંકરોની પૂજા કરે છે. (૩) દિગમ્બરો આગમો 'જૈનશાસ્ત્રો' નો સ્વીકાર કરતા નથી જ્યારે શ્વેતાંબરો કરે છે. (૪) દિગમ્બરોના મતે કેવલીને આહાર કોઈ શકે નહીં જ્યારે શ્વેતાંબરો એમ માને છે કે કેવલીને અમુક અંશે આહારની છૂટ હોવી જોઈએ. ટૂંકમાં આ બન્ને પંથોમાં કોઈ તાત્વિક ભેદ નથી. પરંતુ બાહ્ય રહેણીકરણી પરત્વેજ મતભેદ છે. સ્થાનકવાસી જૈનોની એકશાખા નીકળી છે. જેઓ મૂર્તિપૂજામાં માનતા નથી. અને દહેરાવાસી મૂર્તિપૂજામાં માને છે. આ ઉપરાંત આ દરેકમાંથી આચાર વિષયક મતભેદને લીધે અનેક ગચ્છો, ઉપશાખાઓ, ઉપસંપ્રદાયો અને સંઘાડાઓ રચાયા છે.

ઉપર્યુક્ત બંને સંપ્રદાયોમાં બીજી એક પ્રવૃત્તિનો જન્મ થયો જેમ કે વર્ષાઋતુમાં મુનિઓ-સાધુઓ એક સ્થળ પર રહેતા હતા. બાકીનો સમય વિહાર કરતા રહેતા. પરંતુ ઇ.સ. ની પાંચમી કે છઠ્ઠી સદીથી સ્થાયીરીતથી કેટલાંક

મુનિઓ ચૈત્યાલયોમાં કાયમી રહેવા લાગ્યાં તેથી તેઓ ચૈત્યવાસી કહેવાતા. અને જે ભ્રમણ કરતા તે વનવાસીમુનિ કહેવાયા. ચૈત્યવાસીઓમાં આચાર શિથિલતા આવી ગઇ અને ધીરે ધીરે મંદિરોમાં પોતાની અને તેના પછી પોતાના શિષ્યોની ગાદી સ્થપાવા માંડી. એક જગ્યા પર રહેવાનો આશય તો પઠન - પાઠન કરીને સાહિત્યરચનામાં સુવિધા મેળવવાનો હતો. તેને કારણે અનેક શાસ્ત્રભંડારો સ્થપાયાં. આ ભંડારો સમસ્ત ભારતમાં ફેલાયા છે. મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન તથા મૈસુરમાં. પંદરમી સદીમાં મૂર્તિપૂજા વિરોધી આંદોલન શરૂ થયાં અને તેને કારણે શ્વેતાંબરોમાં અલગ સંપ્રદાયોની સ્થાપના થઇ. આ અલગ સંપ્રદાય સ્થાનકવાસી કે ઢૂંઢિયાના નામથી પ્રચલિત થયો. તેમાં મંદિરોના સ્થાને આગમોની પ્રતિષ્ઠા થઇ. તેઓને બત્રીસ આગમ માન્ય છે. તેઓ બીજા આગમોનો સ્વીકાર કરતા નથી.[૨૦]

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ગૌતમસ્વામી, સુધર્મા સ્વામી અને જંબુસ્વામીના સમય સુધી કેવળજ્ઞાન રહ્યું અને જંબુસ્વામીના નિર્વાણ પછી કેવળજ્ઞાન વિચ્છેદ થયું. શ્વવેતાંબર સ્થાનકવાસી બાવીસ સંપ્રદાયના આચાર્ય પૂ. શ્રી રઘુનાથજી સ્વામી પાસે મારવાડ પ્રદેશના કંટાલીયા ગામના ઓસવાલ ભીખણજીએ દીક્ષા અંગીકાર કરેલી પણ પાછળથી તેને મતભેદ થતાં 'બગડી' મુકામે સંઘ બહાર જાહેર કર્યા. તેમણે ૧૩, સાધુઓ અને ૧૩, શ્રાવકોથી બનેલ તેરહ અથવા 'તેરાપંથ' સંપ્રદાયની સ્થાપના કરી.[૨૧]

## ગચ્છો વિશે કેટલીક નોંધ :-

જેમ જૈન શ્રમણોમાં ૮૪ ગચ્છો થયા તેમ મનાય છે. તેવી રીતે ગૃહસ્થજૈનોમાં પણ ગામ વગેરેના કારણે ૮૪ જ્ઞાતિઓ બની જેમકે ઓસવાલ, શ્રીમાલ, પોરવાલ, પલ્લીવાલ, ડીસાવાલ, નાગવંશ, સાવયકુલ, હુબડ વગેરે આમ પ્રાચીન કાળમાં ૮૪ જ્ઞાતિઓ જૈન હતી. તેમ મનાય છે.[૨૨]

જૈન મહાજનની ૮૪ જ્ઞાતિઓ છે તેમાં નાગર પણ એક જ્ઞાતિ છે. એ જ રીતે ગચ્છોમાં પણ નાગરગચ્છનો ઉલ્લેખ જોવા મળે છે. મેત્રાણા એ મધ્યકાળના નાગરગચ્છનું જૈનતીર્થ હતું. ગુજરાતનું કાવીતીર્થ પણ નાગરજૈનોના ઉજ્જવલ ઇતિહાસનું પ્રતિક છે.[૨૩]

શ્રી મહાવીર સ્વામીના પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામીની પાટ - પરંપરાએ ૩૫ માં પટ્ટધર પૂ. આચાર્ય શ્રી વિજયઉદ્યોતનસૂરિશ્વરજી મહારાજ

થયાં. તેઓશ્રીના શિષ્ય - પ્રશિષ્યનો પરિવાર વડની શાખાની જેમ વિસ્તરતાં તેમનો ગચ્છ વડગચ્છ નામે પ્રસિદ્ધ થયો. કેટલાક વિદ્વાનોના મત મુજબ ૮૪ ગચ્છોની શાખાઓ આમાંથી નીકળી છે. તેમાં તપગચ્છ પરંપરા અને ખરતરગચ્છ પરંપરા બહુ વિશાળ પ્રમાણમાં પ્રવર્તમાન રહી છે.[૨૪]

ખરતરગચ્છની શરૂઆત સં. ૧૦૮૦ (ઇ.સ. ૧૦૨૪) માં થઇ. પાટણની રાજસભામાં મહારાજા દુર્લભરાજ સમક્ષ ચૈત્યવાસીઓ અને વડગચ્છ પરંપરાના શ્રી જિનેશ્વરસૂરિજી વચ્ચે શાસ્ત્રાર્થનો વાદવિવાદ થતાં તેમાં શ્રી જિનેશ્વરસૂરિજી વિજયી બનતાં, તેમજ તેમનાં તપ - ત્યાગ - થી પ્રભાવિત થઇને દુર્લભરાજાએ શ્રી જિનેશ્વરસૂરિજીને 'ખરતર' નું બિરુદ આપી બહુમાન કરતાં 'ખરતરગચ્છ' ખ્યાતિમાં આવ્યો.[૨૫]

અચલગચ્છ પૂર્વે વિધિપક્ષ તરીકે ઓળખાતો હતો. આર્યરક્ષિત સૂરિશ્વરજી મહારાજ એ શ્રી સુધર્માસ્વામીની પાટપરંપરામાં ૪૭ મી પાટે થયેલા મહાન આચાર્ય હતા. તેમણે સંવત ૧૧૬૯ (ઇ.સ. ૧૧૧૩) માં વિધિપક્ષગચ્છની સ્થાપના કરેલ. જે પાછળથી અચલગચ્છ તરીકે ઓળખાયો. ગુજરાતમાં કુમારપાળના શાસન દરમ્યાન શ્રી જયસિંહસૂરિ થઇ ગયાં. તેઓ પર્યુષણ સંવત્સરી ભાદરવા સુદ પાંચમની સમાચારી બાબતમાં અચલ રહ્યા, ત્યારથી 'અચલગચ્છ' એવું નામ પ્રસિદ્ધ થયું હોવાનું મનાય છે. જ્યારે જીનેન્દ્રસાગર સૂરિશ્વરજી ના સ્મૃતિગ્રંથમાં નોંધ્યું છે કે આર્યરક્ષિત સૂરિશ્વર મહારાજના પટ્ટાલંકાર શ્રી જયસિંહ સૂરિશ્વરજી દિગંબર છત્રસેન ભટ્ટારક સાથેના વાદમાં મેરૂ સમાન અચલ રહ્યા એટલે એમનો આ ગચ્છ 'અચલગચ્છ' કહેવાયો. તેઓ સં. ૧૨૫૮ (ઇ.સ.૧૨૦૨) માં સ્વર્ગવાસી થયા.[૨૬]

મહાન ક્રિયોધ્ધારક, શુદ્ધિના પ્રખર પુરસ્કર્તા યુગ પ્રધાન શ્રી પાર્શ્વચંદ્રસૂરિશ્વરજીની પાટ પરંપરા આજે પાર્શ્વચંદ્રગચ્છ ના નામે ઓળખાય છે. અને વર્તમાન શ્રમણસંઘમાં સહુથી નાના ગચ્છનું સ્થાન શોભાવે છે. અન્ય સર્વ ગચ્છોની જેમ એણે પણ એકથી વધુવાર નામાંતર ધારણ કર્યા છે. એનું પ્રાચીન નામ વડગચ્છ, વડતપગચ્છ, નાગોરી તપાગચ્છ અને શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીના સમય બાદ પાર્શ્વચંદ્રગચ્છથી પ્રચલિત બન્યું છે.[૨૭]

## ૫. આગમો :-

મૂળ વૈદિકશાસ્ત્રોને જેમ 'વેદ' બૌદ્ધશાસ્ત્રોને જેમ 'પિટક' કહેવાય છે.

તેવી જ રીતે જૈનશાસ્ત્રોને ‘શ્રુત’, ‘સૂત્ર’ અથવા આગમ કહેવાય છે. વર્તમાનમાં ‘આગમ’ શબ્દનો પ્રયોગ વધુ પ્રચલિત થયો છે.

સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત, પ્રવચન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપન, આપ્તવચન, ઐતિહ્ય, આમ્નાય અને જિનપ્રવચન આ બધા ‘આગમ’ ના જ પર્યાયવાચી શબ્દો છે.[૨૮]

‘આગમો’ ના બે વિભાગ પડે છે. એક પૂર્વ અને બીજો અંગ, પૂર્વની સંખ્યા ૧૪ છે. અને અંગની ૧૨ છે. ઉપાંગોની સંખ્યા પણ ૧૨ ની ગણવામાં આવે છે. જો કે આ શાસ્ત્રોની રચના વિશે શ્વેતાંબરો અને દિગમ્બરોમાં જુદી જુદી માન્યતાઓ છે. આ શાસ્ત્રો અર્ધમાગધી ભાષામાં રચાયેલાં છે. તેમાં તીર્થંકરોનાં ચરિત્રો, ઉપદેશો, તત્વજ્ઞાનના વાદવિવાદો, સાધુ-સાધ્વીઓ, શ્રાવક - શ્રાવિકાઓના ધર્મો, તીર્થો અને વ્રતો ઇત્યાદિ બાબતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભારતીય સાહિત્યમાં જૈન આગમોનું સ્થાન અનેરૂં છે. જગતના બીજાધર્મોની જેમ જૈનધર્મમાં પણ યાત્રા, વ્રત અને તીર્થોનો મહિમા સ્વીકારાયેલો છે.[૨૯]

જૈનાગમોમાં હિંસા - અહિંસાના સંબંધમાં બહુજ વિસ્તૃત, વિશદ અને ગહન મીમાંસા કરવામાં આવી છે. કોઇ બીજા ધર્મનાં શાસ્ત્રોમાં એવી મીમાંસા નથી મળતી તેનું  કારણ એ છે કે સમગ્ર જૈનાચારનો આધાર અહિંસા જ છે.[૩૦] સૂત્રયુગના પ્રતિષ્ઠાપક ઉમાસ્વાતિ, ભારતનાં મહાન દાર્શનિક સિદ્ધસેન દિવાકરે જૈન તર્કશાસ્ત્રનું વ્યવસ્થિતરૂપ પ્રદાન કર્યું અને આચાર્ય કુન્દકુન્દે આધ્યાત્મિકગ્રંથોની રચના કરીને તથા સ્વામી સમન્તભદ્રે તર્કશાસ્ત્રની પ્રતિષ્ઠા કરીને જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.[૩૧]

## ૬. દીક્ષા :-

જૈનોમાં દિક્ષાની ક્રિયા બે વખત થાય છે. પ્રારંભમાં જ ગૃહસ્થ દીક્ષા લે તેને ‘નાનીદીક્ષા’ કહેવામાં આવે છે. અને તે પછી અનુકૂળ સમયે એને સાધુક્રિયામાં અનુભવી બનાવી એક મહિનાની ચોક્કસ તપશ્ચર્યા કરાવીને તેનાં તે મહાવ્રતોની પ્રતિજ્ઞા ઉચ્ચારવામાં આવે છે. જેને ‘વડીદીક્ષા’ કહેવામાં આવે છે.[૩૨]

## ૭. જૈનોના તહેવારો :-

જૈનોના તહેવારોમાં પર્યુષણ નવપદની ઓળી, કાર્તિકપૂર્ણિમાં અને

મહાવીર જયંતિ મુખ્ય છે. ભારતીય સંસ્કૃતિ પર્વપ્રધાન છે. પર્વ બે પ્રકારનાં હોય છે. એક લૌકિક અને બીજું લોકોત્તર. લૌકિક પર્વ એ છે કે જેમાં રાષ્ટ્રીય, સામાજિક વિચારધારા ગુંજતી હોય છે. અને લોકોત્તર પર્વ એ છે જેમાં આધ્યાત્મિક વિચારધારા કલકલ નિનાદ કરતી વહેતી હોય છે.

## પર્યુષણ પર્વ

જૈન સંસ્કૃતિનું પાવનપર્વ પર્યુષણ છે. પર્યુષણ પર્વ એટલે શું ? 'પરિ' ઉપસર્ગ, 'વસ' ધાતુ અને 'અન' પ્રત્યયથી પર્યુષણ શબ્દ નિષ્પન્ન થયો છે. એટલે કે આત્માની વધારે નજીક વસવું તે પર્યુષણ. સદ્‌વર્તન - સદ્‌વિચાર દ્વારા પાપને જલાવી હૃદયશુદ્ધિ - ચિત્તશુદ્ધિ કરવા માટે નિર્માણ કરેલો દિવસ તેનું નામ પર્યુષણ. આ મહાયજ્ઞનો પ્રારંભ અને પ્રવર્તન યુગ - પ્રવર્તક ભગવાન મહાવીરે એ સમયે કર્યો જ્યારે ભારતવર્ષમાં મૂંગા પશુઓના યજ્ઞ થતાં હતાં અને તેમને જીવતાં યજ્ઞકુંડમાં હોમી દેવામાં આવતાં હતાં, ત્યારે મહાવીરે ઊંચે સ્વરે કહ્યું : પશુપક્ષી અને મનુષ્યોની આહુતી દેવી એ યજ્ઞ નથી. સાચો યજ્ઞ તે જ છે કે જેમાં મનના વિકારોની, ઇન્દ્રિયોના વિષયોની અને ખરાબ વિચારો વાસનાઓની આહુતી દેવામાં આવતી હોય. પર્યુષણ પર્વ આત્મામાં જે પરભાવની ખરાબીઓ, અનિષ્ટો આવી ચૂક્યાં હોય તેને વિસર્જન કરવાની પવિત્ર પ્રેરણા લઇને આ પર્વ ઉજવાય છે.[૩૩] શ્રી સંવત્સરિક પ્રતિક્રમણ પછી નૂતનવર્ષનો આરંભ થાય છે એમ કહી શકાય. પાક્ષિક પ્રતિક્રમણ થી નવા પખવાડીયાનો, ચાતુર્માસિક, પ્રતિક્રમણથી નવા ચાતુર્માસનો અને સંવત્સરિક પ્રતિક્રમણથી નવા આધ્યાત્મિક સંવત્સરનો આરંભ થાય છે.[૩૪]

પ્રતિક્રમણ એટલે દિવસ કે રાત દરમિયાન જાણતાં કે અજાણતાં જે કંઇ ભૂલો થઇ હોય, પાપનું સેવન થયું હોય તેની નિંદા આલોચના કરવી અને બાહ્યવૃત્તિ અને પ્રવૃત્તિમાં પરોવાયેલા આત્માને ભીતર પરમાત્મા તરફ વાળવોને સ્થિર કરવો આમ પાપથી પાછા હટવાની ક્રિયાને પ્રતિક્રમણ કહે છે.[૩૫] જૈનોનો એક પક્ષ ભાદરવા શુદ પાંચમે અને બીજો પક્ષ ભાદરવા શુદ ચોથે સાં.પ્ર. કરે છે. દિગંબરોનો દશલક્ષણ પર્વ ભાદરવા શુદ પાંચમથી શરૂ થાય છે.

## 'સિદ્ધચક્ર':-

જૈનધર્મના દરેક મંદિરમાં 'સિદ્ધચક્ર' પૂજા માટે રાખવામાં આવે છે. તે ઘણું જ માનીતું તાંત્રિકયંત્ર છે. તેમાં પંચ પરમેષ્ઠિન્ અને ચાર મોક્ષ માટે જરૂરી

તત્વો મળીને કુલ 'નવપદ' હોય છે. ચાંદીની કે પિત્તળની તાસકમાં પાંચ નાની આકૃતિઓ કોરેલી હોય છે. આ પાંચ પરમેષ્ઠીમાં અર્હત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ હોય છે. અને ચાર તત્વોમાં ત્રિરત્નો અને તપ અર્થાત્ સમ્યકજ્ઞાન, સમ્યકચરિત્ર, સમ્યકદર્શન અને સમ્યકતપ. શ્વેતાંબર સંપ્રદાયમાં સિદ્ધચક્રની આકૃતિ ઘણી પ્રિય હોય છે. તે સમગ્ર જૈનધર્મનો મુખ્ય પ્રાણ મનાય છે. દિગમ્બર સંપ્રદાયમાં તેની પૂજા 'નવદેવતા' તરીકે થાય છે. ટૂંકમાં સિદ્ધચક્રમાં જૈનધર્મના મહત્વનાં સૂત્રો કોરેલાં હોય છે. વર્ષમાં બે વખત - પાનખર અને વસંતઋતુમાં તેની અલગ પ્રકારે પૂજા કરવામાં આવે છે.[૩૬]

## કાર્તિકપૂર્ણિમાં :-

વર્ષાઋતુના ચાર મહિના સાધુઓ વિહાર કરતા ન હોવાથી એક જ સ્થળે રહે છે. અને તે ચાતુર્માસ પૂર્ણ થતાં કાતક સુદ પૂનમના રોજ તેની પૂર્ણાહૂતિનારૂપે મનાવવામાં આવે છે. આ દિવસ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મદિવસ પણ છે. કા.પૂનમના દિવસે 'શત્રુંજય' ની પવિત્ર યાત્રા ખૂલ્લી મૂકાય છે.[૩૭]

## મહાવીર જયંતિ :-

ભગવાન મહાવીર સ્વામીની જન્મતીથી ચૈત્ર સુદ તેરસના રોજ મનાવાય છે. આ દિવસે ભગવાન મહાવીરની પાલખીયાત્રા પ્રયોજવામાં આવે છે. દિગમ્બર જૈનો શ્રાવણવદ એકમના રોજ વીરશાસન જયંતિ ઉજવે છે. આ દિવસે મહાવીર સ્વામીએ સિદ્ધિની પ્રાપ્તિ બાદ પ્રથમ ઉપદેશ આપેલ.[૩૮]

## ૮. ચોવીસ તીર્થંકર :-

જૈનધર્મમાં જે ચોવીસ તીર્થંકરો થયાં તે અનુક્રમે : ઋષભનાથ, અજીતનાથ, સંભવનાથ, અભિનંદનનાથ, સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભપ્રભુ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી.[૩૯]

જૈનો ૨૪ તીર્થંકરો છે તેમ કહે છે. આ બધા તીર્થંકરોનું ઐતિહાસિક પ્રમાણ સિદ્ધ કરવું મુશ્કેલ છે. હિંદુઓ અને બૌદ્ધો પણ ૨૪ અવતારો થયા એમ કહે છે. કદાચ હિંન્દુ અવતારો ૨૪ મનાય છે. તેમાંથી જૈનો અને બૌદ્ધોએ

૨૪ની સંખ્યા લીધી હોય તેવું અનુમાન કરી શકાય. જો આ તથ્ય વજૂદવાળું હોય તો હિન્દુનો ૨૪ અવતારનો આંકડો વધુ જૂનો છે. અને આ રીતે ત્રણે ધર્મોએ સામ્ય માટે ૨૪ની સંખ્યા અવતાર માટે રાખેલી જણાય છે.[૪૦]

## ૯. ચોવીસ તીર્થંકરો અને તેમનાં લાંછનો :-

જિનમૂર્તિ અને બુદ્ધમૂર્તિમાં કેટલુંક સામ્ય છે તેને કારણે સામાન્ય માણસ કઇ મૂર્તિ કોની છે તે સમજવામાં ભૂલ કરે છે. તો આ બંને મૂર્તિઓમાં શો ફરક છે ? તેના પ્રત્યુત્તરરૂપે, જૈનતીર્થંકરોની મૂર્તિઓ જૂની કે નવી હોય તો પણ તેમાં 'શ્રીવત્સ' નું ચિન્હ મૂર્તિની છાતી પર હોય છે. અને મૂર્તિના મસ્તક ઉપર છત્ર હોય છે. જૈન તીર્થંકરોની એક સરખા દેખાવની વિવિધ મૂર્તિઓને ઓળખવા માટે મુશ્કેલી ઊભી થતાં લાંછનની જરૂરિયાત જણાઇ અને તેથી ગુપ્તસમય અને તે પછીની તમામ મૂર્તિઓમાં લાંછન મૂકવામાં આવે છે. ચોવીસ તીર્થંકરો અને તેમનાં લાંછનોની યાદી નીચે મુજબ છે.

(૧) ઋષભદેવ-પોઠિયો (૨) અજિતનાથ - હાથી (૩) સંભવનાથ-ઘોડો (૪) અભિનંદન - વાંદરો (૫) સુમતિનાથ - ક્રૌંચપક્ષી (૬) પદ્મપ્રભુ - કમળ (૭) સુપાર્શ્વનાથ - સ્વસ્તિક (૮) ચંદ્રપ્રભપ્રભુ - ચંદ્રમા (૯) સુવિધિનાથ - મગર (૧૦)શીતલનાથ - શ્રીવત્સ (૧૧) શ્રેયાંસનાથ - ગેંડો (૧૨) વાસુપૂજ્ય - પાડો (૧૩)વિમલનાથ - વરાહ (૧૪) અનંતનાથ - સીંચાણોપક્ષી (૧૫) ધર્મનાથ- વજ્ર (૧૬)શાંતિનાથ - હરણ (૧૭) કુંથુનાથ - બકરો (૧૮) અરનાથ - નંદ્યાવર્ત (૧૯)મલ્લિનાથ - કળશ (૨૦) મુનિસુવ્રત - કાચબો (૨૧) નમિનાથ - નીલકમલ (૨૨)નેમિનાથ - શંખ (૨૩) પાર્શ્વનાથ - સર્પ (૨૪) મહાવીર પ્રભુ - સિંહ.[૪૧]

## (૧૦) ચોવીસ યક્ષો અને ચોવીસ યક્ષિણીઓ :-

યક્ષો અને યક્ષિણીઓ કે શાસન દેવતાઓ જૈન દેવ-દેવીઓમાં કેવી રીતે સ્થાન પામ્યાં તે સંબંધી કાંઇ કહી શકાય એમ નથી. પરંતુ યક્ષો અને શાસનદેવતાઓના નામો જોઇએ તો તેઓનું હિંદુઓના દેવો સાથે સામ્ય જણાય છે. જૈન માન્યતા પ્રમાણે અનુચરો તરીકે દરેક તીર્થંકરની સેવા કરવા માટે ઇન્દ્ર એક યક્ષ અને એક યક્ષિણીને નીમે છે. યક્ષ તીર્થંકરની જમણીબાજુએ અને યક્ષિણી તેની ડાબીબાજુએ હોય છે. આથી તેઓ શાસનદેવતા કે અનુચર દેવતા તરીકે પણ ઓળખાય છે.

## ચોવીસ યક્ષો :–

ચોવીસ તીર્થંકરો થયાં હોવાથી ચોવીસ યક્ષોનાં નામો જાણવા મળે છે : ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ્વર, યક્ષનાયક, તુમ્બુરૂ, કુસુમ અથવા પુષ્પયક્ષ, માતંગ અથવા વરનન્દિ, વિજય, અજિત, બ્રહ્મયક્ષ, ઈશ્વરયક્ષ, કુમાર, ષણ્મુખ અથવા ચતુર્મુખ યક્ષ, પાતાલયક્ષ, કિન્નરયક્ષ, ગરુડયક્ષ, ગંધર્વયક્ષ, યક્ષેન્દ્ર, કુબેર, વરુણ, ભૃકુટિ, ગોમેધ અથવા ગોમેદ, પાર્શ્વયક્ષ અથવા ધરણેન્દ્ર અને માતંગયક્ષ.[૪૨]

## ચોવીસ યક્ષિણીઓ :–

ચોવીસ યક્ષિણીઓમાં : ચક્રેશ્વરી, અજિતા અથવા રોહિણી, દુરિતારિ અથવા પ્રજ્ઞપ્તિ, કાલિકા, મહાકાલી અથવા પુરુષદત્તા, અચ્યુતા અથવા શ્યામા કે મનોવેગા, શાન્તા અથવા કાલી, ભૃકુટિ અથવા જ્વાલામાલિની, સુતારા અથવા મહાકાલી, અશોકા અથવા માનવી, માનવી અથવા ગૌરી, ચંડા અથવા ગાંધારી, વિદિતા અથવા વિજ્યા અથવા વૈરોટી, અંકુશા અથવા અનન્તમતી, કંદર્પામાનસી, નિર્વાણી અથવા મહામાનસી, બલા અથવા વિજ્યા, ધારિણી અથવા તારા, વૈરોટિ અથવા અપરાજિતા, નરદત્તા અથવા બહુરૂપિણી, ગાંધારી અથવા ચામુંડા, અંબિકા કુષ્માણ્ડિની અથવા આમ્રા, પદ્માવતી અને સિદ્ધાયિકા.[૪૩]

## ૧૧. અન્ય જૈન દેવતાઓ :-

અન્ય દેવદેવીઓ જૈનધર્મમાં છે પરંતુ તે રૂપાંતરિત થયેલા જણાય છે. જેમાં મુખ્યત્વે હરિણેગમેષી અથવા નૈગમેષ, ક્ષેત્રપાલ, ગણેશ, શ્રી અથવા લક્ષ્મી, શાન્તિદેવી અને સાથે આગમ સારસંગ્રહમાં ચોસઠ યોગિણીના નામ આપેલા છે. મણિભદ્ર, ઘંટાકર્ણ મહાવીર અને પદ્માવતી વગેરેનો સમાવેશ થાય છે.

## જૈનોમાં ક્ષેત્રપાલ :–

શબ્દાર્થની દૃષ્ટિએ જોઇએ તો 'ક્ષેત્રપાળ' અને 'ખેતરપાળ' શબ્દ પરસ્પર સંકલિત છે. 'ક્ષેત્ર' શબ્દમાંથી 'ક્ષેત્રપાલ' શબ્દ બન્યો છે. જૈનોમાં ખેતરપાળનું એક જુદું જ રૂપ વ્યંતર તરીકેનું જોવા મળે છે. તપગચ્છીય લક્ષ્મીસાગરસૂરિના શિષ્યકવિ લવણ્યસમયે જૂની ગુજરાતીમાં રચેલ

'વિમલપ્રબંધ' (ઇ.સ.૧૫૧૨) માં એક દંતકથા આપેલી છે. એ દંતકથા મુજબ આબુપર્વત ઉપર દેલવાડા ગામમાં બ્રાહ્મણીય દેવી શ્રીમાતાના ક્ષેત્રની જમીન દંડનાયક વિમલે ખરીદી, તે જમીન ઉપર મંદિર બંધાવવા માંડ્યું ત્યારે એ સ્થાનનો ક્ષેત્રપાળ (ખેતરપાળ) વાલીનાહ નામનો વ્યંતર જે બાંધકામ થતું તે દરરોજ રાત્રે તોડી નાંખતો હતો. વિમલમંત્રીએ તેને નિર્દોષ ભોગાદિથી તૃપ્ત કર્યો ત્યારપછી તે મંદિરનું કામ આગળ વધ્યું આ પ્રકારની દંતકથા અન્ય જૈનગંથોમાં પણ આપેલી છે. ૧૫ મી સદીમાં રચાયેલ મેઘમુનિની 'તીર્થમાળા' માં વ્યંતર સંબંધી આવી વાત નોંધાયેલી છે. ત્યાં તેને 'ક્ષેત્રપાલ', 'ખેતલવીર' અને 'વાલીનાગ' કહ્યો છે. અહીં 'વાલીનાગ' કે 'વાલીનાહ' એ 'વલભીનાથ' નું ભ્રષ્ટરૂપ છે. મરીને અવગતે જતા અને વાસના અપૂર્ણ રહી જવાથી પોતાનાં સ્થાનમાં રહી ઉપદ્રવ કરનાર ભયંકર અશાંત આત્માને ખેતરપાળરૂપે પૂજવાની પ્રથા મધ્યકાળ અને ઉત્તર મધ્યકાળ દરમિયાન પ્રચલિત હતી. કેટલાક ક્ષેત્રપાલને ભૈરવનું એક રૂપ માને છે. દેલવાડામાં શ્રીમાતાના મંદિર સામે રખાયેલ મૂર્તિઓમાં મુખ્યમૂર્તિ ક્ષેત્રપાલની છે. અને તે 'રસિયાવાલમ' તરીકે ઓળખાય છે. તે મૂર્તિ ભૈરવની મૂર્તિનું સ્મરણ કરાવે છે. જૈનોમાં ક્ષેત્રપાલની ઉપાસના થતી હતી એમ જૂના ઉલ્લેખો પરથી પણ જણાય છે. દા.ત. ખરતરગચ્છના જિનકુશલસૂરિએ લાદણમાં (ઇ.સ.૧૩૨૪) જે પ્રતિષ્ઠાઓ કરેલી તેમાં ક્ષેત્રપાલની મૂર્તિનો પણ સમાવેશ થતો હતો. એમ 'ખતરતગચ્છ ગુર્વાવલિ' (ઉતરાર્ધ સં. ૧૩૯૩) માં નોંધાયેલ છે.[૪૪]

એમપણ કહેવાય છે કે ક્ષેત્રપાલ ભૈરવ છે અને તે યોગિણીઓનો અધિપતિ છે. તેના નામ પ્રમાણે તેનું કાર્ય ખેતરોનું રક્ષણ કરવાનું છે તેથી તેની પાસે કૂતરો હોય છે. જે ખેતરની સંભાળ રાખે છે. અને તેના માલિકને કોઇપણ આક્રમકોની સામે રક્ષણ આપે છે. બ્રાહ્મણધર્મના ભૈરવો જેવા કે કાલભૈરવ અને બટુકભૈરવ હંમેશ કૂતરાની સાથે સંકળાયેલા છે. ટૂંકમાં ક્ષેત્રપાલનો બટુકભૈરવ સાથેનો સંબંધ જૈનગ્રંથોમાં બતાવેલો છે. જયારે 'દીપાર્ણવ' ગ્રંથમાં ક્ષેત્રપાલનું વર્ણન જુદું આપેલું છે.[૪૫]

## ૧૨. જૈન દહેરાસર :-

દરેક ધર્મ - સંપ્રદાયના ભગવાનનું પોતાનું સ્થાનક હોય છે. એ દરેકને પોતાનું વિશિષ્ટ નામ હોય છે. હિન્દુઓનું મંદિર, મુસલમાનોની મસ્જીદ, શીખોનું ગુરુદ્વારા, ખ્રિસ્તીઓનું ગિરજાઘર (ચર્ચ), વૈષ્ણવોની હવેલી હોય છે. તે જ પ્રમાણે

જૈનોના ભગવાન તીર્થંકર, જિનેશ્વર કે વીતરાગ માટેના મંદિરને દહેરાસર કે જિનાલય કહે છે.

'દહેરાસર' શબ્દ વિચાર અંગે તેના મૂળમાં 'દેવાશ્રય' શબ્દ છે. (દેરૂં = 'દેવગૃહ', દેવગૃહ - દેવહર = દેહર = દેરૂં) દેવ શબ્દ અહીં કોઈ સ્વર્ગાદિકમાં વસનાર અમુક ચોક્કસ જાતિ કે વર્ગ માટે પ્રયોજાયેલો નથી. 'દેવ' શબ્દની વ્યુત્પતિ ચારક્રિયાઓ પરથી દર્શાવી છે. દ્રવ્યનું કે જ્ઞાનનું અતિશય દાન કરે તે દેવ. જેનું જીવન પ્રકાશમય હોય તે દેવ, જે બીજાના જીવનમાં પ્રકાશ રેલાવે તે દેવ, અને દ્યુ નામના લોકમાં વસે તે દેવ. આ પણ વ્યાખ્યા સાંભળવામાં આવી છે. મંદિર માટે શબ્દ વપરાયો છે દેવળ, (દેવકુલ - દેવઉલ - દેવુલ - દેવલ - દેવળ) તે દેવળોમાં ઈશ્વર અર્થાત્ શ્રેષ્ઠત્તમ દેવળ તે દેવળેશ્વર તેમાંથી દેવેશ્વર થતાં થતાં દેરાસર કે 'દહેરાસર' શબ્દ વ્યુત્પન્ન થયો હોવાનું મનાય છે. વિશેષમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ 'સિદ્ધહેમ' નામના વ્યાકરણ ગ્રંથમાં 'દેવ' શબ્દને સમજાવતાં લખ્યું છે કે પોતાનાં સમ્યકજ્ઞાન, સમ્યકદર્શન અને સમ્યકચારિત્ર્યથી જે પોતે એટલું ઝળહળતું જીવન જીવે અને દેવો પણ જેને નમસ્કાર કરે તે દેવ.[૪૬]

આ દહેરાસર શિખરવાળું, ઘુમ્મટવાળું કે ધાબાવાળું પણ હોય છે. શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ વિશિષ્ટ બાંધણી અને માંડણીથી જૈન દહેરાસર અન્ય મંદિરોથી તરત આગવું તરી આવે છે. દહેરાસર મોટાભાગે પત્થર કે આરસનું બનેલું હોય છે. દહેરાસરમાં એકથી વધુ જિનપ્રતિમાઓ હોય છે. મુખ્ય પ્રતિમાના નામે દહેરાસર ઓળખાય છે. એ મૂળ પ્રતિમાને મૂળનાયક કહે છે. દહેરાસરમાંની મોટાભાગની જિનપ્રતિમાઓ પદ્માસન ધ્યાનસ્થ મુદ્રામાં હોય છે. દહેરાસર બંધાઈ ગયા પછી તેમાં પરમાત્માની, પ્રતિમાની પ્રતિષ્ઠા માટે વિશિષ્ટ મહોત્સવ કરાય છે. તેને 'અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ' કહે છે. જિનપ્રતિમાને સોના - રૂપા - હીરાના અલંકારોથી સજાવવામાં આવે છે. તેને 'આંગી' કહે છે.[૪૭]

## **૧૩. જૈન ઉપાશ્રય :-**

આરાધકોને ધર્મની આરાધના કરવા માટેના તેમજ જૈન સાધુ-સાધવીઓને કામચલાઉ કે ચાતુર્માસમાં સ્થિરવાસ કરવા માટેના મકાનને ઉપાશ્રય કે પૌષધશાળા કહે છે. સાધુ અને સાધવી માટેના ઉપાશ્રય અલગ હોય છે. ઉપાશ્રયનું વાતાવરણ જ્ઞાનમય અને તપમય હોય છે. અહીં જ્ઞાનગોષ્ઠીઓ

યોજાય છે અને તત્વજ્ઞાનના વર્ગો ચાલે છે. સુખી અને સંપન્ન ભાવિકોના દાનથી ઉપાશ્રય બાંધવામાં આવે છે, અને સ્થાનિક સંઘ તેનો વહીવટ કરે છે.[૪૮]

## ૧૪. જૈન જ્ઞાનમંદિર :-

પુસ્તકાલય, ગ્રંથાલય માટે જૈનો 'જ્ઞાનમંદિર' શબ્દ પ્રયોગ કરે છે. 'જ્ઞાનમંદિર'માં શબ્દની યથાર્થતાનો અનુભવ થાય છે. તેમાં સમય પસાર કરવા માટેના કે મનોરંજન માટેના પુસ્તકો નહિં, પરંતુ તત્વજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃતિ, જીવનચરિત્ર વગેરે જ્ઞાનની વિવિધ શાખાઓના પ્રાચીનગ્રંથોનો સંગ્રહ હોય છે. પહેલાં પુસ્તકો તાડપત્રો પર લખાતા હતા. આ જ્ઞાનમંદિરોમાં એવા તાડપત્રો અને હસ્તપ્રતોનો કાળજીપૂર્વકનો સંગ્રહ હોય છે. સાધુ-સાધ્વીની પ્રેરણાથી આવા જ્ઞાનમંદિરો ઉભા થાય છે. સ્થાનિક સંઘ તેની સંભાળ રાખે છે.[૪૯]

## ૧૫. જૈન પાઠશાળા :-

જ્યાં બાળકો, કિશોરો અને યુવાનોને ધર્મના જૈન શિક્ષણ અને સંસ્કાર આપવામાં આવે છે એ સ્થળને જૈનપાઠશાળા કે જૈનજ્ઞાનશાળા કહે છે. ધાર્મિક શિક્ષક - શિક્ષિકા જૈનસૂત્રો શીખવે અને ધાર્મિક ક્રિયાઓની પ્રાયોગિક તાલીમ આપે છે. જૈનો માટે બે પ્રતિક્રમણ કે પાંચ પ્રતિક્રમણનું જ્ઞાન હોવું જરૂરી છે. પ્રતિક્રમણ એ જૈનોની રોજિંદી ધાર્મિક ક્રિયા છે. જિનપૂજા પણ નિત્યની ક્રિયા છે. પાઠશાળામાં મુખ્યત્વે એ ક્રિયા - સૂત્રોનો અભ્યાસ કરાવાય છે.[૫૦]

## ૧૬. આયંબિલ શાળા :-

વિવિધ જૈન તપોમાં આયંબિલતપનું આગવું સ્થાન છે. આયંબિલનું તપ ઘરે કરવા માટે સુગમ અને સરળ નથી બનતું, કારણ આ તપમાં લુખ્ખું-સુકુ, મીઠા મરચાં વિનાનું તેમજ તેલ-ઘી વગરનું ભોજન એક ટંક કરવાનું હોય છે. આથી સંઘે આ તપના આરાધકો માટે આયંબિલશાળાની વ્યવસ્થા કરી છે. આરાધકો અહીં આવીને આયંબિલ કરે છે. આ તપ કઠિન છે, પરંતુ સમુહમાં અહીં આરાધકો આયંબિલ કરતા હોવાથી આરાધકને પ્રેરણા અને બળ મળી રહે છે. આવી આયંબિલશાળાઓ મોટા શહેરોમાં કે જ્યાં પણ વધુ જૈનો વસતા હોય ત્યાં હોય છે.[૫૧]

## ૧૭. જૈન પાંજરાપોળ :-

નિરાધાર અને નિ:સહાય, અશક્ત અને અપંગ પશુ-પંખીઓની જ્યાં પ્રેમભરી માવજત કરવામાં આવે છે તે સંસ્થાને પાંગળાપોળ કે પાંજરાપોળ કહે

છે. બિમાર પશુ-પંખીઓની તબીબી સારવાર ઉપરાંત કસાઈવાડે લઈ જવાતા પશુઓને છોડાવીને તેમને પાંજરાપોળમાં રાખવામાં અને સાચવવામાં આવે છે. સ્થાનિકસંઘો તેમજ જીવદયા મંડળી જેવી સંસ્થાઓ આવી પાંજરાપોળનું સંચાલન કરે છે. જૈન સંસ્કૃતિની આ એક આગવી નીપજ છે.[૫૨]

## ૧૮. જૈનધર્મમાં સ્ત્રીનું સ્થાન :-

મહાવીર સ્વામીએ તીર્થની સ્થાપના કરી, તે તીર્થના ચાર અંગ બનાવ્યાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, આ તીર્થમાં જેટલું મહત્વ સાધુને છે તેટલું મહત્વ સાધ્વીને પણ છે. અને જેટલું મહત્વ શ્રાવકને છે તેટલું શ્રાવિકાને પણ આપ્યું છે. જૈનધર્મે, સાધ્વી બનીને આત્મશુદ્ધિ, આત્મકલ્યાણ તથા આત્મસાક્ષાત્કાર કરવાનો સમાન અધિકાર આપીને સ્ત્રીઓની પ્રતિષ્ઠા વધારી છે. મહાવીરસ્વામીના સંઘમાં ચંદનાને પ્રવર્તિનીનું સ્થાન આપેલું અને શ્રમણીસંઘનું નૈતૃત્વ એ મહાસતી ચંદનાને સોંપ્યું. આ રીતે જૈનધર્મમાં સ્ત્રી સમાજને ધર્મનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો છે. ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથ પણ સ્ત્રી હતા.

પુરુષ અને નારી વચ્ચે જરાપણ ભેદભાવ જૈનશાસ્ત્રમાં જોવા મળતાં નથી. સ્ત્રી સમાનતા અને પ્રધાનતાનાં ઉદાહરણોથી જૈનાગમ ભરેલાં છે. આ કાલચક્રમાં સૌથી પહેલાં મોક્ષમાં જનારી એક નારી જ હતી, તે હતી પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવની માતા મરુદેવી. ભગવાન ઋષભદેવને ભરત અને બાહુબલી સરખા સો પુત્ર હોવા છતાં તેમણે સૌથી પ્રથમ અક્ષરજ્ઞાન પોતાની કન્યા બ્રાહ્મી સુંદરીને જ આપ્યું. બ્રાહ્મીના નામ પરથી જ લિપિનું નામ પણ બ્રાહ્મી લિપિ પડી ગયું મનાય છે. આ રીતે જૈનધર્મે નારીને તેનું ઉચિત અને આગળ પડતું સ્થાન આપ્યું છે.[૫૩]

## ૧૯. જૈનધર્મ અને ખ્રિસ્તીધર્મમાં સામ્યતા :-

(૧) ભગવાન મહાવીરના અગિયાર ગણધર શિષ્યો અને એક શિષ્યાભાસ (ગોશાલક) હતા. જ્યારે ખ્રિસ્તીધર્મમાં પણ અગિયાર સુશિષ્ય અને એક કુશિષ્ય હોવાનું નોંધાયું છે.

(૨) જૈનધર્મમાં પચાસમાં દિવસે સંવત્સરીપર્વ જ્યારે ખ્રિસ્તીધર્મમાં પચાસમાં દિવસે જ અગિયાર શિષ્યોનું પ્રવચન.

(૩) જૈનધર્મમાં ૨૪ તીર્થંકરો છે. જ્યારે ખ્રિસ્તીધર્મમાં આકાશમાં સિંહાસન પર બેઠેલા એક પુરુષની આસપાસ ૨૪, પવિત્ર પુરુષો છે.

(૪) જૈનધર્મમાં આઠમ, ચૌદસે પ્રતિક્રમણ જ્યારે ખ્રિસ્તીધર્મમાં દર રવિવારે પાપનો એકરાર.

(૫) જૈનધર્મમાં સમવસરણે જિનપ્રતિમા જ્યારે ખ્રિસ્તીધર્મમાં સમવસરણ જેવા ચર્ચો (દેવળ).

(૬) જૈનધર્મમાં સહવામાં જ સાધુતાનું મહત્વ છે. જ્યારે ખ્રિસ્તીધર્મમાં ક્ષમામાં જ સાધુતાને મહત્વ છે.

(૭) જૈનમૂનિના સમાધિસ્થાને સ્તૂપો હોય છે જ્યારે ખ્રિસ્તીધર્મગુરુના સ્થાને કબરો હોય છે.

(૮) જૈનધર્મમાં આચાર્ય, મુનિ, સિદ્ધપુત્ર જેવા પદો પ્રયોજાય છે જ્યારે ખ્રિસ્તીધર્મમાં ધર્માધ્યક્ષ, યાજક, દીયાકોનુસ જેવા પદો પ્રયોજાય છે.

(૯) જૈનધર્મમાં જઘન્ય ચોમાસું ૭૦ દિવસનું જ્યારે ખ્રિસ્તીધર્મમાં પાસ્ખાપૂર્વે ૭૦ દિવસ ઉપવાસ.

(૧૦) જૈનધર્મમાં પ્રતિમા કબૂલ છે પણ તેમાં ઇશ્વરપ્રવેશ નહીં જ્યારે ખ્રિસ્તીધર્મમાં ચિત્ર કે પૂતળાને માને છે. પણ તેમાં પરમેશ્વર વસવાટને નહીં.

(૧૧) જૈનધર્મનાં બે પંથો શ્વેતાંબર અને દિગમ્બર જ્યારે ખ્રિસ્તીધર્મમાં પણ બે મુખ્ય પંથો, કેથોલિક અને પ્રોટેસ્ટંટ.

(૧૨) જૈનધર્મમાં પાલીતાણા - પવિત્ર સ્થાન છે. તેમ ખ્રિસ્તીધર્મમાં પેલેસ્ટાઇન પવિત્ર સ્થાન છે.

(૧૩) જૈનધર્મમાં સાધ્વી - શ્રાવિકા તરીકે સ્ત્રીન સ્થાને અપાયું છે તેમ ખ્રિસ્તીધર્મમાં નન, તરીકે સ્ત્રીને સ્થાન અપાયું છે.

આમ, જૈનધર્મ અને ખ્રિસ્તીધર્મમાં માળખાની દૃષ્ટિએ ઘણું સામ્ય જોવા મળે છે.[૫૪]

## પાદનોંધ :–

૧. સંપાદન - દેવેન્દ્રમુનિ - ધર્મ અને સંસ્કૃતિ, શ્રી લક્ષ્મી પુસ્તક ભંડાર- અમદાવાદ-૧, ૧૯૬૭, પૃ. ૧૯૨.

૨. મુનિમહારાજ શ્રી ન્યાયવિજય - જીવન હિતમ્, જૈન યુવકસંઘ - વડોદરા, ૧૯૩૭, પૃ. ૫

૩. એજન પૃ-૧૦

૪. ઉપર્યુક્ત - ધર્મ અને સંસ્કૃતિ, પૃ ૧૦-૧૧

૫. એજન પૃ-૧૧

૬. શ્રી દવે ત્રંબકલાલ - જૈન સાહિત્યમાં પાશ્ચિમાત્ય વિદ્વાનોનો ફાળો, જૈન વ્યાખ્યાન માળા, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય - અમદાવાદ, ૧૯૩૪, પૃ. ૮૩-૮૪

૭. એજન. પૃ. ૮૪-૮૫

૮. એજન. પૃ. ૮૫-૮૮
૯. પૂ.પં. ભાનુવિજયજી ગણિવર - જૈનધર્મનો સરળ પરિચય, દિવ્યદર્શન - સાહિત્ય સમિતિ - અમદાવાદ, ૧૯૬૨, પૃ. ૧૯
૧૦. ડૉ. શાહ પ્રિયબાળા - જૈનમૂર્તિવિધાન, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૭૮, પ્રકરણ-૧, પૃ. - ૧.
૧૧. શ્રી શર્મા લીલાધર - ભારતીય સંસ્કૃતિ કોશ, ૧૯૯૬, દિલ્હી, પૃ. ૧૫૫
૧૨. ઉપર્યુક્ત - જૈન મૂર્તિવિધાન, પૃ. ૧-૨
૧૩. એજન. પૃ. ૨-૩
૧૪. પં.પૂ. યુગ દિવાકર આચાર્યદેવ, શ્રી વિજયધર્મ સૂરિશ્વરજી, મુનિપ્રવર શ્રી કનકવિજયજી, ભગવાન મહાવીર - સંક્ષિપ્ત જીવન ચરિત્ર, મુંબઈ-૨, ૧૯૭૪, પૃ.૬૭
૧૫. ઉપર્યુક્ત - જૈનમૂર્તિવિધાન, પૃ.૩
૧૬. ઉપર્યુક્ત - ભારતીય સંસ્કૃતિ કોશ, પૃ. ૬૯૫
૧૭. ઉપર્યુક્ત - જૈનમૂર્તિવિધાન, પૃ.૪
૧૮. એજન.
૧૯. એજન. પૃ- ૫-૬
૨૦. એજન
૨૧. મુનિ શ્રી સુશીલકુમારજી ભાસ્કર - જૈનધર્મ અને તેરાપંથ, મુંબઈ-૭, ડિસે.૧૯૫૪ પ્રકરણ - ૨, પૃ.૧-૪
૨૨. સંપાદક - દેવલુક નંદલાલ બી. - જૈન પ્રતિભાદર્શન, શ્રી અરિહંત પ્રકાશન ભાવનગર, ૧૪-૫-૨૦૦૦, પૃ. ૩૬૭
૨૩. એજન. પૃ. ૩૯૦
૨૪. સંપાદક - દેવલુક નંદલાલ બી. - શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો, ભાગ-૨, શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર, દ્વિતીય આવૃત્તિ - ઓક્ટો - ૧૯૯૨, પૃ.૫૪૬
૨૫. એજન.
૨૬. એજન. પૃ. ૫૫૯
૨૭. એજન. પૃ. ૫૭૮
૨૮. પં. નાનચંદ્રજી મહારાજ જન્મ શતાબ્દિ સ્મૃતિગ્રંથ, સંવત-૧૯૩૩, પૃ.૧૩૫-૧૩૬
૨૯. ઉપર્યુક્ત - જૈનમૂર્તિવિધાન, પૃ.૫
૩૦. ઉપર્યુક્ત - ધર્મ અને સંસ્કૃતિ, પૃ. ૫૮
૩૧. એજન. પૃ. ૬૬
૩૨. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી - મારી કચ્છયાત્રા, શ્રી વિજયધર્માસૂરિ - જૈન ગ્રંથમાળા - પુસ્તક - ૫૮, ઈ.સ. ૧૯૪૨, પૃ. ૪૫
૩૩. ઉપર્યુક્ત - ધર્મ અને સંસ્કૃતિ, પૃ.૪૬
૩૪. "જૈન પ્રવચન" - વર્ષ ૧૦મું, તા. ૨૪-૧-૧૯૩૯, અંક ૪૫/૪૬, પૃ. ૫૨૭
૩૫. શ્રી ભદ્રબાહુવિજય - જૈનધર્મ, શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, મહેસાણા, ઈ.સ.૧૯૮૭, પૃ. ૩૯
૩૬. ઉપર્યુક્ત - જૈનમૂર્તિવિધાન, પરિશિષ્ટ - ૧, પૃ. ૧૨૦-૧૨૧
૩૭. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર, કચ્છ ડિસ્ટ્રીક્ટ, ૧૯૭૦, ચેપ્ટર - ૩, પૃ.૧૬૬

૩૮. એજન. પૃ. ૧૬૬-૧૬૭
૩૯. ઉપર્યુક્ત - જૈનમૂર્તિવિધાન, પ્રકરણ-૨, પૃ.૪૬-૪૭
૪૦. એજન. પૃ.૪૧ (ફૂટનોટમાંથી)
૪૧. એજન. પરિશિષ્ટ - ૩, પૃ. ૧૨૪
૪૨. એજન. પ્રકરણ - ૩, પૃ. ૭૧-૮૨
૪૩. એજન. પ્રકરણ - ૪, પૃ. ૮૩-૮૪
૪૪. ડૉ. ભટ્ટી નાગજીભાઈ કે. - કચ્છનો સાંસ્કૃતિક વારસો 'પાળિયા', ૧૯૮૭, પ્રકરણ-૫, પૃ.૮૩
૪૫. ઉપર્યુક્ત - જૈનમૂર્તિવિધાન, પ્રકરણ - ૮, પૃ. ૧૧૩
૪૬. સંપાદક - દેવલુક નંદલાલ બી.- જૈન રત્ન ચિંતામણિ - સર્વસંગ્રહગ્રંથ, ભાગ-૨, શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર, નવે.૧૯૮૫, પૃ. ૪૪-૪૫
૪૭. ઉપર્યુક્ત - શ્રી ભદ્રબાહુવિજય - જૈનધર્મ, પૃ. ૮૯-૯૦
૪૮. એજન. પૃ. ૯૨
૪૯. એજન.
૫૦. એજન. પૃ. ૯૩
૫૧. એજન. પૃ. ૯૪-૯૫
૫૨. એજન. પૃ. ૯૫
૫૩. ઉપર્યુક્ત - ધર્મ અને સંસ્કૃતિ, પૃ. ૧૭૪-૧૭૫
૫૪. પં.શ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર - જૈન ઇતિહાસની ઝલકો, કમલ પ્રકાશન ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૮૬, પૃ. ૧૧૦.

# ૨. કચ્છમાં જૈનધર્મ; તેના વિકાસમાં કચ્છના શાસકો અને જૈન યતિઓનો ફાળો

કચ્છમાં જૈનધર્મ ક્યારથી હશે તે સંદર્ભે ઉપલબ્ધ પ્રમાણોના આધારે અનુમાન કરી શકાય છે. વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના સમકાલીન રામચંદ્રની રામાયણમાં વાલ્મિકીએ કચ્છનો આનર્તદેશ તરીકે ઉલ્લેખ કરેલો છે. તો 'ભગવતીસૂત્ર' માં પણ ગૌતમસ્વામીને જવાબ આપતા પ્રભુવીર અનુપદેશ કે અનોપદેશી એવું નામ આપે છે. જેનો અર્થ હરિયાળીથી ભરપૂર પ્રદેશ એવો થાય.[1] 'ભગવતીસૂત્ર' એ જૈનોનું એક મહામાન્ય પુસ્તક છે. જૈન આગમોના અગિયાર અંગો પૈકીનું પાંચમું અંગ કે જેમાં છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનો ઉપદેશ ગૂંથવામાં આવ્યો છે. આ 'ભગવતીસૂત્ર'ના પહેલા શતકના આઠમા ઉદ્દેશામાં 'મૃગઘાતક' પુરુષના સંબંધમાં ભગવાન મહાવીરના શિષ્ય ગૌતમસ્વામી પ્રશ્ન પૂછે છે : 'પુરીસેણં ભન્તે કચ્છંસિ વા દહંસિ વા' અર્થાત્ - હરણને મારવા માટે કોઈ પુરુષ 'કચ્છ'માં જાય, ધરા તરફ જાય વગેરે. આ પ્રમાણે અઢી હજાર વર્ષ ઉપરના મૂળ સૂત્રમાં 'કચ્છ' શબ્દ પ્રયોજાયો છે.[2] આ ઉપરાંત ખુદ મહાવીર સ્વામી કચ્છમાં વિહર્યા હતા એમ 'ભગવતીસૂત્ર' પરથી જણાય છે.[3] આમ કચ્છમાં જૈનધર્મ ઘણો પ્રાચીન છે. તેનો પુરાવો ભદ્રેશ્વર વસઈ જૈનતીર્થ પણ આપે છે. કથાસૂત્ર અનુસાર ત્રેવીસમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના જે જિનમંદિરને લીધે ભદ્રેશ્વર નગરની તીર્થભૂમિ તરીકે ખ્યાતિ થઈ છે, તેની પ્રતિષ્ઠા મહાવીરના નિર્વાણ પછીની પહેલી પચ્ચીશીમાં (૨૫, વર્ષે) અને એમનાં જ સમકાલીન લેખાતા શ્રી કપિલ કેવલી અથવા શ્રી વિમલ કેવલીના શુભ હાથે થઈ હોવાની વાત જાણવા મળે છે.[4] જ્યારે 'જૈન રત્ન ચિંતામણિ' સર્વસંગ્રહ ગ્રંથ ભાગ-૨, પૃ.૧૮૧ માં નોંધેલું છે કે મહાવીર સ્વામીના નિર્વાણ પછી માત્ર ૨૩, માં વર્ષે શ્રેષ્ઠી દેવચન્દ્રે ભદ્રેશ્વરની સ્થાપના કરીના ઉલ્લેખો મળે છે. તે સમયે ભદ્રાવતી નગરીમાં સિદ્ધસેન રાજા રાજ્ય કરતો હતો.[5]

જૈન આગમોના ઉલ્લેખ મુજબ જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિમાં ભરત ચક્રવર્તી દિગ્વીજયના વર્ણનમાં કચ્છનો નિર્દેશ છે. વળી, આવશ્યક સૂત્ર પરના સુર્ણમાં લખ્યા મુજબ કચ્છ અને કાઠિયાવાડના આભીરરાજ જે આજે આહિરરાજ તરીકે

ઓળખાય છે. તેઓ જૈનપરિપાટીના હતા તેવો ઉલ્લેખ છે. ઈ.સ. ના પહેલા સૈકામાં વીર નિર્વાણ પછીના ૫૦૦ વર્ષ બાદ પ્લીની નામે ગ્રીક પ્રવાસીએ તેના ભારત પ્રવાસના વર્ણનમાં કચ્છને 'આભીરિયા' તરીકે વર્ણવેલ છે. તો ગુજરાતના સર્વપ્રથમ આભીરરાજ ઈશ્વરદેવના નામનો શિલાલેખ પણ કચ્છમાંથી પ્રાપ્ત થયો છે. જે સૂચવે છે કે ક્ષત્રપકાળમાં આભીરોનું આધિપત્ય હતું.[૬]

વીર નિર્વાણ પછી ૧૫૫ વર્ષે મગધદેશમાં ૧૨, વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યો, ત્યારે ૫૦૦ જૈન સાધુઓએ ત્યાંથી વિહાર કર્યો, તે સમયે અન્ય દાર્શનિકોના સતત જીવલેણ હુમલાઓ થતાં હોઈ, આ સાધુઓમાંથી કેટલાંક દક્ષિણમાં ગયા તથા કેટલાંક પશ્ચિમ તરફ સ્થિર થયા હતાં તેમ મનાય છે.[૭] કથાસૂત્ર અનુસાર શ્રીમાલનગર (રાજસ્થાન) ના રાજાએ તેના બે પુત્રોમાંથી એકને શ્રીમાલ અને બીજાને ઓસિયા નગર આપ્યું, અને ત્યાંના વતનીઓ ઓસવાલ કહેવાયા. જે શ્રીમાલમાં રહેતાં હતાં તે શ્રીમાલો કહેવાયા.[૮] જૈનધર્મ પાળતા આ ઓસવાલો ધર્મ પરિવર્તન પહેલા સોલંકી રાજપૂત હતા. જૈનગ્રંથોના આધારે આ ધર્મ પરિવર્તન ઈ.સ. ૭૪૩ ના અરસામાં થયું. બીજી એક દંતકથામાં શ્રીમાળી બ્રાહ્મણો અને વાણિયા મૂળે કાશ્મીરના જમવાળ જ્ઞાતિના હતા અને ક્ષત્રપવંશનો જગસોમ (ઈ.સ. ૭૮-૨૫૦) તેમને દક્ષિણ મારવાડમાં લાવ્યો. ઈ.સ. ૭૦૩માં બૂગરા નામના આરબે આ પ્રદેશને વેરાન કર્યો તેથી શ્રીમાળી બ્રાહ્મણો અને વાણિયા દક્ષિણ તરફ નાઠા અને તે સમય દરમ્યાન શ્રીમાળીઓ અને ઓસવાલો કચ્છમાં આવીને વસ્યા હતા. ૮,મી સદીની આ અનુમાનિત વિગતો પછી તો 'અચલગચ્છ દિગ્દર્શન' માંથી કચ્છમાં જૈનધર્મના અસ્તિત્વની ઘણી વિગતો મળે છે.[૯] જેમકે કચ્છમાં ઓશવાલો બે રીતે કચ્છમાં આવ્યાંની નોંધ છે. એક ગુજરાત થઈને અને બીજા સિંધ તથા પારકર થઈને. તેઓ સં. ૧૫૫૦ થી સં.૧૭૦૦ (ઈ.સ.૧૪૯૪-૧૬૪૪) સુધીમાં જુદાજુદા જથ્થાઓમાં આવેલા છે.[૧૦] તે પહેલાંની નોંધ પણ સંવત ૧૪૫૧ (ઈ.સ.૧૩૯૫) ની ઉલ્લેખનીય છે. કથાસૂત્ર અનુસાર ભુજમાં થઈ ગયેલાં ચાંપાશાહે આ સમયમાં કલ્પસૂત્રની ૮૪ પ્રતો લખાવી સર્વ આચાર્યોને વહોરાવી હતી.[૧૧]

ગુર્જરો મુખ્યત્વે કચ્છની પૂર્વ તરફના બંદરોએથી કે ભૂમાર્ગે કચ્છમાં સ્થાયી થયા હોવાનું માની શકાય છે. જ્યારે ઉત્તરપૂર્વ છેડે વાગડ પ્રદેશમાં

મારવાડના દક્ષિણભાગથી અને જેસલમંડળથી ઓસવાલો અને શ્રીમાળીઓ ભૂમાર્ગે આવ્યા હોય એમ જણાય છે.[૧૨]

## કચ્છ મ્યુઝિયમનો જૈનસંગ્રહ (ભુજ)

રાજ્યના સૌથી પ્રાચીન ભુજના કચ્છસંગ્રહાલયમાં પણ જૈન સંપ્રદાયને લગતા હસ્તપ્રતો, મૂર્તિઓ, કાગળચિત્રો તથા અન્ય કાષ્ટના નમૂનાઓ ઉપલબ્ધ છે. આગળ જણાવાયું છે તેમ આભિરરાજ જૈન પરિપાટીનો રાજા હતો તે આભિરરાજનો ગુજરાતનો સર્વપ્રથમ સ્તંભ શિલાલેખ કચ્છના લખપત તાલુકાના દોલતપર ગામેથી ઈ.સ.૧૯૬૭માં મળ્યો છે. થાંભલા જેવી ઊંચી શિલા પર કોતરવામાં આવેલ આ શિલાલેખમાં રાજા ઈશ્વરદેવનું નામ વાંચી શકાય છે. આ લેખ બીજી, ત્રીજી સદીનો છે. જે સૂચવે છે કે ક્ષત્રપકાળમાં આભિરોનું અસ્તિત્વ હતું. ડૉ. રસેશ જમીનદારનું માનવું છે કે, પશ્ચિમ ક્ષત્રપોના શાસનકાળમાં આભિરો વહીવટીકાર્યમાં ચાવીરૂપ ભૂમિકા ભજવતા હોવા જોઈએ. કચ્છ સંગ્રહાલયમાં સંગ્રહીત આ લેખ સંગ્રહાલયના જૈનસંગ્રહોમાં સૌથી જૂનો સંગ્રહ છે.

કચ્છ સંગ્રહાલયના સંગ્રહમાં પણ ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામીની બે પ્રતિમાઓ આવેલી છે. પ્રતિમાની બેસણી ઉપર અગ્રભાગે મધ્યમાં સિંહનું ચિન્હ (લાંછન) કોતરેલું છે. જે ચિન્હ ૨૪, માં તીર્થંકર મહાવીર સ્વામીનું છે. એકસો વર્ષ જૂની આ પ્રતિમામાં કળા અને ભાવનાનું સુભગ મિલન જોવા મળે છે. પદ્માસનસ્થ આ પ્રતિમાના વિશાળ નેત્રોમાં શાંતિનો ભાવ નિતરતો જોઈ શકાય છે. જ્યારે તેનાં લાંબા કાન જ્ઞાનના સૂચક છે.

કચ્છના પાડોશી જિલ્લા બનાસકાંઠામાંથી જૈન સંપ્રદાયની ઘણી પ્રતિમાઓ કચ્છ સંગ્રહાલયમાં રાખવામાં આવી છે. અગાઉના વર્ષોમાં ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારમાં એકજ કચ્છ સંગ્રહાલય અસ્તિત્વ ધરાવતું હોવાથી બનાસકાંઠામાંથી મળેલ પ્રતિમાઓ આ સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રતિમાઓના શિર પર નાગશીર્ષ ફેણની છાયા ધરાવતી ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથની પ્રતિમા ઉપર શેષનાગનું પરિકર, બે મોટી ચામરધારીની મૂર્તિઓ સાથે આ સંગ્રહાલયના પટાંગણમાં પ્રદર્શિત કરાઈ છે. પાર્શ્વનાથનું પાદચિન્હ નાગ છે. આ એક જ તીર્થંકર છે, જેના શિર પર નાગની ફેણની છત્રછાયાથી તે દૂરથી જ ઓળખી શકાય છે. બાકી બધા તીર્થંકરો તેની

બેસણી પરના લાંછનની મદદથી જ ઓળખી શકાય છે. પાર્શ્વનાથની સંગ્રહાલયમાં રહેલી આ પ્રતિમા ૧૨-૧૩ મી સદીની છે.

સંવત ૧૩૦૦ (ઇ.સ.૧૨૪૪) નું સુવ્રત સ્વામીનું બિંબ, માનપુરા (પાલનપુર) થી પ્રાપ્ત ઋષભદેવ તીર્થંકરની મસ્તકવિહીન પ્રતિમા ૧૮મી સદીની છે. જે સંગ્રહાલયના સંગ્રહને સમૃદ્ધ બનાવે છે.

આ સિવાય સંવત ૧૩૦૪ ની જૈન પટ્ટીકા સહિત ભુજની રાજબાની વાવમાંથી મળેલા જૈનસંપ્રદાયના શિલ્પો અને નાની પ્રતિમાઓ સંગ્રહાલયને શોભાયમાન બનાવે છે.

જૈન ચિત્ર શૈલીઓમાં મુખ્યત્વે ધાર્મિક વિષય કેન્દ્રસ્થાને રહેલો જોવા મળે છે. આ ચિત્રો દોચશ્મી (સામી દિશાના, આંખોના ડોળા બહાર પડતા હોય તેવા) હોય છે. જૈન ચિત્રણમાં છત્રવાળો ઘોડો મુખ્ય પ્રતિક છે. જેને શક્તિ તરીકે ચિતરવામાં આવે છે. આ ઉપરાંત મહાવીર સ્વામીના સ્વપ્નો, યક્ષ યક્ષિણીઓ અને જંબુદ્વિપ જેવા ચિત્રો જોવા મળે છે. જૈનોની પ્રખ્યાત ચિત્રપોથીમાં કલ્પસૂત્રના ચિત્રોનો સમાવેશ થાય છે. જેમાં ૧૬મી થી ૧૮મી સદીના કલ્પસૂત્રો ભારે મૂલ્યવાન ગણાય છે. આજે પણ જૈન શ્રેષ્ઠીઓએ આવા કલ્પસૂત્રોની નકલ કરાવતા રહીને આ કલાને જાળવી છે.

કચ્છ સંગ્રહાલયમાં પણ ૧૭મી સદીથી ૧૯મી સદી સુધીના આવા જૈન ચિત્રો, હસ્તપ્રતો, ચિત્રપોથી અને રાગમાળાના ચિત્રો આવેલાં છે. જે બહુરંગી જૈનશૈલીના ચિત્રો સુંદર અને મરોડદાર અક્ષરોથી દેદીપ્યમાન લાગે છે. વિ.સં. ૧૬૯૭ ની સંગ્રહણી સૂત્ર હસ્તપ્રત, કટારિયા - કચ્છમાં લખાયેલી સુબોધ નામની પત્રી હસ્તપ્રત અને ૧૯મી સદીની સંગ્રહણી સૂત્ર જોવાલાયક છે. આ ઉપરાંત અંજારમાંથી પ્રાપ્ત થયેલા વિવિધ જૈન ચિત્રોમાં પાર્શ્વનાથ પરની સર્પફેણને કેળના પાન જેવી વિશિષ્ટ રીતે દર્શાવાઇ છે. તે ચિત્ર અને આવાં બીજા અનેક ચિત્રોથી કચ્છ સંગ્રહાલયનો જૈન ચિત્ર સંગ્રહ સમૃદ્ધ છે.


જૈન સંપ્રદાયના સૂર્યદર્શન વિના પાણી પણ નહીં પીવાની ટેકવાળાઓ માટે ઉપયોગી આવો જ એક પિતળનો ગોળાકાર ડબ્બો કચ્છ સંગ્રહાલયમાં છે. રાજસ્થાની શૈલીથી 'પંચ પરમેષ્ઠિ દર્શન' ને કલાત્મક ઢબે ચિત્રાંકિત કરતો આ દાબડો ૧૮મી સદીનો છે. જે બહુરંગી જૈન ચિત્રકલાનો એક ઉત્તમ નમૂનો છે.

પંચ પરમેષ્ઠિ દર્શનમાં અરિહંત ફરતે ચાર તસ્વીરો સિદ્ધ, આચાર્ય,

ઉપાધ્યાય અને સાધુ વચ્ચે પાલી ભાષામાં ચાર સૂત્રો અંકિત કર્યા છે. (૧) ઓમ હ્રીમ નમો દર્શન, (૨)ઓમ હ્રીમ નમો જ્ઞાન (૩) ઓમ હ્રીમ નમો ચારિત્ર્ય અને (૪) ઓમ હ્રીમ નમો તપ.

આ પંચપરમેષ્ઠિ દર્શનમાં આસ્થા અને ભાવનાની ઝાંખી થવા ઉપરાંત એ એક ઉત્કૃષ્ટ કલાનો નમૂનો છે. જેનો રંગ આજે પણ આશરે બે સદી પછી પણ તરોતાજા અને એવાને એવા જ રહ્યા છે.

સામાન્ય જન જેને 'રેતઘડી' તરીકે ઓળખે છે. એ રેતઘડીનો ઉપયોગ જૈન લોકો સામયિક કરવામાં કરે છે. આવીજ એક રેતઘડી સંગ્રહાલયમાં છે. આ રેતઘડીમાંની રેતીની પાંચ વખત ઉથલપાથલ થતાં એક સામયિક જેટલો સમય લાગે છે. આ 'રેતઘડી' ૧૨મી કે ૧૩મી સદીમાં યંત્રથી ચાલતાં ઘડિયાળનો જમાનો શરૂ થયો તે પહેલાં સમય જાણવાના સાધન તરીકે પણ ઉપયોગ કરવામાં આવતો. આ રેતઘડીને લોકભાષામાં 'કલાકશીશી' તરીકે પણ ઓળખવામાં આવે છે. કચ્છ સંગ્રહાલયમાં રહેલ રેતઘડી ૧૨૫ વર્ષ જૂની છે. આ યંત્રમાંની રેતીને ઉપરથી નીચે સરકતાં બરાબર ૨૮ મીનીટ ૫૬ સેકન્ડનો સમય લાગે છે. આજે પણ જૈનપરિવારો આવાં ઘટીકાયંત્રનો ઉપયોગ સામયિક માટે કરી રહ્યા છે.


**સાત સૂંઢવાળો ઐરાવત**

ભારતીય તાર-ટપાલ વિભાગે ઈ.સ.૧૯૭૮ ના વર્ષમાં ટપાલ ટિકિટોની 'સંગ્રહાલય શૃંખલા' બહાર પાડી હતી. આ માટે ભારતના ચાર મહત્વના સંગ્રહાલયો પર પસંદગી ઉતારવામાં આવી હતી. જેમાં દિલ્હી, હૈદરાબાદ, મદ્રાસ અને ભુજના કચ્છ સંગ્રહાલયનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ટપાલ ટિકિટો માટે આ સંગ્રહાલયોમાંની શ્રેષ્ઠ કલાકૃતિઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં કચ્છ સંગ્રહાલય, ભુજના પ્રખ્યાત સાત સૂંઢવાળા ઐરાવત હાથીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

લાકડાની કોતરણી અને કાષ્ટકલા માટે પ્રખ્યાત માંડવીના તપગચ્છ જૈન દહેરાસર માંથી કચ્છ સંગ્રહાલયમાં મૂકવામાં આવેલો ઐરાવત ૧૯મી

સદીનો એકસો વર્ષથી પણ જૂનો છે. કચ્છ સંગ્રહાલયનો કાષ્ટકલાનો આ એક ઉત્તમ નમૂનો છે. જેમ હિન્દુ પરંપરામાં પુરાણોમાં ઐરાવતને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ધવલ એવા ઐરાવતને ઈન્દ્રદેવનું વાહન માનવામાં આવે છે. હિન્દુ પરંપરાની ઘણી માન્યતાઓને થોડા ફેરફાર સાથે જૈન સંપ્રદાયમાં વણી લેવામાં આવી છે. તે મુજબ જૈન સંપ્રદાયની એક કથામાં ઐરાવત ઉપર બિરાજમાન ઈન્દ્રદેવ તીર્થંકરની પૂજા કરવા જઇ રહ્યા છે. આમ, ઈન્દ્રદેવ ઐરાવત ઉપર બિરાજમાન થઈ જેની પૂજા કરવા જાય તેવા તીર્થંકરની મહત્તા કેટલી ઉચ્ચસ્તરે પહોંચી જાય છે. તે દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વિશેષ ખૂબી એ છે કે ઐરાવતની પ્રત્યેક સૂંઢના છેડે એક એક દેરી છે. જેમાં જિનપ્રતિમાઓ બિરાજેલી છે. હાલની તકે આ ઐરાવત કચ્છ મ્યુઝિયમમાં સચવાયેલ છે.[૧૩]

## કચ્છમાં જૈનજાતિ અને ગચ્છો :-

જૈનધર્મનો પરિચય પૂર્વે આપ્યો છે. તેમાંથી જે અલગ સમુદાયો રચાયા તે 'ગચ્છ' કહેવાયા. જેમકે અચલગચ્છ, ખરતરગચ્છ, તપગચ્છ, પાયચંદગચ્છ કે પાર્શ્વચંદ્રગચ્છ, લોકાગચ્છ, તેરાપંથ બધાનું પ્રચલન કચ્છમાં જોવા મળે છે. ભલે આ બધાનો પ્રારંભ અન્યત્ર થયો હોય પરંતુ તેની સર્વાધિક લોકપ્રિયતા અને ઉત્કર્ષ કચ્છમાં જોવા મળે છે.[૧૪] ભુજમાં જૈનોના ત્રણ ગચ્છો તપગચ્છ, ખરતરગચ્છ અને અચલગચ્છ છે. તેવી નોંધ મુનિ શ્રી વિદ્યાવિજયજી એ કરી છે. અને ઉમેર્યું છે કે કોઇ પણ સાધુને ચાતુર્માસ રાખવામાં ત્રણે ગચ્છ મળીને વિનંતી કરે છે. સંઘનું આ બંધારણ પ્રશંસનીય છે.[૧૫]

જાતિની દષ્ટિએ કચ્છના જૈનોમાં મુખ્ય બે જાતિઓ પ્રચલિત છે. ઓશવાલ અને શ્રીમાલ, (પોરવાલ કદાચિત્ત ક્યાંય હોય ?) ઓશવાલ અને શ્રીમાલ આ બંને જાતિમાં 'ગુર્જર' અને 'કચ્છી' એમ બે વિભાગ જોવા મળે છે. વળી 'ગુર્જર' અને 'કચ્છી' માં વીશા, દશાને પાંચા એમ પાછા ભેદો છે. કદાચ પાંચા જેઓને પોતાનાથી ઊતરતા સમજતા હોય તેમને 'અઢીયા' કહેવામાં આવે છે. કચ્છી ઓશવાલોમાં 'કચ્છી વીશા ઓશવાલ' અને 'કચ્છી દશા ઓસવાલ' એમ બે ભાગ છે. અને તે સમગ્ર કચ્છમાં ફેલાયેલા છે. 'દશા' અને 'વીશા' ના ભેદનાં કારણમાં એમ કહેવાય છે કે જેઓ પુનર્લગ્ન કરતાં હતાં તેઓ 'દશા' તરીકે ઓળખાયા અને પુનર્લગ્ન નહીં કરનારા વીશા તરીકે ઓળખાયા.[૧૬]

સ્થાનકવાસી વિશે કથાસૂત્ર અનુસાર જાણવા મળે છે કે લોકાગચ્છના મુનિશ્રી ઇંદરજી સ્વામી અને તેમના શિષ્યો ઇ.સ.૧૭૭૨ માં કચ્છ આવ્યાં. જેમાં માંડવી, મુન્દ્રા, અંજાર અને ભુજમાં તેમણે સારો પ્રચાર કર્યો. આજે પણ તેમના સ્થાનકો આવેલા છે. કાળક્રમે તેમના શ્રાવકો જુદાજુદા સ્થાનકવાસી સંપ્રદાયમાં ભળી ગયા. સમય જતાં સ્થાનકવાસી સંપ્રદાયના અલગ અલગ ફીરકા થવા લાગ્યા. સંવત ૧૯૮૪ (ઇ.સ.૧૯૨૮) માં છ કોટી અને આઠકોટી એમ બે પક્ષ થયાં, તેમાં છ કોટીમાં પૂ.આચાર્ય શ્રી અજરામરજી સ્વામી થયા. કેટલાક વર્ષ બાદ આઠકોટી ના પણ, આઠકોટી મોટી પક્ષ અને આઠકોટી નાનીપક્ષ એમ ભાગ પડ્યા. આઠકોટી મોટીપક્ષમાં પૂ.આચાર્ય શ્રી દેવજીસ્વામી ગચ્છાધિપતિ થયા. અને આઠકોટી નાનીપક્ષમાં પૂ.આચાર્ય શ્રી જસરાજજી સ્વામી થયા.[૧૭]

કચ્છમાં નવીનાર ગામ જે આશરે ૨૫૦ વર્ષ પહેલાં વસેલ છે. હાલમાં જે નવીનાર નવું ગામ પાછળથી વસેલ છે. તેને પણ લગભગ ૨૦૦ વર્ષ થયાં હશે. ત્યાં તપાગચ્છના અને નૌખગોત્રના જૈનવોરા વિશે 'વોરા નુખનો ઇતિહાસ' (નવીનાર જૈન મહાજન - સ્મરણિકા) અંતર્ગત ઉલ્લેખ છે કે, તેના પૂર્વજો સૌ પ્રથમ સિંધમાંથી આવેલ અને તેઓ પ્રથમ વિશનગરમાં વસ્યાં ત્યારે ત્યાં વડીલો 'વોરાયો' કરતાં, વોરાયો એટલે ધીરનારનો ધંધો કરવો. આ ધંધા પરથી તેઓ 'વોરા' કહેવાયાં. સંવત ૧૫૪૦ (ઇ.સ. ૧૪૮૪) ના વાગડ મધ્યે ઉઘડ ગામમાં પ્રથમ વોરા કહેવાયા. ત્યાંથી તેઓ ભદ્રેશ્વર અને ભદ્રેશ્વરથી નવીનારમાં આવીને વસ્યાં હોવાનું મનાય છે.[૧૮]

## કચ્છમાં જૈનગચ્છો વચ્ચેની સુમેળતા :-

મંદિરમાર્ગી અચલગચ્છ, તપગચ્છ, ખરતરગચ્છ, અને પાર્શ્વચન્દ્રગચ્છ, એમ ચાર ગચ્છો કચ્છમાં પ્રચલિત છે. તેમાં આખા અબડાસામાં અને હાબાયમાં કેવળ અચલગચ્છ જ છે. આખા વાગડમાં કેવળ તપગચ્છ છે. જ્યારે કંઠીમાં ઉપરના ચારેયગચ્છો પ્રચલિત છે. તેમ 'મારી કચ્છયાત્રા' પૃ.૧૯૨ માં લેખકશ્રીવિદ્યાવિજયજી એ નોંધ્યું છે. તેમણે ૪૦ દિવસ કચ્છમાં પસાર કર્યા હતાં. તેમનાં ઉલ્લેખ મુજબ :- ''વ્યાખ્યાનમાળામાં રોજ હજારોની સંખ્યામાં ભાઇઓ અને બહેનોએ લાભ લીધો હતો જૈન કે જૈનેતર એવો કોઇપણ ભેદભાવ ન તો સ્થાનની દૃષ્ટિએ જોવાયો અને ન તો

ધર્મની દૃષ્ટિએ જોવાયો નિરંતર વ્યાખ્યાનમાળા અને દિવસે દિવસે વધતી જતી શ્રોતાઓની સંખ્યા એ જ બતાવી આપ્યું હતું કે, પ્રબંધકર્તાઓની કેટલી સારી વ્યવસ્થા છે. અને પ્રજા સાંભળવાને કેટલી ઉત્સુક છે. વધારે ખુશી થવા જેવું તો એ થયું કે કચ્છમાં વિચરતા સ્થાનકવાસી સંપ્રદાયના વિદ્વાન મુનિરાજ શ્રી દેવચંદ્રજી સ્વામી પોતાના સહચારી સાધુઓ સાથે ભુજ પધાર્યા અને જૈન સંપ્રદાયની દૃષ્ટિએ - મૂર્તિપૂજક અને સ્થાનકવાસી બંને સંપ્રદાયના સાધુઓના એકજ આસન ઉપરથી વ્યાખ્યાનો થવા લાગ્યાં.''[૧૯]

કચ્છમાં ભદ્રેશ્વર વસઇ જૈનોના તીર્થમાં પણ અનેક ગચ્છો વચ્ચેની સુમેળતાના દર્શન થાય છે. આવી વિરલ વિશેષતા અન્યત્ર ભાગ્યે જ જોવા મળે છે. આ બાબતનો શ્રેય કચ્છી પ્રજાની સારગ્રહણી સંચયીવૃત્તિને ફાળે જાય છે.[૨૦] ભદ્રેશ્વરમાં મુખ્યત્વે તપગચ્છનું ગુરુમંદિર, ખરતરગચ્છનું ગુરુમંદિર, પાર્શ્વચંદ્રગચ્છનું ગુરુમંદિર અને અચલગચ્છની દેરી વગેરે 'ગચ્છો'ની એકતા દર્શાવતા ઉદાહરણો છે. ૨૦મી શતાબ્દીમાં થયેલાં તપગચ્છીય શ્રી જીતવિજયજીદાદા અને પાર્શ્વચંદ્ર ગચ્છીય શ્રી કુશલચંદ્રજી ગણિવર અને શ્રી ભાતૃચંદ્રસૂરિ મહારાજે અનુક્રમે વાગડ અને કંઠીમાં કરેલાં મહાઉપકારો આજે પણ લોકો ભૂલ્યાં નથી.[૨૧]

'જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ-૩, પૃ-૫૬૩ ની નોંધ મુજબ માંડવી બંદરમાં સં.૧૫૩૯ (ઇ.સ.૧૪૮૩) માં તપગચ્છના આચાર્ય સોમસુંદરસૂરિ, ખરતરગચ્છના આચાર્ય જિનસિંહસૂરિ, અચલગચ્છના આચાર્ય જયશેખરસૂરિ મળ્યા હોવાનો ઉલ્લેખ વીરવંશાવળીમાં છે. તે સમયકાળે પ્રતિક્રમણની વિધિ ત્રણે ગચ્છની લગભગ એક સરખી ગોઠવાઇ હતી તેથી દરેક ગચ્છના જૈનો એકસાથે બેસી પ્રતિક્રમણ કરી શકે અને એકતા કેળવી શકે.[૨૨]

## જૈનધર્મના વિકાસમાં કચ્છના શાસકોનો ફાળો :-

કચ્છમાં રાજ્યાશ્રય હેઠળ જૈનધર્મનો વિકાસ મહત્વનો રહ્યો છે. તેમાં કચ્છના શાસકોનો જૈનધર્મ પ્રત્યેનો આદરભાવ પ્રશંસનીય ગણી શકાય. જે તે અંગેના ઉપલબ્ધ આધારો પરથી નિશ્ચિત થાય છે.

રાઓશ્રી ખેંગારજી પહેલા (ઇ.સ.૧૫૧૦-૧૫૮૬) ના રાજ્યશાસનમાં કટોકટીના સમયમાં કચ્છના સીમાડે ધાંગધ્રા પાસે ચરાડવા ગામમાં રહેતાં ગોરજી શ્રી માણેક મેરજીએ, રાવ ખેંગારજીને પોતાના જ્ઞાનને

બળે એમનું ઉજ્જવળ ભવિષ્ય ભાખીને જે સાથ અને સાંગ (મોટો તોલદાર ભાલો) આપ્યાં હતાં. તેમણે કચ્છનાં લોહી નીતરતા ઇતિહાસને સુખ-શાંતિજનક નવો વળાંક આપ્યો હતો. રાઓશ્રી ખેંગારજી પહેલાએ એમને કચ્છમાં ભુજ નગરમાં બોલાવીને એમને માટે ખાસ પોશાળ બંધાવી આપીને અને રાજ્યમાં એમને વંશપરંપરાગત વિશિષ્ટ દરજ્જો આપી પોતાની ઊંડી કૃતજ્ઞતાની લાગણી દર્શાવી હતી.[૨૩]

કચ્છ અચલગચ્છની પ્રવૃત્તિઓનું મહત્વનું કેન્દ્ર હોઇને તેનું પાટનગર આ ગચ્છ પ્રત્યે સવિશેષ ભક્તિ દર્શાવે એ સ્વાભાવિક છે. શ્રી દેવસાગરજીએ સં. ૧૬૭૭ (ઇ.સ.૧૬૨૧) માં લખેલા ઐતિહાસિકપત્રમાં તે સમયના કચ્છનું, ભુજનું, રાવ ભારમલનું તથા જૈનસંઘનું વર્ણન કરેલું છે.[૨૪]

શ્રી કલ્યાણસાગરસૂરિ અને કચ્છના રાવભારમલજી (ઇ.સ.૧૫૮૬-૧૬૩૨) નો સમાગમ ઇતિહાસ પ્રસિદ્ધ છે. આચાર્યના ઉપદેશથી ભારમલજીએ પોતાના રાજ્યમાં જૈનધર્મના ઉદાત્ સિદ્ધાંતોના પ્રસારાર્થે સહયોગ આપ્યો અને પોતાનાં જીવનમાં પણ કેટલાંક સિદ્ધાંત અપનાવ્યાં હતાં. આચાર્ય કલ્યાણસાગરસૂરિ કચ્છમાં સવિશેષ વિહર્યા હોઇને બન્ને વચ્ચે દીર્ઘસૂત્રી સંપર્ક રહ્યો હોવાથી કેટલાંક વિદ્વાનો માનતા થયા કે રાઓશ્રીએ જૈનધર્મ અંગિકાર કર્યો હતો. ડૉ. કલાટ નોંધે છે કે, ''Kalyan sagarasuri converted the king of kachchh.'' બન્ને વચ્ચે પ્રથમ પરિચય ક્યારે થયો તે વિશે સ્પષ્ટ કહી શકાતું નથી. પરંતુ સં. ૧૬૫૪ (ઇ.સ.૧૫૯૮) માં કલ્યાણસાગરસૂરિજી ભુજમાં ચાતુર્માસ રહ્યા તે વખતે બન્ને વચ્ચે પરિચય થયો હશે. પટ્ટાવલીકાર એ વિશે નિમ્નોક્ત પ્રસંગ નોંધે છે : 'રાવશ્રી વા ના રોગથી પીડાતા હતા. એ સમયે કલ્યાણસાગરસૂરિ ભુજમાં ચાતુર્માસ હતા. તેમને રાઓશ્રીએ તેડાવ્યાં અને પોતાની વેદના વ્યકત કરી. ગુરુએ ધર્મ પ્રભાવનાર્થે મંત્ર બળે રાજાનો રોગ દૂર કર્યો તેથી રાજાએ તેમને ધન આપ્યું. તેનો અસ્વીકાર કલ્યાણસાગરજીએ કર્યો અને જૈન દર્શનના ઉદાત સિદ્ધાંતો તેને સમજાવ્યાં, જે અનુસરી રાઓશ્રીએ માંસાહારના પ્રત્યાખ્યાન કર્યા, પર્યુષણમાં પોતાનાં રાજ્યમાં આઠ દિવસ સુધી અમારિ પડહની ઉદ્દ્ઘોષણા કરાવી, ભુજમાં રાજવિહાર નામક જિનપ્રાસાદ બંધાવ્યો. ભારમલજીના રાજ્યાધિકારી વોરાધારસીએ પણ ધર્મ કાર્યો માટે ધન ખર્ચેલ. રાવ ભારમલજીના કુંવર ભોજરાજજી પણ આચાર્યના ભક્ત હતા. વાચક વિનયસાગરે રાવ ભોજરાજજીની તુષ્ટિ માટે એમની વિનંતીથી ભોજવ્યાકરણ સંસ્કૃત પદ્યમાં રચ્યું હતું.'[૨૫]

૧૭ મા સૈકામાં રાઓશ્રી પ્રાગમલજીએ (ઇ.સ.૧૬૯૮-૧૭૧૫) તપગચ્છના શ્રી વિવેકહર્ષગણિની અને અચલગચ્છના શ્રી કલ્યાણસાગરસૂરિજીની પ્રેરણાથી ધર્મનાં અને લોકકલ્યાણનાં અનેક કાર્યો કર્યા હતાં. અને રાજ્યમાં કેટલાક દિવસો માટે અમારિનું જીવરક્ષાનું પ્રવર્તન પણ કર્યું હતું. ગોવધ હંમેશને માટે બંધ કરાવ્યો હતો. નોંધનીય છે કે શ્રી વિવેકહર્ષગણિની પ્રેરણાથી ભુજ અને મોટી ખાખરમાં દહેરાસરો બંધાયા હતા. ભદ્રેશ્વર પાસે વડાલાનું દહેરાસર પણ એમની જ પ્રેરણાથી બંધાયું હતું એમ કહેવાય છે.

પ્રજાકલ્યાણના કાર્યો અને ગુણિયલ રહેણીકરણીને કારણે ૧૮મી સદીમાં કચ્છની પ્રજાએ મહારાઓશ્રી દેશળજી પહેલાને (ઇ.સ.૧૭૧૯-૧૭૫૨) ‘દેશરા પરમેસરા’ કહીને પરમેશ્વરના જેવું આદરણીય સ્થાન પોતાનાં હૈયામાં આપ્યું હતું.[૨૬]

મહારાઓશ્રી લખપતજી (ઇ.સ.૧૭૫૨-૧૭૬૧) વિદ્યા પ્રત્યે ખૂબ પ્રીતિ ધરાવતા હતા. અને પોતે પણ કવિ હતાં તેના સમયમાં વિશ્વમાં અદ્વિતીય ગણાયેલી એવી કચ્છ વિશ્વવિદ્યાલય તે કચ્છની વ્રજભાષા પાઠશાળાની સ્થાપના ઇ.સ.૧૭૪૯માં કરી. રાજસ્થાનનાં કિસનગઢથી જૈન યતિ કનકકુશળજી ને બોલાવ્યાં, તેમને સન્માન્યા અને ‘ભટ્ટારક’ ની પદવીથી વિભૂષિત કર્યા, સાથે વ્રજભાષાની આ પાઠશાળાના આચાર્યપદે પ્રતિષ્ઠિત કરી તેમના નિભાવ માટે રેહા ગામ તેમને બક્ષિસમાં આપ્યું હતું.[૨૭] આમ કચ્છનું પાટનગર ભુજ ૧૭ મા સૈકાથી અર્વાચીન સુધી વિદ્યાધામ તરીકે પંકાતુ હતું. ‘પાટણના જ્ઞાનભંડારો’ એ નામના લેખમાં મુનિ પુણ્યવિજયજીએ અહીંના કુશળ શાખાના યતિઓ વિશે ઉલ્લેખનીય નોંધ કરી છે.[૨૮]

૨૦૦૧ના ભૂકંપમાં રાપર (કચ્છ) નું ૨૧૨ વર્ષ જૂનું જિનમંદિર સંપૂર્ણ નષ્ટ થયું, પરંતુ જિનાલયમાં લાગેલો શિલાલેખ અખંડ મળી આવ્યો હતો. (શિલાલેખનો શબ્દશઃ અંશ ‘ભૂકંપમાં ભ્રમણ’ પુસ્તક, પૃ.૧૨૮ માં આપ્યો છે.) તેમાં છ શ્લોકોની પ્રશસ્તિલેખ માં ત્રીજા શ્લોકમાં લખેલું છે : ‘‘કચ્છના મહારાજા લખપતજી થયાં તેમની ગાદીએ ગોડજી થયાં, તેમની ગાદીએ રાયધણજી (જેઓએ ઇસ્લામધર્મની અસરથી હિન્દુ મંદિરો તોડાવી કાળો કેર વર્તાવ્યો હતો તે) આવ્યા. તેમના આદેશથી આ મંદિર બન્યું છે. ॥૩॥’’[૨૯]

આશ્ચર્યજનક લાગે તેવી વિગત જણાય છે, પરંતુ એટલું કહી શકાય કે, રાયધણજી બીજા, વિશે ઐતિહાસિક મૂલ્યાંકન કરતી વખતે તટસ્થરૂપે નોંધ ધ્યાનમાં લેવી જરૂરી છે કે તેમણે રાપરમાં જિનાલય બનાવવાનો આદેશ આપ્યો હતો.

તપગચ્છના યતિશ્રી ખાંતિવિજયજીને રાઓશ્રીદેશળજી બીજાએ (ઇ.સ.૧૮૧૯-૧૮૬૧) ભદ્રેશ્વર તીર્થનો ઉધ્ધાર કરાવી આપવાનું વચન આપ્યું હતું અને આ મહાનતીર્થની ઉપેક્ષા કરવા બદલ કચ્છના જૈનસંઘના અગ્રેસરોને ઠપકો આપીને છેવટે એનું સમારકામ સારી રીતે થાય એવી ગોઠવણ એમણે કરી હતી. તેઓની હયાતીમાં આ કામ પુરું ન થયું, તેથી એમના ઉત્તરાધિકારી મહારાઓશ્રી પ્રાગમલજી બીજાએ (ઇ.સ.૧૮૬૧-૧૮૭૬) પુરું કરાવ્યું હતું. પણ એનો ખરો યશ તો ગોરજી ખાંતિવિજયજી તથા દેશળજી બીજાને આપી શકાય.[30]

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના સમયમાં (ઇ.સ.૧૮૭૬-૧૯૪૨) પાટણથી શ્રી નગીનદાસ કરમચંદ સંઘવીએ સંઘયાત્રા ઇ.સ.૧૯૨૭ માં કાઢેલ, તે સંઘયાત્રા સમગ્ર કચ્છમાં ફરીને ગિરનારની યાત્રાએ રવાના થયેલી. આ યાત્રાનું વર્ણન 'શ્રી કચ્છ ગિરનારની મહાયાત્રા' પુસ્તકમાં કર્યું છે. જેમાં કચ્છ વિશે જણાવ્યું છે કે વાગડમાં જયારે સંઘે પ્રવેશ કર્યો ત્યારે કચ્છના મહારાવશ્રી સરખેંગારજી બહાદુરે લેખિતમાં ફરમાન કરેલું કે, "પાટણના એક ગૃહસ્થ મોટો સંઘ લઇને મારા દેશમાં આવે છે. તેથી જકાત માટે તેઓ કહે તે નોંધી લેશો અને તમે જાતે સ્વારો સાથે માણા (માણસો) બોજ્જો અને તેમની ચોકી જાપ્તાની પુરતી કાળજી રાખજો અને બનતી મદદ કરજો."[31]

વધુમાં નોંધેલું છે કે, નામદાર મહારાવશ્રી ખેંગારજી બહાદુરના ધર્મપ્રેમ માટે પ્રત્યેક જૈનોએ અભિમાન લેવું ઘટે તેમણે સંઘની જકાત-દાણ માફ કર્યા હતાં અને એક પોલીસ ટુકડી આખા કચ્છનાં પ્રવાસમાં સાથે આપી હતી. જ્યાં જ્યાં સંઘ ફર્યો ત્યાં દરેક ગામના અમલદારો ઉપર પણ સંઘને કોઇ જાતની અગવડ ન પડે અને તેની જરૂરિયાતો પુરી પાડવા એ મતલબનો હુકમ કર્યો હતો. ભુજ, માંડવી, અંજાર આદિસ્થળોના જોવાલાયક સ્થાનો સંઘને માટે ખુલ્લા કરાવ્યાં હતાં, વેપારીવર્ગને સંઘના એક બાળક પાસેથી પણ વધારે ભાવ ન લેવો એવી સુચના આપી હતી. તેમજ ભુજમાં પાંચ દિવસ રાજ્ય તરફથી મોટરો - ઘોડાગાડીઓ વગેરે તહેનાતમાં મોકલવામાં આવી હતી. આ ઉપરાંત

મહારાવશ્રીના પ્રાઇવેટ સેક્રેટરી શ્રી સૂર્યશંકરભાઇએ આખા સંઘને રાજ્ય તરફથી જમણવારનું આમંત્રણ આપેલું જેનો સહર્ષ સ્વીકાર સંઘે કર્યો હતો. શેઠ ડોસાભાઇ વાલજીએ પ્રત્યેક વ્યક્તિને ઝરમન - સિલ્વરના પવાલાની લ્હાણી કરી હતી. તેમજ હીરાચંદ ટોકરશીએ સગવડતાની સંપૂર્ણ જવાબદારીમાં અગ્રભાગ ભજવ્યો હતો.[૩૨] એટલું જ નહીં એ સમયે શ્રી વ્રજપાલજી સ્વામી કચ્છ-મુન્દ્રામાં બિરાજતા હતા અને શ્રીરત્નચન્દ્રજી મહારાજના પટ્ટશિષ્ય અને શ્રી કલ્યાણચન્દ્રજી મહારાજ એ વખતે સંઘ જે જે ગામે જવાનો હોય તે ગામે બે દિવસ પહેલાં જ પહોંચી જતા અને વ્યવસ્થા કરતા જેથી સંઘને કોઇ તકલીફ ન પડે.[૩૩]

શ્રી વિજયરાજજીએ (ઇ.સ.૧૯૪૨-૧૯૪૮) જ્યારે ભદ્રેશ્વર તીર્થની મુલાકાત લીધી, અને જૈનસંઘે એમનું ઉમળકાથી સ્વાગત અને બહુમાન કર્યું. એ સમયે તેઓએ પોતાની આ તીર્થની યાત્રાના કાયમી સ્મરણરૂપે કચ્છભરમાં ધર્મના નામે થતો જીવવધ બંધ કરવાની જાહેરાત કરી અમારિ પ્રવર્તનમાં પોતાનો અનુકરણીય અને પ્રશંસાપાત્ર ફાળો આપ્યો હતો.[૩૪] આ ઉપરાંત મુનિ શ્રી વિદ્યાવિજયજી જ્યારે ભુજમાં હતાં ત્યારે શ્રી હીરાભાઇ સંઘવી દ્વારા નિમંત્રણ મોકલ્યું હતું. એક કલાક સુધી ખુબ ધીરજથી, રસપૂર્વક પ્રશ્નોત્તરી કરીને જ્ઞાનચર્ચા કરી હતી. અને વધુમાં ચોમાસાની સ્થિરતા ભુજમાં કરવા માટે આગ્રહ કર્યો હતો.[૩૫]

તા. ૧૬-૧-૧૯૫૪ ના રોજ કચ્છના મહારાવશ્રી મદનસિંહજીને શરદબાગમાં જૈન મહાજન મળવા ગયેલ અને એવી રજુઆત મહાજન તરફથી કરવામાં આવેલ કે નવરાત્રી પ્રસંગે 'પશુવધ' કરવામાં આવે છે. તે બંધ થવો જોઇએ તેના પ્રત્યુત્તરમાં મહારાવશ્રી મદનસિંહજીએ જણાવેલ કે ''ધર્મના બહાને કચ્છના રાજ્યકુટુંબ તરફથી હવે પછી પશુવધ નહીં કરવામાં આવે તેનું વચન અમે આપીએ છીએ.''[૩૬]

## કચ્છનાં રાજ્યશાસનમાં જૈનયતિઓનું વિશિષ્ટ સ્થાન :-

કચ્છનાં રાજ્યશાસનમાં 'ગોરજી'નું સ્થાન મહત્વપૂર્ણ રહ્યું છે. 'ગોરજી' અને 'મુનિ' વચ્ચેના ભેદ સંદર્ભે એવું જાણવા મળે છે કે જેમનામાં તીવ્ર વૈરાગ્ય, ઉત્કૃષ્ટ આચરણનો અભાવ અને આચારપાલનમાં શિથિલતા આવે ત્યારે તેને 'યતિ' કે 'ગોરજી' કહેવામાં આવે છે. તેનો અર્થ એવો નથી

કે તેમનામાં જૈનધર્મ વિશે અજ્ઞાનતા હોય, પરંતુ તેઓ રાજ્યાશ્રય ને વધુ પ્રાધાન્ય આપે અને મંત્ર-તંત્રથી કાર્ય કરી શાસક અને પ્રજાને પ્રભાવિત કરે તેને 'ગોરજી' કહેવામાં આવે છે.

## (૧) ગોરજી માણેકમેરજી :-

સમગ્ર કચ્છ ઉપર જાડેજાવંશની એકસૂત્રી સત્તા સ્થાપનાર ખેંગારજી પહેલાના ધર્મગુરુ અચલગચ્છીય ગોરજી માણેકમેરજી કચ્છના ઈતિહાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે. મહાકવિ ન્હાનાલાલે વંથલી જૈન પરિષદ - પ્રતિષ્ઠોત્સવ વખતે જણાવ્યું હતું કે, ''વનરાજ ચાવડાને શીલગુણસૂરિનો આશ્રય મુખ્ય હતો જો તેમ ન થયું હોત, તો પાટણ તથા સોલંકી રાજ્ય હોત નહિં, એટલું જ નહીં પણ ગુજરાતનાં પાટનગર તરીકે સાત સૈકા સુધી (પાટણ) રહ્યું તે જૈનોને જ આભારી છે. કેમકે પાટણમાં રહી જૈનોએ શું કર્યું, તે માટે સાત સૈકાના ઈતિહાસમાંથી ઘણું મળે છે.'' ('જૈન', ૨૭-૬-૧૯૨૫) હેમચંદ્રાચાર્ય અને કુમારપાળનો સંપર્ક પણ ઈતિહાસ પ્રસિદ્ધ છે. કચ્છના રાજ્ય વિશે પણ કહી શકાય કે જો માણેકમેરજીનો આશ્રય મહારાવ ખેંગારજીને ન મળ્યો હોત તો કચ્છનો ઈતિહાસ જુદી જ રીતે લખાયો હોત. અચલગચ્છના ઈતિહાસમાં માણેકમેરજી એક સુવર્ણ પૃષ્ઠ પુરૂં પાડી ગયાં છે. તેઓ 'રાજ્યાશ્રય' દ્વારા જૈનધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરવામાં યશસ્વી નીવડ્યા છે. કચ્છના મહારાવે એમને ઉપાધ્યાય પદ અપાવ્યું હતું. તેમના તથા તેમની શિષ્ય પરંપરાના નામની પાછળ 'મેરજી' પ્રત્યય આવતો હોઈને તેઓ અચલગચ્છની મેરુશાખાના હતા એમ ચોક્કસ થાય છે.[૩૭]

ગોરજી માણેકમેરજીના મંત્ર-તંત્ર શક્તિનું સ્પષ્ટ ઉદાહરણ કચ્છના ઈતિહાસમાંથી પ્રાપ્ત થાય છે. કથાસૂત્ર અનુસાર ઈષ્ટદેવી અંબાજી પાસે નવરાત્રીની પૂર્ણાહુતી વખતે તે કુંવરના (ખેંગારજી) હક્કમાં આશિર્વચન માંગ્યું, માતાજીએ અગ્નિકુંડમાંથી એક સાંગ આપી. તે ગોરજીએ ખેંગારજીને આપી કહ્યું કે, 'આ સાંગથી તમને તમારું રાજ્ય પાછું મળશે.'[૩૮] હાલ આ સાંગ ગોરજીના વંશજો આદરપૂર્વક સાચવે છે. છતાં એટલું તો ચોક્કસ કહી શકાય કે જે સ્થાન હેમચંદ્રાચાર્યનું ગુજરાતના ઈતિહાસમાં અદ્વિતીય છે. તેવું જ સ્થાન કચ્છના ઈતિહાસમાં ગોરજી માણેકમેરજીનું છે.

મહારાઓશ્રી દેશળજી બીજા (ઈ.સ.૧૮૧૯-૧૮૬૧) ના સમયમાં તેનાં રાજદરબાર માં ચૌદ નવરત્નો હતાં તેમાં પ્રથમ ત્રણ તો અનુક્રમે અંજાર,

ભુજ અને માંડવી, એ કચ્છ નાં ત્રણ મુખ્ય શહેરોના જૈન ગોરજીઓ - યતિઓ હતાં અનુક્રમે :- (૧) અંજારના ગોરજી મોતીચંદજી (૨) ભુજની મોટી પોશાળાના યતિ માણેકમેરજી - બીજા (૩) માંડવીનાં ગોરજી ખાંતિવિજયજી.

## (૨) ગોરજી મોતીચંદજી :-

કચ્છમાં આયુર્વેદમાં ગોરજી મોતીચંદજીનું નામ હતું તે મોટા નાડીવૈદ કહેવાતા કારણકે તે માત્ર હાથની નાડી જોઇને નિદાન કરતાં. તેમના વિશે એક એવી દંતકથા છે કે ભુજ દરબારગઢના જનાનખાનાની રાણીઓને તેમની પરીક્ષા કરવાની ઇચ્છા જાગી. તેથી માંદગી સબબ ગોરજીને બોલાવવામાં આવ્યાં અને રાજ્યના નિયમ અનુસાર વચ્ચે પડદો મુકવામાં આવ્યો. નાડી તપાસવા માટે રાણીના હાથના કાંડામાં દોરી બાંધવામાં આવતી અને એનો બીજો છેડો ગોરજીના હાથમાં રહેતો. તેના દ્વારા પણ તે નિદાન કરી શકતા તેથી રાણીએ પોતાના કાંડામાં દોરી બાંધવાને બદલે બિલાડીના પગમાં દોરી બાંધી દીધી આ કસોટીમાં ગોરજી પાર ઉતર્યા તેમણે જણાવ્યું કે,''કાં તો રાણીએ ઉંદરનો આહાર કર્યો છે. અને કાં તો મારું મોત ભરાઇ આવ્યું છે.''[૩૯]

ઉપર્યુક્ત સંદર્ભથી એટલું તો સ્પષ્ટ છે કે તે સમયે આયુર્વેદ ક્ષેત્રે ગોરજી મોતીચંદજી નું સ્થાન ઉચ્ચકક્ષાનું હશે તો જ આવી દંતકથાઓ જોવા મળતી હોય.

## (૩) ગોરજી માણેકમેરજી - બીજા :-

કચ્છનાં રાજવીઓમાં પાટવીકુંવર પ્રથમ શાળામાં બેસે ત્યારે પોશાળના યતિઓ જ એમને પહેલો અક્ષર શીખવતા અને આશીર્વાદ આપતા. કચેરીમાં પણ પોશાળના યતિનું ખાસ સ્થાન હતું. રાવશ્રી ખેંગારજી પહેલાએ સાંગ વડે મારેલ સિંહની યાદ રાખવા માટે પોશાળના યતિઓ સિંહના કાન અને પુચ્છની નિશાનીવાળો લાલ મખમલનો ટોપલો માથા પર પહેરતાં. તેમાંના એક માણેકમેરજી બીજા પણ મોટા વિદ્વાન અને કાર્યકુશળ હતાં.[૪૦]

## (૪) ગોરજી ખાંતિવિજયજી :-

ગોરજી ખાંતિવિજયજી 'બોડો બોરજી' ના નામે સમગ્ર કચ્છમાં પ્રખ્યાત હતાં. લોકોકિત મુજબ કોઇ પ્રયોગ સાધના કરવામાં એનાં કાનની શકિત એણે ગુમાવી દીધી હતી. વૈદકશાસ્ત્રમાં પણ એ પ્રવિણ હતા. 'બોડો બોરજીની ગોળીઓ' માંડવી અને માંડવીની આજુબાજુનાં ગામડાંઓમાં પ્રખ્યાત

હતી.

ખાંતિવિજયજી રાજદરબારમાં મહત્વનું સ્થાન ધરાવતાં હતાં. દેશળજી બીજા તેને કાકા કહીને બોલાવતાં તેનાં વૈદકકલામાં શાસકને પૂર્ણ શ્રદ્ધા હતી. જયારે જયારે તેને બોલાવવાની જરૂર પડતી ત્યારે એને માટે ખાસ વેલ (ગાડાનો પ્રકાર) મોકલવામાં આવતી. આ ઉપરાંત યતિ શ્રી ખાંતિવિજયજીએ દરેક વર્ષનું ભવિષ્ય ભાખતા દોહરાઓનો એક મોટો ચોપડો તૈયાર કર્યો હતો. આ શ્રી ખાંતિવિજયજીએ ભદ્રેશ્વર તીર્થના ઉદ્ધારમાં સક્રિય ફાળો આપ્યો હતો.[૪૧]

આમ કચ્છનાં શાસકો અને જૈનયતિઓના પરસ્પરના આદરભાવના સંબંધોને કારણે જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર મહત્તમ થયો હતો.

## પાદનોંધ :-

૧. શ્રી વિસા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ - ભુજ સ્મરણિકા, ૧૨-૫-૧૯૮૬, પૃ.૬૯
૨. મુનિ શ્રી વિદ્યાવિજયજી - મારી કચ્છયાત્રા, શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા - પુસ્તક - ૮, વિ.સં. ૧૯૯૮ (ઇ.સ.૧૯૪૨), પૃ. ૧૯-૨૦
૩. કચ્છ તારી અસ્મિતા - કચ્છમિત્ર વિશેષ પ્રકાશન, પુનઃપ્રકાશન - ૧૯૯૭, પૃ.૨૯૮-૨૯૯
૪. શ્રી દેસાઇ રતિલાલ દીપચંદ - શ્રી ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ, ૧૯૭૭, પ્રક-૨, પૃ.૧૩
૫. સંપાદક - દેવલુક નંદલાલ બી. - જૈનરત્ન ચિંતામણિ - સર્વસંગ્રહ ગ્રંથ, ભાગ-૨, શ્રી અરિહંત પ્રકાશન ભાવનગર, નવે. ૧૯૮૫, પૃ. ૧૮૧
૬. શ્રી અંતાણી નરેશ - કચ્છ : કલા અને ઇતિહાસ, ભુજ, ફેબ્રુ-૨૦૦૫, પૃ.૧-૨
૭. ઉપર્યુક્ત - સ્મરણિકા, પૃ.૭૧
૮. એજન. પૃ.-૭૩
૯. ઉપર્યુક્ત - કચ્છ તારી અસ્મિતા, પૃ. ૨૯૮
૧૦. અચલગચ્છ દિગ્દર્શન - પાર્શ્વશ્રી મુલુંડ અચલગચ્છીય જૈન સમાજ, મુંબઇ, ૧૯૬૮, પૃ. ૫૨૫
૧૧. એજન. પૃ. ૨૯૯
૧૨. ઉપર્યુક્ત - સ્મરણિકા, પૃ. ૭૩
૧૩. ઉપર્યુક્ત - કચ્છ : કલા અને ઇતિહાસ, પૃ. ૩-૮
૧૪. ડૉ. શર્મા ગોવર્ધન - ડૉ. મહેતા ભાવના : સંસ્કૃતિ સેતુ કચ્છ, જ્ઞાનલોક પ્રકાશન, ગાંધીનગર, ૧૯૯૮, પૃ. ૨૦
૧૫. ઉપર્યુક્ત - મારી કચ્છ યાત્રા, પૃ. ૧૦૯
૧૬. એજન. પૃ. ૧૮૪
૧૭. ઉપર્યુક્ત - સ્મરણિકા, પૃ. ૧૧૫
૧૮. સંપાદક : વોરા લાલજી તેજસી - શાહ જાદવજી ખીમજી : નવીનાર જૈન મહાજન સ્મરણિકા, મુંબઇ ૧૯૭૮, પૃ. ૨૮

૧૯. ઉપર્યુક્ત - મારી કચ્છયાત્રા, પૃ. ૪૩
૨૦. ઉપર્યુક્ત - સંસ્કૃતિ સેતુ કચ્છ - પૃ. ૨૧
૨૧. ઉપર્યુક્ત - મારી કચ્છયાત્રા, પૃ. ૧૮૨ - ૧૮૩
૨૨. ઉપર્યુક્ત - સ્મરણિકા, પૃ. ૭૩
૨૩. ઉપર્યુક્ત - ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ, પ્રકરણ - ૨, પૃ. ૧૯-૨૦
૨૪. ઉપર્યુક્ત - અચલગચ્છ દિગ્દર્શન, પૃ. ૪૪૩
૨૫. એજન. પૃ. ૪૪૫-૪૪૬
૨૬. ઉપર્યુક્ત - ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ, પ્રકરણ - ૨, પૃ. ૧૯-૨૦
૨૭. શ્રી અજાણી ઊમિયાશંકર - કચ્છ : પરિસંવાદના પ્રાંગણમાં, અજાણી પ્રકાશન, ૨૦૦૧, પૃ. ૧૧૬-૧૧૭
૨૮. ઉપર્યુક્ત - અચલગચ્છ દિગ્દર્શન, પૃ. ૫૨૧
૨૯. પંન્યાસ મુક્તિચન્દ્રવિજય - ગણિમુનિ ચન્દ્રવિજય : ભૂકંપમાં ભ્રમણ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૨, પૃ. ૧૨૯
૩૦. ઉપર્યુક્ત - ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ, પ્રકરણ - ૨, પૃ. ૧૯-૨૦
૩૧. શ્રી કચ્છ ગિરનારની મહાયાત્રા - શ્રી જૈન સસ્તીવાંચનમાલા, ભાવનગર, ખંડ-૧, પૃ. ૧૦૧-૧૦૨
૩૨. એજન. પૃ. ૧૫૧-૧૫૩
૩૩. મુનિશ્રી પૂનમચંદ્રજી - વ્રજપાલજી સ્વામી, વિ.સં. ૨૦૧૩ (ઇ.સ.૧૯૫૭), સમયધર્મ કાર્યાલય સોનગઢ (સૌરાષ્ટ્ર), પૃ. ૮૪
૩૪. ઉપર્યુક્ત - ભદ્રેશ્વર વસઇ જૈનતીર્થ, પૃ-૨૦
૩૫. ઉપર્યુક્ત - મારી કચ્છયાત્રા, પૃ-૬૫
૩૬. ઉપર્યુક્ત - સ્મરણિકા, પૃ-૪૭
૩૭. ઉપર્યુક્ત - અચલગચ્છ દિગ્દર્શન, પૃ. ૩૬૪-૩૬૬
૩૮. શ્રી દ્વિવેદી આત્મારામ કેશવજી - કચ્છ દેશનો ઇતિહાસ, મુંબઇ, ઇ.સ.૧૮૭૬ પ્રકરણ - ૫, પૃ.૩૩
૩૯. શ્રી કારાણી દુલેરાય - કચ્છ કલાધર, ભાગ-૨, ૧૯૮૮, પૃ. ૫૭૧-૫૭૨
૪૦. એજન. પૃ. ૫૭૨-૫૭૩
૪૧. એજન. પૃ. ૫૭૩

# ૩. કચ્છમાં દિવાન અને કારભારી તરીકે જૈન

કચ્છનાં ઈતિહાસ પર દૃષ્ટિપાત કરતાં દિવાનગીરીની શરૂઆત મહારાવશ્રી દેશળજી - પહેલાનાં રાજ્યઅમલ દરમ્યાન થયેલ હોવાનું જણાય છે. તેની પૂર્વેના રાજ્યવહીવટમાં દિવાનોનો ક્યાંય ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.[૧] દિવાનપદ પ્રાપ્ત કરવામાં બે જૈન અગ્રેસરોના નામ રાયધણજી બીજાના સમય (ઇ.સ.૧૭૭૮-૧૮૧૩) માં જોવા મળે છે. શ્રી હંસરાજ સામીદાસ શાહ અને શ્રી આશકરણ શા.

## (૧) દિવાન અને વહીવટકર્તા તરીકે હંસરાજ શાહ :-

હંસરાજ શાહનો શરૂઆતનો સમયગાળો એક વહીવટકર્તા તરીકે સામે આવે છે. જેમાં ડોસલવેણે મુન્દ્રા પર કબ્જો જમાવ્યો ત્યારે ફતેહમહમદે મુન્દ્રા પર આક્રમણ કરી તેનો કબ્જો લઇ લીધો અને મુન્દ્રાને મધ્યસ્થ સરકાર નીચે મુક્યું. તેનાં વહીવટકર્તા તરીકે હંસરાજને નીમ્યા. ફતેહમહમદ અને હંસરાજશાહ એક જ ગુરુ (ડોસલવેણ) ના ચેલા હતા, પણ સત્તા રાજકારણે બન્નેને એકબીજાના પ્રબળ પ્રતિસ્પર્ધી બનાવ્યાં.[૨]

મુન્દ્રા પછી ફતેહમહમદે માંડવી હસ્તગત કરવાની યોજના કરી. જેમાં હંસરાજશાહ નો મહત્વનો ફાળો હોવાથી જ્યારે માંડવીએ આધિપત્ય સ્વીકાર્યું ત્યારે હંસરાજ શાહને જ ફતેહમહમદે વહીવટકર્તા તરીકે નિયુક્ત કર્યા.[૩]

શરૂઆતમાં ફતેહમહમદ અને હંસરાજશાહ સાથે જ રહ્યા છે, પણ જ્યારે માંડવીમાં એક ધનિક શરાફનું બિનવારસ અવસાન થયું. તેથી તેની મિલકત કોને સોંપવી એ પ્રશ્ન ઉભો થયો. સ્વર્ગસ્થ શરાફના વારસદારોને હંસરાજશાહે સ્વીકાર કર્યો નહીં. અને તેની મિલકત જપ્ત કરી. આથી ફતેહમહમદે સિંધ સાથેના એક નાનકડા યુદ્ધનો ખર્ચ હંસરાજ શાહ પાસે માંગ્યો. આ ઉપરાંત બાકીનું જમીન મહેસુલ અને તેની ચઢતર રકમ માગી. તેથી હંસરાજ શાહને પોતાનું અપમાન લાગ્યું પરિણામે બન્ને જુદા પડ્યાં.[૪]

રાયધણજી - બીજા કેદમાં હતાં ત્યારે ભાઇજીબાપા ઉર્ફે પૃથ્વીરાજે હંસરાજ શાહને દિવાન બનાવ્યા. હંસરાજશાહ સમગ્ર રાજ્યનો વહીવટ વેપારી

માનસ મુજબ કરવા લાગ્યા. રાજયમાં વહીવટ તેમજ લશ્કરી ખર્ચ આવકના પ્રમાણમાં વિશેષ થતો હોવાને કારણે તેણે આ બન્ને ક્ષેત્રમાં કેટલાંક કરકસરના પગલાં ભરીને આર્થિક સ્થિતિ સુધારવાના પ્રયાસો કર્યા. આ પગલાં મુજબ લશ્કરમાં વધારે પગાર મેળવતી ટુકડીઓને છૂટી કરવામાં આવી. તદુપરાંત લશ્કરની થોડીક ટુકડીઓને વેપારી જહાજો સાથે રાખી જેથી કચ્છના સમૃદ્ધ વેપારને રક્ષણ મળ્યું અને તેની સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થયો. આમ તેણે માંડવીના વેપારને નિર્ભય કરીને કચ્છની આર્થિક સ્થિતિ સુધારવાની સર્વપ્રથમ કામગીરી બજાવી.[૫] આ બાબતથી સ્પષ્ટ જણાય છે, કે તેના માનસપટ પર પહેલેથી જ માંડવીનું વર્ચસ્વ પોતાની પાસે રાખવાની યોજના હતી.

દિવાનપદ દરમ્યાન એ ચતુરધનિક વેપારીએ જોઇ લીધું કે મહારાવ રાયધણજી બીજામાં કચ્છને સંભાળવાની શક્તિ નહોતી. વળી તે પ્રબળપક્ષોને કારણે કોઇ દિવાન પણ સમગ્ર કચ્છ પર નિરંકુશતંત્ર સ્થાપી શકે તેવી શક્યતા નહોતી. એ સમયે કચ્છમાં ફતેહમહમદ નો અને હંસરાજનો એવા બે જ પક્ષો હતાં. વળી હંસરાજ શાહ પોતાની મર્યાદાઓને જાણતો હતો.[૬]

જ્યારે ભુજમાં તે દિવાનપદે હતાં ત્યારે પણ તેણે માંડવીમાં કારભારી તરીકેનું પદ છોડ્યું નહોતું તેથી હંસરાજ શાહને વારંવાર ત્યાં જવાની ફરજ પડતી. આ ઉપરાંત હંસરાજ શાહ સ્વયં સારી રીતે જાણતા હતાં કે માંડવીની આબાદી પર જ ભુજની આબાદીની સ્થિરતાનો આધાર હતો. તે માંડવી જતાં ત્યારે પોતાના પ્રતિનીધિઓ તરીકે ઝવેરશાહ તથા પચાણજી ગોહિલને કારભાર સોંપીને જતાં હંસરાજશાહની જગ્યાએ બીજો કોઇ કૂટનીતિજ્ઞ દિવાન હોય તો કદાચ ભુજ છોડીને ન જાત અને માંડવીમાં પોતાનાં વિશ્વાસુ માણસને વહીવટદાર તરીકે નિયુક્ત કર્યા હોત. પરંતુ હંસરાજશાહ જાણતાં હતાં કે ભુજની ગાદી કાંટાની પથારી જેવી બની ગઇ હતી. તેને પર્યાપ્ત લશ્કરી સામર્થ્ય સિવાય પોતે ટકાવી શકે તેમ ન હોતા.[૭] જો આ બાબતને બરાબર સમજતાં હતાં તો પછી આર્થિક ખર્ચ ઘટાડવા લશ્કરી ટૂકડીઓને શા માટે છુટી કરી ? હંસરાજશાહની બે તરફ સત્તા સંભાળવાની નીતિમાં આશકરણશાને તક મળી. અને હંસરાજશાહને દિવાનપદેથી દૂર કરી આશકરણશા દિવાન બન્યા.

કચ્છમાં બે પ્રતિસ્પર્ધીઓમાં ફતેહમહમદ પાસે ભુજ, ભચાઉ, અંજાર, જખૌ અને માતાનો મઢ હતાં. જ્યારે હંસરાજશાહ પાસે માંડવી અને લખપત હતાં.[૮]

ફતેહમહમદનો પ્રતિસ્પર્ધી હંસરાજશાહ હોવાથી તેના આધિપત્યના પ્રદેશો મેળવવા માટે સૌ પ્રથમ ફતેહમહમદે ઇ.સ.૧૮૦૪ થી ૧૮૦૮ દરમ્યાન ચાર ચાર વખત લખપત પર આક્રમણો કર્યા. તેમાં તેને નિષ્ફળતા મળી. હંસરાજશાહે લખપતની સંરક્ષણ વ્યવસ્થા કેટલી મજબૂત કરી હશે. તેનો ખ્યાલ આ આક્રમણોની નિષ્ફળતાથી આવે છે.[૯]

હંસરાજશાહે દરિયાઇ વેપારને વધારે સંરક્ષણ પુરૂં પાડવા માટે નારાયણસરોવરના કિલ્લાને મહત્વનો 'જંજીરો' બનાવ્યો હતો. વળી ફતેહમહમદના કબ્જામાં માતાનો મઢ વિસ્તાર હોવાથી તેણે હંસરાજશાહ સામે ત્રણ અઠવાડિયા સુધી નારાયણસરોવરમાં લશ્કરી છાવણી નાંખી હતી. ૧૮મી જાન્યુઆરી ૧૮૦૪ સુધી હંસરાજશાહ અને ફતેહમહમદનું લશ્કર લડ્યા વિના સામસામે ગોઠવાયેલું હતું. અંતે ૧૯મી ના રોજ ફતેહમહમદે ગઢશીશા પર આક્રમણ કર્યું. કારણકે, ગઢશીશાનો સરદાર મોડજી હંસરાજના પક્ષમાં હતો. તેથી હંસરાજની જવાબદારી થતી હતી કે, તે મોડજીને મદદ કરે. હંસરાજે અહીં પણ ફતેહમહમદ નો સામનો કરી વિજય પ્રાપ્ત કર્યો.[૧૦]

## અંગ્રેજો સાથે કોલ કરાર :-

સમગ્ર કચ્છ માટે સ્વીકૃત થાય એવો કરાર કરી શકે તેવી એકહથ્થું કેન્દ્રીયસત્તાનો કચ્છમાં અભાવ હતો. છતાંય કર્નલ વોકરે ફતેહમહમદ અને હંસરાજ શાહ સાથે જુદીજુદી અલગ વાટાઘાટો કરી. બંનેનું એવું કહેવું હતું કે, તેઓ બન્ને મહારાવ રાયધણજી વતીજ રાજકારભાર ચલાવી રહ્યા છે. પરિણામે કર્નલવોકરના પ્રતિનિધિ કેપ્ટન ગ્રીનવુડે બન્ને સાથે અલગ અલગ કરાર કર્યા. હંસરાજ શાહ સાથે ૨૮ ઓક્ટો. ૧૮૦૯ ના રોજ બ્રિટિશરોએ સંધિ કરી. આ ઉપરાંત ૧૨ નવે. ૧૮૦૯ ના રોજ હંસરાજ શાહ સાથે દસ્તાવેજ જેવી એક વધારાની સમજૂતી બ્રિટિશરો સાથે કરવામાં આવી જેને કચ્છના ઇતિહાસમાં 'હંસરાજનું લખત' તરીકે ઓળખવામાં આવે છે. આ કરાર શબ્દશઃ આ પ્રમાણે છે :-

"મહારાવ મીરઝાં રાયધણજીનો દિવાન અને નોકર હું, માંડવી બંદરનો રહેવાસી હંસરાજ સામીદાસ માંડવી બંદરનો કબ્જો સુલેહ શાંતિથી મહારાજા અને માલિક પાસે રહે તે ઇચ્છાથી નીચે જણાવેલી શરતોએ માનવંત કંપનીનું રક્ષણ માંગુ છું :

(૧) માંડવી શહેર અને બંદર, તેના ગામડાં અને પેટાગામો મહારાવ મીરજા રાયધણજી વતી મારા કબ્જામાં રહે, જ્યારે મહારાવશ્રી અગર તેમના વંશવારસો કાયદેસર સાર્વભોમ સત્તા ભોગવતા થાય. ત્યારે જ માંડવી તાબેના પેટાગામો કંપનીની ગેરંટી સહિત તેમને હું પાછા સોપું અને જ્યારે મારો રાજા દેશનું રાજકારણ પોતાના હસ્તક લે ત્યારે માંડવી બંદર અને તેનાં પેટાગામો મારે તેમને સોંપી દેવાં.

(૨) ઉપરોક્ત કલમને અમલમાં લાવવા અર્થે કંપનીનો એક એજન્ટ ચાલીસ માણસોના રક્ષણ સહિત માંડવીમાં રહે અને જ્યારે મારો કબ્જો છૂટે ત્યારે મહારાજે શરત કબૂલ કરે તે મુજબ આવા એજન્ટ રહે કે રવાના થાય.

(૩) ઉપરોક્ત વ્યવસ્થાના ખર્ચ માટે માનનીય કંપનીને વાર્ષિક ૧૮ હજાર રૂપિયાનું નજરાણું આપવું અને તે ચાર હપ્તે ભરી આપવું પ્રથમ હપ્તો એજન્ટ આવે ત્યારથી શરૂ થાય.

(૪) કોઈપણ વ્યક્તિ માંડવી અને તેનાં પેટાગામોનો કબ્જો લેવાનો પ્રયત્ન કરે તો કંપની મહેરબાની કરીને તોપખાના સહિતની બે ટૂકડીઓ મોકલીને મદદ અને રક્ષણ આપે. દરેક ટૂકડીના ખર્ચ માટે માસિક રૂપિયા ત્રણલાખ પચ્ચીસ હજાર હપ્તાઓથી આપશે અને જ્યારે જરૂર ન રહે ત્યારે એ ટૂકડીઓ હું પાછી મોકલી આપું.

(૫) ઉપરોક્ત લશ્કર વાપરવાની બાબતમાં સમજવું જોઈએ કે તેનો ઉપયોગ મારી રાહબરી હેઠળ માંડવીના રક્ષણ માટે જ થાય. તેથી જો કોઈ માંડવીનો દુશ્મન ઉભો થાય તો સરકારે તેની સાથે સમજી લેવું રહ્યું.

(૬) કંપનીના રક્ષણ હેઠળ મહારાજનો દેશ શાંતિ સુલેહથી સલામત કરવાનો જ મારો ઈરાદો હોવાથી એ ઈરાદો પૂરો કરે અને વ્યાજબી હોય એવી કોઈપણ શરતોએ કંપનીની રજાથી ફતેહમહમદ સાથે સંધિ કરવા હું બંધાઉં છું.

શેઠ હંસરાજ સામીદાસ વત્તી સહી કરનાર ઝવેરશાહ.[૧૧] આ કરાર બાદ તુરત જ ૧૩મી ડિસેમ્બર ઈ.સ. ૧૮૦૯ ના રોજ હંસરાજશાહનું અવસાન થયું. તેના પછી થોડો સમય તેનો ભાઈ ટોકરશી માંડવીનો કારભારી થયો. પરંતુ તેનું પણ તુરત જ અવસાન થતાં હંસરાજ શાહનો પુત્ર શિવરાજ

માંડવીનો કર્તાહર્તા બન્યો. શિવરાજે ઇ.સ.૧૮૦૯ના કરારોના અમલ પ્રત્યે ઉદાસિનતા દાખવી. પરંતુ જયારે ફતેહમહમદ સાથે માંડવીની આંતરવિગ્રહ જેવી પરિસ્થિતિ સર્જાઇ ત્યારે બ્રિટિશરોએ દરમ્યાનગીરી કરી અને ફતેહમહમદને ભુજ પાછા વળવાની ફરજ પડી. આમ ફતેહમહમદ પોતાના અંત સુધીમાં માંડવીનો કબ્જો લઇ શક્યો નહીં. માંડવી અજેય રહ્યું.[૧૨]

## હંસરાજ શાહનું મૂલ્યાંકન :-

હંસરાજ શાહ કચ્છના ઇતિહાસનું એક જાજવલ્યમાન ઐતિહાસિક પાત્ર છે. પરંતુ કચ્છમાં અને તેની બહાર તેના જાજવલ્યપણાનો પ્રકાશ પહોંચી શક્યો નથી. પરિણામ સ્વરૂપ કચ્છનાં ઇતિહાસમાં તેની સિદ્ધિઓની જેટલી અને જે રીતે નોંધ લેવાવી જોઇએ એ રીતેની નોંધ લેવાઇ નથી.

આ ઘટના પણ અકારણ ઘટી નથી. એક જ યુગમાં બે સરખી પ્રતિભાશાળી વ્યક્તિઓના સમાંતર જીવનને પરિણામે હંસરાજશાહ ઢંકાઇ ગયો હતો. કારણકે ફતેહમહમદ પોતાની લશ્કરી પ્રચંડતાને કારણે તથા જામનગર પર કરેલા ત્રણ ત્રણ આક્રમણોને પરિણામે કચ્છની બહાર જાણીતો થઇ ગયો. હંસરાજશાહમાં આવી શક્તિઓ હતી ખરી પરંતુ તેમનો ઉપયોગ પોતાના વેપારી સામ્રાજયના વિસ્તાર માટે જ કરતો હતો. તેથી જામનગર કે બાળંભા કરતાં તેને લખપતમાં વિશેષ રસ હતો. એજ રીતે સામે કિનારે વાઘેરો સાથે પણ તેને સમજૂતી કરેલી. માંડવીનાં વેપારી જહાજો જયાં જયાં જતાં ત્યાં ત્યાં તે હંસરાજ શાહની સુવાસને પણ લઇ જતાં પરિણામે છેક મકરાણથી મલબાર સુધીની ભારતીય વેપાર આલમમાં તથા મસ્કતથી મોઝાંબિક સુધીના એશિયા અને આફ્રિકાના કિનારા પર જેટલી વખત હંસરાજશાહનું નામ લેવાતું હતું એટલી વખત ફતેહમહમદ નું નામ લેવાતું નહિ હોય !

હંસરાજશાહની સરખામણી વેનિસના મધ્યયુગીન નેતા એન્રિકો દાંદેલોની સાથે કરી શકાય. એન્રિકો દાંદેલોને ચોથી ક્રુઝેડમાં ભાગ લેવાની ફરજ પાડવામાં આવી હતી, પરંતુ વેનિસ માંડવીની માફક જ વેપારીઓનું નગર હતું. પૂર્વ ભૂમધ્યના પ્રદેશોમાં વેપાર કરનારાઓમાં વેનિસવાસીઓ સૌથી આગળ પડતાં હતાં. વિધર્મીમુસ્લિમો પાસેથી એ લોકો એટલું બધું કમાયા હતા કે એમનો વિનાશ થાય એવું સક્રિય રીતે તો તેઓ ઇચ્છતા પણ નહોતા. આવીજ સ્થિતિ હંસરાજશાહ અને માંડવીવાસીઓની હતી. હંસરાજશાહ પણ

વેપારી લોભને કારણે કોઈપણ રીતે માંડવી ભુજને (વાસ્તવમાં તો ફતેહમહમદને) સોંપવા તૈયાર નહોતો એને બદલે તે વેપારીઓ જેવા અંગ્રેજોને પસંદ કરતો હતો. જેથી ભવિષ્યની કોઈપણ યોજનામાં કચ્છનો વેપાર અને માંડવીની ભાવના અકબંધ જળવાઈ રહે.[૧૩]

સ્વાભાવિક પણે પ્રશ્ન એ થાય કે તે સમયે કચ્છને રાજકીય એકતાની જરૂર હતી. તેવા સમયે બંને પ્રતિસ્પર્ધીઓ આંતરિક સંઘર્ષમાં રચેલાં રહ્યાં જેનો લાભ બ્રિટિશરોને થયો તે સત્યને આખરે સ્વીકારવું જ રહ્યું.

## (૨) દિવાન તરીકે આશકરણ શાહ :-

કચ્છના ઈતિહાસમાં હંસરાજશાહનું જે રાજકીય અને વેપારી તરીકેનું વ્યકિતત્વ ઉપસી આવે છે. તેનાંથી વિરુદ્ધ દિશામાં આશકરણ શાહનું વ્યકિતત્વ સામે આવે છે. કેપ્ટન ચાર્લ્સ વોલ્ટર નોંધે છે તેમ અંજાર છોડીને ભુજ આવેલાં આશકરણે દિવાન હંસરાજની ભુજમાંની ગેરહાજરીનો લાભ લીધો અને તેને મહારાવ રાયધણજી બીજા સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. આ પત્રવ્યવહારથી મહારાવને આશકરણની શક્તિઓનો ખ્યાલ આવ્યો વળી, હંસરાજ શાહ રાયધણજીને તેમને દરમાયો (નક્કી કરેલ રકમ) નિયમિત આપતો ન હતો. તેથી તેણે હંસરાજશાહના નવા પ્રતિસ્પર્ધી આશકરણ શાહ પર પોતાને નજરકેદમાંથી છૂટા કરવા માટે દબાણ કર્યું. અંતે તેને રાયધણજી તરફથી દિવાનપદ આપવાની લાલચ મળતાં તે સંમત થઈ ગયો. એટલું જ નહિં સર્વોચ્ચોના સંઘર્ષમાં એક દિવસ હંસરાજને ભુજના દિવાનપદેથી મુક્ત કરી દીધો.

જો કે આશકરણે દિવાનની પાઘડી પહેરવાનાં ઉત્સાહમાંને ઉત્સાહમાં રાયધણજી બીજાને મુક્ત કરવાનું કાર્ય દીર્ઘદૃષ્ટિ વાપર્યા સિવાય કર્યું હતું. જો તેણે તેનાં દૂરગામી પરિણામોનો વિચાર કર્યો હોત તો તે એમ ન કરત.[૧૪]

આ સમયે ફતેહમહમદ પોતાના કબ્જા હેઠળના અંજારમાં હતો. તેણે માંડવી જેવું વ્યાપારનું મથક તૂણા બંદર ચાલતું કર્યું પણ પરિસ્થિતિ એ હતી કે ઉપજ કરતાં ખર્ચ વધુ હતો. તેથી પોતાના જૂના નોકર આશકરણ શાહ પાસે ૮ લાખ કોરી માંગી. તેમાંથી આશકરણે ચાર લાખ કોરી આપી અને બાકીની રકમ આપે ત્યાં સુધી વરસામેડીના નંદવાણા બ્રાહ્મણોને જામીન તરીકે સોંપી તે છાનોમાનો ભુજ નાસી આવ્યો. જ્યારે ફતેહમહમદે બ્રાહ્મણો પાસે ઉઘરાણી કરી

પરેશાન કર્યા ત્યારે બ્રાહ્મણોએ ભુજ આવી આશકરણ શાહ પાસે ઉઘરાણી કરી. તેથી આશકરણે ૨૦ હજાર કોરી આપી. અને બાકીની રકમ માટે પોતાનો પુત્ર લાલચંદ સોંપ્યો, કે જ્યાં સુધી તે રકમ ન ચૂકવે ત્યાં સુધી તેનો પુત્ર તેઓની પાસે બાનમાં રહેશે. આમ તેઓ તેના પુત્રને બાનમાં અંજાર લઇ ગયા.[૧૫]

જ્યારે કડીના સુબા તથા વડોદરાના ગાયકવાડના ભાયાત મલ્હારરાવે અને મોરબીના જાડેજા જીયોજીએ ચિત્રોડ પર ચઢાઇ કરી ત્યારે આ બન્ને સામે ચિત્રોડના જાડેજા ઠાકોરને મદદ કરવા માટે મહારાવ રાયધણજીએ અંજારમાં ફતેહમહમદને આદેશ આપ્યો અને ભુજના દિવાન આશકરણને પણ લશ્કરી ટૂકડી લઇને ભુજથી મોકલ્યો. જ્યારે આશકરણ શાહ અંજાર આવ્યો ત્યારે ફતેહમહમદ ચિત્રોડ તરફ ચાલ્યો ગયો હતો. તેથી આશકરણને અંજારમાં બાન તરીકે રહેલા પોતાના પુત્ર લાલચંદને છોડાવવાની મહત્વની તક દેખાઇ અને તે સીધો અંજાર આવ્યો. ફતેહમહમદને આ સમાચાર મળતાં તે સીધો પાછો અંજાર આવ્યો અને આશકરણને હરાવી ભુજ રવાના કર્યો અને તે ફરી ચિત્રોડની મદદે પહોંચી ગયો. જ્યાં વિજય પ્રાપ્ત કરી કચ્છને મુક્ત કરાવ્યું.

આશકરણ શાહના દિવાનપદ દરમ્યાન આ એકજ અગત્યનો બનાવ બન્યો હતો. અને તેમાં તેનું સ્વાર્થીપણું સ્પષ્ટ જણાઇ આવે છે. આમ કરીને તો તે નિષ્ફળ અને નિષ્ક્રીય યોદ્ધા સાબિત થયો છે.[૧૬]

આશકરણ શાહે દિવાનપદ તો પ્રાપ્ત કર્યું. પરંતુ તેને આર્થિક સંકડામણનો અનુભવ કરવો પડ્યો. કારણકે, પ્રથમ તો તેને વ્યક્તિગત રીતે નાણાંની ઘણીજ જરૂર હતી. વળી તે અંજારમાં ફતેહમહમદ પાસે મોટી રકમની માંગણી પૂરી ન કરી શકે ત્યાં સુધી પોતાનો પુત્ર બાનમાં રાખી બેઠો હતો. બીજી બાજુ પરગણાઓમાંથી આશકરણ શાહને કર સ્વરૂપે એક પાઇ પણ મળતી નહોતી. તેથી તેને નાણાંની સખત તંગી સાલવા માંડી પરિણામે શું કરવું તેની સૂઝ રહી નહીં. તેણે ભુજના અનેક ધનાઢ્ય શહેરીજનોની મિલકત જપ્ત કરવાની શરૂઆત કરી. કોઇપણ દિવાન પોતાની આર્થિક સ્થિતિને સુધારવા માટે આ રીતે ખૂલ્લી લૂંટ ન જ કરે. એજ બતાવે છે કે ફતેહમહમદના દિવાનપદેથી બરતરફ થયા બાદ કચ્છ આર્થિકદષ્ટિએ કેવું ડામાડોળ થઇ ગયું હતું. સામાપક્ષે હંસરાજશાહે પણ માત્ર માંડવી પુરતો વિકાસ કર્યો જેનો લાભ કેન્દ્રસ્થ સત્તાને નહિંવત મળ્યો. ધીરે ધીરે આશકરણ શાહ તંત્ર પરની પકડ ગુમાવતો ગયો. પ્રજા પણ વેપારીઓના નેતૃત્વ તળે આશકરણ વિરુદ્ધ થઇ અને લગભગ

ભુજમાં બળવા જેવી પરિસ્થિતિ સર્જાઇ ત્યારે રાયધણજીએ આશકરણ શાહની ધરપકડ કે ફાંસીનો હુકમ આપી દીધો. આથી આ કમભાગી આશકરણ મહંમદપન્નાહની મસ્જિદમાં નાસીને ભરાઇ ગયો. ત્યાંથી તે ભીડના પીરની જગ્યામાં સંતાયો, છેવટે ક્યાંય સલામતી ન લાગતાં તે સિંધ તરફ નાસી ગયો. તેનું સમગ્ર જીવન હતભાગીપણાનું પ્રતિક બની ગયું હતું. પરંતુ વચ્ચે બે વખત તો બરતરફ થવું પડેલું અને છેવટે ફતેહમહમદે ભુજને પોતાને કબ્જે કર્યું ત્યારે કચ્છમાં તે વિસરાઇ ગયો હતો.[૧૭]

મુનિશ્રી વિદ્યાવિજયજીએ પોતાની કચ્છયાત્રામાં જૈનપ્રજાના રાજકીય પ્રદાન સંદર્ભે જણાવ્યું છે કે શ્રી હીરાચંદભાઇ સંઘવી અને તેમના બે પુત્રો શ્રી ભવાનજીભાઇ અને હેમચંદભાઇ ભુજમાં સન્માનીય હોદ્દા ધરાવતાં હતાં શ્રી હીરાચંદભાઇ કચ્છ નરેશના ખાનગી ખાતાના ચીફ ઓફીસર હતાં. તેમના પુત્ર ભવાનજીભાઇ ટંકશાળના મેનેજરના હોદ્દા પર હતાં અને શ્રી હેમચંદભાઇ ખાનગીખાતાના આસિસ્ટન્ટ ઓફીસર અને સાથે કુમાર સાહેબ શ્રી મનુભા સાહેબના પ્રાઇવેટ સેક્રેટરી હતા. આ સંઘવી કુટુંબ પર ખુદ કચ્છ નરેશ શ્રી વિજયરાજજી સાહેબ અને સમસ્ત રાજ્યકુટુંબની સંપૂર્ણ કૃપા હતી. વિશેષમાં શ્રી વિદ્યાવિજયજીએ નોંધ્યું છે કે, કચ્છના જૈનોનું ગૌરવ કચ્છની સમસ્ત પ્રજા પર કેટલું છે તે આ ઉપરથી પણ સમજાશે કે કચ્છના નાનામાં નાના,મોટામાં મોટા ગામમાં પણ નગરશેઠ નો હોદ્દો જૈન ગૃહસ્થ જ ભોગવે છે.[૧૮]

આ ઉપરાંત સાંપ્રતકાળે કચ્છમાં રાજકીયક્ષેત્રે શ્રી બાબુલાલ મેઘજી શાહ, શ્રી મોહનભાઇ શાહ, જયકુમાર સંઘવી, ચંપકલાલ ચુનીલાલ શાહ, તારાચંદ છેડા અને મુકેશ ઝવેરીનું પણ યોગદાન રહેલું છે.[૧૯]

## પાદનોંધ :–

૧. શ્રી છાયા કંચનપ્રસાદ કે. - અતીતની અટારીએ, ભુજ - ૧૯૯૭, પૃ.૬૯.
૨. ડૉ. ઓઝા ઇશ્વરલાલ - દીવાન ફતેહમહમદ, વિસનગર, ૨૦૦૪, પૃ.૧૧
૩. એજન. પૃ.-૧૫
૪. એજન. પૃ. ૩૦-૩૧
૫. એજન. પૃ.-૪૦
૬. એજન. પૃ.-૪૧
૭. એજન. પૃ. - ૫૮
૮. ડૉ. શર્મા ગોવર્ધન - ડૉ. મહેતા ભાવના : કચ્છના જ્યોતિર્ધરો, જ્ઞાનલોક પ્રકાશન, ગાંધીનગર, ૧૯૮૯, પૃ. ૭૩

૯. ઉપર્યુક્ત - દીવાન ફતેહમહમદ, પૃ. ૬૮
૧૦. એજન. પૃ. ૬૮-૬૯
૧૧. એજન. પૃ. ૯૬-૯૭
૧૨. એજન. પૃ. ૧૦૨
૧૩. એજન. પૃ. ૯૯-૧૦૦
૧૪. એજન. પૃ. ૫૮-૫૯
૧૫. દ્વિવેદી આત્મારામ કેશવજી - કચ્છ દેશનો ઇતિહાસ, મુંબઇ ઇ.સ.૧૮૭૬,પૃ.૬૦
૧૬. ઉપર્યુક્ત - દીવાન ફતેહમહમદ, પૃ. ૬૧
૧૭. એજન. પૃ. ૬૧-૬૨
૧૮. મુનિશ્રી વિદ્યાવિજયજી - મારી કચ્છયાત્રા, શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા - પુસ્તક - ૫૮, ઇ.સ. ૧૯૪૨, પૃ. ૧૯૦
૧૯. કચ્છ તારી અસ્મિતા - કચ્છમિત્ર વિશેષ પ્રકાશન - ૧૯૯૭, પૃ. ૯૬

# ૪. કચ્છમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ :-

કચ્છમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ વિશે સળંગ કોઇ માહિતી મળતી નથી. પણ ઉપલબ્ધ કથાસૂત્ર અને મુનિઓના યાત્રાવર્ણનો પરથી છુટી છવાઇ માહિતી મળે છે. તેથી સ્વાભાવિક છે કે ધાર્મિક પરિસ્થિતિ વિશેની એકસૂત્રતાઓનો અભાવ ઐતિહાસિક દૃષ્ટિએ જોવા મળે. પરંતુ સાંસ્કૃતિક ક્ષેત્રે તીર્થોનું મૂલ્ય, અને શ્રદ્ધાનું વાતાવરણ સમગ્ર જૈનોએ જાળવ્યું છે.

લાંબુ રણ અને અમુક વખતે જ ઉતરાતું હોવાને કારણે કચ્છનાં સાધ્વીઓ આ પહેલાં પ્રાયઃકચ્છમાં જ રહેતાં, હવે તેઓ કાઠિયાવાડ - ગુજરાતમાં અવરજવર કરવા લાગ્યા છે. શરૂઆતમાં કચ્છ બહારથી મુનિશ્રીઓનો વિહાર અલ્પ હતો. પણ હવે પરિસ્થિતિ બદલાઇ છે.

મહારાવ ગોડજીના સમય દરમ્યાન કચ્છમાં સ્થાનકવાસી સંપ્રદાયના લોકાગચ્છીય મૂલચંદ ઋષિનો વિહાર કચ્છમાં સવિશેષ હતો. ધાર્મિક એકતાની બદલે ધાર્મિક જડતાને જ્યારે તેમણે પ્રાધાન્ય આપ્યું ત્યારે વિદ્યાસાગરસૂરિએ મૂલચંદજીને મહારાવ ગોડજીની રાજ્યસભામાં બોલાવીને તેમની સાથે પ્રતિમા - સ્થાપના વિષયક શાસ્ત્રાર્થ કર્યો. જૈનશ્રુતમાંથી અનેક પ્રમાણો ટાંકીને આચાર્યે મૂર્તિ - વિધાનનું ભારે પ્રતિપાદન કર્યું. મૂલચંદજી આ ધર્મ સંવાદોમાં ટકી શક્યા નહીં તેઓ નિરુત્તર બની ગયા. આ પ્રસંગ સં. ૧૭૭૫ (ઇ.સ.૧૭૧૯) માં બન્યો અને પછી મૂલચંદજી કચ્છમાંથી ચાલ્યા ગયા. વિદ્યાસાગરસૂરિએ અનેક દુર્વાદીઓને ધર્મ સંવાદોમાં પરાસ્ત કર્યા હતા, તે હકિકત વાચક લાવણ્યચંદ્ર કૃત 'વીર વંશાનુક્રમ' નામક અચલગચ્છીય પટ્ટાવલીમાં ઉલ્લેખ છે.[૧]

કચ્છના જૈનોનું સૌભાગ્ય રહ્યું છે કે જ્યારે પણ એવી કોઇ ધાર્મિક પરિસ્થિતિ સર્જાઇ ત્યારે સુધારક મુનિઓએ જૈનોમાં એકતા સાધવાનો અચુક પ્રયાસ કર્યો છે.

જ્યારે માંડવીમાં એક જંગી જાહેરસભા હતી. ત્યાંના જૈન, જૈનેતર અને જાહેર સમાજના આગેવાનોએ મુનિશ્રી નાનચંદ્રજીનું વ્યાખ્યાન રાખેલું. જૈન સાધુ માટે અને તેમાંય કચ્છ જેવા પછાત લેખાતા પ્રદેશમાં વ્યાખ્યાનનો આ

પહેલો જ પ્રસંગ હતો. વડીલ ગુરુભાઈ પાસેથી સુશિષ્ય રજા મેળવી ચૂકલા, પણ શ્રાવક આગેવાનોને ખબર પડતાં જ તેમણે મુનિ નાનચંદ્રજીને ટોક્યા અને રોક્યા : ''કોઈ પણ જૈન સાધુએ કચ્છમાં આ રીતે જાહેરમાં કદી વ્યાખ્યાન આપ્યું નથી, તમે નવા અને યુવાન સાધુ છો. માટે ન જશો.'' એમણે તો ના કહેવડાવી પણ દીધી. નાનચંદ્રજી મુનિએ શ્રાવકજીને સવિનય પણ રોકડું પરખાવી દીધું : ''જુઓ, તમને ધોરી અને ભાવનાશાળી આગેવાન શ્રાવક છો શાસ્ત્રમાં શ્રાવક-શ્રાવિકાઓને સાધુઓનાં મા-બાપ લેખાવ્યાં છે. એટલે હું તમારું અપમાન નહીં કરું, પણ હવે કદી આવું ન કરશો. આમાં જૈનધર્મ અને જૈન સાધુજીવન બન્નેનું ઘોર અપમાન છે. જૈનધર્મ તો વીતરાગ તીર્થંકર કેવળજ્ઞાનીનો ધર્મ છે. તેથી તે સર્વાંગ સંપૂર્ણ અને વિશ્વધર્મ છે. આથી જ સાધુ - સાધ્વીઓને માત્ર સર્વે માનવોનાં જ નહીં, બલ્કે પ્રાણીમાત્રનાં મા-બાપ કહ્યાં છે. ધર્મસ્તંભ કહ્યા છે. એટલે ધર્મમાં કોઈ વિકાર પેસે તો તેને દૂર કરવાનું કામ સર્વ પ્રથમ તેમનું છે. એ જાહેરસભામાં સમાજકારણ અને રાજકારણની વાતો જરૂર થાત, પણ મારે તેમાં ધર્મનો પુટ આપવાનો રહેત. જૈન જૈનેતરો તથા સર્વક્ષેત્રોમાં જૈનધર્મનું ઊંડાણ રજૂ કરવાનો આવો મોકો આપણાથી કેમ ગુમાવાય, અને તમે તો શાસન - ઉદ્ધારક પૂ. અજરામરજી સ્વામી, લીંબડી મોટા ઉપાશ્રયના શ્રાવક છો એટલે જાણો જ છો કે ગુજરાતભરમાં આ સંપ્રદાયના સ્થાપકે વિદ્યાભ્યાસને માટે સુરતમાં શ્રી પૂજ્ય (ગોરજી) પાસે જવામાં પણ ન્હાનપ નહોતી માની તેથી જ આજે આ સ્થાનકવાસી જૈન ફિરકામાં પંડિત, વિદ્વાન અને તેમાંય ઉદાર - સાધુ - સાધ્વીઓ વિશેષ પાક્યાં છે.'' શ્રાવકજી સરળ હતાં તેઓ પોતાની ભૂલ તરત જ સમજી ગયા. માફી પણ માંગી લીધી ધર્મક્રાંતિનું બીજ આ રીતે માત્ર પોતાનામાં જ નહીં પણ કચ્છના સારાયે સમાજમાં તેમણે રોપી દીધું. આ પ્રસંગ નાનચંદ્રજી મહારાજે પોતાના અનુભવોમાં નોંધેલો છે.[૨]

જૈનધર્મમાં 'ક્રિયોધ્ધાર' ની એક ભવ્ય પરંપરા છે. 'ક્રિયોધ્ધાર' એટલે ધર્મક્રાંતિ, ધાર્મિક નવજાગરણ. વિવિધક્ષેત્રે વિશિષ્ટ પ્રભાવ પાથરતી અનેક વિભૂતિઓથી જૈન શાસનનો ઈતિહાસ સમૃધ્ધ છે. 'ક્રિયોધ્ધાર' કરનારા આચાર્યો, મુનિઓ પોતાના આધ્યાત્મિક પ્રદાન અને પુરુષાર્થ દ્વારા તેમાં આગવું સ્થાન ધરાવે છે. જૈનસંઘમાં દોઢસો વર્ષ પૂર્વે 'ક્રિયોધ્ધાર' નું એક મોજું આવ્યું. તેના એક સમર્થ અગ્રણી એવા શ્રી કુશલચંદ્રજી મહારાજ, માત્ર

પાર્શ્વચંદ્રગચ્છના જ નહીં, જૈન જગતના એક ચિરસ્મરણિય મહાપુરુષ હતા. ધર્મસુધારણાનું ઉત્તરદાયિત્વભર્યું કાર્ય હાથમાં લઇને એમણે પોતાના ધર્મશૌર્યનાં દર્શન કરાવ્યાં હતાં.[૩]

જો કે દરેક ગચ્છમાં શિથિલાચાર અને ક્રિયોધ્ધારની ઘટનાઓ અનેકવાર બની છે. નાગોરી તપાગચ્છમાં શ્રી પાર્શ્વચંદ્રસૂરિ, તપાગચ્છમાં શ્રી આનંદ વિમલસૂરિ, અચલગચ્છ માં શ્રી ધર્મમૂર્તિસૂરિ, ખરતરગચ્છમાં શ્રી જિનચંદ્રસૂરિ - આ આચાર્યો વિક્રમની સોળમી સદીના પ્રમુખ ક્રિયોધ્ધારકો હતા. ફરી અઢારમીસદીમાં ક્રિયોધ્ધાર થયાં અને છેલ્લે વિક્રમની વીસમી સદી પણ આવા ક્રિયોધ્ધારકની સાક્ષી બની. શ્રી કુશલચંદ્રજી મહારાજ આવા ક્રિયોધ્ધારક મહાપુરુષોની માળાના એક તેજસ્વી મણકા હતા.

કચ્છમાં 'સંવેગી' સાધુઓનો વિહાર અલ્પ હોવાથી ધાર્મિકક્ષેત્રે યતિઓનું - ગોરજીઓનું વર્ચસ્વ હતું. શ્રાવકોમાં અજ્ઞાન અને કુરિવાજો વ્યાપક બન્યાં હતાં. આવા સમયે શ્રી કુશલચંદ્રજી મહારાજે સામાજિક અને ધાર્મિક વ્યવહારોમાં સુધારા દાખલ કર્યા. કચ્છના શ્રાવકવર્ગ અને સાધુવર્ગે સ્વયંભૂ ભક્તિથી પ્રેરાઇને 'વાચનાચાર્ય', 'મંડલાચાર્ય', 'ગણિ' જેવી માનવાચક પદવીઓથી તેમને નવાજ્યાં. સમગ્ર કચ્છે તેમને ગુરુ માનેલા. ગચ્છભેદને ભૂલીને અને તેઓ કચ્છના 'કુલગુરુ' બની રહ્યાં.[૪]

શ્રી કુશલચંદ્રજી કચ્છના કોડાય ગામનાં હતાં. ધર્મક્રાંતિનાં સહસૂત્રધાર તેમના મિત્ર શ્રી હેમરાજભાઇનું સ્થાન પણ અદ્વિતીય છે. કથાસૂત્ર અનુસાર કચ્છનાં માંડવીથી પાંચ યુવાનો પાલીતાણા શ્રી હર્ષચંદ્રસૂરિજી પાસે સંવત - ૧૯૦૭ (ઇ.સ.૧૮૫૧) કારતક સુદ ૧૩, ના મુનિવેશ પહેર્યો અને માગસર સુદ બીજના આ પાંચેય યુવકોની વિધિવત 'સંવેગી' દીક્ષા થઇ. પાલીતાણા પહોંચેલાં પાંચ યુવકોના નામ હતાં. હેમરાજભાઇ, કોરશીંભાઇ, ભાણાભાઇ, વેરશીંભાઇ અને આસધીરભાઇ - દીક્ષા વખતે પાંચેના નામ અનુક્રમે : હેમચંદ્ર કુશલચંદ્ર, ભાનુચંદ્ર, બાલચંદ્ર અને અગરચંદ્ર એ પ્રમાણે પાડવામાં આવ્યાં. પરંતુ, તેઓ ઘરના સભ્યોની મંજુરી વગર અને કહ્યા વગર દીક્ષા લીધી હોવાથી તેઓના માતા-પિતા પાલીતાણા ગયાં. અને પાંચેયને સમજાવ્યાં. પણ વ્યર્થ, કુશલચંદ્રજીના પિતા અને અગરચંદ્રજીના પિતાએ અંતે આ બંનેને આત્મકલ્યાણ માર્ગે જવાની છુટ આપી. પણ બાકીના ત્રણના માતા-પિતા તે સ્વીકારવા તૈયાર નહીં, તેથી તેમને કચ્છ લઇ આવ્યાં.

કચ્છમાં આવ્યાં પછીએ ત્રણેયની હઠને કારણે કચ્છના મહારાઓશ્રી દેશળજી પાસે લઇ જવાયાં અને મહારાઓશ્રીએ જાતે ત્રણેને સમજાવ્યાં, દમદાટી આપી. આ પરિસ્થિતિમાં બે યુવાન ઢીલા પડ્યા. ભાણાભાઇ અને વેરશીંભાઇ. પણ હેમરાજભાઇ ટકી રહ્યા. મહારાઓશ્રીએ હેમરાજભાઇને જેલની કોટડીમાં પુરાવ્યાં અને "હઠ છોડે નહીં ત્યાં સુધી એને બહાર કાઢવો નહીં." એવો આદેશ આપ્યો. પણ તેની દ્રઢતા જોઇ રાઓશ્રી દેશળજીએ તેના પિતા ભીમશીભાઇને કહ્યું : આ છોકરો નોખી માટીનો છે, એને જેમ કરવું હોય તેમ કરવા દેજો. અંતે હેમરાજભાઇ બીજી વખત શ્રી હર્ષચંદ્રસૂરિજી પાસે દીક્ષા લેવા ગયાં. પણ આ વખતે તેને દીક્ષા ન આપી. શા માટે ન આપી તે વિશે કોઇ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. પણ હેમરાજભાઇની સેવાપ્રવૃત્તિ એક સાધુ જેવી જ રહી હતી.

શ્રી કુશલચંદ્રજીએ પાર્શ્વચંદ્રગચ્છમાં સંવેગી સાધુ સંસ્થાનો પુનરારંભ કર્યો. તેમ તેમણે સાધ્વીસંઘની પણ પુનઃનવરચના કરી. કચ્છમાં તે સમયે સાધ્વીસંઘ હતો જ નહીં. પાર્શ્વચંદ્રમાં પણ નહોતો. સર્વપ્રથમ કચ્છ-કોડાયના ત્રણ બહેનોએ સં. ૧૯૪૭ (ઇ.સ.૧૮૯૧) માં જામનગર મુકામે તેઓશ્રીના હસ્તે દીક્ષા લીધી. તેમનાં નામ પડ્યા : શિવશ્રીજી, જ્ઞાનશ્રીજી અને હેમશ્રીજી.[૫]

શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીએ નોંધ્યું છે કે, જ્યારે તેઓ માંડવીમાં ચાતુર્માસ રહેલા ત્યારે સંઘમાં સંપ જોવા મળતો હતો. અને ભુજમાં મંત્રી-દરબારી અને શાસક પણ જૈનમુનિઓ નો આદર કરે છે. ત્યારબાદ તેઓ મોટીખાખરમાં પણ ચાતુર્માસ કરેલો.[૬] શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજી ના વિશિષ્ટ વ્યક્તિત્વથી અને સાધુત્વથી પ્રભાવિત થયેલા કચ્છના મહારાજાના વિદ્વદ્મંડળે ભુજમાં સં. ૧૯૪૨(ઇ.સ.૧૮૮૬) માં તેમને 'ભારતભૂષણ' ના બિરુદથી બિરદાવ્યાં હતાં[૭] અને નગરશેઠ સાકરચંદ પાનાચંદ તથા વકિલ વિસનજી માનસંગ અને મોણસી ઓધવજી ઇત્યાદિ આગેવાન ગૃહસ્થોની વિનંતી સ્વીકારી સં.૧૯૪૩ (ઇ.સ.૧૮૮૭) નું ચોમાસું ભુજમાં જ કર્યું હતું.[૮] અને જ્યારે તેઓ અબડાસા ગયાં ત્યારે ત્યાં કચ્છી દશા ઓશવાળની જ્ઞાતિમાં જે રાગદ્વેષ હતા તે દૂર કરવાનું કાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીએ કર્યું હતું.[૯]

કચ્છમાં ધાર્મિક એકતા મજબુત કરવામાં શ્રી વ્રજપાલજી સ્વામીનું સ્થાન પણ ચિરસ્મરણીય છે. શ્રી વ્રજપાલજી સ્વામી કચ્છનાં આઠકોટિ મોટીપક્ષ

સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં એક મહાન વિભૂતિ તરીકે પ્રસિદ્ધ છે. તેઓશ્રી સ્થાનકવાસી સંપ્રદાયના તો કહેવાતા એટલું જ, ખરી રીતે તો તેઓ ગચ્છ-મતથી પર હતાં. તમામ ફિરકાના જૈનો તેમજ જૈનેત્તરોના તેઓ પૂજનીય હતાં.[૧૦]

કચ્છમાં પ્રથમ સ્થાનકવાસીમાં આઠકોટિનો જ સમૂદાય હતો. એ વખતે કચ્છમાં રાગદ્વેષની પ્રણતિ ઘણી જ ઓછી હતી. પરદેશથી આવતા કોઈપણ સાધુઓની સમાનભાવે સેવા કરવામાં આવતી. બહારથી આવનાર તેમજ સ્થાનિક સાધુઓ સાથે જ રહેતા. આહારપાણી તેમજ પ્રતિક્રમણાદિક્રિયાઓ પણ સાથે જ કરતાં. બધા સમભોગી તરીકે હળીમળીને સાથે જ રહેતા હતા.

શરૂઆતમાં સ્થાનકવાસી ના ત્રણ સમુદાય એક ધર્મસિંહમુનિનો સમુદાય, જે આજે દરિયાપુરી સમુદાય તરીકે ઓળખાય છે. બીજો લવજી ઋષિનો સમુદાય તે હાલે ખંભાત સંઘાડાવાળો સમુદાય કહેવાય છે. તેની એક શાખા માળવામાં છે. ત્રીજો સમુદાય ધર્મદાસજી મહારાજનો તે ધર્મદાસજી સરખેજના ભાવસાર હતા.[૧૧]

સંવત ૧૯૩૨ (ઇ.સ.૧૮૭૬) માં ગોંડલ સમુદાયના પૂજ્યશ્રી દેવજી સ્વામીના શિષ્ય જયચન્દ્રજી સ્વામી અને તપસ્વી માણેકચન્દ્રજી કચ્છમાં વ્રજપાલજી સ્વામી પાસે આવ્યાં હતાં. આ બન્ને શિષ્યો બે વર્ષ કચ્છમાં રહીને સૌરાષ્ટ્રમાં ગયા, છતાં એ કચ્છને ભૂલ્યા ન હતા. કચ્છના શ્રાવકોની ઉદારતા અને સત્કારને એ ઠેકઠેકાણે યાદ કરતા. ઘણીવાર ભર વ્યાખ્યાનમાં તે બોલતાં કે : ''માંડવીના સંઘ જેવો સંઘ જો અમારા હાથમાં હોય તો અમે સ્થાનકનાં સોનાનાં નળિયાં કરાવીએ.'' આ પરથી સહજ સમજી શકાય છે કે એ સમયે માંડવીના સંઘની જાહોજલાલી કેવી હશે ![૧૨]

શ્રી વ્રજપાલજી સ્વામીએ કચ્છમાં દેરાવાસી અને સ્થાનકવાસી વચ્ચેનું વૈમનસ્ય તો દૂર કર્યું પરંતુ એક વાત એમના અંતરમાં સદા ખટકતી હતી. એ વાત હતી નાનીપક્ષના સાધુઓની અતડા રહેવાની પ્રવૃત્તિની. નાનીપક્ષ અને આઠકોટિપક્ષ વચ્ચે ઐકય સાધી શકાયું નહીં.[૧૩]

## યુગદિવાકર શ્રી ધર્મસૂરિશ્વરજીને કચ્છમાં થયેલ અનુભવ :-

જ્યારે યુગદિવાકર પૂજ્ય શ્રી ધર્મસૂરિશ્વરજી મહારાજ કચ્છયાત્રાએ આવેલાં ત્યારે તેમને જે રમુજી રસપ્રદ અનુભવ થયેલો તે તેમની જ નોંધ મુજબ :- જ્યારે તેઓ પલાસવા પધાર્યા. અને ત્યાંથી ગાગોદર થઈને કટારિયાતીર્થ તરફ જતાં હતાં ત્યારે ગાગોદરના ભાઈઓએ પૂજ્યશ્રીને જણાવ્યું હતું કે, ''આપને અહીંથી કટારિયા જ જવું જોઈએ. કેમકે માર્ગમાં કોઈ જૈન વસ્તીનું ગામ નથી.'' આથી શ્રી ધર્મસૂરિશ્વરજી મહારાજ કટારિયાના લક્ષ્યથી જ વિહાર માટે નીસર્યા હતા. પણ અધવચ્ચે આવ્યાં ત્યાં એક ખેતરમાંથી ગામઠી લઢણમાં કોઈ ખેડૂતે બૂમ મારી ''મહારાજ ! અમને ટાળીને ક્યાં ચાલ્યાં ? અમારા ગામ ચાલો અમેય જૈન છીએ.''

શ્રમણ સમૂહમાં સૌથી આગળ શ્રી ધર્મસૂરિશ્વરજીની ટૂકડી હતી. તેઓ આશ્ચર્યપૂર્વક અવાજની દિશા તરફ જોઈ રહ્યાં. ત્યાં તો પેલો ખેડૂત જેવો લાગતો ભાઈ પૂજ્યશ્રીની નિકટ આવીને નમી રહ્યો. પૂજ્યશ્રીએ પુછયું, ''અહીં જૈનોનું ગામ ક્યાંથી ? ગાગોદરમાં તો અમને સ્પષ્ટ જણાવ્યું હતું કે હવે જૈન વસતિ કટારિયામાં જ મળશે.''

પેલો ભોળો ખેડૂત બોલ્યો, ''ઈ જ તો વાંધો છે બાપુ અમે ઓસવાલ જૈનો છીએ અમારો ધંધો ખેડૂતનો છે. એટલે ઈ ઉજળિયાત કોમના માણહ અમને જૈન નથી ગણતા. દરેક મહારાજને બાર્યો બાર્ય કટારિયા મોકલી દે છે. હવે તમે તો અમારા ગામ હાલો.''

એની ભાવના જોઈ પૂજ્યશ્રીએ હા ભણી, તમામ શ્રમણો નિર્ધારિત લક્ષ્ય મોકૂફ રાખી ખેડૂતે દર્શાવેલ નવા ગામે આવ્યા. એ ગામ હતું થોરિયાવી. એ ભદ્રિક જૈને ગામમાં દાંડી પિટાવીને તમામ વાણિયાને બીજે દિવસે ખેતી બંધ રાખવાની જાહેરાત કરાવી. એ લોકોએ પૂજ્યશ્રીને બીજે દિવસે ફરજીયાત રોકવા 'છમછરી' (સંવચ્છરી) નો કાર્યક્રમ ઘડી કાઢ્યો. એ સહુ સાથે મળી પૂજ્યશ્રી પાસે આવ્યા. ને વાત રજૂ કરી. પૂજ્યશ્રી તો આશ્ચર્યચકિત થઈ ગયા કે અત્યારે પોષ માસમાં 'છમછરી' ક્યાંથી આવે ? જરા ઊંડાણથી પૂછતા રહસ્ય સમજાયું કે વર્ષોબાદ ગુરુમહારાજ આવ્યા હોવાથી ખેતીના ધંધા બંધ રાખીને એકત્ર થવાપૂર્વક જમણ કરવું (સાધાર્મિક વાત્સલ્ય કરવું) તે એમને મન 'છમછરી' હતી !

પૂજ્યશ્રી રમૂજ પામી ગયા અને આ ભોળા જીવોની ભાવના ખાતર વિના આનાકાનીએ તરત સ્થિરતા માટે સંમત થઇ ગયા. બીજે દિવસે નવી રમૂજ સર્જાઇ. 'છમછરી' ઉજવતા તેઓ શ્રમણોને વહોરાવવા લઇ ગયા. આજે કોઈના ઘરે ચૂલો ફુંકાયો ન હતો. બધાય જૈનોનું જમણ અહીં જ હતું. ઘી થી લથપથ શીરો એમણે ભાવથી વહોરાવ્યો. એ વહોર્યા બાદ ગોચરીએ ગયેલ શ્રમણોનાં આશ્ચર્ય વચ્ચે રહસ્ય ખૂલ્યું કે આ ભદ્રક જીવોની 'છમછરી' માં શીરા સિવાય સમ ખાવા પૂરતુંય બીજું દ્રવ્ય ન હોય બસ, કેવળ શીરોજ ! બીજું તો ઠીક પણ શ્રમણધર્મની મર્યાદા અનુસાર ગોચરીનાં તમામપાત્ર શ્રમણે સ્વયં સ્વચ્છ કરવાના હોય અને એમાં ઘી ની સ્નિગ્ધતા દૂર કરવા તેને યોગ્ય દ્રવ્ય જોઈએ તેનું શું કરવું ? એ વિચાર ગોચરી વહોરનાર શ્રમણોને થઇ પડ્યો. તેઓ વસતિમાં આવ્યાં ત્યાં સાથે આવેલા પૂ.શ્રી પ્રતાપસૂરિજીનું અનુભવજ્ઞાન ઉપયોગી બન્યું એમણે ચણાનો લોટ વ્હોરી લાવવાનો માર્ગ દર્શાવ્યો. એ મુજબ કરાતા સમસ્યા હલ થઇ ગઇ. પૂજ્યશ્રી વગેરે રમૂજ અનુભવી રહ્યા. આ ગ્રામ્યજનોની અજબ-ગજબની 'છમછરી' થી બેય દિવસ રાત્રે એ લોકોને સમજાય એવો ઉચિત ધર્મોપદેશ પૂજ્યશ્રીએ ફરમાવ્યો.[૧૪]

શ્રી ધર્મસૂરિશ્વરજીને કચ્છના અબડાસા વિસ્તારની યાત્રા-વિહાર દરમ્યાન એક વરવો અનુભવ પણ થયેલો જે તેમની નોંધ મુજબ :- એક દિવસ સાંજના વિહારમાં મોથારા ગામથી સણોસરા ગામ જવાનું હતું. વિહારો રોજ સુદીર્ઘ હોવાથી શ્રમણો સમય થયે અનુકૂળતા અનુસાર વિહાર આરંભી દેતા. પૂજ્યશ્રી તથા એમની સાથે પડછાયાની જેમ રહેતા બાલમુમુક્ષ સેવંતીકુમાર લગભગ હમેંશને માટે વસતિમાંથી સૌથી છેલ્લા નીકળે અને ઝડપ એવી ધરાવે કે સામેના ગામે સર્વથી પ્રથમ પહોંચે. આ દૈનિક ક્રમ મુજબ મોથારાથી પણ પૂજ્યશ્રીએ સૌથી છેલ્લો વિહાર આરંભ્યો. સાથે એકમાત્ર બાળમુમુક્ષ સેવંતીકુમાર પાણીની નાની મટકી લઇને સજ્જ હતા. ગામના પાદરે પહોંચ્યાં ત્યાં બે માર્ગ દેખાયા. એ જ સમયે કૂવા પર એક બહેન પાણી ભરતા હતાં. પહેરવેશથી એ મુસ્લિમ જેવા જણાતા હતા. પૂજ્યશ્રીએ માર્ગની પૃચ્છા કરતા અ-કારણ જૈન શ્રમણના દ્વેષી જાણે બની ગયા હોય એમ એ બહેને જાણી-બુઝીને વિપરીત માર્ગ પૂરી ઠાવકાઇથી દર્શાવી દીધો. અપરિચિત પૂજ્યશ્રી તો સરળભાવે માર્ગ સાચો સમજીને આગળ વધ્યાં. લગભગ સાડાપાંચ કિ.મી. જેવું અંતર એ ગલત માર્ગે આગળ વધી ગયા. હવે તો કોઇ માર્ગ જ જણાતો ન હતો. કેવળ કાંટા ઝાંખરા અને ડુંગરનો સીમાપ્રદેશ આવી ગયો. પૂજ્યશ્રીને

પણ આશંકા થવા માંડી હતી કે ક્યાંક ગલત માર્ગે ચડાવી દેવામાં આવ્યાં છે. ત્યાં દૂરના ખેતરમાંથી કચ્છી ખેડૂનો અવાજ આવ્યો. એણે નિકટ આવીને કહ્યું કે અહી તો કોઇ માર્ગ છે જ નહિં. ઠેઠ પાછા મોથારાના પાદર સુધી જાવ અને ત્યાં જણાતાં બીજા માર્ગે આગળ વધશો તો જ સણોસરા આવશે ! પૂજ્યશ્રી જરાય અસ્વસ્થ થયા વિના પાછા ફરીને ઝડપથી વિહાર કરવા માંડ્યાં. મોથારા આવ્યું ત્યારે પૂરા અગિયાર કિ.મી. નો ફોગટનો ફેરો પૂરો થયો. હજુ સણોસરા ૮ કિ.મી. તો બાકી હતા. ત્યાં પહોંચવું અનિવાર્ય હતું. કેમકે આદિમુનિવરો ત્યાં પહોંચી ચૂક્યા હતા. તેઓને પણ ચિંતા પેઠી કે સૌથી પ્રથમ પહોંચનાર પૂજ્યશ્રી કેમ હજુ પહોંચ્યા નથી. ક્યાંક ગલત માર્ગે ચડી ગયા હશે. શ્રાવકો ઘોડેસ્વાર થઇને એક હાથમાં લાકડીને ફાનસ તો બીજા હાથમાં લગામ પકડીને માર્ગ ખુંદતા આગળ વધ્યાં. ત્યાં રસ્તામાં તેમનો ભેટો થયો. શિયાળાના એ વહેલા આથમી જતા દિવસે પૂજ્યશ્રી માંડ સાડા સાત વાગ્યે સણોસરા પહોંચ્યાં એક અણસમજુ વ્યક્તિએ ઇરાદાપૂર્વક ગલતમાર્ગે ચડાવી દીધા તોય પૂજ્યશ્રીએ એની જરાય ટીકા કરી નહિં કે અણગમોય દર્શાવ્યો નહિં. તેઓ માત્ર એમજ બોલ્યા કે, ''હશે, આજે આવો અનુભવ મળવાનો હશે.''[૧૫]

છતાં કચ્છ પ્રદેશની આ યાત્રા દરમ્યાન ભારતીય પરંપરા જ્યાં ધબકતી રહી છે. એવા નાનાં નાનાં ગામડાંઓની જૈનપ્રજાની કેટલીક લાક્ષણિકતાઓનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે. તે મુજબ :-

વિહાર - માર્ગમાં આવતા નાનકડા અનેક ગામોમાં પૂજ્યશ્રી સ્થિરતા કર્યા વિના માત્ર પ્રભુભક્તિ - ચૈત્યવંદનાદિ કરીને આગળ વધવાનું વિચારતા હોય ત્યાં ચૈત્યવન્દનાદિ થતા સુધીમાં તો જૈનોનો સમૂહ તરત જ આપોઆપ એકત્ર થઇ જાય. એ સમૂહ રોકાવાની વિનંતી કરે. વિનંતી ન સ્વીકારાય તો છેવટે માંગલિક અને નાનકડું પાંચ-સાત મિનિટનું પ્રવચન સાંભળવાનો આગ્રહ તો અચૂક રાખે. વિહારમાર્ગનું લગભગ કોઇ ગામ એવું નહિં હોય કે જ્યાં પૂજ્યશ્રીનું માંગલિક અને નાનકડું પ્રવચન ન થયું હોય. એ સમયે લગભગ દરેક ગામમાં અડધો અડધ વસતિ જૈનોની જોવા મળતી. વિશેષમાં નોંધ્યું છે કે, જ્યાં પણ પૂજ્યશ્રી વગેરે શ્રમણો પધારે ત્યાં વગર કહ્યે પૂજારી થાળી - ડંકો વગાડીને જૈનવસતિમાં શ્રમણો પધાર્યાની જાણ કરી દે જેથી શ્રાવકવર્ગ શ્રમણોની વૈયાવચ્ચાદિની બાબતે ઉચિત સજ્જતા તરત કેળવી લે. આ સિવાય

ભદ્રિક્તા ને ભાવુક્તા તો ડગલે ને પગલે દૃષ્ટિગોચર થતી હતી. તેવી નોંધ કરેલી છે.[૧૬] આવા સમર્થ સંઘનાયક શ્રી ધર્મસૂરિશ્વરજી વિ.સં.૨૦૩૮ (ઇ.સ.૧૯૮૨) માં સ્વર્ગવાસી થયા.

## કચ્છમાં મુનિ પરિષદ :-

કચ્છમાં સંવત ૧૯૬૭ (ઇ.સ.૧૯૧૧) માં મુનિ પરિષદ યોજાઇ હતી. તે સંદર્ભે મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ નોંધ્યું છે કે માંડવીમાં પ્લેગની ગરબડ હોવાથી ભણનાર મુનિઓ માટે કાંડાગરામાં રહેવાની ગોઠવણ કરવામાં આવી. ત્યાં અમારા યુવાન મુનિઓના હૃદયમાં એક નવીન ભાવના સ્ફુરી કે કચ્છમાં વસતાં દેરાવાસી તેમજ સ્થાનકવાસી સંપ્રદાયોમાં સાંપ્રદાયિકતાના જે રૂઢવિચારો ઘૂસી ગયા હતાં તેમને નિર્મૂળ કરવા સમયને અનુલક્ષીને શાસ્ત્રસંમત નવીન ધારાધોરણ બાંધવા, અવિભક્ત જૈન મંડળની સ્થાપના કરવી અને તે માટે કચ્છમાં એક મુનિપરિષદ બોલાવવી. મુનિ કલ્યાણચંદ્રસૂરિની ભાવનાને વિદ્યાગુરુ શ્રી દિક્ષીતજીએ અનુમોદન આપ્યું.[૧૭]

સ્વાભાવિક છે નવા સુધારાઓ કે નવીનકાર્યમાં હઠાગ્રહોનો સામનો તો કરવો જ પડે. તે વિશે મુનિ શ્રી કલ્યાણચંદ્રજી નોંધે છે કે, મુનિપરિષદના પ્રચારાર્થે પ્રથમ સ્થાનકવાસી મોટીપક્ષ, નાનીપક્ષ અને છ કોટિના મુનિઓની સાથે અમારા વિચારોની આપલે કરવા માંડી. તેમાં નાનીપક્ષના મુનિઓ તો બહું વિનવવા છતાં સંમત ન થયા અને જ્યારે દેરાવાસી અચલગચ્છવાળા મુનિશ્રી ગૌતમસાગરજી તેમજ પાયચન્દ્રગચ્છના મુનિશ્રી દીપચન્દ્રજી સાથે પરિષદ અંગે વાતો કરી તો તેમણે મીઠાશથી ના સુણાવી દીધી. હવે રહ્યા મોટીપક્ષ અને છ કોટિવાળા. મોટીપક્ષવાળા તો આ વાતને ઉત્પન્ન કરનાર જ હતા. એટલે એ તો વિના કહ્યે મક્કમ જ હતા. છ કોટિવાળાને ઘણી મહેનતને અંતે મનાવ્યાં. પોતાની સગવડ પ્રમાણે થાય તો જ આ પરિષદમાં ભાગ લેવાની એમણે હા પાડી.[૧૮]

રામાણીયા (કચ્છ)માં મુનિપરિષદ ત્રણ દિવસ ભરાઇ. જ્યાં સાત વ્યક્તિઓની કમિટિ નીમાઇ. અનુક્રમે : પ્રમુખપદે મુનિશ્રી રત્નચંદ્રજી, ઉપપ્રમુખપદે મુનિશ્રી દેવચંદ્રજી, સેક્રેટરીપદે મુનિશ્રી કલ્યાણચન્દ્રજી અને મુનિશ્રી ત્રિલોકચંદ્રજી, મુનિશ્રી નાનચંદ્રજી તથા છોટાલાલજી સાથે રહ્યાં હતાં. પેટ્રન તરીકે આચાર્ય શ્રી દેવચંદ્રજી વિનંતી કરવાથી તેઓ રહ્યાં હતાં.[૧૯]

કચ્છમાં પ્રથમવાર મુનિપરિષદ યોજાઇ, પરંતુ જે હેતુથી પરિષદ યોજાઇ તે સાર્થક ન થયો. કારણકે મુનિશ્રી કલ્યાણચંદ્રજી એ નોંધ્યું છે કે, "કચ્છી મુનિઓએ રોટલા ખવડાવીને લાડુ ખાવાની જે ઇચ્છા રાખેલ તે તો પાર ન જ પડી. જ્યાં મહત્વાકાંક્ષા અને અહંમવૃત્તિ કાંધે ચડી બેઠેલ હોય ત્યાં ધારેલ મુરાદ પાર શી રીતે પડે ? પ્રત્યેક ગચ્છમાં, પ્રત્યેક સમુદાય માં અને પ્રત્યેક વાડામાં પોતાની મહત્તા અને સંકીર્ણતાના અડ્ડા જામેલા હોય ત્યાં શ્રી વીર પ્રભુના શાસનની ઉન્નતિ અને ઉત્કર્ષ સધાય પણ શી રીતે ?" [૨૦]

છતાં આ પરિષદની ચારે તરફ સારી અસર થઇ. ગુજરાતના મહાન વિચારક શ્રી વાડીલાલ મોતીલાલ શાહે પોતાના પત્ર 'જૈન હિતેચ્છુ' માં "જુનામાં જૂના દેશમાં નવામાં નવો સુધારો." એ શીર્ષક હેઠળ કચ્છમાં યોજાયેલ મુનિપરિષદ સંબંધી એક ખાસ લેખ લખ્યો હતો. અને એ સંબંધમાં પોતાની ખુશાલી દર્શાવી હતી.[૨૧]

એક ધર્મસુધારક તરીકે ગુજરાતમાં શ્રી વાડીલાલભાઇએ પણ અથાગ પ્રયત્નો કર્યા હતાં. ઇ.સ.૧૯૨૭ માં તેમના પ્રમુખપદે 'મહાવીર - મિશન' ની યોજના અમલમાં મૂકવાની શરતે જૈન કોન્ફરન્સ બિકાનેર માં ભરાઇ હતી. જેનો હેતુ કચ્છમાં યોજાયેલ મુનિપરિષદ જેવો ઉમદા હતો. તે સમયે દરેક જગ્યાએથી આ કોન્ફરન્સ માટે સંદેશાઓ આવ્યા હતા, ત્યારે ગાંધીજીએ સિલોનથી ૮૦ શબ્દોના પ્રલંબ તાર દ્વારા સંદેશો પાઠવ્યો હતો. અત્રે ગાંધીજીના આ તારના શબ્દો આલેખવા જરૂરી છે. કારણકે સમગ્ર જૈન સમાજ માટે તેમાં વિચારવાલાયક મુદ્દાઓ સમાવિષ્ટ કરાયા છે. ગાંધીજીએ સંદેશામાં જણાવ્યું હતું કે, "આજકાલ કોન્ફરન્સોનો રાફડો ફાટ્યો છે. ખરા અર્થમાં ધાર્મિક કોન્ફરન્સ કળી શકાય એવું થવા માટે તો આંતરદષ્ટિવાળાં હૃદયોનું જોડાણ જોઇએ. કારણકે ફક્ત આંતરદષ્ટિવાળી સ્થિતિમાં જ હૃદયનો પડઘો હૃદય પાડી શકે છે. અને એકતા કે એકતારતા પ્રગટી શકે છે. એકબીજાને માટે દોષારોપણ કરવાની રીત છોડી સઘળાઓના દોષો પણ પોતાને માથે લઇ ઊંડું આત્મનિરીક્ષણ કરવું જોઇએ. બુદ્ધિના ઉપયોગપૂર્વક થતી દયાનો સૌથી વધારે હિસ્સો જૈનધર્મમાં છે, એવું અભિમાન જૈનો ધરાવે છે. પરંતુ જ્યારે તેઓના શ્વેતાંબર - દિગમ્બર સંપ્રદાયો પરસ્પર મુકદ્દમાબાજી અને વાળ ચીરવા જેવા બુદ્ધિવાદની લડાઇમાં ઉતરે છે. ત્યારે તેઓમાં ઉક્ત દયાનો અંશ પણ નથી જોવામાં આવતો. આવા ઝઘડાઓ વિકાસક્રિયાને રોકે છે. ધાર્મિક દષ્ટિએ તો 'દયા' તેનું નામ છે કે જેથી

હલકીપાયરીના જીવોની રક્ષા માટે ઊંચી પાયરીના જીવાત્માઓએ પોતાનું બલિદાન આપવું પડે. આજકાલના જીવનમાં એવા 'દેવત્વ'ની ગંધેય નથી. પરંતુ મનુષ્યત્વ પણ અલ્પાંશે જ રહેવા પામ્યું છે. એટલું જ નહિં પણ અમાનુષીપણું પણ દેખાવા લાગ્યું છે.''[૨૨]

આ મહાવીર-મિશન કોન્ફરન્સ માટે કચ્છમુનિપરિષદનાં શ્રી રત્નચંદ્રજીએ પાલનપુરથી અને વિદ્વાન મુનિશ્રી ત્રિલોકચંદ્રજી એ કચ્છ - અંજારથી પ્રશંસાપત્ર મોકલ્યાં હતા જે નોંધનીય છે.[૨૩]

કચ્છમાં જૈનમુનિઓએ એકય સાધવાના ઘણા પ્રયત્નો કર્યા છે. સાથે જૈનધર્મની સાચી ઓળખ ઊભી કરવા પણ અથાગ પરિશ્રમ કર્યો છે. કચ્છમાં મુનિશ્રી કલ્યાણચંદ્રજી એ તો કચ્છ પ્રદેશનાં દહેરાસરોમાં કેસર વાપરવાનો રિવાજ પણ બંધ કરાવેલ. પણ પાછળ થી ફરી કેસરપૂજા ચાલુ થઇ. તેમનો હેતું એવો હતો કે શુદ્ધકેસરના અભાવને કારણે તેનો ઉપયોગ સદંતર બંધ કરવો જોઇએ.[૨૪]

## જખૌનો ઝઘડો :-

શ્રી વિદ્યાવિજયજીએ મારી કચ્છયાત્રા માં નોંધ્યું છે કે જખૌતીર્થના વહીવટ સંબંધી વર્ષોથી ચાલતા ઝઘડાએ ભયંકરરૂપ પકડેલું આપસની તકરારોને કારણે મંદિરના દરવાજા પણ બંધ રહેલા, પૂજા - પ્રક્ષાલ અને ભાવિક સ્ત્રી-પુરુષોને દર્શનાદિ પણ બંધ રહેલું. જખૌના મંદિર અને મહાજનના વહીવટ સંબંધી બધી બાબતની તપાસ કરીને ફેંસલો આપવા માટે મુનિશ્રી વિદ્યાવિજયજી, શેઠ ચાંપશીભાઇ કુંવરજી તથા શા માણેકજી હંસરાજ ને 'લવાદ' મુકરર કરેલા. અને બન્ને પક્ષોએ જણાવેલું કે 'લવાદ' નો ફેંસલો દરેકને મંજૂર રહેશે.[૨૫]

શ્રી વિદ્યાવિજયજીએ તપાસ કરતાં જણાયું કે જખૌના ઝઘડાનું મૂળકારણ 'વહીવટી હક્ક' નું છે. તેમણે નોંધ્યું છે કે, ધાર્મિક કે સામાજિક કોઇપણ સંસ્થામાં તકરારો ઊભી થવાનાં મુખ્ય બે કારણો હોય છે. 'માલિકીહક્ક' અને 'વહીવટીહક્ક' જખૌના સમસ્ત સંઘમાં બે પક્ષ પડી ગયા હતાં. એકપક્ષ જે 'શેઠપક્ષ' જેનાં આગેવાન શેઠ ચાંપશી કુંવરજી હતાં. તેમનું કહેવું હતું કે અમારા દાદાશેઠ જીવરાજ રતનશીએ 'રત્નટૂંક' નામનું મંદિર બનાવ્યું તેની પ્રતિષ્ઠા સં. ૧૯૦૫ (ઇ.સ.૧૮૪૯) માં થઇ ત્યારથી આ

મંદિરનો વહીવટી હક્ક અમે ભોગવતા આવ્યા છીએ. અને અમુક વર્ષોથી અમારી ઇચ્છાથી સમસ્ત મહાજન નો સહકાર જરૂર લેતા આવ્યા છીએ.

બીજો પક્ષ મહાજનનો હતો. તેના આગેવાન શા માણેકજી હંસરાજ હતાં. તેમનું કહેવું હતું કે, મંદિરનો વહીવટ અમુક વર્ષોથી મહાજનને સુપ્રત થયેલો છે. મહાજન તેનો વહીવટ કરે છે. આમ બન્ને પક્ષોની દલીલો અને વહીવટી તપાસના નિષ્કર્ષરૂપે 'લવાદે' અને ખાસ કરીને શ્રી વિદ્યાવિજયજીએ પોતાનો ફેંસલો આપેલો.

જખૌ રત્નટૂંકના ઝઘડાના અંત સ્વરૂપ ઠરાવ કરવામાં આવ્યો જે મુજબ :- (૧)આ તીર્થનો વહીવટ પાંચ ગૃહસ્થોની કમિટિ કરશે. આ કમિટિનું નામ "શ્રી જખૌ જૈન રત્નટૂંક તીર્થ રક્ષક કમિટિ" એવું રહેશે. (૨) આ કમિટિનો ઉદ્દેશ મંદિર અને તેના સાધારણ ખાતાનો વહીવટ કરવાનું રહેશે. (૩) શેઠ (શેઠપક્ષ) પ્રમુખ તરીકે કાયમ રહેશે અને બાકીના ત્રણની સમસ્ત મહાજન તરફથી ચુંટાયેલા સભ્યો રહેશે. (૪) એક સભ્ય પ્રમુખે પસંદ કરેલો રહેશે. (૫) એક વખત છૂટા થયેલા મેમ્બરની ચૂંટણી તથા નિમણુંક ફરીથી પણ કરી શકાશે (૬) દરેક કાર્ય બહુમતીથી પસાર કરીને કરવાનું રહેશે. (૭) ઓછામાં ઓછી મહિનામાં એકવાર આ કમિટિની મિટિંગ બોલાવાશે. - અને તેની નોંધ મીનીટબુકમાં રખાશે. (૮) એકવખત નિશ્ચિત થયેલી કમિટિ ત્રણ વર્ષ કામ કરશે. (૯)હિસાબના તમામ કામ માટે પગારદાર સેક્રેટરી (મહેતાજી) રાખવામાં આવશે. જેની નિમણુક કમિટિ કરશે. (૧૦) સેક્રેટરી પોતાની સહીથી વધુમાં વધું ૨૦૦ કોરી (ચલણ) સુધીની રકમની પહોંચ પોતાની સહીથી આપી શકશે. (૧૧) તીર્થની મિલકતના રક્ષણ માટે એક ભંડારની કોટડી અને તેમાં બે તિજોરીઓ રહેશે. (૧૨) બંને તિજોરીઓમાં એક વધારાની બુક રહેશે. જ્યારે જ્યારે જે જે ચીજ તિજોરીમાંથી કાઢવામાં આવે ત્યારે તેની નોંધ બુકમાં કરવાની રહેશે. (૧૩) દરવર્ષે હિસાબનું ઓડિટ કરવાનું રહેશે અને હિસાબ જાહેર કરવામાં આવશે.

ઉપર્યુક્ત ઠરાવ સર્વ સંમતિથી સ્વીકારાયો હતો. અને કમિટિની રચના પણ થઇ ગઇ હતી. વિશેષમાં શ્રી વિદ્યાવિજયજીએ નોંધ્યું છે કે, જખૌના આ 'વહીવટી હક્ક' ના ઝઘડામાં બંધારણનો અભાવ પણ એક કારણરૂપ હતો. શ્રી વિદ્યાવિજયજીએ આ ઠરાવમાં તા. ૨૩-૩-૧૯૪૧ ના રોજ સહી કરી હતી.

ઉપર્યુક્ત ફેંસલાની સેંકડો નકલો છપાવીને હિન્દુસ્તાનના જુદા જુદા

સંઘો, પત્રકારો, વકીલો, વિદ્વાનો અને આગેવાનોને મોકલવામાં આવી હતી. તેના જવાબમાં સંખ્યાબંધ અભિપ્રાયો શ્રી વિદ્યાવિજયજીને મળ્યાં જેમાં આ ફેંસલાને સર્વથા યોગ્ય ગણી એની પ્રશંસા કરવામાં આવી હતી.[૨૬]

## કચ્છનાં કેટલાક સાધુ ભગવંતો :-

કચ્છમાં શ્રી કુશલચન્દ્રજી, કલ્યાણચંદ્રજી, વ્રજપાલજી સ્વામી, ઉપાધ્યાય લબ્ધિમુનિ જેમણે બાર જેટલા સંસ્કૃતગ્રંથોની રચના કરી છે, આચાર્ય દેવેન્દ્રસૂરિ તો શાસ્ત્રનાં અવતરણો, પૃષ્ઠ સંખ્યા અને શ્લોક સંખ્યા સહિત કહી શકતા. જિનેન્દ્ર સાગરસૂરિ, સાગર ચન્દ્રસૂરિ, મુનિ દેવચન્દ્રજી અને મુનિ રત્નચન્દ્રજી વિદ્વાન સાધુઓ હતા.

૧૧ મા કે ૧૨ મા સૈકામાં અચલગચ્છની સ્થાપના કરનાર શ્રી આર્યરક્ષિતસૂરિ, શ્રી કલ્યાણસાગરસૂરિ, ગૌતમ સાગરસૂરિ વગેરે મહાન જૈનાચાર્યો થઇ ગયા. આચાર્ય ગુણસાગરસૂરિજી અને એમના શિષ્ય શ્રી ગુણોદયસાગરસૂરિ તથા શ્રી કલાપ્રભસાગરસૂરિ વગેરે વિદ્વાન સાધુ ભગવંતો છે. આ ગુણસાગરસૂરિજીએ ૧૧૯ જેટલા ગ્રંથોની રચના, સંપાદન કર્યું છે. અચલગચ્છના અનુયાયી સંઘો કંઠી અને અબડાસામાં વિશેષ છે. કોડાયરોડ પર ૭૨ જિનાલય, શિતળામાતા પાસે શિવપસ્તુ સાધના કેન્દ્ર, દેઢિયા ગામે ગુણ પાર્શ્વનાથતીર્થ વગેરે ધાર્મિક સ્થળો અચલગચ્છીય ગુરુભગવંતોની પ્રેરણાથી નવા સ્થપાયાં છે. નાગલપુર (ઢીંઢ) માં બાળકો માટે બોર્ડિંગ, મેરાઉમાં કન્યા છાત્રાલય જાણીતા છે. આ ગચ્છના ક્ષમાનંદજીશ્રીજી મહારાજના રૂા. ૫૦,૦૦૦/- ના દાનથી ભુજપરમાં હાઇસ્કૂલનું નિર્માણ થયું ને રૂા. ૧૦,૦૦૦/- ના દાનથી મહિલા અને બાળકલ્યાણ કેન્દ્રની શરૂઆત થઇ હતી. ક્ષમાનંદજીશ્રીજી મહારાજ શરૂમાં સ્વાતંત્ર્ય ચળવળના રંગમાં પણ થોડો સમય રંગાયા હતા. ક્ષમાનંદશ્રીજી મહારાજની વિગત જીનેન્દ્રસાગરસૂરિશ્વરજીના સ્મૃતિગ્રંથમાં આપવામાં આવેલી છે. ભુજપરની હાઇસ્કૂલનું નામ પણ 'અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્ર સાગર સૂરિશ્વરજી હાઇસ્કૂલ' છે.

ખરતરગચ્છમાં પૂ.શ્રી લબ્ધિમુનિજી મહારાજ જેવા પ્રતાપી મુનિરાજો કચ્છના જ હતા. હાલમાં કાલધર્મ પામેલા શ્રી જયાનંદમુનિ મહારાજની જન્મભૂમિ મુન્દ્રા હતી.

મુનિ અમરેન્દ્રવિજયજી કચ્છ ભુજપુરના હતા. તેઓ વિદ્વાન લેખક અને અધ્યાત્મ માર્ગમાં આગળ વધેલા અને જૈનધર્મને આજના સંદર્ભમાં તપાસનાર નિર્ગ્રન્થ સાધક હતા.

અમરેન્દ્રવિજયજીના ભત્રીજા બંધુ ત્રિપુટી મુનિ મુનિચન્દ્રવિજયજી, કીર્તિચંદ્રવિજયજી અને જિનચંદ્રવિજયજી વિદ્વાન વક્તા, લેખક અને સાધક છે, વિદેશ પ્રવાસ કરે છે. હંસરાજ સ્વામી અને નાગચન્દ્રજી સ્વામી બહુશ્રુત સાધુ ભગવંતો કચ્છમાં થયા.[૨૭]

જ્યારે વાગડમાં પૂજ્યશ્રી જીતવિજયજીદાદાનું સ્થાન પણ અનેરું છે. તેમના આજ્ઞાવર્તી સાધુ-સાધ્વીઓની પરંપરા આજે પણ 'વાગડવાળા' તરીકે ઓળખાય છે.[૨૮] એવું જ સ્થાન વાગડ સમુદાયના આદ્ય મહાત્મા તરીકે દાદાશ્રી પદ્મવિજયજી મહારાજનું છે. આ ઉપરાંત શ્રી કનકવિજયજી, શ્રી વિજયદેવેન્દ્રસૂરિશ્વરજી અને શ્રી વિજયકલાપૂર્ણસૂરિશ્વરજી વાગડ સમુદાયના મહાન શ્રમણ ભગવંતો થયા.[૨૯] હાલમાં પણ આ સમુદાયના ઘણાં બધા સાધુ-સાધ્વીજીઓ વાગડ - કચ્છમાં વિચરતા રહે છે. અને તેમની પ્રેરણાથી જૈન સમાજમાં વિવિધ ધાર્મિક પ્રસંગો ઉત્સાહપૂર્વક ઉજવાતા રહે છે. પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજીની પ્રેરણાથી મુન્દ્રા તાલુકામાં વાંકી ગામે નૂતન તીર્થનું નિર્માણ થયું છે.

આજના સંદર્ભમાં શ્રી પાર્શ્વચન્દ્રગચ્છના ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી મહારાજ કંઠી વિસ્તારમાં પ્રશંસનીય પથદર્શક બની જૈન સમાજની ઉન્નતિ માટે પ્રયત્નો કરી રહ્યાં છે. ટુન્ડાના દહેરાસરનો જીર્ણોધ્ધાર, કોડાયના સદાગમટ્રસ્ટના જ્ઞાનમંદિરનો જીર્ણોધ્ધાર, ભદ્રેશ્વરના નૂતન ગુરુમંદિરનું નિર્માણ, નાનીખાખરમાં નૂતન જ્ઞાનમંદિર, ખંભાત - વિરમગામ - કોડાયના હસ્તલિખિત ભંડારોનો ઉધ્ધાર આદિ કાર્યો માટે સમય ને શક્તિનો ભોગ આપતા રહે છે. તેમની પ્રેરણાથી 'કચ્છ પ્રદેશ પાર્શ્વચંદ્રગચ્છ સમિતિ'નું નિર્માણ થયું છે. અને તેમની પ્રેરણાથી 'ધર્માલયમ્' નામની સંસ્થા આકાર પામી રહી છે. અને તેના ઉપક્રમે બાળકો માટે 'સંસ્કાર શિબિરો' યોજાય છે. આમ સ્વસ્થ સમાજ અને સ્વસ્થધર્મ માટેના તેના પ્રયત્નો ખરેખર પ્રશંસાને પાત્ર છે.[૩૦]

શ્રી ભુવનચંદ્રજી ઉત્તમકક્ષાના વિચારક અને લેખક છે. તેઓશ્રી વિશે જાણીતા તત્વચિંતક શ્રી માવજીભાઈ કે. સાવલા એક પુસ્તકમાં લખે છે કે "લેખક મુનિ શ્રી ભુવનચંદ્રજી એક લબ્ધપ્રતિષ્ઠિત જૈન મુનિ છે. તેઓ

વાડાબંધીથી અલિપ્ત છે. ગુણગ્રાહી અને સારગ્રાહી છે. ઉદાર દૃષ્ટિકોણ ધરાવે છે આધુનિક અને પ્રશિષ્ટ ઉત્તમોત્તમ ગ્રંથોનો એમનો સ્વાધ્યાય કશા પણ પૂર્વગ્રહોથી મુક્ત રહીને સતતપણે ચાલતો રહ્યો છે. લેખકશ્રીની સંશોધક દૃષ્ટિ, ચોકસાઇ અને ચીવટ સજ્જતાને પ્રતિબિંબિત કરે છે.'' [૩૧]

વિશેષમાં શ્રી ભુવનચંદ્રજી 'સંકલ્પ' જૈન સામયિકના પ્રેરક, 'ધર્મક્ષેત્રનું અંતરંગ ઓડિટ', 'શ્રાવકનો નિત્યક્રમ' અને 'વિવાદવલોણું' ના લેખક, 'જૈન દૃષ્ટિએ વિપશ્યના' પુસ્તકના સંપાદક તથા સ્તવન - મંજૂષા જેવી નોંધપાત્ર સ્તવન કેસેટના પ્રેરક છે.[૩૨] હાલના સંદર્ભમાં માત્ર જૈનો જ નહિં પણ કચ્છના જૈનેતરો માટે તેમની પ્રોત્સાહનવૃત્તિ માર્ગપ્રેરક છે.

ઉલ્લેખનીય છે કે કચ્છ-આઠ કોટિ મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના સાધુ ભગવંતો - આચાર્યોએ વ્યસન મુક્તિ અભિયાન શરૂ કરેલ તે હજુ પણ ચલાવાય છે. સંપ્રદાયના મુનિ શ્રી નરેશમુનિએ વ્યસન મુક્તિ અભિયાન શરૂ કર્યું છે જે સારું લોકપ્રિય બન્યું છે. શ્રી દિનેશમુનિએ માનવમંદિર નામે માનવસેવાની સંસ્થાનું સર્જન કરાવ્યું છે.

## તપગચ્છ જૈનસંઘ - ભુજની કેટલીક નોંધ :-

(૧) ભુજ નગરમાં દીક્ષાનો શ્રી સંઘ દ્વારા પ્રથમ પ્રસંગ બન્યો સં. ૧૯૯૪ (ઇ.સ. ૧૯૩૮) માં આચાર્ય કલાપૂર્ણસૂરિના ગુરુ કંચનવિજયજી મહારાજ સાહેબ તથા દેવવિજયજી મહારાજ સાહેબની દીક્ષા પ્રસંગે લોકોમાં અનેરો ઉત્સાહ હતો. પૂ. કંચનવિજયજીની દીક્ષા વખતે પ્રથમવાર વરઘોડા માટે રાજ તરફથી હાથી આપવામાં આવેલો.

(૨) પ્રખર જ્યોતિર્વિદ પૂજ્ય મોહનવિજયજીને આજેપણ ઘણા ભકતો યાદ કરે છે. તેઓ શાંત, નિખાલસ, તેમજ તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓએ નવકારમંત્ર અને ઉપસ્સગહર સ્તોત્રના પ્રભાવનો અનુભવ ઘણા ભક્તોને કરાવેલ. જરૂર પડે જ્યોતિષ વિજ્ઞાનના આધારે ભક્તોને સહાયરૂપ થતાં હતાં.

(૩) જ્યારે ભુજમાં પ્રથમ સિધ્ધચક્રપૂજન પૂજ્ય મહિમાપ્રભવિજયજી મ.સા.ના હસ્તે થયેલું ત્યારે જોસીલા યુવાન ઝવેરી કાંતીલાલ પોપટલાલ તથા અન્ય યુવાનોએ અન્ય સંઘના મોવડીઓનો વિરોધ હોવા છતાં શહેરની સુખાકારી

અને રક્ષા કાજે ફેરવાતી શાંતિજળ ધારાવાળી માટે વાજતે ગાજતે વરઘોડો કાઢેલ.

(૪) શરૂઆતમાં ત્રણ સંઘો (તપગચ્છ, અચલગચ્છ, તથા ખરતરગચ્છ) માં ક્રમાનુસાર સાધુઓનાં ચોમાસા ભુજમાં થતાં એટલે કે એક વર્ષે ત્રણમાંથી કોઈએક જ સંઘ ચોમાસું કરાવે. એ રિવાજ પ્રચલિત હતો. સં. ૧૯૯૯ (ઇ.સ.૧૯૪૩) માં અન્યસંઘના કોઈપણ મહારાજશ્રી કચ્છમાં વિહરતા ન હોઈ ભુજમાં રિવાજ પ્રમાણે ચોમાસું ન થઇ શકે, એવો અન્યસંઘોના કેટલાક મોવડીઓનો આગ્રહ હતો. ત્યારે તપગચ્છ સંઘના આચાર્ય શ્રી ભૂવનતિલકસૂરિશ્વરજી મ.સા.કચ્છમાં પંચતીર્થી કરવા પધારેલ તેમનો લાભ ભુજ શહેર લે એમ ઘણાં ભાવિકોની ઇચ્છા હતી. રિવાજ મુજબ ભુજ શહેરને સાધુભગવંતોના ચોમાસાનાં લાભથી વંચિત રહેવું પડતું હતું. તેને દૂર કરવા શ્રી ચમનલાલ વસાએ જોશીલી આગેવાની લઇ તેમની સાથે નારણજી ખીમજી, દેવચંદ કાનજી, ઓત્તમચંદભાઇ, દામજીભાઇ, જીવરાજ મોતીચંદ, જેવત ઝવેરી તથા પ્રેમચંદ જગજીવન એમ નવ જણે આ રિવાજ તોડીને પૂ.આ.શ્રી ભૂવનતિલકસૂરિને મુન્દ્રા વિનંતી કરી અને તેમનું ભુજમાં ચોમાસું કરાવ્યું. ત્યારથી તપગચ્છ શ્રી સંઘમાં સતત ચોમાસું કરવાની પ્રણાલિકા શરૂ થઇ. અને પૂ. કનકવિજયજીના ચોમાસા પછી આ પ્રણાલિકા સતત ચાલુ રહી.

(૫) સં. ૨૦૦૨ (ઇ.સ.૧૯૪૬) માં આચાર્ય સાગરનંદસૂરિના આજ્ઞાવર્તિની સમેત શિખર તિર્થોધ્ધારિકા શ્રી રંજનશ્રીજી મ.સાહેબે પ્રેરણા આપી ભુજનગરને આયંબિલ શાળા અપાવી. જેના માટેનું મકાન શ્રી માનસંગ નાથાભાઇએ ધાર્મિક ઉપયોગ અર્થે ભેટ ધર્યું.

(૬) ભાવના તેમજ પૂજામાં લોકોને રસ લેતા કરવાં તપગચ્છીય શ્રીસંઘને સતત સેવા આપતા શ્રી પ્રાણજીવન સાકરચંદે સંગીતમય ભાવનાની શરૂઆત કરાવી. જેમાં તેમની સાથે બચુભાઇ દામોદર, શ્રી અરવિંદ પોપટલાલ તથા ગુલાબચંદ સાકરચંદ જોડાયા. અને લોકોને રસ લેતા કર્યા. તેમની ઇચ્છા સાકાર થઇ સં. ૨૦૧૫ (ઇ.સ.૧૯૫૯) માં જ્યારે સૂર્યકાંતાશ્રીજીના ચોમાસા સમયે પૂ.શ્રી મયણાશ્રીજીએ બહેનોને ઉપદેશ આપી આદિજિન મહિલા મંડળની સ્થાપના કરી. અને ભક્તિરસ માટે પ્રોત્સાહિત કરી. ત્યારબાદ સં.૨૦૨૪ (ઈ.સ.૧૯૬૮)માં ચંદુલાલ જેવત ઝવેરીએ શ્રી

મહાવીર જૈન સંગીતકલા મંડળની સ્થાપના કરાવી યુવાનોને તથા બાળકોને પૂજા ભાવના તેમજ બેંડના સંગીત વડે ભક્તિરસની તૃપ્તિ માટે પ્રોત્સાહિત કર્યા હતાં.[૩૩]

## પાદનોંધ :-

૧. અચલગચ્છ દિગ્દર્શન, - 'પાર્શ્વ', શ્રી મુલુંડ અચલગચ્છીય જૈન સમાજ, મુંબઇ, ૧૯૬૮, પૃ. ૪૭૯-૪૮૦

૨. પં.નાનચંદ્રજી મહારાજ જન્મ શતાબ્દિ સ્મૃતિગ્રંથ - સંપાદન - મુનિ ચુનીલાલજી 'ચિત્તમુનિ', ઇ.સ.૧૯૭૬, પૃ.૭-૮

૩. મુનિશ્રી ભુવનચંદ્રજી - મંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર, પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ-કચ્છ, ઈ.સ.૧૯૯૧, પૃ.૭

૪. એજન. પૃ. ૮૫-૮૭

૫. એજન. પૃ. ૩૪-૭૭

૬. શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીનું જીવનચરિત્ર - પ્રકાશક - પોપટલાલ ચુનીલાલ શાહ, અમદાવાદ, ઇ.સ. ૧૯૧૬ (સંવત - ૧૯૭૨), પૃ. ૧૮-૨૧

૭. મુનિશ્રી ભુવનચંદ્રજી - 'સંઘસૌરભ' - શ્રી પાર્શ્વચન્દ્રગચ્છનો પરિચય ગ્રંથ, શ્રી પાર્શ્વચન્દ્રગચ્છ જૈન સંઘ, દેશલપુર (કંઠી), ઇ.સ. ૨૦૦૫, પૃ.૩૧

૮. પ્રસિદ્ધ કરનાર - હંસરાજ રતનશી હીરજી મોમાઇઆ -ભ્રાતૃચંદ્રભક્તિમાળા, આવૃત્તિ-બીજી, નવે. ૧૯૦૭, પૃ. ૬૮

૯. એજન. પૃ. ૮૫

૧૦. મુનિશ્રી પૂનમચંદ્રજી - વ્રજપાલજી સ્વામી, સમયધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) તા. ૧૪-૧-૧૯૫૭, પૃ.૩ (નિવેદન)

૧૧. એજન. પૃ. ૧૭

૧૨. એજન. પૃ.૮૦

૧૩. એજન. પૃ. ૯૧-૯૨

૧૪. આચાર્યશ્રી વિજયરાજરત્નસૂરિજી મહારાજ - 'યુગદિવાકર' (સંઘનાયક આ.ભ.શ્રી ધર્મસૂરિશ્વરજી મ. નું પ્રેરકજીવન), શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ - દર્ભાવતી - ડભોઇતીર્થ, ૨૪-૧-૦૫, પૃ. ૧૨૧

૧૫. એજન. પૃ. ૧૨૨-૧૨૩

૧૬. એજન. પૃ. ૧૨૩

૧૭. મુનિશ્રી કલ્યાણચંદ્રજી-મારા સાધુ જીવનનાં સંસ્મરણો, સંપાદક - દુલેરાય કારાણી, જયંત કોઠારી, શ્રીમદ આચાર્ય દેવશ્રી વ્રજપાલજી સ્વામી સ્મારક શાસ્રમાળા, પત્રી (કચ્છ), ઓક્ટો. ૧૯૮૪, પૃ. ૨૦૬

૧૮. એજન. પૃ.૨૦૭-૨૦૮

૧૯. એજન. પૃ.૨૧૧-૨૧૨

૨૦. એજન. પૃ. ૨૧૨-૨૧૩

૨૧. ઉપર્યુક્ત - વ્રજપાલજી સ્વામી, પૃ. ૧૭૧

૨૨. ડૉ. પંડ્યા સુધા નિરંજન-તત્વજ્ઞાનના સીમાસ્તંભો, વડોદરા, ૧૯૮૫, પૃ.૩૭-૩૮
૨૩. એજન. પૃ.૩૬
૨૪. ઉપર્યુક્ત - વ્રજપાલજી સ્વામી, પૃ.૮૭-૯૦
૨૫. મુનિશ્રી વિદ્યાવિજયજી - મારી કચ્છયાત્રા, ૧૯૪૨, પૃ.૧૫૨-૧૫૩
૨૬. એજન. પૃ. ૧૫૬-૧૮૧
૨૭. શ્રી દેવલુક નંદલાલ બી. - જૈન રત્નચિંતામણિ - સર્વસંગ્રહ ગ્રંથ - ભાગ - ૨, શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર, નવે.૧૯૮૫, પૃ.૧૮૨
૨૮. શ્રી દેવલુક નંદલાલ બી. - શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો - ભાગ-૧, શ્રી અરિહંત પ્રકાશ, ભાવનગર, દ્વિતીયઆવૃત્તિ, ઓક્ટો. ૧૯૯૨, પૃ.૩૮૭
૨૯. શ્રી દેવલુક નંદલાલ બી.- શાસન પ્રભાવક શ્રમણભગવંતો - ભાગ-૨, ૧૯૯૨, પૃ. ૩૧૭-૩૨૩
૩૦. ઉપર્યુક્ત - સંઘસૌરભ, પૃ-૪૭
૩૧. ઉપર્યુક્ત - શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો - ભાગ-૨, પૃ.૬૫૭
૩૨. એજન.
૩૩. સંગ્રાહિકા સાધ્વીશ્રી હેમલતાશ્રીજી, શ્રી પ્રજ્ઞલતાશ્રીજી - સમતાજગત સૌરભ જિનગુણ મંજરી, શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈનસંઘ, ભુજ, સંવત - ૨૦૪૩ (ઇ.સ.૧૯૮૭) પૃ. ૭-૧૦

# ૫. જૈનધર્મનાં પ્રસારમાં અને પ્રજાકલ્યાણક્ષેત્રે શ્રેષ્ઠીઓનો ફાળો

જૈનધર્મના પ્રસાર માટે શ્રેષ્ઠીઓની લોકકલ્યાણની નીતિ પણ એટલીજ મહત્વની છે. જેટલી જૈનમુનિ અને જૈનયતિઓની. કચ્છમાં જૈન શ્રેષ્ઠીઓની નામના, પ્રતિષ્ઠા, દીન-દુખિયાની સેવા, કાર્યશક્તિ અને પ્રભાવશીલતા પ્રશંસનીય રહી છે. જેમાં જગડૂશાહનું નામ મોખરે આવે છે.

## શ્રેષ્ઠી જગડૂશાહનું અદ્વિતીય સ્થાન :-

શ્રીમાળી જ્ઞાતિમાં વિયદુ નામે બહુ યશસ્વી શેઠ હતો. તેણે સંઘભક્તિ કરવા સાથે દહેરાસર, વાવ, દાનશાળા, પરબ વગેરે બંધાવ્યાં હતાં. તે કચ્છના કંથકોટમાં રહેતો હતો. તેને વરણાગ નામે પુત્ર હતો. જે ધર્માત્મા હોવાથી શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોના સંઘ કાઢ્યાં હતાં. અને ગરીબોને ખૂબ મદદ કરી દાનવીર તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. તેના વંશમાં મોટો દાની અને સત્યવાદી વાસ (નામ) થયો. આ વાસને વિસલ વગેરે પાંચ પુત્રો હતા. આ વિસલને ચાર પુત્રો હતાં અનુક્રમે : (૧) લક્ષ - વિદ્વાન હતો (૨) સુલક્ષણ - સદ્‌ગુણી હતો (૩) સોલાક - યશસ્વી હતો અને (૪) સોહી - પોતાના ગુણોથી લોકપ્રિય, દાનવીર તેમજ વેપારીઓમાં વડો હતો. આજ વંશમાં થયેલ સોલ કંથકોટ છોડીને ભદ્રેશ્વર નગરમાં આવી વસ્યો હતો. ઈતિહાસ પ્રસિદ્ધ દાનેશ્વર જગડૂશાહ તેનો પુત્ર હતો.[૧] આમ તેના પૂર્વજોની માહિતી પરથી સ્પષ્ટ જણાય છે કે તેને દાનધર્મના સંસ્કારો વારસામાં મળ્યાં હતાં.

શ્રી સર્વાનંદસૂરિએ જગડૂશાહ પર સંસ્કૃતભાષામાં 'જગડૂચરિત્' મહાકાવ્યની રચના કરી. તેની રચનાનો સમય ઈ.સ.ની ૧૪ મી સદીના ૪૦ના દાયકાની આસપાસનો છે. 'જગડૂચરિત્' નો ગુજરાતીમાં અનુવાદ કરવાનું કાર્ય શ્રી મગનલાલ દલપતરામ ખખ્ખરે કર્યું. આ મહાકાવ્યના આધારે જગડૂશાહની માહિતી ઉપલબ્ધ થાય છે.[૨]

ગુણવંતરાય આચાર્ય પોતાની નવલકથા 'જગતશેઠ' ના કથાપ્રવેશમાં જગડૂશાહના જન્મના વિષયમાં સંવત ૧૨૪૦ થી ૧૨૫૦ ના મધ્યના દશકનું

અનુમાન કરે છે. બર્ગેસ, વોટસન વગેરે દ્વારા પ્રસ્તુત સૂચનાઓની તુલનામાં આ સમયાવધિ વધારે ઔચિત્યપૂર્ણ લાગે છે. તેના પિતાનું નામ સાલ્હ (સોલ-ક) અને માતાનું નામ હતું. લખમી (લક્ષ્મી) તેઓ ત્રણ ભાઈઓ - જગડૂ, રાજ અને પદ્મ હતા. આ ત્રણેમાં જગડૂશાહ મોટા હતા. જ્યારે 'અચલગચ્છ દિગ્દર્શન' - પૃ.૪૭૩માં ચાર ભાઈ હતાં તેવી નોંધ છે. જગડૂ, વીરપાલ, વિજયપાલ, અને ભારમલ.

જગડૂશાહનાં લગ્ન યશોમતી સાથે થયાં હતાં. તેને સાત પુત્રો અને એક પુત્રી હતી. જગડૂશાહ સ્વયં જૈનધર્મના ચુસ્ત અનુયાયી હતા. પરંતુ તેઓ સાંપ્રદાયિક ન હતા. તેમનામાં સંકીર્ણ મનોવૃત્તિનું તો નામોનિશાન ન હતું. મુસ્લિમ અતિથિઓ માટે તેમણે ભદ્રેશ્વરમાં ખીમલી મસ્જીદ બંધાવી, ઓખામંડળમાં હરસિદ્ધિમાતાનું સ્થાનક સ્થાપિત કરાવ્યું, ભદ્રેશ્વરમાં તેમણે એકાવન જિનપ્રાસાદ બનાવ્યા. જો કે આજે તે બધાનું અસ્તિત્વ રહ્યું નથી. તેમાનાં કેટલાંકના ખંડેર માત્ર મોજૂદ છે. એક અન્ય પરંપરાનુસાર તેમણે ભદ્રાવતી નગરીમાં ૧૦૮ જૈનમંદિર બંધાવ્યાં હતાં. ધાર્મિકવૃત્તિના આ ધનાઢ્ય વેપારીએ જુદાજુદા ધર્માવલંબીઓની સુવિધા માટે અનેક ધાર્મિક સ્થાનોનું નિર્માણ કર્યું હતું. આચાર્ય પરમદેવસૂરિએ શુભમુહૂર્ત જોઈ જગડૂશાહને સંઘાધિપતિનું તિલક કર્યું. એ પછી તો જગડૂશાહ માટે માર્ગ ખૂલી ગયો. તેઓ ત્રણ ત્રણવાર શાનદાર સંઘ લઈને શત્રુંજયતીર્થની યાત્રાએ ગયા. રેવંતગિરીતીર્થની યાત્રાર્થે પણ સંઘ આયોજિત કર્યા. વિશેષમાં ભદ્રાવતીના રક્ષણ માટે ચારે બાજુ કોટ બંધાવ્યો. જગડૂશાહના સમયમાં કચ્છમાં જામઓઢાનું (ઈ.સ.૧૨૧૫-૧૨૫૫) રાજ્ય હતું.[3]

એ સમયે ભદ્રેશ્વર ગુજરાતના તાબામાં હતું અને ગુજરાતના ભીમદેવની સત્તા નબળી પડતા થરપારકરનો અભિમાની રાજા પીઠદેવ ભદ્રેશ્વર ધસી આવ્યો. અને આ કિલ્લાને તોડી નાંખ્યો પરિણામે ભદ્રેશ્વર પર પ્રત્યેક ક્ષણે ભય તોળાતો હતો. ત્યારે જગડૂશાહને કિલ્લો બાંધવાનો વિચાર કર્યો. અભિમાની પીઠદેવે ધમકી આપી પરંતુ તેની પરવા કર્યા વિના છ માસમાં કિલ્લો તૈયાર કરી દીધો.[4]

વિ.સં.૧૩૧૧ (ઈ.સ.૧૨૫૫) માં જગડૂશાહ એક વખત પરમદેવસૂરિ આચાર્યનું વ્યાખ્યાન સાંભળવા ગયા ત્યારે 'દાન' વિશે વ્યાખ્યાન આપ્યા પછી ગુરુદેવે જગડૂશાને એકાંતમાં બોલાવીને કહ્યું : "તમારી લક્ષ્મીના

સદ્વ્યયનો ખરો પ્રસંગ આવી રહ્યો છે. હવે ત્રણ વર્ષ ઉપરાઉપરી દુષ્કાળ આવશે તેથી બને એટલું ધાન્ય ભરી રાખજો. એ ધાન્યથી દુષ્કાળમાં સહુને જિવાડજો. મનુષ્ય સેવાનો આવો મહાન મોકો ફરી મળવો મુશ્કેલ છે.''[૫] અને બન્યું પણ એવું જ વિક્રમ. સંવત ૧૩૧૩, ૧૩૧૪ અને ૧૩૧૫ માં નિરંતર દુષ્કાળ પડતો રહ્યો. જેનું અતિ ભયાનકરૂપ વિ.સં.૧૩૧૫ (ઈ.સ.૧૨૫૯) ના વર્ષમાં પ્રગટ થયું. દેશનો ઘણો મોટો ભાગ દુષ્કાળની ચુંગાલમાં ફસાઇ ગયો હતો. ત્યારે જગડૂશાહના તદ્દન નવાજરૂપનાં દર્શન થયાં. આ શ્રેષ્ઠીએ આવા સંકટના સમયે જન-સાધારણ માટે પોતાના અન્નભંડારો ખોલી નાંખ્યાં.[૬]

આ સમયે જગડૂશાહની દુકાનો ઉત્તરમાં ગઝનીકંદહાર સુધી, પૂર્વમાં બંગાળ સુધી, દક્ષિણમાં રામેશ્વર સુધી અને દરિયાપારના દેશોમાં પણ હતી. બધે અનાજની ખરીદી શરૂ થઇ. ધાન્યના કોઠારો પર જગડૂશાહે એક તામ્રપત્ર લખાવ્યું તેમાં ફક્ત આટલાં જ શબ્દો લખ્યા :- ('આ કણ ગરીબો માટે છે.' - જગડૂશા)[૭]

કચ્છ અને સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ લોકોને રોજી મળી રહે તે માટે નવાં નવાં કામો શરૂ કરાવ્યાં. તેણે અનેક ધર્મશાળાઓ, કૂવા, તળાવો અને મંદિરો બંધાવ્યાં એટલું જ નહિં, પણ દૂરદૂર સુધી તેનાં વહાણો અનાજ લઇ જતાં. જળ અને સ્થળમાર્ગથી જેટલું લઈ જઇ શકાય તેટલું અનાજ સર્વત્ર મોકલવામાં આવ્યું કે લોકો કહેવા લાગ્યા કે 'જગડૂશાહે તો દુકાળનું માથું ભાંગી નાંખ્યું છે.' એ ઘણામોટાં આશ્ચર્યની વાત છે કે મધ્યયુગમાં જ્યારે સારા રસ્તાઓ સુલભ નહતાં, સંચાર માધ્યમોનો અભાવ હતો, યાતાયાતનાં સાધનો પણ પરંપરાગત - પુરાણાં હતાં ત્યારે હજારો મણ અનાજને દૂર દૂરના ગંતવ્ય સુધી પહોંચાડવું અને તે પણ યોગ્ય સમયે - એ કાર્યને ઘણીમોટી સિદ્ધિ કહી શકાય.[૮] જગડૂશાહે સિંધ, ઉજ્જૈન, દિલ્હી, કાશી, કંધાર, આદિના અનેક રાજવીઓને દુષ્કાળ સમયે મદદ કરી હતી. આમ તેને પ્રાપ્ત થયેલ 'જગદાતાર' નું બિરુદ યથાર્થ છે.[૯]

કથાસૂત્ર અનુસાર જગડૂશાહે દુષ્કાળ વખતે ૧૧૫ જેટલી દાનશાળા ખોલી જેમાં પ્રતિદિન પાંચ લાખ માણસોને ભોજન આપવામાં આવતું હતું. આ દુષ્કાળમાં આઠ અબજ અને સાડા છ કરોડ મણ અનાજ ગરીબોને વિનામૂલ્યે વહેંચ્યું અને નગદ સાડાચાર કરોડ રૂપિયા ખર્ચયાં હતાં.[૧૦] ભદ્રેશ્વરની દાનશાળામાં સ્વયં જગડૂશાહ દાન આપવામાં પ્રવૃત્ત રહેતાં તેમની દાન આપવાની રીત પણ અનોખી હતી. પોતાની અને યાચકની વચ્ચે આડો પડદો

થઇ જતો જેથી આવનાર યાચકને જરાપણ સંકોચ ન થાય.[11] જ્યારે આ દાનવીર મૃત્યુ પામ્યાં ત્યારે દિલ્હીના શાહે ભરસભામાં મુગટ ઉતાર્યો હતો. સિંધપતિએ બે દિવસ અન્નપાણીનો ત્યાગ કર્યો હતો. અને રાજાઅર્જૂનદેવ ચોધાર આંસુએ રડ્યાં હતાં.[12]

લોકોકિત મુજબ એક વખત સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે કોયલા પહાડીની નજીક જગડૂશાહનું જહાજ થંભી ગયું. એમ કહેવાતું કે મધ્યાન્હ સમયે દેવીની દૃષ્ટિ વાહન પર પડે તે ભસ્મીભૂત થઇ જાય. આ લોકમાન્યતા સાંભળીને જગડૂશાહ દેવીનાં મંદિરમાં આવ્યાં. અને આસનસ્થ થઇને ત્રણ ઉપવાસ કર્યા. દેવી પ્રસન્ન થતાં આ સંહાર બંધ કરવાની જગડૂશાહે પ્રાર્થના કરી. કથા એમ કહે છે કે દેવીએ કહ્યું કે, મંદિરનાં ૧૦૮ પગથિયાં પર એક એક પાડાને બલિરૂપે રાખવામાં આવે. જગડૂશાહે ૧૦૫ પાડા મંગાવ્યાં બીજે પગથિયે પોતાના દત્તકપુત્રને અને પહેલે પગથિયે પોતે ઊભા રહ્યાં. પશુઓનાં સંહારને બદલે પહેલાં પોતાનો બલિ ચડાવવાં માટે પોતાની ડોક પર તલવાર ચલાવવા ગયા, ત્યાંજ કોઇ અદશ્ય શક્તિએ એમનો હાથ પકડી લીધો. જગડૂશાહની જીવદયા અને સાહસની ભાવના જોઇ દેવી પ્રસન્ન થયાં અને કહ્યું ; કે મારા દક્ષિણદિશા તરફના મંદિરને ઉત્તર દિશા તરફનું બનાવી દે. જેથી કોઇ સંહાર ન થાય. આજે સૈકાઓ પછી પણ કોયલા પહાડીની યાત્રામાં દેવીનાં દર્શન કર્યા બાદ જગડૂશાહ અને એમના દત્તકપુત્રની આરતી ઉતારવામાં આવે છે.[13]

જે લોકો જગડૂશાહને પોતાના અત્યધિક ધનને વહેંચનાર દાની અને ધનિક વ્યક્તિના રૂપમાં ઓળખે છે અથવા સફળ વેપારીના રૂપમાં જાણે છે. તેઓ જગડૂશાહના ખરા સ્વરૂપથી અલ્પપરિચિત છે. જે લોકો જગડૂશાહને સંઘપતિના રૂપમાં - એવા સંઘપતિ જે વારંવાર સંઘ લઇ યાત્રાએ જાય છે - નિહાળે છે, તે લોકો તેમને દૂરથી જ જાણે છે જો આપણી પાસે જગડૂશાહનાં અગણિત દયાપૂર્ણ કાર્યો અને માનવતાવાદી પ્રવૃત્તિઓની અધિકૃત માહિતી પ્રાપ્ત હોત તો આપણે જાણી શકત કે તે માનવતાના કેટલા મહાન આદર્શ હતા -પૂજારી હતા, અને તો જ આપણે તેમનું સાચું મૂલ્યાંકન કરી શક્યા હોત ![14]

મુનિશ્રી વિદ્યાવિજયજીએ 'મારી કચ્છયાત્રા' માં નોંધ્યું છે કે ૨૦મી સદીના દાનવીરો શેઠ નરશી નાથા, શેઠ કેશવજી નાયક, શેઠ નરશી કેશવજી, શેઠ ખેતશી ખેમશી, શેઠ હીરજી ખેતશી, શેઠ વસનજી ત્રીકમજી, શેઠ ભીમશી રતનશી, શેઠ જીવરાજ રતનશી, શેઠ વેલજી માણેક, શેઠ શીવજી મોણસી અને

શેઠ ભારમલ તેજસી વગેરે વિભૂતિઓ થઇ ગઇ. જેમણે જૈનધર્મના વિકાસમાં લોકોપયોગી કાર્યો કરી પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. આમે પણ જૈનધર્મની વિશિષ્ટતા છે કે દીનદુઃખીયોની સેવા, પશુ-પક્ષીઓની રક્ષા, કુદરત સર્જિત કે માનવસર્જિત સંકટ સમયે, કોઇપણ જાતના ભેદભાવ વગર સૌને સહાય અને આશ્રય આપવાં અને ધર્મભાવનાને પ્રજાજીવનમાં વહેતી રાખવા ધર્મના કાર્યો કરવા, એ છે મહાજનનું કર્તવ્ય. જે ધર્મ, અહિંસા, કરુણા અને દયાની ભાવના ઉપર આધારિત હોય એનો અનુયાયી આવી કર્તવ્યભાવનાને આવકારે એમાંજ એના ધર્મની ચરિતાર્થતા રહેલી છે.[૧૫]

## કચ્છનાં શ્રાવક વિજયશેઠ અને વિજ્યાશેઠાણી :-

કથાસૂત્ર અનુસાર કચ્છમાં વિજય નામનો શ્રાવક વસતો હતો. તેમના લગ્ન વિજ્યા નામે સુંદર કન્યા સાથે થયાં. પ્રથમરાત્રિએ વિજયશેઠે પોતાની પત્નીને જણાવ્યું કે તેમણે અંધારપક્ષમાં બ્રહ્મચારી રહેવાનો નિયમ લીધેલો છે. જ્યારે તેમની પત્નીએ શુક્લપક્ષમાં બ્રહ્મચારી રહેવાનું વ્રત લીધેલું તેથી બન્નેએ બ્રહ્મચારીવ્રતને આજીવન જાળવી રાખ્યું અને એકજ પલંગમાં બન્ને સાથે સૂતાં હતાં પણ એકબીજાનું અંગ એકબીજાને ન અડે તે માટે બન્ને વચ્ચે એક તલવાર રાખતાં અને નક્કી કર્યું કે જ્યારે તેનાં માતા-પિતાને જાણ થશે ત્યારે તેઓ દીક્ષા લઇ લેશે.

ચંપાનગરીના શ્રાવક જિનદાસે વિમળકેવળી પાસે તેમની વાત સાંભળી તેમને મળવા કચ્છ આવ્યાં. તેથી વિજયશેઠના માતાપિતાને જાણ થઇ અને બન્ને પતિ - પત્નીએ દીક્ષા ગ્રહણ કરી લીધી. અને અષ્ટકર્મ ખપાવી કેવળ જ્ઞાન પામ્યા. આજેપણ શ્રી સિદ્ધાંચલ ગિરિરાજ ઉપર વિજયશેઠ અને વિજયાશેઠાણીની ઉભી મૂર્તિઓ છે.[૧૬]

## ધાર્મિક અને સામાજિકક્ષેત્રે શેઠ નરશી નાથાનું યોગદાન :-

કચ્છી દશા ઓશવાળ જૈનજ્ઞાતિનાં શિરોમણિ તરીકે લોકોનાં હૃદયમાં કાયમી સ્થાન પામેલા શેઠ નરશી નાથાનું જીવનવૃત્ત એટલે જ્ઞાતિ-તર્પણનો વિશિષ્ટ અધ્યાય. તેમનો જન્મ વિ.સં.૧૮૪૦ (ઇ.સ.૧૭૮૪) માં કચ્છ નલિયા ગામમાં થયો હતો. એ વખતે કચ્છમાં મહારાવ રાયધણજીનું રાજ્યશાસન હતું. તેમના ઉત્કટ જ્ઞાતિપ્રેમની અભિવ્યક્તિ તેમણે યોજેલા જ્ઞાતિમેળાઓમાં જોવા મળે છે. આવો પહેલવહેલો મેળો વિ.સ.૧૮૯૭

(ઈ.સ.૧૮૪૧) માં નલિયાના જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે એકત્રિત થયો. ૫૨, ગામોમાં વસતા જ્ઞાતિબંધુઓ એ પ્રસંગે એકત્રિત થયાં હતાં. વિ.સ. ૧૮૯૭ (ઈ.સ.૧૮૪૧) માં તેમણે શ્રી શત્રુંજયનો તીર્થસંઘ કાઢેલો ત્યાંથી પાછા નલિયા આવીને એવો બીજો જ્ઞાતિમેળો પણ તેમણે યોજયો. જ્ઞાતિમેળાના માધ્યમ દ્વારા શેઠે જ્ઞાતિની અસ્મિતા જગાડી. જ્ઞાતિના ઈતિહાસ માટે તે સુવર્ણયુગ હતો. મુંબઈમાં પણ તેમણે શિખરબંધ જિનાલયની સ્થાપના કરી. વિ.સ.૧૮૮૯ (ઇ.સ.૧૮૩૩)નાં શ્રાવણસુદ નોમને દિવસે તેમણે સ્વહસ્તે મૂળનાયકની પ્રતિષ્ઠા કરાવી. (અનંતનાથ) નલિયામાં પણ શિખરબંધ જિનાલયનું નિર્માણ કરાવ્યું. વિ.સં. ૧૮૯૭(ઇ.સ.૧૮૪૧) ના માઘ સુદ પાંચમના બુધવારે અચલગચ્છાધિપતિ મુક્તિસાગરસૂરિના ઉપદેશથી જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ થયો ત્યારે શેઠે મૂળનાયક પદેશ્રી ચંદ્રપ્રભુની પ્રતિષ્ઠા કરાવી. આમ અનુક્રમે તેમના પરિવારજનોએ ૮૦, જેટલા જિનાલયો બંધાવ્યાં.[૧૭]

આ ઉપરાંત શેઠે નલિયા અને જખૌ વચ્ચે વિશ્રાંતિગૃહ તથા પરબવાળી વાવ બંધાવ્યાં. તેમજ ત્યાં ભોજનનો પણ પ્રબંધ કર્યો. માંડવીમાં વંડો બંધાવ્યો. અંજારમાં પ્રાચીન જિનાલયનો જીર્ણોધ્ધાર કરાવ્યો. અને નલિયામાં ધર્મશાળા બંધાવી તથા અન્નક્ષેત્ર પણ ચાલુ કર્યું. વિશેષમાં પાલીતાણામાં પ્રાચીન જૈન ઉપાશ્રયનો પણ તેમણે ઉધ્ધાર કરાવ્યો તથા ત્યાં ધર્મશાળા અને શ્રી ચંદ્રપ્રભુ જિનાલય તેમજ ગિરિરાજ ઉપર શ્રી ચંદ્રપ્રભુનું જિનાલય બંધાવ્યા, સ્વહસ્તે ખાતમુહૂર્ત કર્યું. આ ઉપરાંત કૂતરાને રોટલો, પંખીઓને ચણ આદિ નાના મોટાં અનેક કાર્યોમાં દ્રવ્યવ્યવ કરીને પ્રજાકલ્યાણની સેવા કરી.[૧૮]

શેઠ નરસી નાથાએ જીવનભર અનેક સામાજિક તેમજ ધાર્મિક કાર્યો કર્યા. એમનાં અવશિષ્ટ કાર્યોને પૂર્ણ કરવાનો યશ તેમના મંત્રી, ઉપરાંત દત્તકપુત્રો વીરજી શેઠ તથા હરભમશેઠ અને તેમનાં પુત્રવધૂ પૂરબાઇને ફાળે જાય છે. શ્રી નરશી નાથાનું અવસાન ૧૧-૧૨-૧૮૪૨ ના રોજ થયું.[૧૯] નોંધનીય છે કે, માંડવી (મુંબઇ)નાં ધમધમતા વિસ્તારને સને ૧૯૩૮ માં શેઠ નરશી નાથા સ્ટ્રીટ નામ આપવામાં આવ્યું છે.

એવું જ સ્થાન પ્રજાકલ્યાણક્ષેત્રે શ્રી ખીમજીભાઇનું છે. કચ્છમાં જયારે જયારે દુષ્કાળ અને આપત્તિના ઓળા ઉતરી આવેલા ત્યારે ગામડે ગામડે ફરીને શ્રી ખીમજીભાઇએ દીનહીન કિસાનોની સેવા કરી છે. મૂંગા પશુઓના તે સંરક્ષક હતાં. સેવાભાવી શ્રી ખીમજીભાઇ છેડાનું ૫૮ વર્ષની વયે તા. ૧૨-૧૨-૧૯૭૭ ના સમાધિકરણ થયું.[૨૦]

## શ્રી કેશવજી નાયકના ધર્મકાર્યો :-



શ્રી કેશવજી નાયક

કચ્છનાં અર્વાચીન કુબેર તરીકે પંકાયેલા શ્રી કેશવજી શેઠને જૈન સમાજ કદીયે ભૂલશે નહીં તેમણે ઉદાર સખાવતોથી જગડૂશાહની કીર્તિ પ્રાપ્ત કરી તથા લખલૂટનાણું ધર્મક્ષેત્રે વહાવીને પાર્શ્વનાથ જિનાલય બંધાવ્યું, જે તેની ભવ્યતાથી સુથરીની પંચતીર્થીમાં સ્થાન પામ્યું છે. સં. ૧૯૮૦ (ઇ.સ.૧૯૨૪) ના માઘસુદિ ૫, ના સોમવારે ત્યાં દંડ મહોત્સવ થયો. યતિ સૂરચંદ હરખચંદ તથા તેમના શિષ્યો મણિલાલ, મોહનલાલ અને ધનજીએ અહીંના ધર્મકાર્યમાં સારો ફાળો આપ્યો હતો.[૨૧]

સં.૧૯૧૪ (ઇ.સ.૧૮૫૮) માં પોતાના વતન કોઠારામાં તેમણે વેલજી માલુ અને શિવજી નેણશીના ભાગમાં વિશાળ જિનપ્રાસાદ બંધાવવાનો પ્રારંભ કર્યો. આ કાર્યમાં બે લાખ કોરીનો ખર્ચ કર્યો. સં.૧૯૧૮ (ઇ.સ.૧૮૬૨) ના માઘસુદિ ૧૩ ના બુધવારે ગચ્છનાયક રત્નસાગરસૂરિના ઉપદેશથી જિનાલયની પ્રતિષ્ઠા થઇ. કેશવજી શેઠે મૂલનાયક શ્રી શાંતિનાથપ્રભુનાં બિંબને બિરાજિત કરાવ્યાં આ પ્રસંગે મોટો ઉત્સવ કરવામાં આવ્યો હતો. તેમણે ગિરિરાજ ઉપર બન્ને ટૂકોની તથા ગામમાં કોટ બહાર ધર્મશાળાનું ખાતમુહૂર્ત કર્યું અને સારા કારીગરો રોકીને બાંધકામ પણ શરૂ કરાવી દીધું.

વિ.સં.૧૯૨૧ (ઇ.સ.૧૮૬૫) માં શ્રી કેશવજી નાયકે મુંબઇથી શત્રુંજય નો સંઘ કાઢેલ તે સંદર્ભે દેશ-દેશાવરમાં નિમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી હતી. પોષ વદિ ૫, ના મંગળવારે સંઘે જલમાર્ગે પ્રયાણ કર્યું, ત્યારે સંઘને વળાવવા મોટો વરઘોડો નીકળ્યો હતો. જેમાં જૈનો-જૈનેતરો ઉપરાંત પારસીઓ અને અંગ્રેજો પણ ઘણી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સંઘપતિ ખીમચંદ મોતીચંદે કેશવજી શેઠને તિલક કરી તેમનું બહુમાન કર્યું. ભાવનગર પહોંચતા મહારાજ જશવંતસિંહે સંઘનું સામૈયું કર્યું હતું. દક્ષિણ, કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, મારવાડ, સિંધ, મેવાડ, હાલાર, પૂર્વસોરઠ,

ગોહિલવાડ ઇત્યાદિ દેશમાં સંઘવીઓ એકત્રિત થયાં. સંઘમાં એકાદ લાખનો સમુદાય થયો. તેમાં ૭૦૦ સાધુ-સાધ્વીઓ હતાં. હાથી, ઘોડા, પાલખીઓની સંખ્યા પણ ઘણી હતી. સંઘ પાલીતાણા પહોંચતા મહારાજ સૂરસિંહ ગોહેલે સંઘનો સત્કાર કર્યો હતો. ત્યાં અંજનસલાકા માટે વિશાળ મંડપ રચી તેમાં ૭૦૦૦ જિનબિંબો પધરાવવામાં આવ્યાં. કુલ ૧૨ દિવસનો અપૂર્વ મહોત્સવ ઉજવાયો હતો. પાલીતાણાના રાજા તથા અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેલાં.[૨૨] કેશવજી શેઠે અંજનસલાકામાં સર્વ મળી ૧૫ લાખ રૂપિયાનું ખર્ચ કર્યું. આ ઐતિહાસિક પ્રસંગને યાદગાર બનાવવા તેમણે આણંદજી કલ્યાણજીની પેઢીમાં એકલાખ રૂપિયા સાધારણ ખાતામાં ભરી સૌને દંગ કરી દીધાં. શત્રુંજયગિરિ ઉપરની બન્ને ટૂકોના નિભાવાર્થે કેશવજીશેઠે પૂનામાં વિશાળ ધર્મશાળા પણ બંધાવી આપી હતી.[૨૩]

જૈનધર્મમાં સંઘયાત્રાનું ઘણું મહત્વ છે. કારણકે આ યાત્રાસંઘમાં વ્યક્તિગત ધર્મની આરાધના, સાથે જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર પણ થાય છે.

આ ઉપરાંત ભુજની વિજયરાજજી લાયબ્રેરી જે તે વખતે ભુજ લાયબ્રેરી (દરબાર લાયબ્રેરી) ના નામે ચાલતી હતી. તેનો ખંડ ટૂંકો પડતાં શેઠ કેશવજી નાયકે પુસ્તકાલયના મકાન માટે ૧૦,૦૦૦ કોરીની સખાવત કરી હતી. જે તેમની વિદ્યા ઉત્તેજન તરફની પ્રીતિ દર્શાવે છે. અને સ્પષ્ટ થાય છે કે જૈન શ્રેષ્ઠીઓને મન જૈન-જૈનેતરો વિશે ભેદ ન હતો.[૨૪]

શેઠ કેશવજી નાયકનું તે સમયે મુંબઇમાં પણ એક સન્માનીય અને વિશિષ્ટ સ્થાન હતું. તેમની સામાજિક સેવાઓ અને વ્યાપારની સિદ્ધિઓને ધ્યાને લઇને તે સમયના મુંબઇના ગવર્નર સાઇમર ફિટ ઝિરાલ્ડે તેમને જે.પી.(જસ્ટિસ ઓફ પીસ) ની પદવી આપી હતી. કચ્છીઓમાં સૌથી પહેલું માન એમને મળ્યું હતું. આ પદવીને કારણે તેમને એક વિશિષ્ટ સન્માનનીય અધિકાર પણ પ્રાપ્ત થયો હતો. કે તેઓ જ્યાંથી પસાર થાય ત્યાં કોઇને ફાંસી અપાતી હોય તો પણ અટકી જાય આ અધિકારથી એક વિધવા સ્ત્રીના પુત્રને તેમણે બચાવ્યો હતો. ઉલ્લેખનીય છે જ્યારે વિધવા સ્ત્રીના પુત્રને ફાંસી અપાવાની હતી ત્યારે શેઠ કેશવજી નાયકને ત્યાંથી પસાર ન થવાની પૂર્વ સૂચના આપેલી. આ બનાવ સંદર્ભે જ્યારે ખુલાસો માંગ્યો ત્યારે શેઠ કેશવજી નાયકે જણાવ્યું કે મારા કપાસના ગોદામ માં આગ લાગી હોવાથી તાબડતોબ ત્યાં જવા નીકળ્યો હતો. તેમનો ખુલાસો સાચો હતો પરંતુ ત્યાંથી પસાર થવા

માટે પોતાના માણસો દ્વારાજ ગોદામમાં આગ લગાડવામાં આવી હતી. આમ આર્થિક નુકશાન વેઠીને પણ તેમણે ફાંસી અટકાવી હતી.

આ ઉપરાંત મુંબઇમાં નરશીનાથા સ્ટ્રીટ અને ચીંચ બંદર રોડના ત્રિભેટા પર સારી એવી રકમ ખર્ચીને તેમણે ફૂવારો બંધાવેલો. જે ભાતબજારના ફૂવારા તરીકે પ્રખ્યાત છે. જેનું ઉદ્‌ઘાટન તા. ૧-૧-૧૮૭૬ ના રોજ તે સમયના મુંબઇના ગવર્નર વુડ હાઉસે કર્યું હતું. ઇ.સ.૧૮૮૫ ની સાલમાં શેઠ કેશવજી નાયકનું અવસાન થયું. તેમની સ્મૃતિમાં ફૂવારા પાસેના રસ્તાને કેશવજી નાયક રોડ એવું નામ અપાયેલ.[૨૫] આમ જૈન શ્રેષ્ઠીઓએ પોતાના વતનમાં અને જ્યાં સ્થાયી થયાં હોય ત્યાં પ્રજાકલ્યાણના કાર્યો કરી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના પ્રણેતા-ધર્મવીર શ્રી હેમરાજ ભીમશી :-

પૂર્વે જૈનોની ધાર્મિક પરિસ્થિતિ અંતર્ગત માંડવીનાં પાંચ યુવાનોની 'સંવેગી' દીક્ષા સંબંધી ચર્ચા કરેલી છે. તેમાંના ત્રણ યુવાનોને તેમના માતા-પિતાના આગ્રહને કારણે મુનિવેશનો ત્યાગ કરવો પડ્યો. તેમાંના એક હેમરાજભાઇ હતાં જેમણે પોતાનું સમગ્ર જીવન સેવાપ્રવૃત્તિને સમર્પિત કરી દીધું અને આજેપણ કચ્છમાં જૈનોના ઇતિહાસમાં ધર્મવીર તરીકે ચિરસ્મરણીય સ્થાન ધરાવે છે.

શ્રી હેમરાજભાઇનું પ્રભાવશાળી વ્યક્તિત્વ સાદાઇ, સૌમ્યતા અને સરળતાથી શોભતું હતું. તેઓ પોતાને સાધક સમજતાં હતાં. પરંતુ તે સમયે જૈનોમાં પ્રવર્તતી અજ્ઞાનતા, જડતા, અંધશ્રદ્ધા, દંભ અને બાહ્ય આડંબરથી તેઓ વ્યથિત બન્યાં હતાં. તે ક્ષણે પોતાના આત્માના અવાજને અનુસરી કચ્છ કોડાયમાં રચનાત્મક કાર્યો કરી એક ધર્મ અને સમાજસુધારક તરીકે દર્શાવી આપ્યું કે ધર્મ અને સમાજ એ એકબીજાના પૂરક અંગો છે.

શ્રી હેમરાજભાઇનો જન્મ સંવત ૧૮૯૨ (ઇ.સ.૧૮૩૬) ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે કચ્છ કોડાયમાં કચ્છી વિશા ઓશવાળ જ્ઞાતિમાં થયો. તેમના પિતાનું નામ ભીમશીભાઇ અને માતાનું નામ ઉમાબા હતું. હેમરાજભાઇને ત્રણ ભાઇઓ :- હંસરાજ, ચાંપશી અને દેવજી હતાં અને બે બહેનો હતી. હેમરાજભાઇની પત્નીનું નામ રાજબાઇ અને પુત્રનું નામ તેજસિંહ

હતું.[૨૬]

હેમરાજભાઇને સં.૧૯૨૭ (ઇ.સ.૧૮૭૧) માં અવઠંભશાળાની કલ્પના આવી. જેની જાણ પોતાના ત્રિપુટી મિત્રોને કરી અને તેઓએ હેમરાજભાઇને સાથ આપ્યો. તેમાંના એક દેવજીભાઇ લખમણ જે કચ્છી વિશા ઓશવાળ હતાં. બીજા પોતાના ભાઇ શ્રી હંસરાજ હતા અને ત્રીજા કચ્છ નલીયાના વતની કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના સુવિચારક શ્રી માલશીભાઇ ભોજરાજ હતાં. આમ કલ્પનાને સાકાર કરી કચ્છકોડાયમાં સં.૧૯૨૮ (ઇ.સ.૧૮૭૨) માં અવઠંભ શાળાની શરૂઆત થઇ. જો કોઇ આત્માર્થી પુરુષ એકાંત આત્મસાધના કરવાની ભાવનાવાળા હોય, જ્ઞાન શીખવાની ઉત્કંઠા હોય તેવા પુરુષો નિશ્ચિંતતાથી જીવનભર અવઠંભશાળામાં રહીને આત્મસાધના કરી શકે. ઉદર નિર્વાહની કે વ્યવહારની તેમને ચિંતા ન રહે તેમજ શાંતિપૂર્વક જ્ઞાન-ધ્યાન-તપ-જપ કરી જીવનનું સાચું દર્શન મેળવી શકે, એ મહાન ઉદ્દેશથી આ અવઠંભશાળાની સ્થાપના કરી હતી.[૨૭]

શ્રી હેમરાજભાઇએ ત્યારબાદ સહઅધ્યાયીઓ, અભ્યાસીઓ તથા આત્મજનોના અવલંબન માટે મિત્રો - સ્નેહીજનોના સાથ સહકારથી ભગવાન મહાવીર સ્વામીનું સુંદર દહેરાસર કચ્છ કોડાયમાં બનાવ્યું.[૨૮]

હેમરાજભાઇને સંવત ૧૯૩૦ (ઇ.સ.૧૮૭૪) માં સદાગામ પ્રવૃત્તિનો નવો વિચાર સ્ફૂર્યો તેમણે તે વિચાર પોતાના આત્મજનો જેવા મિત્રો પાસે મૂક્યો અને બધા સ્નેહીજનો તેમાં પણ સક્રિય સાથ આપવા આગળ આવ્યા. ધર્મવીર હેમરાજભાઇએ ભારપૂર્વક કહ્યું કે, 'રોગો અનેક ઔષધ એક' સમાજ, દેશ કે રાષ્ટ્રની તમામ દુર્દશાનો એકજ અમોઘ ઉપાય છે. અને તે ઔષધ 'જ્ઞાનામૃત' છે. આમ સં. ૧૯૩૦ (ઇ.સ.૧૮૭૪) માં ફાગણ વદિ ૭ ને મંગળવારના રોજ કચ્છ કોડાયમાં સદાગમ પ્રવૃત્તિ નામની સંસ્થાની સ્થાપના કરી. જેનો ઉદ્દેશ જીજ્ઞાસુ મુમુક્ષુ આત્માને ધર્મઅભ્યાસ જ્ઞાન-ધ્યાન-ચિંતન-મનનની ભાવના જાગે તે સૌને માટે રહેવા-જમવા અને અભ્યાસની સગવડ કરી આપવી. સૌ ભાઇ-બહેનો એક કુટુંબની જેમ શાંતિપૂર્વક રહે. સૌ સાથે જમે અને શાસ્ત્રનો અભ્યાસ કરે, નિવૃત્ત જીવન ગાળે અને આત્મશાંતિ મેળવે.[૨૯]

શ્રી હેમરાજભાઇ જેવા કર્મવીર હતા તેવા ધર્મવીર હતા અને જ્ઞાનના તો ભંડાર હતા. તેઓ પોતે પણ જૈન આગમો, શાસ્ત્રો તથા શ્રી

પાર્શ્વચંદ્રસૂરિજીના ગ્રંથોના મોટા અભ્યાસી હતાં. અવઠંભશાળા, જિનાલય અને સદાગમપ્રવૃત્તિ પછી જ્ઞાનના સાગર એ વીરનરને જ્ઞાનભંડારની ભાવના જાગી અને સં.૧૯૩૨ (ઇ.સ.૧૮૭૬) માં જ્ઞાનભંડાર માટે નિર્ણય લીધો. તે માટે તેમનો પ્રયત્ન સક્રિય હતો. શાસ્ત્રના તાડપત્રના જૂના ગ્રંથરત્નો મળે ત્યાંથી મેળવવા તેમણે પ્રયાસ કર્યો. યતિઓ - વિદ્વાનો કે ભંડારો જ્યાં જ્યાંથી જે જે ગ્રંથરત્નો મળ્યાં તે તેમણે મેળવ્યાં અને કચ્છ કોડાયનો જ્ઞાનભંડાર આજે પણ સમૃદ્ધ અને ઘણોજ ઉપયોગી સાબિત થયો છે.[૩૦]

સં. ૧૯૩૫ (ઇ.સ.૧૮૭૯) માં સદાગમ પ્રવૃત્તિની વિશેષ પ્રવૃત્તિ માટે વિચારણા કરી ખરડો તૈયાર કર્યો. જેથી તેની વિકાસયાત્રા વણથંભી ઉત્તરોત્તર વધતી જાય.[૩૧]

હેમરાજભાઇના અંતરમાં મૂંગા પશુઓ માટે પણ સ્થાન હતું. કચ્છ કોડાયની પાંજરાપોળ માટે પણ તેમણે અથાગ પ્રયત્નો કર્યા. હેમરાજભાઇની આ દરેક કલ્પનાને વાસ્તવિકરૂપ આપવામાં તેના સ્નેહીજન શ્રી દેવજીભાઇ અને માલશીભાઇનો વિશેષ ફાળો રહ્યો છે. સંસ્થાના વિકાસવર્ધનમાં આ ત્રિપુટી રત્નો તો તન-મન-ધનથી દટાઇ ગયા. આ સંસ્થામાં કેટલાએ ભાઇ-બહેનોએ ધર્મનું ઉચ્ચ શિક્ષણ મેળવેલું તેથી જ કોડાયને 'કચ્છનું કાશી' બિરુદ પ્રાપ્ત થયું છે.આવા સેવાભાવી શ્રી હેમરાજભાઇનું સં.૧૯૪૪(ઇ.સ.૧૮૮૮) ના અષાઢ વદી-૬ ના રોજ વડોદરા મુકામે અવસાન થયું પરંતુ તેના કાર્યોથી આજેપણ લોકોના હૃદયમાં તે જીવીત છે.

હેમરાજભાઇની પ્રવૃત્તિ કચ્છ કોડાયમાં ચાલતી હતી. પણ કચ્છ આખામાં તે પ્રવૃત્તિનો પ્રકાશ પહોંચ્યો હતો. અને સદાગમ પ્રવૃત્તિની જેમ શાસ્ત્રવાંચન, અભ્યાસ, મનન, ચર્ચા, વાર્તા વગેરે પાસાં સક્રિય બન્યાં હતાં. સત્સંગ અને જ્ઞાનવિકાસ તરફ લોકોના મન ઢળેલાં રહેતાં. તે વખતે કચ્છમાં જે મુનિઓ વિચરતા તે સદાગમપ્રવૃત્તિની સૌરભ સહી ન શક્યા. તેથી હેમરાજભાઇને તેઓ શાસનદ્રોહી કહેવાં લાગ્યાં.[૩૨] પરંતુ સ્વાભાવિક છે કે જ્યારે જ્યારે ધર્મસુધારક કે સામાજિક સુધારક આગળ આવે છે ત્યારે તેને આવી પરિસ્થિતિનો પણ સામનો કરવો પડ્યો છે.

સદાગમ પ્રવૃત્તિ સંસ્થાને જીવંત અને સક્રિય રાખવા માટે દેવરાજભાઇ, કાનજીભાઇ, ગાંગજીભાઇ, રાયમલભાઇ, હીરજીભાઇ, વેલજીભાઇ, લાલજીભાઇ, વીરજીભાઇ, કુંવરજીદેરાજ, હેમરાજ પાંચારીઆ,

દેવજી શામજી, ઠાકરશીભાઇ, દેવશીભાઇ જેવત વગેરેનું યોગદાન પણ પ્રશંસનીય છે. સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના ટ્રસ્ટીઓમાં પ્રેમજીભાઇ, રામજીભાઇ, કલ્યાણજીભાઇ, પુંજાભાઇ તથા કુમારી પાનબાઇનો ફાળો પણ વિશેષ રહ્યો છે.

## સાધનાશ્રમ'નાં સ્થાપક શ્રી વેલજીભાઇ ઠાકરશી :-



શ્રી વેલજીભાઈ ઠાકરશી

સંવત ૧૯૫૮ (ઇ.સ.૧૯૦૨) ના શ્રાવણ સુદ ૮ ના કચ્છનાં બિદડા ગામે શ્રી કચ્છી વિશા ઓશવાળ જ્ઞાતિમાં શ્રી વેલજીભાઇનો જન્મ થયો. પૂર્વનાં કોઇ પ્રબળ સંસ્કારોના કારણે એમનો આત્મા જાગૃત હતો. તે સમયની સમાજ અને ધર્મ વ્યવસ્થા એમને સાંત્વના આપી શકી નહીં. આજીવિકા માટે એમણે જીવનમાં ક્યારેય પ્રયાસ કર્યો નહીં. પણ તે સમયના અન્ય સંસ્કારી અને બળવાખોર આત્માઓની જેમ એ સામાજિક અને રાજકીય ઉત્થાનની પ્રવૃત્તિઓ તરફ ખેંચાયા. તિલક સ્વરાજ ફાળો એકત્રિત કરવામાં તેમણે ભાગ લીધો અને બિદડા ખાતે ખાદી કેન્દ્રની શરૂઆત કરી, તેમજ હરિજન પ્રવૃત્તિ ચલાવી. હરિજનશાળા તો વર્ષો સુધી ચાલુ રહી. નોંધનીય છે કે, શ્રી વેલજી ઠાકરશીએ રાજતંત્ર તથા પ્રજાવર્ગને લક્ષમાં રાખીને એક પુસ્તક 'આધુનિક કચ્છ' એ નામે સંવત ૧૯૮૩ (ઇ.સ.૧૯૨૬) માં પ્રસિદ્ધ કરેલ. 'સાધનાશ્રમ' માં એમણે એક અતિસુંદર પુસ્તકાલય વસાવ્યું જયાં જગતના તમામ જાણીતા ધર્મોના પુસ્તકો, કળા, જયોતિષ, આયુર્વેદ, કુદરતી ઉપચાર તથા વિશ્વસાહિત્યમાં ઉત્તમ ગણાતાં પુસ્તકોનો સંગ્રહ કરેલ છે. જે આજની તારીખે પણ ઘણોજ મહત્વનો સાબિત થયો છે. આચાર્યશ્રી યાજ્ઞિક સાહેબ તથા શ્રી પુરુષોત્તમ માવલંકર જેવા મહાનુભાવોએ આ પુસ્તકાલયની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. 'સાધનાશ્રમ' ના આ ગ્રંથાલયના કેટલાક ગ્રંથોની યાદી જોઇએ તો, વૈદિક સાહિત્યના શ્રી હિરણ્યકેશી, શ્રીનારદ, શ્રી પુષ્પઋષિ, શ્રી રઘુવીર શાસ્ત્રી, પં.રામગોપાલ, શ્રી આત્માનંદજી, શ્રી વેલવેલકર, શ્રી ગોવિંદ મહાદેવ જોષી જેવા પ્રકાંડ વિદ્વાનોના સવાસોથી વધુ ગ્રંથો છે.

પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, વેદાન્ત દર્શનના મહર્ષિ અરવિંદ,

લોકમાન્ય તિલક, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, નરસિંહસ્વામી, કબીર સાહેબ, વલ્લભાચાર્ય જેવા અધ્યાત્મ માર્ગના યાત્રીઓના ૨૫૦ થી વધુ પુસ્તકો છે.

સાંખ્ય અને યોગદર્શનના પુસ્તકો છે. વૈશેષિક અને ન્યાયદર્શનના કણાદ, પ્રશસ્ત મુનિ, પદ્મનાભ, વાત્સ્યાયન જેવા વિદ્વાનોના ૬૦ જેટલા પુસ્તકો છે.

બૌદ્ધધર્મ અને બૌદ્ધ દર્શનના ચેંગ ચેન સી. નાગાર્જૂન, રત્નાકર શાન્તિ, પ્રભાકર ગુપ્તના ૮૦ થી વધુ પુસ્તકો છે.

જૈનધર્મ અને જૈનદર્શનના પં.ટોડલમલ, પં.આશાધર, સુધર્માચાર્ય, દેવેન્દ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, ભદ્રબાહુસ્વામી અને ઉપાધ્યાય યશોવિજયજીના ૨૦૦થી વધુ ગ્રંથો છે.

પુરાણો અને ઈતિહાસના વાલ્મિકી, વેદવ્યાસ, તુલસીદાસ, જેવા અમર સર્જકોના ૫૦ જેટલા ગ્રંથો છે. આગમસાહિત્યના ૧૧ ગ્રંથો છે. ભક્તિમાર્ગને સમજાવતું સાહિત્ય પણ ગ્રંથાલયમાં છે. તાંત્રિક રહસ્યને સમજાવતાં બ્રહ્માનંદ, આર્થર એવલેનના ૬૦ થી વધુ ગ્રંથો છે અને થિયોસોફિ વિશે બ્લેવેત્સ્કી અને જે કૃષ્ણમૂર્તિના ગ્રંથો છે. સર્વ સામાન્ય દર્શનશાસ્ત્રમાં ચીનના ધર્મો, ખ્રિસ્તીધર્મ, ઈસ્લામ ધર્મ અને યુરોપના વિચારકોના પુસ્તકો છે.

આ ઉપરાંત કામશાસ્ત્ર, જ્યોતિષી, ગણિત, વૈદક, આરોગ્યશાસ્ત્ર, કળા, સ્થાપત્ય, પ્રવાસવર્ણન, નીતિશાસ્ત્ર, વ્યવહારજ્ઞાન જેવા વિષયોના ગ્રંથો પણ અહીં ઉપલબ્ધ છે. આમ કુલ મળીને ૨૩૦૦ થી ૨૫૦૦ ગ્રંથો છે. જે ઈતિહાસની દૃષ્ટિએ અતિ મહત્વના ગણાય.

વિશેષમાં 'સાધનાશ્રમ' ના પ્રાંગણમાં એક ધ્યાનકક્ષનું શ્રી એલ.ડી.શાહે જવાબદારી પૂર્વક નિર્માણ કરાવ્યું છે. સુંદર વ્યક્તિત્વ, ગૌરવર્ણ, અત્યંત કોમળ પ્રકૃતિ તેમજ સાધનામાં ગોપનભાવ, માત્ર પૂછો તેનો જવાબ સિવાય કોઈને કશો ઉપદેશ નહીં તેવા, વિરલ આત્મા ધરાવતાં શ્રી વેલજીભાઈ ઠાકરશીનું ૨૯મી જુન ૧૯૬૬ માં અવસાન થયું. મહર્ષિ અરવિંદે તેમનું યથાર્થ મૂલ્યાંકન કર્યું હતું. અને આજેપણ 'સાધનાશ્રમ' પોતાના સ્થાને કાયમ છે.[33]

## ડૉ. દામજી વીરજી હરિયાનું બિદડામાં ચિરસ્મરણીય સ્થાન :-



ડૉ. દામજી વીરજી હરિયા

ડૉ. દામજી વીરજી હરિયા મૂળ સાભરાઈના હતા. પરંતુ તેઓ આજીવન બિદડાના બનીને રહ્યાં. શરૂઆતમાં મુંબઈમાં તબીબી પ્રેકટીસ કર્યા બદા કચ્છમાં (બિદડા) આવ્યાં. સમાજના તેઓ સંભવતઃ પ્રથમ ડૉક્ટર હતાં. શ્રી કચ્છી વિશા ઓશવાળ દહેરાવાસી જૈન મહાજને તા. ૨૩-૩-૧૯૩૦ ના રોજ એમનું જાહેર સન્માન કર્યું હતું. તેમની સેવાભાવના થી લોકો એમને 'જીવતાપીર' તરીકે ઓળખતા. ડૉ. હરિયા સામ્યવાદી વિચારસરણીમાં વિશ્વાસ ધરાવતાં હતાં. અને જીવનભર એને અનુસરતા રહ્યા. ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાના અનન્ય સર્જક અને માંડવીના ડૉ.જયંતખત્રી, ડૉ. હરિયાના જિગરજાન મિત્ર હતા. ડૉ. હરિયા સુધારાવાદી એવા હતા કે સુધારાનો આરંભ પોતાનાથી કરતા. જ્યારે કચ્છમાં ઘૂંઘટ વગર લગ્ન થતાં નહી તેવા સમયે ખૂલ્લે મોઢે લગ્ન થયા હોય તો તેમનાંજ થયાં હતાં. તબીબી વ્યવસાયને તેઓ ઈશ્વરીય પ્રતિનિધિત્વ તરીકે સમજતાં. ઘણાં વર્ષો સુધી દર્દીઓને સારવાર આપવા નાનીખાખર, ડેપા, રામાણિયા અને ફરાદી સુધી જતાં. ત્યાં જવા માટે બળદગાડીનો ઉપયોગ કરતા. જે બળદની જોડ આજે જાય તેને બીજે દિવસે આરામ, બીજે દિવસે બીજી જોડ હોય આવો તેમનો પશુપ્રેમ હતો. ૧૫મી એપ્રિલ ૧૯૬૮ ના રોજ ૬૨ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું પણ આજે બિદડાવાસીઓનાં હૃદયમાં તેઓ ચિરસ્મરણીય સ્થાન ધરાવે છે.[૩૪]

## નાનીખાખરનાં સુધારક અને સેવાભાવી અગ્રણીઓ :-

મુખ્યમંત્રીશ્રી ઢેબરભાઈ કોઈ ઉદ્ઘાટન પ્રસંગે કચ્છમાં આવેલાં ત્યારે તેમણે થોડો સમય નાનીખાખરમાં ગાળેલો. ત્યારે ગામનો વિકાસ જોઈને તેમણે કચ્છનું પેરિસ તરીકે નાનીખાખરનું સંબોધન કરેલું જે યથાર્થ છે. આમ તો કચ્છ બહાર ધંધાર્થે વસેલા જૈનોએ પોતાના વતન માટે ઘણાં પ્રજાહિતના કાર્યો કર્યા છે. નાનીખાખરના વિકાસમાં સુધારક અને પ્રજાકલ્યાણી અગ્રણીઓનો ફાળો મહત્તમ રહ્યો છે. તેમાં મુખ્યત્વે :

## (૧) શ્રી કાનજીભાઇ રવજીભાઇ દેઢિયા :-



શ્રી કાનજીભાઈ દેઢિયા

કાનજીભાઈનો જન્મ સંવત ૧૯૪૩ (ઇ.સ.૧૮૮૭) ને માગસર સુદ ૯ ના થયો હતો. ધંધાર્થે તેઓ મુંબઇ ગયા પણ નાની ખાખર માટે એક સુધારક સાબિત થયાં હતા. કચ્છનાં શાસકો સાથે તેમનાં સંબંધો સારાં હતાં. તેથી રાજનીતિ સંબંધી તટસ્થ વ્યક્તિ તરીકે તેમની ગણના થતી હતી. જયારે કચ્છ રાજય અને મોરબી વચ્ચે આધોઇ ગામ અને તેના આસપાસના વિસ્તાર, સરહદી હક્ક માટે ઝઘડો ચાલતો હતો. અને અવારનવાર બન્ને રાજયો વચ્ચે ઘર્ષણ થતું જેમાં માનવીની ખુવારી અને ખૂબ ખર્ચ થતો હતો. આ પ્રશ્ન લાંબા સમય સુધી ઉકેલાતો નહોતો ત્યારે કચ્છના મહારાવશ્રી (ખેંગારજી-ત્રીજા) અને કાનજીભાઇના સંબંધો સારા હોવાના નાતે કાનજીભાઇએ સલાહ આપી, તેના ઉકેલ માટે પંચની નિમણુંક કરવામાં આવી તેમાંના એક પોતે રહ્યાં હતાં. તેમાં તટસ્થ વ્યક્તિ તરીકે તેમણે પ્રજાના ફાયદારૂપે મોરબીના પક્ષમાં ચુકાદો આપ્યો હતો.

આ ઉપરાંત તેઓ સ્ત્રી શિક્ષણના પ્રખર હિમાયતી હતાં. સ્ત્રીઓને છાપા વાંચવાનો આગ્રહ રાખતાં અને ઘૂંઘટપ્રથાને તિલાંજલી આપવાનું સૌ પ્રથમ કાર્ય પોતાના કુટુંબમાંથી જ કર્યું. પોતાની પુત્રી ઇન્દુમતીના લગ્ન બિદડાનાં ડૉ. દામજી હરિયા સાથે કર્યા ત્યારે સૌ પ્રથમ ખુલ્લા મોઢે પોતાની પુત્રીના લગ્ન કર્યા હતાં. સમાજનાં અન્ય કુરિવાજો જેવાં કે વાંસા, ભૂવા-ડાકલાના ઢોંગો સામે લડત આપી બંધ કરાવવાના પ્રયત્નો કર્યા. તેમજ શીતળા જેવા રોગ માટેની વર્ષો જૂની દેવીકોપની માન્યતાને તેમણે તિલાંજલી આપી તબીબી સારવારની હિમાયત કરી હતી.

અસ્પૃશ્યતા નિવારણ અંગે કાનજીભાઇએ નાનીખાખરની શાળામાં હરિજન બાળકો માટે એક વર્ગ પણ રખાવ્યો અને પોતાના પુત્ર ચંદ્રકાંતને ભણાવવા માટે મોકલતાં. પાછળથી બધા બાળકો સાથે હરિજન બાળકોને અલગ વર્ગને બદલે બધા સાથે ભણાવવાની પ્રક્રિયા શરૂ થઇ. આ ઉપરાંત તેમણે સ્વતંત્રતાની લડતમાં પણ સક્રિય ભાગ લીધો હતો. યુસુફ મહેરઅલીના

કચ્છ પ્રજાકીય પરિષદના તેઓ અગ્રગણ્ય કાર્યકર હતાં. તેઓ ખુદ ખાદી પહેરતાં અને તે પણ પોતાના હાથની કાંતેલી જ. વિશેષરૂપે જૈનકોન્ફરન્સમાં કચ્છી વ્યક્તિને પ્રમુખપદ અપાવવામાં તેમણે મહત્વનો ભાગ ભજવેલ. જેથી કચ્છનું પ્રતિનિધિત્વ જાળવી શકાય. આવા સમાજ સુધારકનું તા.૧૫-૮-૧૯૫૫ ના રોજ અવસાન થયું પરંતુ નાનીખાખરમાં એક સમાજ સુધારક તરીકે તેમનું સ્થાન ચિરસ્મરણીય રહ્યું છે.

## (૨) શ્રી લધાભાઇ ગણપત :-



શ્રી લધાભાઈ ગણપત

ધર્મપ્રેમી પ્રજ્ઞાચક્ષુ શ્રી લધાભાઈએ નાનીખાખરના દહેરાસરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. તે સંદર્ભે એક પ્રસંગ નોંધનીય છે. જ્યારે પાટણનો સંઘ કચ્છમાં આવ્યો ત્યારે શેઠશ્રી નગીનદાસે નાનીખાખરમાં નાનું દહેરાસર જોઈને કહ્યું હતું કે, "લધાભાઈ તમારા લંગલા તો જોયા, ખૂબ ગમ્યા, ખૂબજ વિશાળ અને અદ્યતન છે. પણ દાદાજીનું દહેરાસર નાનું છે." આ વાત શ્રી લધાભાઈને અસર કરી ગઇ અને તેમણે અદ્યતન અને ભવ્ય દહેરાસરનું નિર્માણકાર્ય નાનીખાખરમાં કરાવ્યું. આવી ધાર્મિકવૃત્તિવાળા લધાભાઈને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રી હતી. તેમાં ત્રણ પુત્રો અનુક્રમે : શામજીભાઈ, પ્રેમજીભાઈ અને નાનજીભાઈ હતાં.

## શ્રી પ્રેમજીભાઇ લધાભાઇ :-



શ્રી પ્રેમજીભાઈ લધાભાઈ

શ્રી લધાભાઈના પુત્ર શ્રી પ્રેમજીભાઈએ પણ નાની ખાખરનાં વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. ગામમાં કૂવા અને સ્નાનગૃહ કરાવ્યું જે સ્થાપત્યની દૃષ્ટિએ પણ વિશિષ્ટ છે. તેમજ સ્નાનગૃહની સાથે આરામગૃહની પણ રચના કરી. વિશેષ બાબત તો એ હતી કે સ્નાનગૃહના પાણીના નિકાલ માટે ગટર પદ્ધતિ દાખલ કરી સ્વચ્છતાને પ્રાધાન્ય આપ્યું હતું. તેમજ કચ્છમાં ક્યાંય

સ્નાનાગારમાં નળ નહોતા તે નાની ખાખરમાં હતાં. આ ઉપરાંત પાઠશાળા અને ધર્મશાળાનું કામકાજ કરાવી મજૂરોને રાહત અપાવી હતી. સાથે વ્યવસ્થિત રસ્તાઓનું આયોજન પણ તેમનું હતું.

પ્રેમજીભાઇને પાણીદાર ઘોડાઓનો ગજબનો શોખ હતો. ઘોડાને જોઇને જ પારખી જતા કે ઘોડો કેવો છે ! એમના માનીતા બે ઘોડા સિકંદર અને જલંદર હતાં. જયારે સિકંદર અવસાન પામ્યો ત્યારે પ્રેમજીભાઇએ નાનીખાખરમાં સ્મશાનની પાસે આ વફાદાર અબોલજીવનું કાયમી સ્મારક બનાવ્યું. આ સિકંદર ઘોડાનું સ્મારક કચ્છભરમાં પ્રથમ જ હશે. જે નોંધપાત્ર ગણાય.

## શ્રી નાનજીભાઇ લધાભાઇ :-



શ્રી નાનજીભાઈ લધાભાઈ

શ્રી લધાભાઇના ત્રીજા પુત્ર શ્રી નાનજીભાઇ પણ સેવાવૃત્તિ ધરાવતાં હતાં. તેમનો ચોખાનો વેપાર દેશ વિદેશમાં ફેલાયેલો હતો. પણ નાની ખાખર માટે તેમનું પ્રદાન વિશિષ્ટ રહ્યું છે. સમાજનાં સંભવતઃ સર્વપ્રથમ 'રાવબહાદુર' નો ખિતાબ અને 'જસ્ટીસ ઓફ પીસ' નું માન મેળવનાર તેઓ હતાં. જયારે પાટણનો સંઘ ઇ.સ.૧૯૨૭ માં કચ્છ આવેલ ત્યારે સંઘમાં ૨૦૦ ગાડા હતાં. એમનાં વિશાળ રસાલામાં દરજી, હજામ, મોચી બધા સાથે જ હતાં ૩૦૦ થી વધુ સાધુ-સાધ્વીઓ સાથે હતાં. આ સંઘ નાનીખાખરમાં આવ્યા વગર જતો રહે, તે પણ શ્રી નાનજીભાઇ લધાભાઇની હાજરીમાં તે કેમ બને ? નાનજીભાઇ સંઘપતિ નગીનદાસભાઇને આમંત્રણ આપવા કાંડાગરા ગયાં. નગીનદાસભાઇને થયું નાનું ગામ ૫૦૦૦ માણસોની વ્યવસ્થા ન કરી શકે. તેમણે આવવાની અનિચ્છા દર્શાવી. નાનજીભાઇએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે નગીનદાસભાઇએ કહ્યું : ''અમે મુસાફરીમાં ક્યાંય લીલું શાક ખાધું નથી જો તમે લીલાશાકની સગવડ સૌ યાત્રાળુઓ માટે કરી શકો તો જરૂર આવીએ.'' નગીનદાસભાઇનું કહેવું અને નાનજીભાઇનું કરવું. તેઓ તરત જ પાછા ખાખર આવી મુન્દ્રા, માંડવી વગેરે સ્થળે લીલું શાક લેવા ગાડા મોકલી આપ્યાં. આ સંઘ નાનીખાખરમાં બે રાત રોકાયો હતો.

૫૦૦૦ યાત્રાળુઓના પાટણના સંઘને ગામે એવો સુંદર આવકાર આપ્યો કે એમણે 'યાત્રા'ની નોંધમાં ખાસ લખ્યું કે "એક નાનીખાખર ગામમાં જ તંબૂ નાંખવાની જરૂર ન પડી અમને આખા ગામે સમાવી લીધાં" ધન્ય છે નાનજીભાઇને અને ગામલોકોના અતિથિધર્મને.

આમ શ્રી લધાભાઇ ગણપતનાં પરિવારે નાનીખાખરમાં મહત્તમ યોગદાન આપ્યું છે. આ ઉપરાંત શ્રી વીરજી નરશી સાલીયા અને રતનશીભાઇ રાજપાળ દેઢિયાનો પણ નાનીખાખરના વિકાસમાં નોંધપાત્ર ફાળો રહ્યો છે.[૩૫] આ ઉપરાંત મોટીખાખરના શ્રી રણશી દેવરાજે મુન્દ્રાની આર.ડી.હાઇસ્કૂલનું નિર્માણ કર્યું. અને નાની ખાખરના શ્રી વીરજી નરશી સાલિયા સમાજસેવાના સક્રિય કાર્યકર હતા. શ્રી વેલજી લખમશી નપુની સેવાઓ પણ જાણીતી છે.

## કપાયામાં સેવાપ્રવૃત્તિક્ષેત્રે શ્રી મુરજી ઓભાયાનું પ્રદાન :-

ધર્મપ્રેમી અને દાનવીર શ્રી મુરજી ઓભાયાનું સેવાપ્રવૃત્તિક્ષેત્રે અગત્યનું સ્થાન છે. કપાયામાં સંવત ૧૬૪૬ (ઇ.સ.૧૫૯૦) માં શીખરબંધ દહેરાસરની સ્થાપના થયેલી. જેના શિલાલેખો આજેપણ મોજુદ છે. તેમાં મૂળાનાયક શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ છે. અને તેની સાથે શ્રી શાંતિનાથ પ્રભુ તથા શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ બિરાજમાન છે. તેનું નવેસરથી નિર્માણ સંવત ૧૯૯૩ (ઇ.સ.૧૯૩૭) ના વૈશાખ સુદ ૬ને દિવસે થયું તેમાં મહત્તમ ફાળો શ્રી મુરજી ઓભાયાનો છે. આ કાર્ય માટે તેમણે દેશદેશાવરમાં જાતે જઇ નાણાં ભેગાં કરી સંપૂર્ણ જવાબદારી નિભાવી હતી.

આ ઉપરાંત દહેરાસરની બાજુમાં ઉપાશ્રય તથા આયંબિલખાતા માટે જગ્યા બંધાવી હતી. એટલુંજ નહિં પણ 'કચ્છ પ્રજાકીય પરિષદ'ના અધિવેશન વખતે કપાયાના યુવાન ભાઇઓને ભેગા કરી વોલન્ટીયરકોર ઊભી કરી પોતાની સેવા કચ્છ માટે આપી હતી. તે ઉપરાંત લાયબ્રેરી, કન્યાશાળા, સ્મશાનગૃહ અને ધર્મશાળા ચાલું કરાવવામાં એમનો મોટો હિસ્સો હતો. કૂવાઓ ગાળવા, રસ્તાઓ સાફ કરાવવા, ઉનાળામાં પાણીની પરબો ખોલવી, ગામડાની કે આસપાસના અન્ય ગામડાંઓની શિક્ષણક્ષેત્રે તથા ધાર્મિકક્ષેત્રે તેઓ હંમેશા મદદરૂપ થતા હતાં. એમની સેવાઓની કદરરૂપે સંવત ૨૦૨૭ની ૧૫ મી ઓગષ્ટ ૧૯૫૧માં મુંબઇમાં શેઠશ્રી વેલજી લખમશીના પ્રમુખપદે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. 'શ્રી કપાયા સેવા સમાજ'ની સ્થાપના સંવત

૧૯૯૩ (ઇ.સ.૧૯૩૭) માં થઇ તેમાં પણ તેમનો મહત્વનો ફાળો રહ્યો છે.

નોંધનીય છે કે કપાયા જેવી ભૂમિ ઉપર પૂજ્ય મહાત્માગાંધીજી, સંત વિનોબાભાવે, લાલબહાદુર શાસ્ત્રી, આચાર્ય કૃપલાણી, મોરારજી દેસાઇ, યશવંતરાવ ચૌહાણ જેવા રાષ્ટ્રીયનેતાઓએ પણ પોતાના પગલાં પાડી આ ભૂમિને પાવન કરી છે.[૩૬]

## વાગડ અને ભુજપુરનાં શૈક્ષણિક વિકાસમાં શ્રી ખીમજી માડણ ભુજપુરીઆનું પ્રદાન :-



**શ્રી ખીમજી માડણ ભુજપુરીયા**

કચ્છી જૈન સમાજના યશસ્વી આગેવાન શ્રી ખીમજી માડણ ભુજપુરીઆનો જન્મ ૩જી ઓગષ્ટ ઇ.સ.૧૯૦૦ ના રોજ ભુજપુર મુકામે થયો હતો. તેમના પિતાજી વ્યવસાય અર્થે મુંબઇ ગયા. તેથી તે પણ મુંબઇમાં વસેલ. ત્યાં પણ જૈન સમાજના વિકાસની અદ્વિતીય પ્રવૃત્તિઓ કરેલ. સાથે રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લીધો અને વતનપ્રેમને કારણે 'કચ્છી પ્રજાકીય પરિષદ' સાથે તેઓ સક્રિયપણે સંકળાયેલા રહ્યા હતા. અન્યાય અને અસત્ય સામે હંમેશા લડતા રહેવું એ ભુજપુરીઆનું જીવનસૂત્ર રહ્યું હતું. તેનું સ્પષ્ટ ઉદાહરણ તે સમયની 'વીટા' સામેની લડત છે. મુંબઇમાં રહેતાં કચ્છી લોકો સ્ટીમર દ્વારા કચ્છમાં જતા - આવતાં. દર શનિવારે મુંબઇથી ઉપડતી એક સ્ટીમરનું નામ 'વીટા' હતું. ચોમાસામાં સ્ટીમર દ્વારા આવ-જા બંધ રહેતી ત્યારે લોકો રેલ્વે માર્ગે મોરબી થઇને નવલખી બંદરેથી સ્ટીમલોંચ દ્વારા આવ-જા કરતા. 'વીટા' કંપનીની તુમાખીભર્યા વલણને કારણે કચ્છીપ્રજાની હાડમારી વધતી જતી હતી. તેની સામે લડત કરી ભુજપુરીઆએ વિજય મેળવ્યો. જે કચ્છી પ્રજાના ઇતિહાસમાં યાદગાર રહેશે.[૩૭]

કચ્છી વિશા ઓશવાળ ન્યાત એટલે કંઠીના ૫૨, અબડાસાના ૪૨, અને વાગડના ૨૪ ગામોની બને છે. શિક્ષણ-સંસ્કારની દિશામાં તે સમયે કંઠી વિભાગ સૌથી આગળ અને વાગડ વિભાગ થોડું અબડાસા વિભાગ કરતાંય પાછળ કહેવાય. સ્ત્રી શિક્ષણમાં તો વાગડ વિભાગ બહુજ પાછળ, સંસ્કાર અને

શિક્ષણક્ષેત્રે જ્ઞાતિનું પછાતપણું મીટાવવા માટે શ્રી ભુજપુરીઆ હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે. તેઓ મુંબઇમાં વ્યવસાય અર્થે રહેતાં હોવા છતાં કચ્છમાં જૈનપ્રજાના વિકાસ માટે તેમનું પ્રદાન મહત્તમ રહ્યું છે. ભુજપુરીઆએ ખારોઇના શ્રી કોરશી હીરજી નિસર અને શ્રી વેલજી ઉગા પૂંજા સાથે વાગડ પ્રદેશનું પરિભ્રમણ કરી શિક્ષણનાં પછાતપણાનો અભ્યાસ કર્યો. અને એ નિષ્કર્ષ પર આવ્યાં કે શિક્ષણ સંસ્થાઓના અભાવને કારણે જૈનવિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે. તેથી ભુજપુરીઆએ વાગડ વાસીઓને સ્વયં ભંડોળ એકઠું કરી આ દિશામાં આગળ વધવા જણાવ્યું. તેમણે પોતે ૧૦૦૦/- રૂપિયાનું દાન આપી શરૂઆત કરી. અને તા. ૧૫-૧-૧૯૪૫ ના રોજ ખારોઇ મુકામે હાઇસ્કૂલ અને છાત્રાલયની સ્થાપના કરી. પાછળથી તેને ભચાઉ ખાતે ખસેડવામાં આવી. શ્રી રવજી લાલજીના ૯૦ હજારના દાનથી 'શ્રી રવજી લાલજી છાડવા વિશા ઓશવાળ જૈન બોર્ડિંગ'એ નામ સંસ્થાને પ્રાપ્ત થયું.[૩૮]

ભચાઉ છાત્રાલય અને હાઇસ્કૂલમાંથી પ્રેરણા લઇ લાકડીઆમાં પણ કન્યાછાત્રાલય શરૂ થયું. આરીતે કચ્છના વાગડ વિભાગમાં વિદ્યાનું રીતસરનું વાવેતર કરવામાં શિક્ષણપ્રેમી ભુજપુરીઆનું સ્થાન વિશિષ્ટ છે.[૩૯]

ભુજપુરીઆની સુધારક દૃષ્ટિમાં તેમની જન્મભૂમિ ભુજપુર પણ બાકાત રહ્યું નહીં. તે સમયે ભુજપુરમાં પાર્શ્વચિંતામણી વાંચનાલય હતું. પણ તે ગોરજીની ૧૦x૧૦ જેટલી દહેરાસર પાસેની બેઠકવાળી નાની જગ્યામાં હતું. જ્ઞાન અને વિદ્યા પ્રાપ્ત કરવાની જગ્યાઓ વિશાળ કદની હોવી જોઇએ એવો અભિપ્રાય ધરાવતા ભુજપુરીઆએ સ્નેહી મિત્રોને વાત કરી અને બાજુની જગ્યા ખરીદી ભોંયતળિયે વાંચનાલય અને ઉપર પુસ્તકાલય એમ એક માળનું મકાન તૈયાર કરાવ્યું. એટલું જ નહિં પણ સારા પુસ્તકોનો વ્યાપ વધે તે હેતુથી શ્રી ખીમજી પૂંજા અને ભુજપુરીઆ બધા પુસ્તકો જોઇ ગયા. અને બન્ને જણાએ મળીને પુસ્તકોની પસંદગીનું ધોરણ ઊંચું રહે તે દૃષ્ટિએ શિષ્ટ વાંચન માટે યોગ્ય પુસ્તકોની અલગ યાદી બનાવી. અને અયોગ્ય પુસ્તકોનો નિકાલ કરવાનો નિર્ણય કર્યો. જે પુસ્તકો વાંચન માટે લાયક ન હોય તેનું એક પાનું પણ કોઇના વાંચવામાં ન આવે એવા કાળજીભર્યા ખ્યાલથી ભુજપુરીઆએ એ પુસ્તકો વણવપરાતા કૂવામાં નંખાવી દીધાં.[૪૦]

આ ઉપરાંત ભુજપુરીઆએ બહેનોને કપડાં ધોવાની મુશ્કેલીના ઉકેલ માટે ભુજપુર ગામના પશ્ચિમે આવેલી નાગમતીનદીના ઉગમણાકાંઠે જગ્યા

પસંદ કરી ત્યાં મર્યાદા સચવાય તે પ્રમાણે સ્વતંત્રપણે ધોવાણઘાટ બનાવવાની યોજના વિચારી કાઢી અને એકી સાથે ન્યાતજાતના ભેદભાવ વગર ૩૦ થી ૪૦ બહેનો કપડાં ધોઇ શકે અને સ્નાન કરી શકે તેવી સગવડ ધરાવતા ધોવાણ-ઘાટનું નિર્માણકાર્ય કરાવ્યું. આ ધોવાણઘાટ માટેની નાણાંકીય જરૂરિયાત પણ ગામના ભેદા પરિવારે જ પૂરી પાડી હતી.[૪૧]

જૈનધર્મના કચ્છીકોમના મુખ્ય ગોરજી (યતિ)ની ગાદી ભુજપુરમાં હતી એટલે ક્ષમાનંદજી મુખ્યગોરજીના શિષ્યપદે હતા. તેઓ પોતાના ગુરુજીની સ્મૃતિમાં ભુજપુર ગામમાં હાઈસ્કૂલ શરૂ કરાવવા માંગતા હતાં. તેથી તેમણે ભુજપુરીઆને પત્ર દ્વારા પોતાની ઈચ્છા વ્યક્ત કરી અને જણાવ્યું કે તેમની પાસે ૫૦ હજાર રૂપિયા ભંડોળ જમા થયેલું છે. ભુજપુરીઆ તો સેવા માટે હંમેશા તત્પર રહેતાં, તે સમયે ઇ.સ.૧૯૬૦ માં દ્વિભાષી રાજયના બે ભાગ થયા અને કચ્છ ગુજરાત રાજયનો ભાગ બન્યું ત્યારે ભુજપુરની હાઇસ્કૂલ માટેની રકમ ગુજરાતનાં ખાતામાં જાય તેની કાળજી પણ ભુજપુરીઆએ રાખીને કચ્છના તે વખતના ચીફ એન્જીનીયર શ્રી પી.કે.વોરાને ભુજ મુકામે પત્ર લખીને હાઈસ્કૂલ ના મકાન માટે નકશા તૈયાર કરાવીને મોકલ્યાં અને પ્લાન મંજૂર થતા અંદાજે ૯૦ હજાર ના ખર્ચે હાઇસ્કૂલનું સુંદર વિશાળ મકાન તૈયાર થઇ ગયું. આમ શ્રી ક્ષમાનંદજીની ઇચ્છા મુજબ તેમના ગુરુજી પૂજય જીનેન્દ્રસાગરસૂરિશ્વરજી મહારાજના નામે ભુજપુરમાં હાઇસ્કૂલ શરૂ થઇ.[૪૨]

આમ મુંબઇમાં રહેવા છતાં પોતાના વતન માટે શ્રી ભુજપુરીઆની સેવાપ્રવૃત્તિ ક્ષેત્રે યોગદાન પ્રશંસનીય છે. માત્ર કચ્છ માટે જ નહીં પણ મુંબઇમાં પણ તેની સેવાપ્રવૃત્તિ પ્રશંસનીય રહી છે. તા.૧૭-૬-૧૯૪૪ ના રોજ સ્થાપિત 'સ્વહિત પૈસાફંડ' અને 'શ્રેયસાધક સંઘ' વિશિષ્ટરૂપે તેની સુધારક સૂઝના પાસારૂપ ગણી શકાય. એટલુંજ નહીં પણ જૈન સ્ત્રીઓના વિકાસ માટેની એકપણ તક તેમણે છોડી નથી. તેઓ વિધવાવિવાહના હિમાયતી હતાં. તેથી તેમણે મુંબઇમાં 'શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈનવિધવા વિવાહ સહાયક સમાજ'ની સ્થાપના ઇ.સ.૧૯૪૦ માં કરી પરંતુ તેમાં સફળતા ન મળી અને અંતે આ મંડળ બંધ થયું પણ સ્ત્રી ઉધ્ધારક તરીકે આગળ આવવાની તેમનીં હિંમતને જૈનસમાજ માટે એક પથદર્શકરૂપ ગણી શકાય.

## જૈનસાહિત્યના જાળવણીકાર અને પ્રચારકો :-

### (૧) પ્રો. રવજી દેવરાજ :-

કચ્છનાં જૈન પંડિત રત્નોમાં પ્રો. રવજી દેવરાજ વિશેષ ઉલ્લેખનીય છે. તેઓ કોડાયના હતા, અને પ્રખ્યાત શાહ સોદાગર શા. કલ્યાણજી ધનજીના નાના થાય. તેઓ હેમરાજભાઇના હાથ નીચે સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં તૈયાર થયેલા અને વધુ અભ્યાસ અર્થે કાશી પણ ગયેલા. તેમણે જૈન આગમ 'આચારાંગ સૂત્ર' નો ગુજરાતી અનુવાદ કર્યો હતો. જે ઇ.સ.૧૯૦૨ માં છપાયો હતો. આ ગ્રંથની બે આવૃત્તિ તે સમયે જ થઇ હતી. એ હકીકત આ ગ્રંથની ઉપયોગિતાની સૂચક છે. સંસ્કૃત શિક્ષણ માટે તેમણે પાઠ્યપુસ્તિકાઓ તૈયાર કરી હતી સંસ્કૃતમાં કાવ્યરચનાઓ પણ કરેલી જે અપ્રગટ જ રહી જવા પામી છે. 'શતપદી ભાષાંતર', 'સદ્ગુણ પ્રશંસા' વગેરે પુસ્તકો એમણે લખ્યાં છે.[૪૩]

### (૨) શ્રી ભીમશી માણેક :-

૧૯ મી સદી દરમ્યાન કચ્છનાં એક સપૂતે પોતાનું સમગ્ર જીવન ધર્મ અને તત્વજ્ઞાન ની પ્રાચીન હસ્તપ્રતોની જાળવણી, સંપાદન, મુદ્રણ અને પ્રકાશનમાં સમર્પી દીધું. તે હતાં કચ્છનાં અબડાસા વિભાગના મંજલ ગામના શ્રાવક ભીમશી માણેક. જ્યારે ભારતમાં મુદ્રણકળાનો હજી બાલ્યકાળ હતો ત્યારે દીર્ઘદ્રષ્ટા ભીમશી માણેક મુદ્રણનું મહત્વ સમજતા હતાં. તેમણે જો તે વખતે ધર્મના પવિત્ર સમૃદ્ધ સાહિત્યને વ્યવસ્થિત રીતે, યોગ્ય સંપાદન કરી પ્રકાશિત ન કર્યું હોત તો કોણ જાણે કેટલું બધું વિરલ સાહિત્ય ક્યાંય વિલિન થઇ જાત ! એમણે આ ભગીરથ કાર્ય પાછળ પોતાની જાત ઘસી નાખી.

ઇ.સ.૧૮૬૫ માં ભીમશીભાઇએ મુન્દ્રાના પોતાના મિત્ર કલ્યાણજીને પોતાની સાથે લીધા. કલ્યાણજીભાઇને જૈનધર્મની મહત્વની હસ્તપ્રતો એકઠી કરવાનું કામ સોંપ્યું. અંધકારમાં પડેલા એ અમૂલ્ય ખજાનાની શોધમાં કલ્યાણજીભાઇએ ગુજરાત, રાજસ્થાન, અને વારાણસીનો પ્રવાસ કર્યો. તે વખતે દશ હજાર રૂપિયા જેવી માતબર રકમ ચૂકવી ઘણી હસ્તપ્રતો અને ગ્રંથો લાવ્યાં. એમ માનવામાં આવે છે કે ધર્મના પવિત્ર શાસ્ત્રોનું પ્રકાશન કરનાર ગુજરાતભરમાં ભીમશી માણેક પ્રથમ હતાં. સૌ પ્રથમ એમણે 'પ્રકરણ રત્નાકર' ના ચારભાગના પ્રકાશન માટે રૂપિયા એકલાખનો ખર્ચ કર્યો હતો. જેનો પ્રથમ ભાગ મુંબઇના ખ્યાતનામ નિર્ણયસાગર પ્રેસમાં છપાયો હતો. અને ઇ.સ.૧૮૭૬

માં પ્રકાશિત થયો હતો. એ ગ્રંથની પ્રસ્તાવનામાં જ્ઞાનપિપાસુ શ્રાવક ભીમશી માણેક લખે છે : ''પ્રિન્ટીંગ પ્રેસનું મૂલ્ય ઓછું ન આંકવું જોઇએ. પ્રાચીન વિદ્વાનો તથા આચાર્યોના સમૃદ્ધ વારસાની જાળવણી, પ્રચાર અને પ્રસાર મુદ્રણ દ્વારા જ શક્ય બનશે. જેઓ આ પ્રવૃત્તિનો વિરોધ કરે છે. તેઓ અજ્ઞાન અથવા મૂર્ખ છે.'' [૪૪] તે સમયમાં જૂનવાણી સંકુચિત મનોવૃત્તિવાળા રૂઢિવાદીઓ અને સ્થાપિત વ્યવસ્થાઓ તરફથી આવી પ્રવૃત્તિનો વિરોધ થાય તે સ્વાભાવિક હતું.

ઈ.સ.૧૮૭૭ માં એમણે 'પ્રકરણ રત્નાકર' નો બીજો ભાગ, ઈ.સ.૧૮૭૮ માં ત્રીજો ભાગ અને ઈ.સ.૧૮૮૧ માં ચોથો ભાગ પ્રસિદ્ધ કર્યો હતો. ચારે ભાગનું સંપાદન ભીમશી માણેકે પોતે કર્યું હતું અને મુંબઇના નિર્ણયસાગર પ્રેસમાં છપાયા હતા. આ ગંજાવર કામની સાથોસાથ એમણે 'પાંડવ ચરિત્રનું બાલવબોધ', 'સાર્થ પ્રતિક્રમણ સૂત્ર', 'વિવિધ પૂજા સંગ્રહ', 'સુયદંગાસૂત્ર' વગેરે પુસ્તકોનું પ્રકાશન પણ કર્યું હતું. ધર્મના પવિત્ર શાસ્ત્રો અને ગ્રંથોનું પ્રકાશન ન કરવા માટે જૂનવાણીઓ તરફથી ભીમશી માણેક ઉપર દબાણ થયું પણ એમણે એકલે હાથે આવી ઉમદાપ્રવૃત્તિ કરવા કમ્મર કસી હતી. આવા ધુરંધર શ્રાવક ભીમશી માણેકે લગભગ ૩૦૦ જેટલાં પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. ઈ.સ.૧૮૯૧ માં એમનું દેહાવસાન થયું પરંતુ જૈનસાહિત્યના એક જાળવણીકાર તરીકે હંમેશને માટે તેમનું સ્થાન વિશિષ્ટ રહેશે.

## (૩) શા મેઘજી હીરજી :-

જખૌ (તા.અબડાસા) ના કચ્છી દશા ઓશવાળ શા મેઘજી હીરજીએ પણ જૈન સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે અદ્ભૂત કાર્ય કરેલ છે. સંવત ૧૯૬૧ (ઈ.સ.૧૯૦૫) માં તેમણે મુંબઈમાં મેઘજી જૈન પુસ્તક ભંડારની સ્થાપના કરી. તે પહેલાં તેઓ દહેરાસર ના ઓટલે બેસીને પુસ્તકો વેચતા હતા. ઈ.સ.૧૯૦૫ માં ગોડીજી જૈન દહેરાસરના દ્વારના મકાનમાં આ હેતુ માટે તેમને જગ્યા આપવામાં આવેલ. તેમના વ્યવસાય સંદર્ભે તેમની અટક બુકસેલર તરીકે સ્થાપિત થઇ હતી. તેમના પછી તેમનો પુત્ર અને ભાણેજ આ સંસ્થા ચલાવે છે. પુત્ર મણશી ગુજરી જતા હવે ૧૦૦ વર્ષથી ચાલતી આ સંસ્થા કેતન મણસી ચલાવે છે. પુસ્તક ઉપરાંત પૂજાને લગતા સાધન પણ અહીં વેચાય છે. આમ જૈનધર્મના પ્રચારાર્થે અને લોકોને જૈન સાહિત્યમાં રસ લેતા કરવા માટે ઉત્તમ કાર્ય શા મેઘજી હીરજીએ કર્યું છે. તેની આ પ્રશંસનીય

કામગીરીનું 'કચ્છમિત્ર' વર્તમાનપત્રમાં 'મુંબઇજી ગાલ' કોલમમાં શ્રી કનૈયાલાલ જોષીએ યોગ્ય મૂલ્યાંકન કર્યું છે.

આ સંસ્થાને ૧૯૯૭ માં આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજ સાહેબના પુસ્તકનું સૌથી વધુ વેચાણ કરવા માટે વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ - મહેસાણા તરફથી સુવર્ણચંદ્રક અપાયો હતો. જે નોંધનીય છે.

## જૈનધર્મના આંતરરાષ્ટ્રીય પ્રચારક શ્રી ફતેહચંદ લાલન :-

મૂળ જામનગરનાં પણ કચ્છ માંડવીમાં વસવાટ કરતા વીસા ઓસવાળ જૈન કુટુંબમાં ફતેહચંદનો જન્મ તા. ૧-૪-૧૮૫૭ ના રોજ માંડવી મુકામે થયો હતો. પિતા કપૂરચંદ જેરામ અને માતા લાધીબાઇ હતા. ફતેહચંદનાં ધર્મપત્નીનું નામ મોંઘીબાઇ અને પુત્રનું નામ ઉજમ હતું. (શ્રી આત્માનંદજી દ્વારા લખાયેલ અને સંપાદીત થયેલ અને શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર કોબા દ્વારા પ્રકાશિત 'અર્વાચીન જૈન જ્યોતિર્ધરો' નામના પુસ્તકમાં ફતેહચંદ લાલન વિશેની વિગતો આપવામાં આવેલ છે તેમાં તેમની માતાનું નામ મોંઘીબાઇ જણાવેલ છે. અને પત્ની જે જેઠાભાઇ હંસરાજની પુત્રી - તેનું નામ પણ મોંઘીબાઇ દર્શાવેલ છે. અને તેમને એક દીકરી જન્મેલ જેનું નામ ઊજમ રાખેલ જેને શિહોરમાં પરણાવેલ પણ થોડાજ સમયમાં તેનું અવસાન થયેલ.) પંડિત ફતેહચંદે પોતાની કારકિર્દીની શરૂઆત મુંબઇમાં ધર્મશિક્ષક તરીકે કરી હતી અને શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં ભાગ લીધો હતો. અમેરિકામાં સાડાચાર વર્ષ રહી જૈનધર્મ વિશે સુંદર પ્રવચનો આપ્યાં હતાં.[૪૫]

પંડિત લાલને 'મહાવીર બ્રધર હૂડ' નામે અમેરિકામાં સંસ્થા સ્થાપી. જેના પ્રમુખ હરબર્ટ વૉરન હતા. અને મંત્રી એલેક્ઝાંડર ગોરડન હતા. અને ત્રીજા શ્રી જે.એલ.જૈની હતા. ઇ.સ.૧૯૦૧ માં લાલન ભારત પાછા આવ્યા અને ઇ.સ.૧૯૩૬ માં ફરી તેઓ આચાર્ય વિજયવલ્લભસૂરિશ્વરજીની પ્રેરણાથી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા ઇંગ્લેન્ડ ગયા. ત્યાં સાત માસ રહી જૈન ધર્મના સિદ્ધાંતો સમજાવ્યાં હતાં.

અનેક ભાષાઓના જાણકાર અને તત્વચિંતક તરીકે પંડિત ફતેહચંદ લાલને દેશ પરદેશમાં પ્રખ્યાતી મેળવી હતી. એમનું પુસ્તક 'ગો સ્પલ ઓફ મેન' ખૂબ પ્રસિદ્ધ પામ્યું હતું. એમણે ૨૬ પુસ્તકો લખ્યાં છે. (૨૪ પુસ્તકો ગુજરાતીમાં અને ૨ પુસ્તક અંગ્રેજીમાં) જેમાં 'દિવ્યજયોતિ દર્શન',

'માનવગીતા', 'સમાધિશતક' વગેરેનો સમાવેશ થાય છે. 'સમાધિશતક' નું અંગ્રેજી ભાષાંતર હરબર્ટ વૉરને ઇ.સ.૧૯૧૪ માં પ્રસિદ્ધ કર્યું હતું. 'ભાષણકાર' એ શિર્ષકનું વકૃત્વકળા વિશેનું ત્રણખંડમાં વહેંચાયેલું એમનું પુસ્તક એમના અધ્યયનની ગહનતાનો પરિચય આપે છે.[૪૬]

પંડિત લાલન પોતાના જ્ઞાનને લીધે પોતાના સમય કરતાં ઘણા આગળ હતા. તેથી રૂઢિચુસ્તો સાથે એમને ભારે સંઘર્ષમાં આવવું પડેલું એમને સંઘ બહાર કાઢવાની હીલચાલ પણ થયેલી. પાતંજલ અને જૈનયોગનો સમન્વય એ એમના ચિંતનનો મુખ્ય વિષય હતો. તા. ૭-૧૨-૧૯૫૩ ના રોજ ૯૬ વર્ષની વયે પંડિત ફતેહચંદ લાલન જામનગર મુકામે સ્વર્ગવાસી થયાં.[૪૭] કચ્છના ગૌરવ સમાન પંડિત ફતેહચંદ લાલનનું એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે હંમેશને માટે ઈતિહાસમાં સ્થાન રહેશે.

કચ્છમાં શ્રેષ્ઠીઓએ પ્રજાકલ્યાણ અર્થે જે દાન કર્યું છે તે યોગ્યદિશામાં વપરાય એ માટે જૈનમુનિઓ તેમના પથદર્શક બન્યાં છે. જેમકે માંડવીમાં મુંબઈથી શ્રી મેઘજીશેઠ પોતાના મોટા પુત્ર શિવરાજભાઈની યાદગીરીરૂપે કંઈક કરવા માંગતા હતાં. તેને મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ માર્ગદર્શન આપતા કહ્યું કે; ''આખા કચ્છમાં કોઈપણ જૈન સંસ્કૃત પાઠશાળા નથી માટે જો એક જૈન પાઠશાળા ખોલવામાં આવે તો તે અનેક રીતે ઉપયોગી થઈ શકે. તમામ દાનોમાં જ્ઞાનદાન વિશિષ્ટ છે. વળી આ વખતે તો આપણાં સંપ્રદાયમાં પણ દશબાર સાધુઓ અભ્યાસ કરવા તૈયાર છે. ઉપરાંત બીજા પણ ઘણા વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લેશે.'' શ્રી મેઘજીશેઠે મુનિશ્રીની વાત સ્વીકારી પોતાના મકાનમાં પાઠશાળા શરૂ કરી. અને કાલાવડવાળા લક્ષ્મીશંકર શાસ્ત્રીને બોલાવ્યાં. પણ તેમના પુત્રને કચ્છમાં ન ફાવતા તેઓ પાછા જતાં રહ્યાં તેથી બનારસથી પંડિતને બોલાવ્યાં અને ૮૦/- રૂપિયા પગાર આપવાનું નક્કી કરી તેના જ્ઞાનનો લાભ લીધો હતો. જે નોંધનીય છે.[૪૮]

## પત્રી(કચ્છ) નાં વિકાસમાં શ્રી ટોકરશી લાલજી કાપડીઆનું પ્રદાન :-

કચ્છનાં કંઠી વિસ્તારના પત્રી ગામે વિશા ઓશવાળ જૈન કુટુંબમાં ૧૯મી જાન્યુ. ૧૯૧૬ ના રોજ જન્મેલા શ્રી ટોકરશી લાલજી કાપડીઆ (ધરોડ) નો ફાળો પણ મહત્વનો રહ્યો છે. વિદ્યાર્થીજીવન દરમ્યાન પત્રીના પુસ્તકાલય,

રાત્રી - પાઠશાળા અને હરિજન સેવાના સત્કાર્યોમાં તન-મનથી જોડાઇ ગયાં હતાં. પછી તેઓ મુંબઇ અને ત્યાંથી વ્યવસાય અર્થે તેઓ બર્મા ગયાં. ત્યાં આર્થિક ભંડોળ એકઠું કરી પત્રીમાં 'હરિજનશાળા' માટે મોકલ્યું હતું. ખાદીના તો તે ચુસ્ત આગ્રહી હતાં. બીજા વિશ્વયુદ્ધ સમયે ઇ.સ.૧૯૪૨ માં બર્મા છોડીને તેઓ પત્રી આવ્યાં. અહીં તેમણે ખાદી પ્રવૃત્તિ શરૂ કરી. આ ઉપરાંત પત્રી ગામમાં 'જૈનહિતવર્ધક સમાજ' ને 'પત્રી સર્વોદય સમાજ' માં પરિવર્તિત કરી એની સેવા દરેક કોમ સુધી ખાસ કરીને હરિજન લોકો સુધી પહોંચાડી. પત્રીમાં ગાંધી વિદ્યાલયનું પણ નિર્માણ કર્યું. પત્રીના વિકાસ માટે બાગ, કૂવો અને ખેલકૂદ માટેની વ્યવસ્થા, બાલમંદિર, કન્યાશાળા, વાંચનાલય, બસસ્ટેશન ઇત્યાદિની સુવિધા ઉભી કરી. ખૂટતી કડીરૂપ સીવણવર્ગ અને દવાખાનાઓનું નવસર્જન કર્યું. થોડા વર્ષો બાદ તેઓ હૈદરાબાદ ગયા. ત્યાં પણ તેમની સેવાપ્રવૃત્તિ પ્રશંસનીય રહી હતી. ૧૬મી માર્ચ ઇ.સ.૧૯૯૬ માં હૈદરાબાદ મુકામે તેમનું અવસાન થયું.[૪૯] ખરેખર કચ્છનાં જૈનોનો વતનપ્રેમ ઉત્કૃષ્ટ જણાય છે.

## શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ અને 'સાધનાશ્રમ' ના પ્રહરી શ્રી ભવાનજીભાઇ નાથાભાઇ :-

વિચારવૈભવ, કાર્યદક્ષતા, ઉદારતા, સહજ સ્નેહભાવ અને માનવમાત્રના કલ્યાણનું ધ્યેય અને સમાજ ઉત્કર્ષનાં અનેકવિધ કાર્યોથી સૌના વત્સલ વડીલ બનનાર શ્રી ભવાનજી ભાઇનું સ્થાન નિ:સ્વાર્થ સમાજસેવક તરીકે અદ્વિતીય છે. તેમનો જન્મ બિદડા ગામમાં જ્ઞાનપાંચમ ૧લી નવેમ્બર ઇ.સ.૧૯૨૪ ના રોજ થયો. એમણે ઇ.સ.૧૯૪૦ માં મુંબઇની જાણીતી ભરડા ન્યૂ હાઇસ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા આપી હતી. વ્યાયામ, વાંચન અને વિવિધકળા એમના શોખના વિષય રહ્યા છે.

પોતાની જન્મભૂમિ બિદડા માટે કશુંક કરી છૂટવાનો ખ્યાલ સદાય એમના મનમાં રહ્યો છે. ગામની બહેનોને કપડાં ધોવા બાબત ઘણી તકલીફો થતી એટલે ઇ.સ.૧૯૬૪ માં 'નાથાભાઇ પાસુવારિગૃહ'નું બિદડામાં નિર્માણ કરાવ્યું. ઇ.સ. ૧૯૬૯ માં પીવાના પાણીનો ટાંકો બંધાવી પાણીયોજના શરૂ કરી. ઇ.સ.૧૯૬૯ માં 'શ્રી બિદડા એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના થઇ. તેમાં તેઓ ૧૯૬૯ થી ૧૯૭૨ સુધી એના પ્રમુખપદે રહ્યા તથા ૧૯૮૯ સુધી

કારોબારી સમિતિમાં રહ્યાં ઇ.સ.૧૯૭૨ માં અન્ય મિત્રો સાથે 'શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ'ની સ્થાપના કરી અને ઇ.સ.૧૯૭૯ થી ૧૯૮૯ સુધી એના પ્રમુખપદે રહ્યાં. ઇ.સ. ૧૯૮૧ માં હોસ્પિટલની પાયાવિધી થઇ અને ૧૯૮૪ માં એનું ઉદ્‌ઘાટન થયું આજે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલની નામના સાત સમંદર પાર પહોંચી ગઇ છે.

શ્રી ભવાનજીભાઇએ આ ઉપરાંત અનેક વિટંબણાઓ વચ્ચે રહી જે બહેનો ગૌરવ સાથે પોતાનું જીવન વ્યતિત કરે છે. અને જેમના જીવનમાંથી અન્ય બહેનો પ્રેરણા લે એવા ગામના સ્ત્રીરત્નોને સમાજ જાણે-પિછાણે એવી ભાવનાથી અને સ્ત્રીઓના વ્યક્તિત્વને ગૌરવ અપાવવા 'વિશિષ્ટ નારી પુરસ્કાર' અપાવવાનું શરૂ કરાવ્યું. ગામના યુવાનોમાં રમત-ગમત પ્રત્યે રૂચિ કેળવાય તે માટે કાયમી ધોરણે રમતોત્સવનું આયોજન પણ શરૂ કરાવ્યું.

શ્રી ભવાનજીભાઇ મૂળ તો અંતરજગતના યાત્રી અને સહજ જીવનનાં પ્રવાસી છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેનો સુમેળ સાધી જીવનને ઉન્નત માર્ગે વાળનાર શ્રી ભવાનજીભાઇ પૂ.વેલજીભાઇ સ્થાપિત 'સાધનાશ્રમ' ના સાધક સંચાલક છે. પૂ.વેલજીભાઇ અને પૂ.ગોમતીમાના સદ્‌ગુણોની અસર એમના જીવનમાં જોવા મળે છે. તેઓ અધ્યાત્મરસના કવિ છે એમણે સહજ સ્ફુરણાથી ભજન અને દુહા લખ્યા છે.

બિદડા ગામનો ઉત્કર્ષ કરનાર અને સેવાપ્રવૃત્તિનો સર્વાંગી, સંપૂર્ણ ભાવાર્થ જેમનામાં જોવા મળે છે. તેવા શ્રી ભવાનજીભાઇની યાત્રામાં તેમનાં ધર્મપત્ની લક્ષ્મીબહેનનો ફાળો પણ વિશેષ રહ્યો છે. અને આજેપણ તેમની સેવાપ્રવૃત્તિ પથ પર સાથ આપી રહ્યા છે.[૫૦]

'જન્મભૂમિ'-પ્રવાસી વર્તમાનપત્રમાં તા.૧૬-૧૧-૨૦૦૩ રવિવારનો લેખ 'શેઢે ઉભેલા લીમડા' અંતર્ગત લેખકશ્રી ગુલાબ દેઢિયાએ શ્રી ભવાનજીભાઇનું યથાર્થ મૂલ્યાંકન કર્યું છે. તે લેખ મુજબ :-

સાધનાશ્રમની વાડીની બાજુમાં આવેલી વાડી શહેરનાં એક બિલ્ડરે ખરીદી અને શેઢા પર પાકી દીવાલની બાઉન્ડ્રી કરવાની શરૂઆત કરી. ત્રણ શેઢાનું કામ સરળ રહ્યું પરંતુ સાધનાશ્રમનાં મજિયારા શેઢા પર આવ્યા ત્યારે અટકી ગયા. કારણકે તે શેઢા પર આઠ-દશ લીમડાના ઝાડ બરાબર દીવાલની વચ્ચે આવતાં હતાં જ્યારે બિલ્ડર શ્રી ભવાનજીભાઇ ને મળવા ગયાં અને

અચકાતા મને વાત કરી ત્યારે પળનોય વિલંબ કર્યા વગર બારીમાંથી દેખાતાં લીમડાને જોઇ ભવાનજીભાઈએ સહજ કહી દીધું 'અરે, એમા શું છે ? એટલા માટે વૃક્ષો તે કાંઇ કાપવાના હોતાં હશે ! જ્યાં જ્યાં લીમડા વચ્ચે આવે એવું લાગે ત્યાંથી દીવાલને જરા વાળી લેજો ભલે આશ્રમની થોડી જમીન તમારી વાડીમાં આવી જાય મને વાંધો નથી તમે બેફિકર રહેજો.'' આ હૃદયસ્પર્શી બનાવથી સ્પષ્ટ થાય છે કે ભવાનજીભાઇ કુદરત પ્રેમી છે. તો જ તે આટલી ઉદારતા અને સહજતા દર્શાવી શકે.[૫૧]

## પ્રજાકલ્યાણ ક્ષેત્રે ભુજનાં શ્રેષ્ઠીઓનું યોગદાન :-

કચ્છના પાટનગર ભુજમાં કન્યાકેળવણીના પાયા નાંખનાર શેઠ શ્રી માનસંગ કચરા બહુ નાની વયે વ્યવસાય અર્થે બ્રહ્મદેશ ગયા હતાં. ત્યાં વેપારમાં જે આર્થિક સમૃદ્ધિ મેળવી તે ભુજમાં પ્રજાકલ્યાણ અર્થે ખર્ચીને વિકાસ કાર્યો કર્યા હતા. આઝાદી પૂર્વેના એ જમાનામાં જ્યારે કોઇ પોતાની બાળાઓને શાળાએ મોકલતું નહીં ત્યારે તેમણે ભુજમાં પ્રાથમિક કન્યાશાળાની સ્થાપના પોતાના ખર્ચે કરી. જેની જવાબદારી પાછળથી શ્રી ડોસાભાઇ એ સંભાળી લીધી આજે એ શાળા ઇન્દ્રાભાઇ પ્રાથમિક કન્યાશાળા તરીકે ઓળખાય છે. આવા સેવાભાવી દાતાનું મુંબઇ મુકામે તા. ૨૨-૧૨-૧૯૪૫ ના રોજ અવસાન થયું પણ તેમની કન્યા કેળવણીની મશાલ જલતી રહી.[૫૨]

લોકકલ્યાણ અર્થે તેવું જ સ્થાન ભુજમાં શ્રી ડોસાભાઇ લાલચંદનું છે. તેમણે જૈનજ્ઞાતિસમાજ માટે ઘણા વિકાસ કાર્યો કર્યા છે. તેમણે જોયું કે ગરીબીના કારણે સ્ત્રીઓને જે વેઠવું પડે છે. તેનો એકજ ઉપાય છે કે સ્ત્રીઓ સ્વાશ્રયી બને અને કમાણીનું સાધન પોતેજ ઉત્પન્ન કરે. તેમણે અનાથ, વિધવા કે ગરીબ જૈન બહેનોને સીવવાના સંચા અને તાલીમ માટે સીવણશાળા શરૂ કરી અને જરૂરિયાતવાળી બહેનોને ઘરઘંટી આપેલ. જૈન બાળકોને પ્રાથમિક અને માધ્યમિક ધોરણના પાઠ્યપુસ્તકો મળી રહે તેવી વ્યવસ્થા પણ કરી. અને એક વ્યાયામશાળાની શરૂઆત કરેલ. જરૂરતમંદ જ્ઞાતિજનોને સસ્તું અનાજ પૂરું પાડવા વ્યાજબીભાવનો અનાજનો સ્ટોર શરૂ કરેલ. વિશેષ પ્રશંસનીય બાબત તો એ છે કે જૈનજ્ઞાતિમાં લગ્ન વખતે પૈસા ન વેડફાય અને અલગ અલગ ભોજનમાં અનાજ ન વેડફાય તે માટે સમૂહલગ્ન અને સમૂહભોજનની પ્રથા શરૂ કરેલી. એટલું જ નહીં પણ તે સમયે સ્ત્રીઓનો પ્રસૂતિકાળ એટલે યમદૂતના ઘરનું ફરમાન. આ બાબત તેમના હૃદયને સ્પર્શી ગઇ અને જ્યુબીલી હોસ્પીટલ

પાસે પ્રસૂતિગૃહ બંધાવી સરકાર પાસે એવી ખાત્રી લેવામાં આવી કે તે ક્યારે પણ ત્યાંથી ખસી ન શકે. બાળકો માટે ઇન્દ્રાબાઇ પાર્ક બનાવી સ્વાસ્થ્યશીલ બાળક સમાજને સ્વાસ્થ્ય બક્ષે છે તેની પ્રતિતી કરાવી. તેની સામે વિશાળ ધર્મશાળા પણ બંધાવી જે ડોસાભાઇની ધર્મશાળા તરીકે પ્રખ્યાત છે.

કેળવણીક્ષેત્રે પણ શ્રી ડોસાભાઇનું સ્થાન અનેરું છે. શ્રીમાનસંગ કચરાના અધૂરા રહેલા કાર્યને તથા ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ દ્વારા માધ્યમિક ક્ષેત્રે કન્યાકેળવણીની સગવડ શ્રી ડોસાભાઇનું પરિશ્રમિક કાર્ય છે. તેઓએ એક કલમ એવી રાખેલ કે ભવિષ્યમાં ક્યારે પણ વિદ્યાર્થીનીઓ પાસે ફી ન લેવી. સરકારે પાછળથી ફી દાખલ કરેલ. અંતે દીર્ઘદષ્ટી ધરાવતી કલમ પાસે સરકારનું કંઇ ન ચાલ્યું. આ તેમનું દુરંદેશીપણું બતાવે છે.[૫૩] જો કે ભૂકંપબાદ આજે ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલનું અત્યાધુનિક ઢબે નવનિર્માણ થયું છે. આવા સામાજિક, ઉપકારક શેઠ શ્રી ડોસાભાઇ લાલચંદનું કલકત્તા મુકામે તા.૧-૨-૧૯૫૫ ના રોજ અવસાન થયું.[૫૪] પરંતુ તેના અમૂલ્ય પ્રદાનથી તો આજપણ તેઓ ચિરસ્મરણીય સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત કેળવણીક્ષેત્રે શ્રી રામજીભાઇ લાલનનું યોગદાન પણ વિશિષ્ટ છે. ભુજ ખાતે લાલન કોલેજની ભેટ પણ તેમને આભારી છે. જે કોલેજ માટે શ્રી ડોસાભાઇના પ્રયત્નો પણ અથાગ રહ્યાં હતાં. શ્રી બાબુભાઇ દેવરાજ શાહના પ્રયત્નોથી 'શ્રી જૈન મેડીકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ'ની સ્થાપના થઇ. જેના દાતાશ્રી હીરાલાલ માધવજી શાહ હતાં અને શિક્ષણક્ષેત્રે આ ટ્રસ્ટ 'માતૃછાયા' કન્યાવિદ્યાલયનું સંચાલન કરે છે. જેમાં શ્રી માણેકલાલ શાહનો પરિશ્રમ પ્રશંસનીય છે. 'જૈન મેડીકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ' ને સરકાર તરફથી જમીન ફી મળતા તા.૩-૭-૧૯૮૪ ના રોજ 'લક્ષ્મીચંદ માણેકચંદ વોરા સાર્વજનિક હોસ્પિટલ'ની ભુજને ભેટ મળી. વળી શ્રી ડોસાભાઇના પત્ની રંભાબેને પણ દાનપ્રવાહ કાર્ય માં ઝંપલાવ્યું અને ભુજને એફ.ડી.એલ.લો કોલેજ તથા એક હોમિયોપેથિક દવાખાનું ભેટ મળ્યું.

શ્રી પ્રાગજીભાઇ દેવચંદે ભુજ શહેરની મધ્યમાં એક આધુનિક મકાન આપી 'બે આના' તરીકે ઓળખાતું દવાખાનું સ્થાપેલ જેમાં શ્રી ડૉ.બક્ષીસાહેબની અનન્ય સેવા પ્રજાને ઉપલબ્ધ થઇ. શ્રી છોટાલાલભાઇ તથા શ્રી વાડીલાલભાઇ મદ્રાસવાળાએ પોતાના પુત્ર સ્વ.હરીશભાઇની યાદમાં સેનેટોરિયમ ભુજમાં બનાવી યોગદાન આપ્યું. બીજા શ્રેષ્ઠીશ્રી કરમચંદ લાલચંદે

ગરીબો માટે બેઆનામાં સસ્તું ભોજનાલય ચલાવી માનવતાનું ઉમદા દષ્ટાંત પૂરું પાડેલ છે. તેમજ શ્રી વિરચંદભાઇ લધુભાઇએ તો પાંજરાપોળ માટે નોખાણીયા ગામની સીમ આખી દાનમાં આપી દીધેલ.[૫૫]

આજના સંદર્ભમાં ભુજનાં શૈક્ષણિકક્ષેત્રે જૈનાચાર્ય શ્રી અજરામરજી ટ્રસ્ટ પણ કાર્યાન્વિત છે. તેમજ શ્રી ડુંગરશી ટોકરશી વોરા વિવિધલક્ષી સંકુલમાં શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન મહાજનની પ્રવૃત્તિ પણ પ્રશંસનીય રીતે કામગીરી કરી રહી છે. જેમાં મુખ્યત્વે શેઠશ્રી લાલજી વેલજી એન્કરવાલા અતિથિગૃહ, શેઠશ્રી રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટર, માતુશ્રી લાખણીબાઇ રામજી તેજસીગાલા નવનીત ભોજનાલય, શ્રીમતી પ્રેમીલાબેન રતનશીવોરા આરાધનાગૃહ, રોટરી એક્સ રે યુનિટ, માતુશ્રી લાધીબાઇ રામજી દેવજી ગોગરી પત્રીવાલા પેથોલોજીકલ લેબોરેટરી, અને ૨૪ કલાક એમ્બ્યુલન્સ સેવાનો સમાવેશ થાય છે. આ સંકુલની સ્થાપના ઇ.સ.૧૯૮૭ માં થઇ છે.


આમ ભુજના વિકાસમાં મહત્તમ ફાળો જૈન શ્રેષ્ઠીઓનો જણાય છે.

## સેવા પ્રવૃત્તિ સંદર્ભે કેટલીક જૈન સંસ્થાઓ :-

'સેવા' બે અક્ષરોનો લઘુ શબ્દ પોતે પોતાનામાં એક વિરાટ અર્થ ગરિમાને સમાવે છે. આજ સેવાના અર્થમાં 'સહયોગ' શબ્દ વપરાતો થયો છે. પરંતુ 'સહયોગ' અને 'સેવા'માં ઘણું અંતર છે. 'સહયોગ'માં વિનિમયની ભાવના રહે છે. જ્યારે સેવામાં 'સમર્પણ'ની ભાવના હોય છે. 'સહયોગ'માં એકલાપણાનો ભાવ સમાયેલો છે. જ્યારે 'સેવા'માં ન્રમતા સિવાય બીજી કોઇ ભાવના હોતી નથી તે વિવેક ઉપર આશ્રિત છે. જૈનાગમોમાં સેવાનાં અર્થમાં 'વેયાવડિય' અથવા 'વૈયાવચ્ચ' તે બે શબ્દ પ્રયુક્ત થયેલ છે. જેનું સંસ્કૃત ક્રમશઃ વૈયાવૃત્ય કે વૈયાપૃત્ય છે. 'વૈયાવૃત્ય'નો અર્થ છે જે વ્યક્તિને જે જાતની આવશ્યકતા હોય તેનો તે રીતે ઉચિત સત્કાર કરવો.[૫૬] આજ સંદર્ભમાં કચ્છમાં જૈનોની સેવાપ્રવૃત્તિ ચાલે છે.

## (૧) બિદડા સર્વોદય ટ્રસ્ટ - આરોગ્યધામ :-

ગુજરાતના આ સરહદી અને પછાત જિલ્લામાં વિવિધરોગો ખાસ કરીને આંખ, કાન, નાક, હૃદય, દાંત અને ગળાના રોગો સામે જેહાદ જગાડનાર અને લોકોમાં પોતાની તંદુરસ્તી વિશે જે આળસ અને અજ્ઞાનતા



બિદડા – આરોગ્યધામ

પ્રવતર્તા હતાં તે અંગે જાગૃત્તિ લાવવામાં ખુબજ મહત્વનો ભાગ ભજવનાર 'બિદડા સર્વોદય ટ્રસ્ટ'એ દેશના અગ્રગણ્ય તબીબોની સેવાઓ લઈને અત્યારસુધીમાં અનેરી સિદ્ધિ મેળવી છે. દીન-દુ:ખિયાની સેવાના એકમાત્ર ઉદ્દેશથી ઈ.સ.૧૯૭૨ માં સ્થપાયેલ આ ટ્રસ્ટે ઈ.સ.૧૯૭૫માં પ્રથમ નેત્રદંત યજ્ઞનું આયોજન કર્યું હતું. નાતજાત કે ધર્મના ભેદભાવ વિના આ ટ્રસ્ટનાં કાર્યકરો ગરીબોની સેવાઅર્થે જે કાર્ય કરી રહ્યાં છે તે ખરેખર પ્રશંસનીય છે.[૫૭] જ્યારે સર્વોદય ટ્રસ્ટની પ્રવૃત્તિઓ શરૂ થઇ ત્યારે તેની મુખ્ય જવાબદારી સ્થાનિકે શ્રી જખુભાઇ અને શ્રી કલ્યાણજીભાઇએ સારી રીતે સંભાળી હતી. નેત્ર અને દંતયજ્ઞની સફળતામાં એમનો નોંધપાત્ર ફાળો હતો.[૫૮]

માંડવી - મુન્દ્રા માર્ગ પર જાન્યુ. ઈ.સ.૧૯૮૧માં આ ટ્રસ્ટ દ્વારા આરોગ્યધામ નું ખાતમુહૂર્ત થયું અને માત્ર ત્રણવર્ષનાં ટૂંકાગાળામાં તેની કામગીરી પૂર્ણ કરી ફેબ્રુઆરી ૧૯૮૪ માં પ્રજાની સેવામાં અર્પિત થયું. 'આરોગ્યધામ' માં નિયમિત સેવાઓ ઉપરાંત દરવર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરી માસ દરમ્યાન નેત્ર-દંતયજ્ઞ ઉપરાંત વિવિધ રોગ-નિદાન શિબિરોનું વિનામૂલ્યે આયોજન કરવામાં આવે છે. રોગ નિદાન અને સારવાર શિબિરોના આયોજનની વિશિષ્ટતા એ છે કે પ્રથમ તો કચ્છનાં વિવિધ કેન્દ્રો પર પૂર્વ ચકાસણી થાય છે. ત્યારબાદ શિબિરમાં તેની સારવાર માટે ખાસ વ્યવસ્થા થાય છે. અને આવશ્યકતા હોય તો સંસ્થા દ્વારા સંપૂર્ણ ખર્ચ આપીને દર્દીને મુંબઇ સારવાર માટે પણ મોકલવામાં આવે છે. અહીં ડૉક્ટરો દેશ વિદેશમાંથી સેવા આપવા આવે છે. અને દાતાઓ પણ દાનનો પ્રવાહ વહેવડાવી સંસ્થાને પ્રોત્સાહન આપે છે.[૫૯]

જ્યારે બિદડા સર્વોદય ટ્રસ્ટ આરોગ્યધામમાં ૧૪ ફેબ્રુ.૧૯૮૫ ના રોજ


કેમ્પનું આયોજન કરવામાં આવ્યું ત્યારે વિદેશી ડૉક્ટરોએ પણ સેવા આપી હતી. તેઓ આ ટ્રસ્ટના આયોજન અને નિઃસ્વાર્થ સેવા પ્રવૃત્તિથી પ્રભાવિત થઇને પ્રશંસારૂપે મંતવ્યો આપ્યાં હતા. જેમાં મુખ્યત્વે - લંડનથી ડૉ. માર્ક બ્રેઇન બ્રીજ આવેલાં તેમણે કહ્યું કે, ''વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના સભ્ય તરીકે (યુનોના) જમૈકા, કુવૈત વગેરે અનેક દેશોની મેં મુલાકાત લીધી છે, પણ બિદડા જેવું આયોજન મેં ક્યાંય જોયું નથી.''

જ્યારે જાપાનના ડૉ. ઇનોનીએ સેવાપ્રવૃત્તિને બિરદાવતા કહ્યું હતું કે, ''ભારત અને જાપાન એશિયાના બંધુ દેશો છે. વિશ્વશાંતિમાં આ દેશો પોતાનો ફાળો આપે તેમ હું ઇચ્છું છું.'' અને જર્મનીના ડૉ. હેનબેકરે કહ્યું હતું કે, અમારા ધનાઢ્ય દેશમાંથી અમારા એક પ્રતિનિધિને ત્રણ મહિના માટે બિદડા મોકલવા હું તૈયાર છું.[૬૦]

હવે તો આ સર્વોદય હોસ્પીટલે વિશાળ વડલાનુંરૂપ ધારણ કરી લીધું છે. નેત્ર વિભાગ, દંતવિભાગ, ગાયનેક, ઓર્થોપેડિક, રિહેબિલીટેશન સેન્ટર, કુદરતી ઉપચાર જેવા સારવાર કેન્દ્રો એકજ છત્ર નીચે આવા ગામડામાં ચાલતા હોય એ દૃશ્ય જ રોમાંચકારી બની રહે.

બિદડા આરોગ્યધામની પ્રખ્યાતી માત્ર કચ્છ પુરતી સિમિત ન રહેતાં દેશવિદેશમાં પણ ફેલાઇ છે. જે કચ્છ માટે ગૌરવરૂપ ગણાય.

## (૨) મેઘજી સોજપાલ જૈનઆશ્રમ - માંડવી :-



મેઘજી સોજપાલ જૈનઆશ્રમ

જૈન સમાજનાં અપંગ, વયોવૃદ્ધ અને નિરાધારભાઇ બહેનો માટે ઉતરાવસ્થા શાંતિમય, ધર્મમય બને એ માટે આ આશ્રમ ઉત્તમ વાતાવરણ પૂરું પાડે છે. આ આશ્રમની સ્થાપના ઇ.સ.૧૯૪૮ માં થઇ. જેની પ્રેરણા મુનિ શ્રી શુભવિજયજીએ આપી. તેમણે પોતાના વિહાર

દરમ્યાન અશક્ત અને નિરાધાર ભાઈબહેનોની હાલત જોઈને, તેમની તકલીફો દૂર કરવા આ આશ્રમ સ્થાપવા વિચાર્યું. તેમના આ વિચારથી પ્રેરાઈ શ્રી મેઘજીભાઈ સોજપાલે આ કાર્યને ઉપાડી લીધું. આ માટે માંડવી-ભુજ ના માર્ગ પર નાગજી અમરશીની વાડી મળી અને મકાન પણ મળ્યું તેથી આશ્રમનો પ્રારંભ થયો. આ આશ્રમમાં એક દહેરાસરનું પણ નિર્માણ કર્યું. જેમાં શ્રી શાંતિનાથ પ્રભુ બિરાજમાન છે. સાથે ધાર્મિકહોલ પણ બનાવ્યો છે. આ ઉપરાંત અતિથિગૃહ, ભોજનશાળા, તબીબી સારવાર ખંડ, તાત્કાલિક સારવારખંડ, ટી.વી.રૂમ વગેરે સવલતો ઉપલબ્ધ છે. અહીં અસ્વસ્થ, પરાધીન, મંદબુદ્ધિ અને માનસિક નબળા લોકો માટે નિવાસની તેમજ સંભાળની અલગ વ્યવસ્થા પણ છે. સામાન્ય તબીબી સારવાર તેમજ માનસિક રોગીઓની સારવાર માટે ડૉક્ટરો સમયાંતરે મુલાકાત લે છે.[૬૧]

## (૩) 'જીવદયા'ની સાર્થકતા - પાંજરાપોળ :-

નિરાધાર અને નિઃસહાય, અશક્ત અને અપંગ પશુપંખીઓની જ્યાં પ્રેમભરી માવજત કરવામાં આવે છે. તે સંસ્થાને 'પાંજરાપોળ' કહે છે. અહીં પશુઓને ઘાસચારો નીરવામાં આવે છે. પંખીઓને ચણ નાખવામાં આવે છે. બિમાર પશુ-પંખીઓની તબીબી સારવાર પણ કરવામાં આવે છે. કસાઈવાડે લઈ જવાતા પશુઓને છોડાવીને તેમને પાંજરાપોળમાં રાખવામાં અને સાચવવામાં આવે છે.

પાંજરાપોળ શબ્દ મૂળ 'પાંગળાપોળ' નું અપભ્રંશ સ્વરૂપ છે. તેમાં 'પાંગળા' શબ્દ જ સ્વયમ્ સ્પષ્ટ છે. પાંગળા એટલે અશક્ત કે ત્યક્ત જાનવરોનું આશ્રયસ્થાન એટલે પાંગળાપોળ. સમગ્રતયા અર્થમાં જોઈએ તો ખેડૂત કે પશુપાલક જેનો નિભાવ ન કરી શકે, જેમાંથી તેને વળતર ન મળે એવા જાનવરો સાચવવાની ઓચિંતી જવાબદારી ઉપાડી લે તે પાંગળાપોળ કે પાંજરાપોળ.[૬૨]

સ્થાનિક સંઘો તેમજ જીવદયા મંડળી જેવી સંસ્થાઓ આવી પાંજરાપોળનું સંચાલન કરે છે. દુષ્કાળ અને પૂર જેવા કુદરતી આફતોના પ્રસંગે આ પાંજરાપોળો પશુ-પંખીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. એવાં કરુણપ્રસંગે પાંજરાપોળો ખાસ અને વિશિષ્ટ વ્યવસ્થા કરે છે.[૬૩]

કચ્છમાં મોટાભાગની પાંજરાપોળોમાં કચ્છનાં સમસ્ત જૈનોનું ઉમદા

યોગદાન રહેલું છે. કચ્છમાં 'પાંજરાપોળ' પ્રવૃત્તિના અડીખમ અગ્રણી તરીકે શ્રી ઝુમખલાલ લક્ષ્મીચંદ મહેતા (માંડવી)નું અદ્વિતીય સ્થાન છે. તેમનાં નેતૃત્વ હેઠળ કચ્છની પશુપાલક સંસ્થાઓને સાંકળતું 'અખિલ કચ્છ પાંજરાપોળ અને ગૌશાળા ફેડરેશન' નામનું સંગઠન રચાયું છે. ઉપરાંત 'કાપાર્ટ' પાસેથી આર્થિક મદદ મેળવવામાં પણ સફળતા મેળવી છે. સમગ્ર ગુજરાતની પાંજરાપોળમાંથી ત્રીજાભાગની પાંજરાપોળો માત્ર કચ્છમાં આવેલી છે. કચ્છમાં સૌથી જૂની પાંજરાપોળ તરીકેનું ગૌરવ 'અંજાર પાંજરાપોળ' (૧૭૫૬) ધરાવે છે. જ્યારે સૌથી નવી પાંજરાપોળ મુન્દ્રા તાલુકાની 'છસરા પાંજરાપોળ' (૧૯૯૪) છે. ભારતના વડાપ્રધાને કોઇ પાંજરાપોળની મુલાકાત લીધી હોય તેવી કચ્છમાં સંભવતઃ એકમાત્ર 'માંડવી પાંજરાપોળ' છે. જ્યાં પંડિતનેહરૂ ઇ.સ.૧૯૫૨માં પધાર્યા હતાં. ત્યારબાદ શ્રીમતી ઇન્દિરાગાંધીએ ઇ.સ.૧૯૫૯માં માંડવી અને મુન્દ્રા પાંજરાપોળની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીયસ્તરની 'કાપાર્ટ' સંસ્થા તરફથી ઇ.સ.૧૯૮૭માં મદદ મેળવનાર 'માંડવી પાંજરાપોળ' કચ્છમાં પ્રથમ હતી, તો એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી ઇ.સ.૧૯૯૪ માં રાષ્ટ્રપતિના હસ્તે પુરસ્કાર મેળવનાર 'બિદડા પાંજરાપોળ' આવી એકમાત્ર સંસ્થા છે. કચ્છની સર્વે પાંજરાપોળોમાં ફક્ત મુન્દ્રા અને રાપરની પાંજરાપોળો અને સાથે પ્રવાસીઓ માટે ઉતરવાની વ્યવસ્થા છે. જ્યારે નારાયણ સરોવર અને લુણી એ બે પાંજરાપોળોમાં પોતાનું પશુ-પક્ષી સારવાર દવાખાનું પણ સામેલ છે. વિશેષરૂપે મુન્દ્રા તાલુકાના પ્રાગપર રોડ પર આવેલ અહિંસાધામ પણ ઉલ્લેખનીય છે. ત્યાં જાનવરોનાં ઓપરેશન કરીને જરૂર પડે તો ત્યાં નવા પગ પણ બેસાડવામાં આવે છે.

કચ્છમાં જખૌ, તેરા, નલિયા, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, અધોઇ, ભચાઉ, મનફરા, લાકડિયા, ભુજ, માધાપર, દુર્ગાપુર, બિદડા, માંડવી, ગુંદાલા, છસરા, ભુજપુર, મુન્દ્રા, રતાડિયા, લુણી, વડાલા, આડેસર, નીલપર, મોમાયમોરા, રવેચી, રાપર, લીલપુર, વરણું, નારાયણસરોવર વગેરે સ્થળોએ પાંજરાપોળ આવેલી છે.[૬૪] કચ્છમાં પાંજરાપોળની જેમજ 'જીવદયા' શબ્દાર્થના ભાગરૂપે ગામેગામ ઉભેલા ચબુતરાના પાયામાં પણ જૈનો મુખ્ય છે. નોંધનીય છે કે ભુજની ભીડ બજારના ભીડ ચોકમાં આવેલ કલા સભર વિશાળ ચબુતરો તેની ગવાહી પુરતો ઉભો હતો. ૨૦૦૧ ના ધરતીકંપમાં તે ધ્વસ્ત થઇ ગયેલ છે. 'વલોકચ્છડો' માર્ચ-જુલાઇ-૨૦૦૫, પૃ-૨૧ અને કચ્છ તારી અસ્મિતા પૃ.૨૯૯ માં નોંધ્યા મુજબ આ ચબુતરો માંડવીના વણિક માઉ દેવજી ખોડીદાસે



**શ્રી ધનજીભાઈ મોરબીયા**

વિ.સ.૧૯૫૨ (ઇ.સ.૧૮૯૬) ના પ્રથમ જેઠ વદ ૧૧ અને રવિવારના બંધાવ્યાની માહિતી ચબુતરાના લેખ પરથી મળે છે.

'જીવદયા'ની સાર્થકતામાં દેશલપર (રાપર) ના ધર્મવીર શ્રી ધનજીભાઇ મોરબીયાનું સ્થાન પણ વિશિષ્ટ છે. તેના વિશે ખારોઇના શ્રી ગોવર્ધન હાજા નીસરે જે બનાવની નોંધ કરી છે. તે મુજબ :- સંવત ૧૯૬૩ (ઇ.સ.૧૯૦૭) માં ડીસાના કસાઇઓ કચ્છ અને વાગડમાંથી કસાઇખાના માટે ઘેટાં ખરીદતાં. દેશલપરના મહાજનની નજરે તે પડ્યા. તેમને રણપાર કરતાં શ્રી ધનજીભાઇ મોરબીયા તથા જગશી ભાભેરાએ અટકાવ્યા. લઇ જનારાના મત પ્રમાણે તે અંગ્રેજોના લશ્કર માટે લઇ જવાતાં હતાં તેથી આ બાબત વધારે ઉગ્ર બની. દેશલપરના મહાજને તે ઘેટાં અંજાર પાંજરાપોળ પહોંચાડી દીધા. તેથી શ્રી ધનજીભાઇને બેડી પહેરાવી રાપર ફોજદારે કેસ કર્યો. અંજાર મહાજનના તે સમયનાં નગરશેઠ જસરાજ ભવાનજી વગેરે ભુજમાં મહારાવશ્રી ખેંગારજી (ખેંગારજી - ત્રીજા - ૧૮૭૬-૧૯૪૨) ને મળી. પાંજરાપોળ મહારાવ થકી ચાલે છે. તેવી રજૂઆત કરી. મહારાવે તેમાં સહાનુભૂતિ બતાવી અને ૨૭ હજાર કોરી ઘેટાંના બદલે આપવાનું ઠરાવ્યું. આમ પોતાના જીવના જોખમે જીવદયા ધર્મ બજાવી હથિયારથી સજ્જ થઇ કસાઇઓ સાથે સામનો કરી. ઘેટા માલ કબ્જે કરી શ્રી ધનજીભાઇએ સ્વધર્મ પાલન કર્યું. અન્ય મહાજનોએ પણ સંપ દાખવતાં રાજ્ય પર પડઘો પડ્યો. તેમના આ સુસ્મરણીય બનાવની યાદ તથા શ્રી ધનજીભાઇનું સ્મરણ સાદર છે.[૬૫]

એજ રીતે કચ્છના ગીતા રાંભિયા પ્રાણીરક્ષાના ધ્યેયને ખાતર અમદાવાદ ખાતે શહીદ થયા એ તાજેતરની ઘટના પણ જીવદયાની ભાવના કેટલી ઊંડી ઉતરી છે તેની સાક્ષી પૂરે છે.

ઉલ્લેખનીય છે કે જૈન અને જૈનેતર સમાજના ભેદ વગર, સામાજિક સુધારણા અર્થે અને જીવહિંસા થતી અટકે સેવા ઉદ્દેશ સાથે ભુજમાં શ્રી રાયચંદ લાલા દિવાળીના દિવસોમાં પ્રભાતફેરી કાઢતાને તેમાં ફટાકડાંનો બહિષ્કાર કરવાના સૂત્રો પોકારતા. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થાય તેવી ભેટો પણ તેમને આપતા.

## (૪) દિનોદ્ધાર માનવ કલ્યાણ ટ્રસ્ટ - ભુજ :-

તા. ૧૭-૨-૧૯૭૪ થી અસ્તિત્વમાં આવેલ આ ટ્રસ્ટે સમાજમાં સ્થાન મેળવ્યું છે. આ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદોને અનાજ, કપડાં, ભોજન, દર્દીઓને દવા, ફળ વિતરણ તો વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, પુસ્તક, નોટ, વગેરેની સહાય અપાય છે. પશુઓને રોટલા અને માછલીને પણ ખોરાક અપાય છે. અરે કીડીઓ પણ કણ પામવામાંથી બાકાત ન રહે. ટ્રસ્ટના કાર્ડધારકોને મહિનામાં એક વખત જરૂરી અનાજ અને ખાદ્યસામગ્રી અપાય છે. જોધપુરની સંસ્થા સાથે સંપર્કમાં આવી આ સંસ્થા દ્વારા કૃત્રિમ હાથ-પગ નંખાવી આપવાની વ્યવસ્થા પણ ટ્રસ્ટ ગોઠવે છે. વિવિધ વ્યવસાય અને ક્ષેત્રના લોકોનો નિયમિત સંપર્ક કરી શક્તિ અનુસાર રકમ મેળવાય છે. આ ઉપરાંત અન્ય દાતાઓ પણ સહાયભૂત થાય છે.[૬૬]

આમ કચ્છમાં જૈનધર્મનો પ્રસાર કરવામાં શ્રેષ્ઠીઓનો ઉદાર દાનપ્રવાહ અને પ્રજાકલ્યાણની નીતિ. સફળ પુરવાર થઇ છે.

## પાદનોંધ :-

૧. દેવલુક નંદલાલ બી. - જૈન પ્રતિભા દર્શન : શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર, ૧૪-૫-૨૦૦૦, પૃ.૩૯૧

૨. શ્રી કારાણી દુલેરાય - કચ્છ કલાધર, ભાગ-૨, ૧૯૮૮, પૃ.૧૪૮-૧૫૨

૩. ડૉ.શર્મા ગોવર્ધન - ડૉ. મહેતા ભાવના : કચ્છના જ્યોતિર્ધરો, જ્ઞાનલોક પ્રકાશન, ગાંધીનગર, ૧૯૮૯, પૃ. ૩૧-૩૬

૪. ઉપર્યુક્ત - જૈન પ્રતિભા દર્શન, પૃ.૧૮૫

૫. એજન.

૬. ઉપર્યુક્ત - કચ્છના જ્યોતિર્ધરો, પૃ.૩૧-૩૬

૭. ઉપર્યુક્ત - જૈન પ્રતિભા દર્શન, પૃ.૧૮૫

૮. ઉપર્યુક્ત - કચ્છના જ્યોતિર્ધરો, પૃ.૩૧-૩૬

૯. ઉપર્યુક્ત - કચ્છ કલાધર ભાગ-૨, પૃ.૧૪૮-૧૫૨

૧૦. ઉપર્યુક્ત - જૈન પ્રતિભાદર્શન, પૃ.૧૮૫

૧૧. એજન. પૃ.૬૧૬

૧૨. એજન. પૃ.૪૩૮

૧૩. એજન. પૃ. ૧૮૫

૧૪. ઉપર્યુક્ત - કચ્છના જ્યોતિર્ધરો, પૃ.૩૮

૧૫. મુનિશ્રી વિદ્યાવિજયજી - મારી કચ્છયાત્રા, ઇ.સ.૧૯૪૨, પૃ.૧૮૩

૧૬. ઉપર્યુક્ત - જૈન પ્રતિભા દર્શન, પૃ.૧૪૩-૧૪૪

૧૭. એજન. પૃ. ૬૭૬

૧૮. એજન.

૧૯. એજન.
૨૦. એજન. પૃ.૯૬૫
૨૧. એજન. પૃ. ૬૭૯
૨૨. એજન. પૃ. ૬૭૬-૬૭૭
૨૩. એજન. પૃ. ૬૭૮
૨૪. મહારાવશ્રી વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય, ભુજ-સ્મરણિકા, તા.૭-૮-૧૯૯૪
૨૫. કચ્છ તારી અસ્મિતા - કચ્છમિત્ર વિશેષ પ્રકાશન, ૧૯૯૭, પૃ.૨૫૨
૨૬. શિવજી દેવસિંહ મઢડાવાલા - કચ્છ કોડાયની કલ્પલત્તા, શિવસદન ગ્રંથમાળા કાર્યાલય - મઢડા (સૌરાષ્ટ્ર), ઇ.સ.૧૯૫૩, પૃ.૬
૨૭. એજન. પૃ.૧૫-૧૭
૨૮. એજન. પૃ.૧૮
૨૯. એજન. પૃ. ૨૩-૨૫
૩૦. એજન. પૃ. ૨૪-૩૧
૩૧. એજન. પૃ.૩૨
૩૨. એજન. પૃ. ૩૮-૪૨
૩૩. બિદડા એજ્યુકેશન સોસાયટી - બિદડા ગૌરવગાથા, ૧૯૮૭,
(નોંધ :- આ પુસ્તકમાં પૃ.નંબર નથી આપ્યાં)
૩૪. એજન.
૩૫. સંપાદક :- ગડા વિનોદ ખીમજી - દેઢિયા રમેશ રતનશી - દેઢિયા ગુલાબ રવજી : ક.વિ.ઓ.શ્રી નાનીખાખર, કીર્તિસ્તંભ, ૧૯૭૫/૭૬, શ્રી કચ્છ નાનીખાખર વિ.ઓ. જૈન મહાજન. (આ પુસ્તકમાં પૃ.નંબર નથી)
૩૬. 'કપાયા - ભાતીગળ ઇતિહાસ' - કપાયા જૈન સેવા સમાજ અને જૈન મહાજન, જવાહર પ્રિન્ટરી - મુંબઇ. (નોંધ :- સાલ કે પૃ. નંબર નથી.)
૩૭. અનવર આગેવાન - છેડા દેવચંદ : પરમાર્થી જીવ-ખીમજી માડણ ભુજપુરીઆનું પ્રેરક જીવન, શ્રી ભાણબાઇ નેણશી મહિલા વિદ્યાલય સંચાલિત સન્માન સમિતિ, મુંબઇ, ૨૫-૧૧-૧૯૭૮, પૃ.૬૩-૬૯
૩૮. એજન. પૃ.૧૦૮-૧૧૦
૩૯. એજન. પૃ.૧૧૧
૪૦. એજન. પૃ.૧૭૫-૧૭૬
૪૧. એજન. પૃ. ૧૮૦-૧૮૧
૪૨. એજન. પૃ. ૧૮૨-૧૮૪
૪૩. દેવલુક નંદલાલ બી. - જૈન રત્ન ચિંતામણિ - સર્વસંગ્રહ ગ્રંથ, ભાગ-૨, શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર, નવે.૧૯૮૫, પૃ. ૧૮૨
૪૪. એજન. પૃ. ૧૮૨-૧૮૩
૪૫. એજન. પૃ. ૧૮૩
૪૬. એજન.
૪૭. એજન.
૪૮. મુનિશ્રી કલ્યાણચંદ્રજી - મારા સાધુ જીવનનાં સંસ્મરણો, સંપાદક :- દુલેરાય કારાણી,

જયંત કોઠારી, શ્રીમદ આચાર્ય વ્રજપાલજી સ્વામી સ્મારક શાસ્ત્રમાળા, પત્રી(કચ્છ), ઓક્ટો. ૧૯૮૪, પૃ. ૧૮૮-૧૮૯

૪૯. કચ્છ રચના - ૧૯૯૬, પૃ. ૧૨૩

૫૦. શ્રી બિદડા એજ્યુકેશન સોસાયટી દ્વારા અપાયેલ સન્માનપત્રમાંથી મુંબઈ. તા. ૨૧-૧૨-૨૦૦૩

૫૧. 'જન્મભૂમિ' - પ્રવાસી તા. ૧૬-૧૧-૨૦૦૩ રવિવાર

૫૨. શ્રી વિસા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ-ભુજ-સ્મરણિકા, ૧૨-૫-૧૯૮૬, પૃ.૯

૫૩. એજન. પૃ.૫૯-૬૧

૫૪. એજન. પૃ. ૪૭

૫૫. એજન. પૃ. ૬૧

૫૬. શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી - ધર્મ અને દર્શન, શ્રી સુધર્માજ્ઞાન મંદિર - ૧૭૦ કાંદાવાડી, મુંબઈ - ૪, ૧૯૭૧, પૃ. ૧૭૧-૧૭૨

૫૭. શ્રી યાજ્ઞિક અમૃતલાલ - સમાજસેવાના પ્રેરક પ્રસંગો, કચ્છી વ્યાપારી મંડળ, મુંબઈ - ૫૪, ઈ.સ.૧૯૮૫, પ્રકરણ - ૬, પૃ. ૩૮-૩૯

૫૮. ઉપર્યુક્ત - બિદડા - ગૌરવગાથા

૫૯. ઉપર્યુક્ત - કચ્છ તારી અસ્મિતા, પૃ.૯૧

૬૦. ઉપર્યુક્ત - સમાજ સેવાના પ્રેરક પ્રસંગો, પ્રક-૫, પૃ. ૩૪-૩૫

૬૧. ઉપર્યુક્ત - કચ્છ તારી અસ્મિતા, પૃ. ૯૭

૬૨. એજન. પૃ. ૯૯

૬૩. શ્રી ભદ્રબાહુ વિજય - જૈનધર્મ, શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, મહેસાણા, ઈ.સ.૧૯૮૭, પૃ. ૯૫

૬૪. ઉપર્યુક્ત - કચ્છ તારી અસ્મિતા, પૃ. ૯૯-૧૦૦

૬૫. શ્રી અંતાણી ક્રાંતિપ્રસાદ ચં. - સંપાદક શ્રી ધોળકિયા હરેશ : કચ્છ પરિચય પ્રકાશન, પુસ્તક - ૫, ૩૦-૬-૧૯૮૨, ભુજ (રાપર તાલુકો), (પ્રથમ પૃષ્ઠ - વિશિષ્ટ નોંધમાંથી)

૬૬. ઉપર્યુકત - કચ્છ તારી અસ્મિતા, પૃ. ૯૬-૯૭

## ૬. કચ્છમાં આઝાદીની લડત અંતર્ગત જૈનોનો ફાળો

### જૈન મુનિઓનો ફાળો :-

ઈ.સ. ૧૯૨૦-૨૫ દરમ્યાન ગાંધીજીની સત્યાગ્રહની લડતે આખા દેશને આઝાદીની તમન્નાના રંગે રંગી દીધો હતો. ત્યારે કચ્છમાં જૈન મુનિ શ્રી કલ્યાણચંદ્રજી પણ એનાથી મુક્ત રહી શક્યા નહીં. એ વખતે એમના દાદા ગુરુશ્રી વ્રજપાલજી સ્વામી ક્ષીણ જંઘાબળને કારણે મુન્દ્રામાં સ્થિરવાસ હતાં. એમની સેવામાં શ્રી કલ્યાણચંદ્રજી ખડેપગે રહેતા. પણ તક મળતાં જ હરિજનવાસમાં નીકળી પડતાં, ખાદીનો પ્રચાર કરતા, રેંટિયો તો એ નિયમિત રીતે કાંતતા અને ખાંડના મિષ્ટાનનો પણ એમણે ત્યાગ કર્યો હતો. મુન્દ્રાના જૈનસંઘના કેટલાક શ્રાવકોને કલ્યાણચંદ્રજીની આ પ્રવૃત્તિ ગમતી નહીં. એ વ્રજપાલજી સ્વામી પાસે ફરિયાદ કરતા, ''પૂજ્ય સાહેબ, કલ્યાણચંદ્રજી મહારાજ તો હરિજનવાસમાં જાય છે. રેંટિયો કાંતે છે.'' પૂજ્ય મહારાજ કહેતા, ''શું કરું,ભાઈ ? મારું શરીર ચાલતું નથી, નહિં તો હું પણ એમજ કરું.''[૧] સ્વાભાવિક છે કે 'ધર્મ'ની ઉત્કૃષ્ટ ભાવનાને કારણે જ શ્રી વ્રજપાલજી સ્વામી અને શ્રી કલ્યાણચંદ્રજીએ આઝાદીની લડતને અને ખાસ તો 'સત્યાગ્રહ' ની લડતને એક ધર્મ ના સ્વરૂપે સ્વીકારી રાષ્ટ્ર તરફની પોતાની ફરજ નિભાવી હતી.

મુન્દ્રામાં એ વખતે શેઠ પુરુષોત્તમ મૂળજી, વાઘજીભાઈ સોલંકી, વલ્લભદાસ મહેતા વગેરે કિશોરો ગાંધીજી પાછળ ઘેલા બની આઝાદીની ચળવળમાં ભાગ લેતાં હતાં તે ખાદી પ્રચાર માટે ખાદીના તાકા ખભે ચડાવીને મહારાજશ્રી સાથે ગામેગામ ઘુમતા. શ્રી પુરુષોતમ શેઠના નાનાભાઈ શ્રી તુલસીદાસભાઈ જેમણે સરકારી કામગીરી ને રાજકારણમાંથી નિવૃત્ત થઈને કચ્છમાં કેળવણીના પ્રચારમાં પોતાનો ફાળો આપ્યો. અંજારના શ્રી કાંતીપ્રસાદ અંતાણી, નાનાલાલ ઉપાધ્યાય, જમનાદાસ ગાંધી, ડૉક્ટર લતીફ, કેરાના કવિ મહમદ હાસમ 'ચમન' વગેરે દેશસેવકો કચ્છની જનતાને જાગૃત કરવા મથી રહ્યા હતાં. તેમને પણ શ્રી કલ્યાણચંદ્રજીનો પુરો સહકાર મળતો હતો.

મુન્દ્રામાં એક હરિજનશાળા ખોલવાનો વિચાર શ્રી કલ્યાણચંદ્રજી

મહારાજના અંતરમાં રાતદિવસ રમી રહ્યો હતો. એવામાં એક દિવસ એમને કાને વાત આવી કે મુન્દ્રામાં એક વખત 'ઇભીવછેરા' ના તોછડા નામે ઓળખાતો ખોજા જ્ઞાતિનો એક તોફાની છોકરો મુંબઇ જઇને જાતમહેનતથી મોટો શેઠ બની ગયો છે. એ શેઠ ઇબ્રાહીમ પ્રધાન હમણાં જ મુંબઇથી આવેલ છે. મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ તક ઝડપી લીધી. એક દિવસ હાથમાં પાત્રા લઇ એ નવી શેરીમાં રહેતાં ઇબ્રાહીમપ્રધાનને બંગલે પહોંચી ગયાં એક જૈનસાધુને આવી ચડેલા જોઇ શેઠે કહ્યું, ''મહારાજ, તમે ભૂલી ગયા લાગો છો વાણિયાનાં ઘર તો બાજુમાં છે. અમે તો ખોજા છીએ.'' 'પણ હું તો તમારે ત્યાં જ વહોરવા આવ્યો છું.' આમ કહીને મુનિ કલ્યાણચંદ્રજીએ હરિજનશાળા માટે ૧૧ હજાર રૂપિયા માંગ્યા. આમ ઇબ્રાહીમ શેઠના સહકારથી મુન્દ્રામાં હરિજનશાળા ચાલુ થઇ ગઇ.[૨] નોંધનીય છે કે આ શાળાની મુલાકાત ગાંધીજીએ કચ્છપ્રવાસ સમયે લીધી હતી.

ઇ.સ. ૧૯૨૫માં કાઠિયાવાડ રાજકીય પરિષદના કાર્યકર્તાઓએ પરિષદ ભાવનગર ભરવાનું નક્કી કરેલ. એ વખતે કચ્છના ચાર કાર્યકર્તાઓ ગાંધીજીને કચ્છ પધારવાનું આમંત્રણ આપેલ. એ વખતે શ્રી કલ્યાણચંદ્રજીએ કચ્છના કાર્યકર્તાઓને કહ્યું હતું કે, ''બાપુજીને કચ્છ આવવાનું આમંત્રણ તો ભલે આપ્યું પરંતુ બાપુજીના આગમન પહેલાં કચ્છમાં ખૂબ પ્રચાર કરવાની જરૂર છે. કચ્છની પરિસ્થિતિ જોતાં જો પુરતો પ્રચાર નહીં થાય તો બાપુજીના મનને દુઃખ થશે. કચ્છના પ્રવાસમાં એમને દરેક રીતે સંતોષ થાય એ આપણે ખાસ જોવાનું છે.'' આ પરિષદનાં કાર્યક્રમમાં બાપા શ્રી ચારિત્રવિજયજી અને શ્રી કલ્યાણચંદ્રજી મહારાજે હાજરી આપી હતી. ત્યારપછી આસોમાસની અધવચ્ચે શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ પર ગાંધીજીનો પત્ર આવ્યો હતો. જેમાં જણાવેલું કે ''હું દિવાળી પછી તરતમાં જ કચ્છ જવાનો છું.'' પ્રત્યુત્તરમાં શ્રી કલ્યાણચંદ્રજીએ બાપુજીને જણાવેલું કે મારાથી ત્યાં (કચ્છમાં) આવી શકાશે નહીં પરંતુ આપ મુન્દ્રા પધારો ત્યારે મારા દાદાગુરુ જેઓ વૃદ્ધાવસ્થાના કારણે હાલ ત્યાં સ્થિરવાસ છે. તેમને મળવા પ્રબંધ કરશો.[૩]

ગાંધીજીના કચ્છપ્રવાસ સમયે શ્રી કલ્યાણચંદ્રજીએ કચ્છમાં શ્રી દેવચન્દ્રજી સ્વામીને મુન્દ્રા પત્ર દ્વારા વ્યવસ્થા કરવા જણાવેલ અને જ્યારે ગાંધીજી મુન્દ્રા પધાર્યા ત્યારે વ્રજપાલજી સ્વામીને તેઓ મળ્યાં હતાં અને પ્રશ્ન પૂછ્યો હતો કે 'સ્વદયા તે શું અને પરદયા તે શું ?' તેના પ્રત્યુત્તરમાં શ્રી

વ્રજપાલજી સ્વામીએ જણાવ્યું હતું કે "સ્વદયા એટલે આત્મદયા. આત્મદયાના ચાહકે પ્રથમ રાગ અને દ્વેષથી પર થવા માટે સદા જાગૃત રહેવું જોઈએ. પાંચ પ્રમાદ, ચાર કષાય અને પાંચ વિષયથી નિવૃત્ત થવું જોઈએ. જીવન અને મરણ જેને સમાન હોય, શત્રુ તેમજ મિત્ર પ્રત્યે જેને સમદૃષ્ટિ હોય, માન-અપમાન વચ્ચે જેને ભેદ ન હોય અને છેવટે ભવભ્રમણ અને મોક્ષ પ્રત્યે પણ જેને સમાનભાવ હોય તે જ સ્વદયાનો આરાધક થઈ શકે જે સ્વદયાના સ્વરૂપને સમજી તેનું પાલન કરે છે. તેને કોઈપણ પ્રવૃત્તિમાં પાપ કે પુણ્યનો બંધ થતો નથી. સદાય સ્વ સ્વરૂપમાં સ્થિરતા તેનું જ નામ સાચી સ્વદયા.

પરદયા તો ઓછ-વધતા પ્રમાણમાં દરેકજણ કરે છે. કોઈને દુઃખી દેખી તેને દુઃખ મુક્ત કરવા પ્રયત્ન કરવો, મન-વચન-કર્મથી કોઈને દુઃખ ન આપવું એવી ભાવના સાથે અંતરમાં અન્ય પ્રત્યે જે દયાવૃત્તિ હોવી તેનું નામ પરદયા."[૪]

શ્રી વ્રજપાલજી સ્વામીના ઉત્તરથી પોતાની પ્રસન્નતા વ્યક્ત કર્યા પછી ગાંધીજીએ જણાવ્યું કે, "આજકાલ સ્વદયાનું સ્વરૂપ સમજનાર અને એને આચરણમાં મૂકનાર કોઈ વિરલ પુરષ જ હશે. કારણકે બાહ્યદયા પણ સમજણપૂર્વક પાળનારા ઘણા ઓછા જોવામાં આવે છે. બાકી તો બધા સ્થૂલ દયાનેજ દયા માનનારા છે."[૫]

અંતમાં વ્રજપાલજી સ્વામીએ ગાંધીજીને દયા અને અહિંસાનાં ઉપકરણ તરીકે પ્રસિદ્ધ એવો એક ગુચ્છો ગાંધીજીને ભેટ આપ્યો હતો. જે ગુચ્છો ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં સંભાળપૂર્વક સાચવી રાખેલ. કચ્છની મુલાકાત વિશેના પોતાના વિચારો ગાંધીજીએ તે સમયના 'નવજીવન'માં વિગતપૂર્વક વ્યક્ત કરેલ.[૬]

પંડિત શ્રી સુખલાલજીએ ગાંધીજીનું 'અહિંસા' સંદર્ભે યથાર્થ મૂલ્યાંકન કર્યું છે. જે મુજબ :-

ગાંધીજીનું દૃષ્ટિબિંદુ મહાયાની અને તેમાં 'અહિંસા'નું તત્વ ઉમેરાયું એટલે સ્વાભાવિક રીતે જ તેમનું જીવન લોકકલ્યાણ તરફ વળ્યું અને તેમની આધ્યાત્મિક શુદ્ધિની દૃષ્ટિએ તેમને અનાસક્ત કર્મયોગ સૂઝાડ્યો. તેમનામાં મૂળથી જ અહિંસાના સંસ્કાર ઓતપ્રોત હતા. એટલે તેમણે પોતાની 'અહિંસા' ને પ્રવૃત્તિનાં બધાંજ ક્ષેત્રોમાં વહેતી મૂકી. ગાંધીજીએ જૈન પરંપરાને માન્ય એવી

નિવૃત્તી પક્ષી દેખાતી અહિંસા અપનાવી છે ખરી, પણ તેમણે પોતાના સર્વ કલ્યાણકારી સામાજિક ધ્યેયની સિદ્ધિ અર્થે તે અહિંસાના અર્થનો એટલો બધો વિસ્તાર કર્યો છે કે આજની સ્થિતિમાં ગાંધીજીનો અહિંસાધર્મ એ એક પોતાનો જ અહિંસાધર્મ બની ગયો છે. ગાંધીજીના જીવનમાં જૈનધર્મ એના મૂળ અર્થ કે પારિભાષિક અર્થમાં નથી જ, એ રીતે એમ પણ કહી શકાય કે તેમના જીવનમાં બૌદ્ધ કે બીજા કોઇ ધર્મો તેના સાંપ્રદાયિક અર્થમાં નથી જ અને છતાં તેમનાં જીવનમાં જે જાતનો ધર્મ સક્રિયપણે કામ કરી રહ્યા છે. તેમાં બધાજ સાંપ્રદાયિક ધર્મોનો યોગ્ય રીતે સમન્વય છે.[૭]

આઝાદીની લડતમાં મુનિશ્રી જયવિજયજીનો ફાળો પણ નોંધનીય છે. તા.૧૫-૩-૧૯૨૩ ના રોજ અંજારમાં કાર્યકરોની સભા મળી. તેના ઠરાવ પ્રમાણે કચ્છમાં એક ‘સર્વ સામાન્ય સંસ્થા’ ખોલવી તે અંગે વિચાર કરવા કચ્છના તથા કચ્છ બહારના આગેવાનો અને કાર્યકરોને વર્તમાનપત્ર દ્વારા મુનિશ્રી જયવિજયજી, શ્રી કાંતિપ્રસાદ અંતાણી, શ્રી છગનલાલ ભવાનીશંકર અને શ્રી પોપટલાલ મહેતા એમ ચારની સહીથી આમંત્રણો અપાયા હતાં.[૮]

ત્યારબાદ રાજકીય સ્પષ્ટ હેતુથી સમગ્ર કચ્છીઓની પહેલી સભા મળી હતી. સભામાં ૨૫૦ થી વધુ લોકોની હાજરી હતી. તેમાં ‘કચ્છી પ્રજાસંઘ’ સંસ્થાની જાહેરાત થઇ. તેના કાર્યવાહક તરીકે મુનિ શ્રી જયવિજયજી પ્રમુખ તરીકે રહ્યાં હતાં.[૯]

તા. ૨૩-૭-૧૯૨૩ના રોજ મુન્દ્રામાં જ્યારે મિટિંગ મળી તેના પ્રમુખ તરીકે મુનિશ્રી કલ્યાણચંદ્રજી રહ્યાં હતાં અને અગત્યના પ્રવક્તા તરીકે મુનિશ્રી જયવિજયજી રહેતા. સાથે મંત્રી કાંતિપ્રસાદ રહેતાં હતાં. રાજયને આ રાજકારણનાં જુવાળથી રાજતંત્રમાં ભયગ્રંથી શરૂ થઇ. અંગ્રેજ સરકારે તેમાં પ્રોત્સાહન આપ્યું અને તા. ૨૯-૭-૧૯૨૩ ના પ્રમુખશ્રી જયવિજયજી મહારાજને દેશપાર કર્યા. તેમની સાથે કાંતિપ્રસાદ પણ ગયા અને સૌરાષ્ટ્ર કાર્યાલય રાણપુરમાં આશરો લીધો તે પછી મુનિશ્રીએ રાજકારણમાંથી નિવૃત્તિ લઇ લીધી.[૧૦] આમ કચ્છમાં જૈનમુનિઓએ પણ આઝાદીની લડતમાં રાષ્ટ્રધર્મ સંદર્ભે મહત્વનો ફાળો આપ્યો હતો.


## જૈન શ્રેષ્ઠીઓનો ફાળો :-



શ્રી સાકરચંદ પાનાચંદ

જૈનમુનિઓનો સત્યાગ્રહની લડતમાં જેટલો ફાળો છે તેમ કચ્છના શ્રેષ્ઠીઓનો ફાળો પણ મહત્વનો રહ્યો છે. શ્રી સાકરચંદ પાનાચંદ કચ્છમાં નગરશેઠના હુલામણા નામથી સમગ્ર વિસ્તારમાં જૈન અને જૈનેતરોમાં જાણીતાં હતાં. કચ્છના રાજકીય જીવનના નગરશેઠ મુખ્ય સ્તંભ હતા. કચ્છની સૌપ્રથમ રાજકીય સભા તેમના પ્રમુખપદે જૈન જ્ઞાતિના વંડામાં યોજાઈ હતી. આ સભામાં 'કચ્છી પ્રજા પરિષદ'ની સ્થાપના કરવામાં આવી. ત્યારથી કચ્છમાં આઝાદીની લડતના શ્રી ગણેશ થયા તેમને નગરશેઠનું બીરુદ રાજ્ય તરફથી મળેલ પણ અંગત સ્વાર્થ છોડી રાજવિરુધ્ધ આઝાદીનાં જંગમાં ઝંપલાવ્યું. જવાબદાર રાજતંત્રની લડત અંગેની કચ્છી પ્રજા પરિષદની ઐતિહાસિક ગુપ્ત બેઠકો નગરશેઠના નિવાસ સ્થાને યોજાતી. આવી બેઠકો ક્યારેક આખી આખી રાત ચાલતી હતી. તેમાં જાણીતાં સમાજવાદી નેતા યુસુફમહેરઅલી પણ હાજર રહેતા. ગાંધીજી ભુજ પધાર્યા ત્યારે જૈનજ્ઞાતિના વંડામાં સન્માન કરવામાં આવ્યું હતું. પરંતુ 'મહાદેવભાઈની ડાયરી' પુસ્તકમાં નાગરોની વાડીમાં સન્માન કર્યાનો ઉલ્લેખ છે. અન્ય આધારોમાં પણ નાગરવંડીનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સમારંભના પ્રમુખ સ્થાને નગરશેઠ સાકરચંદ પાનાચંદ હતાં. પાછળથી કચ્છ પ્રજા પરિષદના કાર્યવાહક પ્રમુખ તરીકે રહેલા. કચ્છનાં રાજકીય જીવનનાં પિતામહ ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા તેમના નીકટના મિત્ર હતાં તો કચ્છના પીઢ નેતાઓ વયોવૃદ્ધ કાંતિપ્રસાદ અંતાણી, બિહારીલાલ અંતાણી તેમજ શ્રી રસીકલાલ જોષી સાથે તેમના ઊર્મિશીલ સંબંધો હતા.

કચ્છની અદાલતો નગરશેઠની જુબાની પર ભરોસો રાખી જજમેન્ટ આપતી હતી. સામાજિક ક્ષેત્રે પણ તેમનું પ્રદાન વિશિષ્ટ રહ્યું હતું. એટલું જ નહીં મુસ્લિમો પણ નગરશેઠ પર ભરોસો રાખી મસ્જીદના દસ્તાવેજો તેમને સાચવવા આપી જતાં. આઝાદીની લડત વખતે મહારાવશ્રી ખેંગારજી પણ તેમની ધરપકડ કરવાથી દૂર રહેતા. ભુજ પાંજરાપોળના ઘણા વર્ષો સુધી તેઓ પ્રમુખ હતા. ભદ્રેશ્વરતીર્થના તેઓ આજીવન પ્રમુખ હતા જે નોંધનીય છે. ૬૬ વર્ષની વયે તા. ૧૯-૧-૧૯૫૨ ના રોજ તેમનું અવસાન થયું.[૧૧] પણ ભુજના નગરશેઠ તરીકે



**શ્રી માનસંગ કચરાભાઈ**

કચ્છના ઇતિહાસમાં તેમનું એક નિશ્ચિત સ્થાન બની ગયું છે.

તેવીજ બીજી પ્રતિષ્ઠિત વ્યક્તિ શ્રી માનસંગ કચરાભાઈ હતાં. તેમણે પણ ગાંધીજીની કચ્છયાત્રા સમયે નાગરોની વાડીમાં આવકાર આપી કચ્છની મરુ મરુ થઇ રહેલી ચાંદીની અનુપમ કારીગરીનો અપાર સૌંદર્યવાળો મોટો પંજાબી ઢબનો, બધોજ નક્કર ચાંદીથી બનેલો ચાલુ રેંટિયો કચ્છ તરફથી ભેટ ધર્યો હતો. અને પછી શહેરના નગરશેઠે માનપત્ર વાંચ્યું હતું શ્રી માનસંગ કચરાભાઈએ રૂપિયા ૧૦ હજાર દેશબંધુફંડમાં આપ્યા અને રૂપિયા ૨૫૦૦ ગૌરક્ષા માટે આપ્યાં હતાં.[૧૨] આ ઉપરાંત જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રીમ સેનાનીઓ ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્રબોઝ જ્યારે રંગૂન ગયેલા ત્યારે શ્રી માનસંગ શેઠે તેમનું સ્વાગત કરીને તમામ વ્યવસ્થા સંભાળી હતી.[૧૩]

આઝાદીની લડતમાં શ્રી મોહનલાલ શીવચંદ શાહે પણ ભાગ લીધો હતો. યુસુફ મહેરઅલી સાથે પણ લડત સંદર્ભે કામ કર્યું હતું. કચ્છમાં રાજાશાહી જુલ્મો સામે તેમણે પોતાનો અવાજ બુલંદ કર્યો હતો અને મુંબઇના એક સાપ્તાહિકમાં રાજ્ય વિરુધ્ધ લખાણ કરવા બદલ કચ્છની રાજસત્તાએ તેમની ધરપકડનો વોરંટ પણ કાઢેલ.[૧૪]



**શ્રી કલ્યાણજી ધનજી**

કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામમાં શાહ સોદાગર શેઠ કલ્યાણજી ધનજીનું સ્થાન પણ સુસ્મરણીય છે. તેમનો જન્મ ઇ.સ.૧૯૦૧ માં થયો હતો. નાની ઉંમરે કોડાયથી માંડવી આવી વેપારમાં ઝંપલાવ્યું. તેમાં તેમને સારી સફળતા મેળવી. જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામ સંદર્ભે ઇ.સ.૧૯૨૫ માં ગાંધીજી કચ્છ યાત્રાએ આવ્યા ત્યારે માંડવીમાં સ્વયંસેવક દળના કેપ્ટન તરીકે રહ્યા અને ઇ.સ.૧૯૨૮ થી માંડવી પરિષદમાં અગ્રેસર ભાગ લીધો હતો. કચ્છી વેપારીઓનું અગ્રપદ સંભાળી મહારાવશ્રી ખેંગારજી

સાથે વેપારી અંગેના ડેપ્યુટેશનમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. આમ તેઓ ઈ.સ.૧૯૩૪ ના અરસામાં કચ્છ વેપારી મંડળના પ્રેરક સ્થાપક હતા. ભચાઉ પરિષદના સ્થાનિક કારોબારી સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા તેમજ મુન્દ્રા પરિષદ સમયે શ્રી મહેરઅલીના ખાસ વિશ્વાસુ સાથી રહ્યા હતા. ભુજ પરિષદની કારોબારીમાં પણ ખાસ સ્થાને તેઓ નિયુક્તી પામ્યા હતા. આમ પ્રજા જાગૃતિના જોમને આગળ વધારવામાં તેમણે ગૌરવભેર ભાગ લીધો હતો. વિશેષરૂપે સિધુ રિસેટલમેન્ટ કોર્પોરેશનના પ્રસ્થાપક કચ્છી ડાયરેક્ટર પણ તે હતા અને માંડવી મ્યુનિસીપાલીટીના પ્રથમ પ્રમુખ તરીકે તેઓ ચૂંટાયા હતા.

કચ્છ રાજયે જવાબદાર રાજયતંત્ર અંગેની બંધારણ સમિતિમાં પરિષદના નોમીની રહ્યા હતા. આમ રાજા અને પ્રજાના આગેવાનો વચ્ચે સફળતાપૂર્વક સાંકળ બની સક્રિય ભાગ લીધો હતો. સ્વરાજ્ય મળ્યા પછી 'સી' સ્ટેટનો દરજ્જો મેળવવામાં ચીફ કમિશ્નર પાસે વિશ્વાસુ પ્રજા આગેવાન તરીકે ફરજ બજાવી હતી. વિશેષમાં 'જયકચ્છ' વર્તમાનપત્ર ને મુંબઈથી કચ્છમાં લાવવાનું કાર્ય પણ તેમનું હતું. કચ્છ સ્વતંત્ર ભારત સાથે ભળતાં પરિષદ વિસર્જન અને કોંગ્રેસ સંસ્થામાં સંલગ્ન થવામાં તેનું છેલ્લું અધિવેશન તેમના ગામ કોડાયમાં મળ્યું. તેના તેઓ સ્વાગત પ્રમુખ હતા. નોંધનીય છે કે કચ્છીપ્રજામાં કદાચ પ્રથમ મોટર ભોગવનાર, ફોનથી દુનિયા સાથે વેપારની સાંકળ બાંધનાર પણ તેઓ હતા.[૧૫]

જ્યારે રાષ્ટ્રીયક્ષેત્રે મૂળ માંડવીનાં પ્રા.ખુશાલ ટી.શાહ (કે.ટી.શાહ) નું અર્થશાસ્ત્રી તરીકે મહત્વનું સ્થાન રહ્યું છે. રાષ્ટ્રીય આયોજન બાબતે જવાહરલાલ નહેરુ કે સુભાષચંદ્ર બોઝ પણ તેમની સલાહ લેતા. સ્વાતંત્ર્ય બાદ એકવાર ડૉ. રાજેન્દ્રપ્રસાદ સામે પ્રમુખની ચૂંટણીમાં પણ ઉભેલા.[૧૬] આમ કચ્છ અને કચ્છ બહાર વસતા જૈનોએ પણ આઝાદીની લડતમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. જે નોંધપાત્ર ગણાય. જૈન હોય કે જૈનેતર પણ કચ્છીઓનો વતનપ્રેમ ખરેખર પ્રશંસાને પાત્ર છે.

## જૈન સ્ત્રીઓનો ફાળો :-

આઝાદીની લડતમાં જૈન સ્ત્રીઓ પણ જોડાઈ હતી. કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ યુસુફ મહેરઅલીની આગેવાની હેઠળ જયારે કચ્છને માટે જવાબદાર રાજતંત્ર મેળવવા શરૂ થયેલ આંદોલનમાં દારૂના અડા પર નગરશેઠાણી મણીબેન સાકરચંદ પાનાચંદના નેતૃત્વ નીચે અન્ય બહેનો સાથે

પીકેટીંગ કર્યું હતું. આ માટે કચ્છના પોલીસ અમલદારો સાથે રાજકીય ઘર્ષણ ઉભું થયું હતું. પીકેટીંગ ઉપરના બહેનોને હટાવવા પોલીસે ઘોડાઓ અને દારૂડિયાઓ દ્વારા હુમલો કરાવી બહેનોને ડરાવવા પોલીસ તરફી પ્રયાસો પણ થયા છતાં બહેનોએ પોતાનું કાર્ય ન છોડ્યું.[૧૭]

જ્યારે ભુજ સ્ત્રી સંમેલન યોજાયું ત્યારે ઉદ્‌ઘાટા શ્રીમતી કમલાદેવી ચટોપાધ્યાયનાં પ્રમુખ સ્થાને શ્રી પ્રેમિલાબેન ઠાકરશી હતાં અને વક્તાઓ તરીકે :- પદ્માવતી માણેક, કુમારી પ્રભાવતી માનસંગ કચરા, સ્વાગત પ્રમુખ - નગરશેઠાણી મણીબેન સાકરચંદ પાનાચંદ, મોંઘીબેન માવજી કંતાનવાલા, ઝવેરબેન મૂલરાજ કરસનદાસ, ચન્દ્રમણીબેન અંજારિયા અને દેવકીબેન હતાં.[૧૮] વિશેષમાં જ્યારે કચ્છ સ્વતંત્ર ભારતમાં રાજકીય એકમ તરીકે જોડાયું ત્યારે 'કચ્છી પ્રજા પરિષદ'નું વિસર્જન અને કોંગ્રેસ સંસ્થાગત રીતે કચ્છમાં પ્રવૃત્તિશીલ બની ત્યારે કોડાયની પરિષદ તા. ૧૯-૧૦-૧૯૪૮માં સ્વાગતસમિતિમાં શ્રી પાનબાઇ ઠાકરશી હતાં.[૧૯] આમ જૈન સ્ત્રીઓમાં જીવીબેન, માંકબાઇ અને પાનબાઇ તો ઇ.સ.૧૯૨૩માં અમદાવાદ કોંગ્રેસમાં પણ સામેલ થયાં હતાં.

## પાદનોંધ :-

૧. મુનિશ્રી કલ્યાણચંદ્રજી - મારા સાધુ જીવનનાં સંસ્મરણો, પૃ.૮
૨. એજન. પૃ. ૮-૯
૩. મુનિશ્રી પૂનમચંદ્રજી - વ્રજપાલજી સ્વામી, ૧૯૫૭, પૃ.૧૧૯-૨૦૦
૪. એજન. પૃ. ૨૦૧-૨૦૨
૫. એજન. પૃ. ૨૦૨
૬. એજન. પૃ. ૨૦૩
૭. પંડિત સુખલાલજી - દર્શન અને ચિંતન, (અર્ધ્ય), વિ.સં.૨૦૧૩,ઇ.સ.૧૯૫૭, પૃ. ૧૭-૧૮
૮. શ્રી અંતાણી કાંતિપ્રસાદ ચં. - સંપાદક શ્રી ધોળકિયા હરેશ : કચ્છનાં સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ, કચ્છ ગ્રામ્ય ઉત્કર્ષ ટ્રસ્ટ, ભુજ ૧૯૮૨, પૃ.૬
૯. એજન. પૃ.૭
૧૦. એજન. પૃ. ૮
૧૧. શ્રી વિસા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ - ભુજ - સ્મરણિકા, ૧૯૮૬, પૃ.૧૦-૧૧
૧૨. સંપાદક : દલાલ ચંદુભાઈ ભગુભાઇ - મહાદેવભાઇની ડાયરી, પુસ્તક - ૮ મું (૧-૫-૧૯૨૫ થી ૩૧-૧૨-૧૯૨૫), સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ - ૧૩, જાન્યુ. ૧૯૬૬, પૃ. ૩૧૪-૩૧૫
૧૩. ઉપર્યુક્ત - સ્મરણિકા. પૃ.૯

१४. એજન. પૃ.૧૬

૧૫. શ્રી અંતાણી કાંતિપ્રસાદ ચં. - કચ્ચ પરિચય પ્રકાશન, ૧૯૮૩, (મુખપૃષ્ઠ પાછળ) સંકલીત પ્રકાશન - ૧૩

૧૬. શ્રી ધોળકિયા હરેશ - છેલ્લાં હજારવર્ષનું કચ્છ, ભુજ, ૨૦૦૩, પૃ.૩૭

૧૭. 'જયકચ્છ' - પરિવારપૂર્તિ, ૧૧ ફેબ્રુ. ૧૯૯૯

૧૮. ઉપર્યુક્ત - કચ્છમાં સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ, પૃ.૫૬

૧૯. એજન. પૃ. ૮૩

# ૭. કચ્છમાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ

કચ્છમાં પહેલાં જૈન સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ કેવી હતી તે અંગે વિશેષ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ ધાર્મિક પરિસ્થિતિની જેમ છુટી છવાઇ નોંધના આધારે થોડી ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે. જેમાં ખાસ કરીને મુનિ શ્રી વિદ્યાવિજયજીની કચ્છયાત્રાના સમય દરમ્યાન જે સામાજિક પરિસ્થિતિ તેમની નજર સમક્ષ આવી તેનું તેમણે યથાર્થ વર્ણન કર્યું છે. જે નીચે મુજબનું છે.

''કચ્છનો 'કન્યાવિક્રય' જગપ્રસિદ્ધ છે. વીશા, દશા, પાંચા, અઢીયા બધાયે કન્યાવિક્રયના એકજ આરે પાણી પીને ભ્રષ્ટ થઇ રહ્યા છે. બદનામ થઇ રહ્યા છે. કચ્છમાં વિધવાઓનો ખાસ કરીને બાળવિધવાઓની સંખ્યા વધુ છે. પરણેલી સ્ત્રીઓના પતિઓ મોટેભાગે પરદેશ રહે છે. તેથી ખેતરોમાં સ્ત્રીઓને કામે જવું પડે છે. વળી, કન્યાવિક્રયના લોભથી કે ગમે તે કારણે છોકરીઓ ખૂબ મોટી થઇ ગયેલી છે આવા અનેક કારણો છે કે જેના લીધે કચ્છમાં અનિચ્છનીય પરિણામો વધુ જોવા મળે છે. એ શરમજનક કિસ્સાઓ ન કેવળ સમાજમાં દબાયેલા રહે છે. બલ્કે રાજદરબાર સુધી આવા કેસો જાય છે. જેમાં સાચી કે ખોટી રીતે અનેક ભાઇઓ બહેનો સંડોવાય છે.[૧]

મુનિશ્રી વિદ્યાવિજયજીએ જણાવ્યું હતું કે આ બધુ કોનું પરિણામ છે ? એની શોધ કરી કચ્છના સમસ્ત જૈનોએ પોતાની જાતિના કલંક સમાન આ 'કન્યાવિક્રય' ની પ્રથાને નાબૂદ કરવી જોઇએ. સમય શું શીખવે છે ? એ જાણવાની જરૂર છે. સ્થાનિક કચ્છીઓમાં કેળવણીનો ખૂબજ અભાવ છે. જ્યાં સમગ્ર પ્રદેશમાં જ કેળવણીનું પ્રમાણ નજીવું હોય ત્યાં જૈનો માટે તો કહેવું જ શું ? એવા અનેક લોકો છે જે અક્ષરજ્ઞાનથી પણ શૂન્ય છે.[૨] નોંધનીય છે કે હાલની પરિસ્થિતમાં ઘણા સામાજિક સુધારાઓ જણાય છે. અને શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે.

ધાર્મિક બાબતમાં મુનિશ્રી વિદ્યાવિજયજીએ સ્ત્રીઓની પ્રશંસા કરી છે. તેમણે નોંધ્યું છે કે કચ્છની બહેનોમાં જૈન ધાર્મિક શ્રદ્ધા છે. તેમ ધાર્મિક જ્ઞાન પણ પુરુષોની અપેક્ષાએ અધિક જોવા મળે છે. ભુજ, માંડવી, સુથરી, નલીયા,

જખૌ, કોડાય, ભુજપુર, દેવપુર વગેરે ગામોમાં જૈન તત્વજ્ઞાનની જાણનાર કેટલીય બહેનો છે. જ્યારે પુરુષોમાં તો ઘણાં એવા પણ જોવાયા કે જેમને શુદ્ધ નવકારમંત્ર પણ નથી આવડતો. ગામમાં ભવ્યમંદિર હોય છતાં પુરુષોમાં દર્શન કરનારા પણ ભાગ્યેજ બે ચાર નીકળે. કચ્છમાં સાધ્વીઓની સંખ્યા જરૂર કાંઈક ઠીક ઠીક પ્રમાણમાં જોઈ શકાય છે, પણ ઘણે ભાગે તે અંચળગચ્છની છે અને તે પણ લગભગ કચ્છની જ. થોડીક પાયચંદગચ્છની સાધ્વીઓ સારી વિદુષી અને ખટપટ થી દૂર રહેનારી છે, કે જેઓ થોડાંક ક્ષેત્રોને સંભાળી સારો ધર્મોપદેશ કરે છે.[૩]

સ્વતંત્ર સંસ્થાઓ તરીકે જૈનોની બે સંસ્થાઓ તો સ્ત્રીઓ દ્વારા સંચાલિત હોવાથી તેમની પ્રશંસા પણ શ્રી વિદ્યાવિજયજીએ કરી છે. જેમાં ડુમરાનું કબુબાઈનું આશ્રમ અને કોડાયમાં પાનબાઈ ઠાકરશી સંચાલિત આશ્રમનો ઉલ્લેખ છે.[૪]

## સદાગમ સંસ્થા (કોડાય)ની ત્યાગી અને આત્મકલ્યાણી સ્ત્રીઓ :-

### (૧) સેવામૂર્તિ કુમારી પાનબાઇ :-



કુમારી પાનબાઈ

કચ્છ હાલાપુરના વતની પાનબાઈ વીસા ઓસવાળ જ્ઞાતિનાં હતાં. તેઓ શ્રી ઠાકરશી લાધાની સૌથી નાની પુત્રી હતાં. શ્રી લાધાભાઈનો સદાગમ પ્રવૃત્તિ સંસ્થા (શ્રી હેમરાજ ભીમશી સ્થાપિત) તરફ તથા તેના સર્જકો તરફ સદ્ભાવ હતો. સંસ્થાના સ્થાપકો અને વ્યવસ્થાપકો પ્રસંગોપાત હાલાપુર અને નારાયણપુર આવતાં તેનાથી પ્રભાવિત થઈને તેમણે પોતાના પૌત્ર મેઘજી ભાણજીને સંસ્કૃતના અભ્યાસ માટે કોડાયમાં મૂક્યાં હતાં. પાછળથી પાનબાઈના મોટાબહેન કંકુબાઈ વિધવા થતાં તે પણ સદાગમ સંસ્થામાં જોડાયાં.[૫]

પાનબાઈએ તો હાલાપુરમાં માત્ર અક્ષરજ્ઞાન જ મેળવ્યું હતું પણ જ્યારે શ્રી પાંચીબાઈ તેમને ૧૪ વર્ષની ઉંમરે કોડાય સદાગમ સંસ્થામાં તેડી

લાવ્યાં ત્યારે તેમનામાં જે સુષુપ્ત શક્તિઓ હતી તેના વિકાસને અહીં અવકાશ મળ્યો. અને આજીવન બ્રહ્મચર્યવ્રત પાળી સેવા પ્રવૃત્તિમાં જોડાયાં.[૬]

તેમનો રાષ્ટ્રપ્રેમ એવોજ ઉજવળ અને પ્રદિપ્ત હતો. બે વખત તો તે જેલમાં ગયાં હતાં. કચ્છીપ્રજા તેમને 'કચ્છની સરોજીની' તરીકે ઓળખે છે. તેમની વાણીમાં વિદ્વતા, મીઠાશ, બુદ્ધિક્ષમતા અને આકર્ષણ શક્તિ હતાં. તેમની વકૃત્વ શક્તિ અજબની હતી. તેઓ વિચારક અને પ્રેરક સાબિત થયાં હતા. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં ભણ્યાં અને ત્યાંના પવિત્ર વાતાવરણથી ઘડાયાં, ગ્રંથવાંચન થી વિદુષી બન્યાં. સત્સંગથી આત્માને જગાડ્યો, જ્ઞાનપ્રભાના ચમકારથી લગ્નજીવનને બદલે આજીવન કૌમાર્યવ્રત ધારણ કર્યું. રાષ્ટ્રપ્રેમથી આઝાદી માટેની લડતમાં ઝુકાવ્યું અને સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના પ્રાણ બની રહ્યાં. ત્યાંજ તેઓ સંસ્થાના ટ્રસ્ટી થયા અને લોકલબોર્ડના ઉપપ્રમુખના ઉચ્ચસ્થાને ચુંટાયાં. તેઓ જયારે બીજીવાર જેલમાં ગયા ત્યારે 'કચ્છની સરોજીની' નામનું નવગાથાનું એક કાવ્ય 'વિવેક વાટિકા' કાવ્યસંગ્રહમાં પ્રકાશિત થયું હતું. અને શ્રી વિદ્યાવિજયજીએ પણ કચ્છયાત્રા સમયે પાનબાઇની પ્રશંસા કરી હતી.[૭]

## (૨) કબુબાઇ :-


કબુબાઈ

બાળ બ્રહ્મચારિણી કબુબાઇ (કુંવરબાઇ) કચ્છ ડુમરાના વતની અને વિસા ઓશવાળ જ્ઞાતિનાં હતાં. તેમનાં માતુશ્રી બાળપણમાં જ સ્વર્ગવાસી થતાં તેઓ પોતાની ફઇબા માનબાઇ પાસે વીઢ રહેતા હતાં. ત્યારે સમગ્ર કચ્છમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું તેથી કબુબાઇ એકચોપડી ભણ્યાં હતાં. નાની ઉંમરે કબુબાઇનું સગપણ થયું પરંતુ કમનસીબે છોકરો મૃત્યુ પામ્યો તેથી બીજીવાર કબુબાઇનું સગપણ નારણપુર કરવામાં આવ્યું. આ બાબતે તે ઉંમરલાયક અને સમજુ હતાં. કબુબાઇને લાગ્યું કે ભાગ્યમાં સંસારસુખ હોત તો પહેલીજવાર સગપણ થયાં ત્યારે લગ્ન થયાં હોત. આ વિચારે તેમણે લગ્ન ન કરવાનો નિર્ણય લીધો. પણ એકતરફ વરપક્ષ કન્યા છોડવા તૈયાર નહોતો. જયારે બીજીતરફ સગપણ થયેલી કન્યાને ખાનદાની ખાતર પણ પરણાવી દેવી

પડે તેવી સ્થિતિ હતી. આ સંઘર્ષ મહાજન સુધી પહોંચ્યો. અંતે કબુબાઈની મક્કમતા આગળ મહાજને સગપણ રદ કરવાની મંજુરી આપી.[૮]

સં.૧૯૬૫ (ઈ.સ.૧૯૦૯) માં તેઓ કોડાય આવ્યાં અને સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં રહેવા લાગ્યાં. અહીં તેમણે ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અને પ્રકરણાદિનો અભ્યાસ કર્યો. શાસ્ત્રનું વાંચન કર્યું. તેમના ભાઈશ્રી ખીમજીભાઈએ સં.૧૯૭૫ (ઈ.સ.૧૯૧૯) માં કચ્છ ડુમરામાં કબુબાઈ હંમેશને માટે રહી શકે અને શાળાની સેવા કરી શકે તે દૃષ્ટિએ એક શાળા બંધાવી આપી. આ ઉપરાંત ભણનારી બહેનો માટે રહેવાની સગવડ પણ કરી આપી. તેમાંથી શિક્ષણ મેળવી કેટલીય બહેનો શિક્ષિકા તરીકે ફરજ બજાવવા લાગી હતી. આમ ડુમરામાં કબુબાઈએ સ્ત્રીઓના પ્રશ્નોને ઉંડાણપૂર્વક તપાસીને 'શિક્ષણસેવા' ને પ્રાધાન્ય આપ્યું અને એમ કરી તેમણે સ્ત્રી સમાજની એક ઉમદા સેવા કરી છે.[૯] શ્રી વિદ્યાવિજયજીએ કચ્છયાત્રા સમયે કબુબાઈની શાળાની પણ પ્રશંસા કરી હતી.

## (3) આશઈબાઇ :-

શ્રી આશઈબાઈ પુંજાભાઈ એ કચ્છ કોડાયના વતની અને કચ્છી વિશા ઓશવાળ જ્ઞાતિના હતા. અને બાળવિધવા હતા. સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં રહી તેમણે નવાવાસ, બિદડા અને કોડાયની ઘણી બહેનોને અક્ષરજ્ઞાન આપી વાંચતી કરી હતી. સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના એક મકાનમાં એક રૂમ ૫૦૦ કોરી આપી પોતે લીધી અને જીવ્યાં ત્યાં સુધી તેમાં રહીને આજીવન સંસ્થાની સેવા કરી હતી. બાળવિધવા બહેનો માટે બહાદુરી અને સેવાકાર્યનો ઉમદા આદર્શ તેઓ મૂકતા ગયા. ૯૦ વર્ષનું આયુષ્ય ભોગવી સં.૧૯૮૮ (ઈ.સ.૧૯૩૨) ના ફાગણ માસમાં તેમનું અવસાન થયું.[૧૦]

## (૪) શ્રી ભ્રમલમા :-

તેઓ કચ્છ નલીયાના વતની અને દશા ઓશવાળ જ્ઞાતિના હતા. શ્રી આશઈબાઈની જેમ ભ્રમલમાએ પણ બે રૂમવાળું બે માળનું નાનકડું મકાન તૈયાર કરાવી સંસ્થાને અર્પણ કર્યું છે. તેઓ સંસ્થાની બહેનોનો સાચો વિસામો હતાં અને અનેક બહેનોના તે પ્રેરણામૂર્તિ હતાં. સં.૧૯૮૯ (ઈ.સ.૧૯૩૩) ના માગશર માસમાં તેઓ કાળધર્મ પામ્યાં.[૧૧]

## (૫) પાંચીબાઇ :-

શ્રી હેમરાજના ભાઈ હંસરાજની તે પુત્રી હતાં. નાની ઉંમરમાં તે

વિધવા થયાં હતાં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં સેવા કરવા માટે રહેવા લાગ્યાં. કોડાય ગામનાં એક એક ફળિયામાં ઘેર ઘેર જતાં અને જે જે બહેનો અભણ, વિધવા કે દુઃખી જણાય તેઓને પ્રેમભાવથી સમજાવીને અભ્યાસ માટે સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં લઇ આવતાં અને નિરાધાર, વૃદ્ધ, દુઃખી, બીમાર કુટુંબોને અનાજ, કપડાં અને દવા આદિ પોતે પહોંચાડીને સેવાનો આનંદ લેતાં, અભ્યાસ કરનારને સાધનો મેળવી આપતા, સંત, સત્સંગી હોય તેનો આદર સત્કાર કરતાં.[૧૨]

## (૬) રાણબાઇ હીરજી :-




રાણબાઈ હીરજી

કચ્છ નલીયાના વતની દશા ઓશવાળ જ્ઞાતિના તે બાળવિધવા હતાં તેને એક પુત્રી હતી. ભ્રમલમાં આ બંને માતા-પુત્રીને સં.૧૯૭૧ (ઇ.સ.૧૯૧૫) માં કોડાય સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં લઇ આવ્યાં હતાં. અહીં તેમણે સંસ્કૃત નો અભ્યાસ કર્યો અને શાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો. સં.૧૯૮૨ (ઇ.સ.૧૯૨૬) સુધી તે કચ્છ કોડાયમાં રહ્યાં પણ પોતાની પુત્રી મૂળબાઇના લગ્ન સં.૧૯૮૨ (ઇ.સ.૧૯૨૬) માં કચ્છ કોઠારાના ખીમજી ઘેલાભાઇ સાથે મુંબઇમાં કર્યા. તબિયત નરમ રહેતી હોવાથી જમાઇના આગ્રહવશ તે મુંબઇ રહેવા લાગ્યાં અને ત્યાં પણ સેવામૂર્તિ બની જ્ઞાનની પ્રભાવના કરતાં રહ્યાં.[૧૩]

## (૭) જીવીબાઇ :-

તેઓ કચ્છ કોડાયના વતની હતાં. માત્ર ૧૬ વર્ષની નાની ઉંમરે વિધવા થયાં. આત્મકલ્યાણ અર્થે તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જોડાયાં આઝાદીની લડત વખતે મહાત્માજીની યશોગાથા સાંભળી જીવીબહેન, માંકબાઇ અને પાનબાઇનો સ્વદેશપ્રેમ માં રંગાઇ ગયા. કેટલીક બહેનો 'નવજીવન' વાંચતી થઇ અને કેટલીક બહેનો રેંટિયો કાંતવા લાગી ગઇ, કેટલીક બહેનોએ ખાદીનું વ્રત લીધું. સં. ૧૯૭૮ (ઇ.સ.૧૯૨૨) માં આ ત્રણે બહેનો અમદાવાદ કોંગ્રેસમાં સામેલ પણ થયાં હતાં. સં.૧૯૭૯ (ઇ.સ.૧૯૨૩) થી તેઓ શ્રી વેલજીભાઇ ઠાકરશીના સેવાકાર્યમાં મદદ કરવા બિદડા 'સાધનાશ્રમ' માં રહ્યાં હતાં.[૧૪]

## (૮) મમ્મીબાઇ :-



મમ્મીબાઈ

મમ્મીબાઈનો જન્મ કચ્છ દેવપુરમાં શ્રી કલ્યાણજી ખેરાજને ત્યાં થયો હતો. બાળપણમાં તેમનું સગપણ થયેલું અને લગ્ન બાદ તેઓ સાસરે ગયાં જ નહીં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં જોડાયાં. અહીં પોતાનો અભ્યાસ વધાર્યો તથા વૈરાગ્યભાવ વિકસાવ્યો અને વાંચન વિશાળ બનાવ્યું. શ્રીમદ્ રાજચંદ્રની વાણીએ તેમને ખૂબ પ્રભાવિત કર્યા. તેમના જીવનમાં અનેરો રંગ પૂરાયો અને નાનપણથી તેમને ધ્યાનની ધૂન લાગી. સવારના ૧૦ થી સાંજના ૫, વાગ્યા સુધી કોઈ સાથે કશો જ વ્યવહાર રાખ્યાવિના માત્ર નિવૃત્તિમાં જ રહેતાં અને બપોરના ૨ થી ૪ એકાસને ધ્યાનમાં બેસતાં. જીવનનું સાચું દર્શન મેળવવા ધ્યાન અને પ્રભુમાં મગ્નતા એ જ એકમાત્ર અમોઘ ઉપાય છે તેમ તેઓ માનતાં હતાં તેથી તે ધ્યાની તરીકે સુપ્રસિદ્ધ હતાં.[૧૫]

તેઓ કેટલીકવાર તો એટલા બધા ધ્યાનમાં લીન રહેતા કે જમવાનું ભાન જ ન રહેતું. કોઈ કોઈવાર લોટ ફાકી લેતા અને તેમાં પણ આનંદ અનુભવતાં. મમ્મીબાઈ જ્યારે જ્યારે શ્રીમદ્ રાજચંદ્રનું રચેલું 'અપૂર્વ અવસર ક્યારે આવશે' ગાતાં ત્યારે સાંભળનારા સૌ ભાન ભૂલી જતાં અને સૌ શ્રોતાઓને તે રડાવી દેતા. કચ્છના નારીરત્નમાં મમ્મીબાઈ ત્યાગમાર્ગની દેવીસમાન હતાં.[૧૬]


## (૯) માંકબાઇ :-

માંકબાઈ વીસા ઓસવાળ જ્ઞાતિનાં હતાં. તેમના લગ્ન કચ્છ કોડાયમાં થયાં પણ કમનસીબે તેમના પતિ નાનપણમાં ગુજરી ગયાં અને માંકબાઈ બાળપણમાં વિધવા થયાં. તેઓ સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં અભ્યાસ કરવાની ભાવનાથી જોડાયા અને સંસ્થામાં જ રહેવા લાગ્યા. તેમના હૃદયમાં મહાત્મા ગાંધીજી પ્રત્યે ભક્તિભાવ હતો. તેઓ સ્વદેશીના આગ્રહી હોવાથી પોતે રેંટિયો કાંતતા અને ખાદી પહેરતાં. શ્રમનો મહિમા તેઓ બરાબર સમજતા હોવાથી હંમેશ તે સ્વાશ્રયી રહ્યાં.[૧૭]

## (૧૦) મીઠાબાઇ :-

કચ્છ ગોધરાના વતની મીઠાબાઇ શ્રદ્ધા અને ભક્તિભાવને કારણે સદાગમપ્રવૃત્તિ સંસ્થામાં જોડાયાં. અહીં રહીને તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ ખાનદેશમાં જઇને શ્રી માણેકજીભાઇ કલ્યાણજીભાઇને ત્યાં ચાર છ મહિના રહ્યાં અને સંગીતનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ પોંડીચેરી શ્રી અરવિંદ અને મીરાંદેવીના દર્શન કરવા ગયાં. જ્યાં તેઓ આશ્રમમાં બે મહિના રહ્યાં હતાં. પાછળથી મીઠાબાઇ કચ્છ કોડાયની શ્રી ગંગાબાઇ કન્યાશાળામાં હેડમીસ્ટ્રેસ (આચાર્ય) તરીકે ફરજ બજાવતાં હતા.[૧૮]

## (૧૧) જેવુબાઇ :-


જેવુબાઇ

મોટી ખાખર ગામમાં સં. ૧૯૨૪ (ઇ.સ.૧૮૬૮) માં તાલા નથુને ત્યાં જેવુબાઇનો જન્મ થયો. તેમની માતાનું નામ ઉમઇ બાઇ હતું. જેવુબાઇના લગ્ન નાની ઉંમરમાં કચ્છ કોડાયમાં શ્રી જેવત નાગશીના પુત્ર મોણશી સાથે થયાં હતાં. પરંતુ કમનસીબે નાની ઉંમરમાં તે વિધવા થયાં. જેવુબાઇના વૈધવ્ય માટે આખા કુટુંબમાં અરેરાટી ફેલાઇ ગઇ.[૧૯] પણ જેવુબાઇને સદાગમ પ્રવૃત્તિ સંસ્થાની કલ્પલતા મળી ગઇ અને સત્સંગ તથા જ્ઞાનથી તેમનું જીવન ઉજ્જવળ બન્યું. જેવુબાઇએ સંસ્કૃત, પ્રાકૃત અને શાસ્ત્રોનો અભ્યાસ કોડાયમાં કર્યો પણ પછી ભુજ અને અમદાવાદમાં જઇને અભ્યાસ કર્યો.[૨૦] તેઓને આપ્તજનો તો સાધ્વી માનતાં હતાં અને તેઓ હતાં પણ ત્યાગમૂર્તિ સાધ્વીસમા ગુણોનો ભંડાર. સંવત ૧૯૯૦ (ઇ.સ.૧૯૩૪) ના મહાવદ-૧ ની રાત્રે સાડાઆઠ વાગે જેવુબાઇનું ૬૬ વર્ષની ઉંમરે અવસાન થયું.[૨૧]

શ્રી હેમરાજભાઇ સ્થાપિત સદાગમ પ્રવૃત્તિ સંસ્થાએ જયારે જૈન સમાજમાં વિધવા સ્ત્રીઓની પરિસ્થિતિ નાજૂક હતી ત્યારે તેમને સાંત્વન માટે ઘણી જ ઉપયોગી સાબિત થઇ છે. આમતો સમગ્ર ભારતમાં તે સમયે સ્ત્રીસમાજના દૂષણો પ્રસરેલાં હતાં. જેની સામે સમાજસુધારકોએ જેહાદ જગાવી સ્ત્રીઉધ્ધારક કાર્યો કર્યા છે. પણ કચ્છનાં એક નાના ગામમાં

સદાગમપ્રવૃત્તિ સંસ્થાએ જે કામગીરી કરી છે. તે ખરેખર વંદનીય છે. તે સમયે અબડાસા અને કંઠી વિસ્તારમાં જે જે ભાઈબહેનો સંસ્કૃત ભણેલા જણાય છે. તે બધા કચ્છ કોડાયની સદાગમ પ્રવૃત્તિસંસ્થામાં જ ભણેલાં હતાં જે નોંધનીય છે.[૨૨] ઉલ્લેખનીય છે કે વીતેલા યુગની કેટલીક જાજરમાન જૈનસ્ત્રીઓમાં કોડાયના ચાંપઈ પટલાણી અને માંડવીના મીઠીબાઈનું સ્થાન વિશિષ્ટ રહ્યું છે. મીઠીબાઈએ સં.૧૯૩૯ (ઈ.સ.૧૮૮૩) માં ભદ્રેશ્વરના જીર્ણોદ્ધારમાં મુખ્ય ફાળો આપ્યો હતો.

## જૈન સ્ત્રીઓની સામાજિક સ્થિતિનું યથાર્થ દર્શનરૂપ નવલકથા - 'વિદ્યાચંદ્ર અને સુમતિ' (ભાગ-૧)


જૈન સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિ વિશે કચ્છનાં જ ગ્રંથકાર (લેખક) શ્રીયુત શીવજીભાઈ દેવશી (દેવસિંહ) એ એક નવલકથા 'વિદ્યાચંદ્ર અને સુમતિ' ભાગ - ૧ લખી છે. આ પુસ્તકનાં ઉપોદ્‌ઘાતમાં નોંધ્યું છે કે જૈન લેખકોની કલમથી નવલકથારૂપે લખાયેલું સચિત્ર આ પ્રથમ જ પુસ્તક ગણાય છે. સં.૧૯૬૭ (ઈ.સ.૧૯૧૧) માં આ નવલકથા પ્રસિદ્ધ થઈ. જૈન સમાજનું પ્રતિબિંબ આ નવલકથામાં સ્પષ્ટ ઉપસી આવે છે. તેના પાત્રો પણ કચ્છીને જ અનુરૂપ દર્શાવ્યા છે. છતાં સમગ્ર ગુજરાતના જૈન સમાજને અસર કરતાં હોય તેમ નિરૂપણ કરવામાં આવ્યું છે.

'વિદ્યાચંદ્ર અને સુમતિ' ભાગ-૧ નવલકથામાં તેના પાત્રો દ્વારા જૈન સમાજમાં પ્રવર્તતા બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કન્યાવિક્રય જેવા મુદ્દાઓની સમસ્યા રજૂ કરેલી છે. અને તેના ઉકેલ માટે મહાજન તેમજ જૈનસમાજસુધારકોને અપિલ કરવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષણના અભાવે અજ્ઞાન સ્ત્રીની કુટુંબજીવન પર કેવી અસરો પડે છે. તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ નવલકથાના મુખ્યપાત્રોમાં :- સરસ્વતી જે કિશોરી સુમતિની માતા છે. અને 'કન્યાવિક્રય'નો વિરોધ કરે છે. સુમતિના પિતા મૂર્ખદત્ત જે પોતાની પુત્રીને પૈસાલઈને જીર્ણ શેઠ જેવા વૃધ્ધને પરણાવવા તૈયાર થાય છે. જીર્ણશેઠને પણ 'મોતી' નામે એક પુત્રી છે. તે (જીર્ણશેઠ) તેના બાળલગ્ન કરે છે. તેનો પતિ શાંતિચંદ્ર જેને સંસાર શું છે ? કે પત્ની શુ છે ? તેનો ખ્યાલ પણ નથી. તેથી શાંતિચંદ્રની માતા અજ્ઞાન હોવાથી પોતાની વહુ મોતી પર

અત્યાચાર કરે છે. વિશેષ પાત્ર તરીકે વિદ્યાચંદ્ર છે જે શિક્ષિત છે અને કન્યાવિક્રય, બાળલગ્ન તથા વૃધ્ધલગ્નનો વિરોધી છે. અંતિમ પ્રકરણોમાં ફરી બાળલગ્ન સંદર્ભે 'કસ્તુરી'નું પાત્ર રજૂ થયું છે. તેની વય ૧૫ વર્ષની છે અને રાયસિંહ ભોજરાજ સાથે તેના સગપણ થાય છે. જેની ઉંમર ૭૦ વર્ષની છે. આ સમયે 'કસ્તુરી' કચ્છી વિશા ઓસવાળ જ્ઞાતિ સુધારક સમાજના સેક્રેટરીને એક અરજી કરી ન્યાય માંગતી વિહવળ દર્શાવી છે. અંતિમ પ્રકરણમાં કલ્યાણચંદ્ર નામે સત્પુરુષનું પાત્ર રજૂ કરવામાં આવ્યું છે જે સમાજ માટે સદુપદેશ આપે છે. જેમાં તે જણાવે છે કે કચ્છી વિશા ઓસવાળ અને કચ્છી દશા ઓસવાળ કોમના આગેવાનો આ દુઃખદાયક રિવાજોને કાઢી નાખે તો ઉત્તમ સામાજિક કાર્ય ગણાશે. આ ઉપરાંત મહાજન અને દાનવીરોના નામો આપી જણાવ્યું છે કે તે દરેકનો જૈનધર્મના પ્રસાર અને વિકાસમાં ફાળો છે. તેમને હું (કલ્યાણ - ચંદ્ર-પાત્ર) કહીશ તો સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવા આ દુષણો દૂર કરવા સહકાર આપશે.

ઉપરોક્ત નવલકથામાં સામાજિક દૂષણો અને તેના ઉકેલ માટે સત્પુરુષનું પાત્ર રજૂ કરી જૈનમુનિઓને પણ પ્રયત્નો કરવા માટેની અપિલ સ્પષ્ટ જણાય છે. સમ્મુચય રીતે વિચારતાં સમગ્ર નવલકથામાં સમાજનું આબેહૂબ ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ જોવા મળે છે. બાળલગ્ન, કન્યા વિક્રય અને વૃધ્ધ લગ્ન. આ ત્રણ પાસાંઓને અનુલક્ષીને જ સમગ્ર નવલકથા લખાઇ છે. તેથી જ તેને બોધાત્મક નવલકથા કહી છે.


શ્રી શિવજીભાઈ દેવસિંહ

તેઓ (લેખક) પાલીતાણા જૈનબોર્ડીંગ સ્કૂલ, કચ્છી જૈન બાલાશ્રમ, પાલીતાણા જૈન વિધવાશ્રમ, ભાવનગર આનંદ પ્રિન્ટીંગ, મુંબઇ જૈન શ્રાવિકા શાળા, કચ્છી જૈન મહિલા સમાજ, કચ્છમાં અનેક જૈન કન્યાશાળાઓ અને પાઠશાળાઓ, પાલીતાણા શ્રી જૈનધર્મ વિદ્યાપ્રચારક વર્ગ અને વીરશાસન આનંદ સમાજના સ્થાપક છે. અને 'શિવવિનોદ', 'શિવબોધ', 'શિવ પ્રબોધ', 'શિવ વિલાસ' નાં લેખક પણ છે. તેથી સ્વાભાવિક છે કે એક સુધારક તરીકે જૈન સમાજના દૂષણો સમાજ સામે રજૂ કરવા માટે સાહિત્યનો સહારો લીધો હોય.[૨૩]

## નવલકથાના પ્રત્યાઘાતો :-

પ્રખર વક્તા મુનિશ્રી વિદ્યાવિજયજીએ શ્રી શિવજીભાઇ દેવસિંહનું પુસ્તક 'મારા જીવન પ્રસંગો' ભાગ-૨ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે "'શિવજીભાઇ એટલે જૈન સમાજનો ક્રાંતિકારી યોધ્ધો, સંસારનો ક્યો ક્રાંતિકારી એવો થયો છે કે જેનો સમાજ દુશ્મન ન બન્યો હોય, જેની જાતવાળાઓ દુશ્મન ન બન્યા હોય, જેના સાથીઓ દુશ્મન ન બન્યા હોય?''[૨૪]

ઉપર્યુક્ત મંતવ્ય કેટલું સચોટ છે ! કારણ કે ટૂંક સમયમાં જ શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના સેક્રેટરીનો તા.૨૨ મી એપ્રિલ ઇ.સ. ૧૯૧૨ નો (જાવક નં.૧૫૯-૧૯૬૮) પત્ર શ્રી શિવજી દેવસિંહને મળ્યો. જેમાં જણાવેલું કે 'વિદ્યાચંદ્ર અને સુમતિ' નવલકથાના પ્રત્યાઘાત રૂપે શા દામજી શામજી સલાટ (માંડવી-મુંબઇ) ની દશ વ્યક્તિઓની સહી સાથે તા.૨૪-૧૨-૧૯૧૧ ની અરજી મહાજનમાં તેની વિરુધ્ધ આવી છે. બીજી અરજી શા પાસવીર રામઇઆની આશરે ૨૦૦ વ્યક્તિઓની સહી સાથે અરજી આવેલી છે. તે સંદર્ભે આપને કંઇ રદિયો આપવો હોય તો તા.૧૫મી મે ઇ.સ. ૧૯૧૨ પહેલાં પત્ર લખી મોકલવો. આ બાબતની તપાસ કરવા માટે મહાજનની વ્યવસ્થાપક કમિટિએ એક સબકમિટિ નીમી છે. તેની બેઠક તા.૧૫ મી મે ૧૯૧૨ ના રોજ યોજાશે તેમાં તમારે હાજર રહેવું.[૨૫]

ત્યારબાદ શ્રી શિવજી દેવસિંહે વિગતવાર પત્ર લખી મોકલ્યો. અને અંતે શિવજી દેવસિંહે રાજીનામું આપ્યું. પરંતુ જૈન મહાજનોની વિચિત્રતા તો એ હતી કે રાજીનામું પાસ કરવાને બદલે દશા ઓસવાળ જ્ઞાતિએ તેમને જ્ઞાતિ બહાર કરવાનો ઠરાવ કર્યો અને દશા ઓસવાળ જ્ઞાતિનો કોઇપણ સભ્ય તેને જમાડે નહિ, અને પાણી પણ પીવડાવે નહી.[૨૬] સામાપક્ષે શિવજીભાઇએ આવી ક્રુરતાને પણ પચાવી પાડી.

મુનિશ્રી કલ્યાણચંદ્રજી મહારાજે (સોનગઢ) લખ્યું છે કે, "'શિવજીભાઇ જૈન સમાજમાં એક વખત ખૂબ વખણાયા અને એક વખત ખૂબ વગોવાયા છતાં એ તો હંમેશા પોતાના મંતવ્ય અને સ્વભાવમાં એક સરખા અડગ રહ્યાં. જ્ઞાતિ, સમાજ અને છેવટે સંઘ તરફથી પણ ત્યજાયા. આમ છતાં એમનામાં તો જેની તે જ ખુમારી કાયમ રહી. એમનું અભિષ્ટ કાર્ય એતો કરતા જ રહ્યાં. એમની શૈલી કદી જ બદલાવી નહીં. હરહાલમાં એ મસ્ત રહ્યાં.''[૨૭]

## વર્તમાન કાળે કચ્છની કેટલીક પ્રેરણામૂર્તિ જૈન સ્ત્રીઓ :-

કચ્છ બહાર વસતા જૈન સ્ત્રી સમાજનો મહત્તમ વિકાસ થયો છે. તેમાં પણ ખાસ કરીને મુંબઈમાં તેના પ્રમાણમાં. કચ્છમાં ક્રમિક વિકાસ જણાય છે. છતાં વર્તમાનકાળે જે સ્ત્રીઓ કચ્છમાં આગળ પડતું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે તેવી કેટલીક જૈન સ્ત્રીઓ વિશે જોઈએ તો :-

(૧) ભુજમાં નલીનીબહેન શાહનું એક નારી આદર્શના પ્રતીકરૂપે અગત્યનું સ્થાન છે. ઈ.સ. ૧૯૪૦ કરાંચીમાં જૈન દહેરાવાસી કુટુંબમાં તેમનો જન્મ થયો. અને ભાગલા સમયે તેમનું કુટુંબ કચ્છમાં આવી વસેલ. તેમના પિતા ચુસ્ત ગાંધીવાદી હતાં.

એમ.એ. - બી.એડ. થયેલા નલીનીબહેનની કારકિર્દીની શરૂઆત ઈન્દ્રાબાઈ કન્યાશાળામાં શિક્ષક તરીકે થઈ. ત્યારબાદ આચાર્ય પદે રહ્યાં. શ્રી જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયમાં પણ આચાર્ય પદે રહ્યાં તેના આ સમયગાળા દરમ્યાન ઈ.સ. ૧૯૮૬ માં ગુજરાત સરકારે માતૃછાયા કન્યા વિદ્યાલયને શ્રેષ્ઠ શાળા જાહેર કરી નવાજી હતી.

તેમની વિશિષ્ટ કામગીરીરૂપ ગુજરાત રાજય પાઠ્યપુસ્તકના તજજ્ઞપદે રહી યોગ્ય શિક્ષણનાં વાહક બન્યાં. રાષ્ટ્રીય શિક્ષણનીતિ પરિષદ, આચાર્ય સજ્જતા કાર્ય શિબિર, શિક્ષણ સંવર્ધન અભિયાન, આકાશવાણી પરના વાર્તાલાપો, બાળ ઉપયોગી પ્રકાશનો અને કચ્છમિત્ર વર્તમાનપત્રમાં નારીજગત અને બાલજગત વિભાગનું એક સમયનું સંપાદન કાર્ય પ્રશંસનીય રહ્યું છે. ઈ.સ. ૧૯૯૧ માં ભારત સરકારે તેમના વ્યક્તિગત ખંતને બિરદાવતાં શ્રેષ્ઠ શિક્ષકનું રાષ્ટ્રીય પારિતોષિક અર્પણ કર્યું જે યથાર્થ છે.

આજે પણ તેઓ નિવૃત્તિને પ્રવૃત્તિમય રાખે છે. અપરિણીત હોવા છતાં પરિણીત સ્ત્રીનાં પ્રશ્નોને સહજતાથી સમજી શકે છે. તેમની આગવી સૂઝમાં પણ માનવતાનાં દર્શન થાય છે. અને અહોભાવની લાગણીતો દરેક સ્ત્રી સમાજ માટે આકર્ષક રહે તેવી છે. જૈન સમાજમાં જ નહીં પણ સમગ્ર સ્ત્રી સમાજ માટે તેઓ એક આદર્શ અને પ્રેરણામૂર્તિ બની રહ્યાં છે.[૨૮]

(૨) ભુજમાં શ્રીમતી તારામતી શાહનું પણ કર્મનિષ્ઠ તરીકે અગત્યનું સ્થાન છે. ગુર્જર દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન કુટુંબ હોવાથી ચુસ્તપણે

જૈનધર્મનું પાલન કરે છે. તેમના પતિ પ્રાણલાલભાઇ સમાજસેવક અને મૂળ ગાંધીવાદી અને આઝાદી પછી કચ્છમાં ગાંધીનીતિના આંશિક વિરોધી અપક્ષના તેઓ સુકાની હતાં.

મૂળ સરકાર અને રાજાશાહી વિરુધ્ધ લખેલ પોતાના પુસ્તકના કારણે તેમને બે વર્ષ કચ્છમાંથી હદપાર કર્યા ત્યારે તારામતી શાહે પતિનું કાર્યક્ષેત્ર સંભાળ્યું અને કચ્છક્રાંતિ, જાગૃત કચ્છ, આઝાદકચ્છ નામના વાંચનપત્રો પ્રકાશિત કરવા લાગ્યાં. પ્રાણલાલભાઇ લેખ લખી કચ્છ મોકલે અને તારામતી શાહ તેને પ્રકાશિત કરે.

એક સ્ત્રીમાં કેટલી શકિતઓ છુપાયેલી છે. તેનું સ્પષ્ટ ઉદાહરણ તારામતી શાહ છે. તેમણે ઇ.સ. ૧૯૬૨ માં વાણિયાવાડ સ્થાને જમીનનો ટુકડો ખરીદેલ. જ્યાં 'જનતાઘર' નામે હોટલ શરૂ કરી. રાજકારણમાં ઓતપ્રોત રહેલા પ્રાણલાલભાઇ જ્યારે ચુંટણીમાં ઉભા રહ્યાં ત્યારે પણ તેઓ પતિ સાથે પ્રચારાર્થે નીકળતાં અને સાથે પોતાના નાના બાળકો પણ હોય. ઇ.સ. ૧૯૮૭ માં પ્રાણલાલ શાહનું અવસાન થયું અને સંપૂર્ણ જવાબદારી તેમણે સંભાળી. આજે જનતાઘરની સાથે 'આભા' હોટલ તેમના પરિશ્રમનું પરિણામ છે. તેમના જનતાઘરમાં જૈનધર્મના અનેક મહારાજ સાહેબ તથા સાધ્વીઓ વહોરી ગયા છે. પૂ. છોટેલાલજી મહારાજ, નાગચંદ્રજી મહારાજ, રત્નચંદ્રજી મહારાજ. ઉપરાંત મણિબાઇ અને રતનબાઇ સાધ્વીજી મહારાજ પણ જનતાઘરને પાવન કરી ગયાં છે. એક સ્ત્રી ધારે તો ઘર અને વ્યવસાય બન્નેનો સુમેળ કઈ રીતે સાધી શકે તેનું ઉદાહરણ તારામતી શાહ છે. નોંધનીય છે કે ધર્મ અને માનવતાની રુએ તેમણે ૩૦ લાખ રૂપિયાના ખર્ચે ધર્મસ્થાનક પણ બનાવ્યું છે.[૨૯]

આ ઉપરાંત બાબુભાઇ મેઘજી શાહના સુપુત્રી જાગૃતિ શાહ, અને શ્રીમતી હંસાબેન છેડાનું સ્ત્રી નૈતૃત્વ શકિતની દૃષ્ટિએ અગત્યનું સ્થાન છે. જ્યારે વાગડ વિસ્તારમાં ભચાઉની ઇલાશાહનું સમાજ સેવિકા તરીકે પ્રશંસનીય સ્થાન છે. આમ કચ્છમાં જૈનસ્ત્રીઓનું નૈતૃત્વ ક્રમિક રીતે જોવા મળે છે.

## પાદ નોંધ :-

૧. મુનીશ્રી વિદ્યાવિજયજી - મારી કચ્છ યાત્રા, ૧૯૪૨, પૃ.૧૮૫-૧૮૬
૨. એજન. પૃ.૧૮૯
૩. એજન. પૃ. ૧૯૩- ૧૯૬

૪. એજન. પૃ.૨૧૧-૨૧૨
૫. ભક્ત કવિ શિવજી દેવસિંહ (મઢડાવાલા) - કચ્છ કોડાયની કલ્પલતા, શિવસદન ગ્રંથમાળા કાર્યાલય - મઢડા (સૌરાષ્ટ્ર), ઇ.સ. ૧૯૫૩, પૃ.૭૪
૬. એજન. પૃ.૭૫
૭. એજન . પૃ.૭૬-૭૭
૮. એજન . પૃ.૯૦-૯૧
૯. એજન . પૃ.૯૧-૯૨
૧૦. એજન . પૃ.૭૯-૮૨
૧૧. એજન . પૃ.૮૨-૮૪
૧૨. એજન . પૃ.૮૪-૮૫
૧૩. એજન . પૃ. ૮૫-૮૮
૧૪. એજન . પૃ. ૮૮-૯૦
૧૫. એજન . પૃ. ૯૨-૯૩
૧૬. એજન . પૃ. ૯૫-૯૬
૧૭. એજન . પૃ. ૯૬-૯૮
૧૮. એજન . પૃ. ૯૮-૧૦૦
૧૯. એજન . પૃ. ૧૦૩-૧૦૫
૨૦. એજન . પૃ. ૧૦૮
૨૧. એજન . પૃ. ૧૧૬
૨૨. એજન . પૃ. ૯૭
૨૩. શ્રી શિવજી દેવસિંહ - વિદ્યાચંદ્ર અને સુમતિ ભાગ-૧, સંવત ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧), પૃ.૧ થી ૩૭૭
૨૪. શ્રી શિવજી દેવસિંહ - મારા જીવન પ્રસંગો, ભાગ-૩, શિવસદ ગ્રંથમાલા કાર્યાલય, મઢડા (સૌરાષ્ટ્ર), ઇ.સ. ૧૯૫૨, પૃ.૩
૨૫. એજન - પૃ. ૨૩-૨૪
૨૬. એજન . પૃ. ૮૦
૨૭. એજન . પૃ. ૫
૨૮. પીઠવા દીપક-કચ્છ વૈભવ (ખંતીલી નારી), ભુજ, ૨૦૦૫. પૃ.૨૬-૨૭
૨૯. એજન . પૃ. ૩૯-૪૧

# ૮. ઐતિહાસિક મૂલ્ય સંદર્ભે કચ્છનાં જૈનતીર્થો

હિંદુ અને મુસ્લિમતીર્થોની માફક કચ્છમાં જૈનોના તીર્થો પણ અનેક છે. કચ્છમાં જૈનોની સીધી રાજયસત્તા કોઇ વખતે નહી હોવા છતાં જૈનાચાર્યોનો અને જૈન શ્રીમંતોનો પ્રયત્ન પોતાના ધર્મના રક્ષણ અને પ્રચાર માટે અથાગ થયો છે. એક તરફથી ત્યાગી આચાર્યોનો ઉપદેશ અને બીજી તરફ જૈન શ્રીમંતોની ઉદારતા, આ બન્નેના પરિણામે જૈનધર્મની જાહોજલાલી દરેક સમયમાં આગળ પડતી રહી છે.[૧]

શ્રી તીર્થંકર પરમાત્માઓના ચ્યવન જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણદિન પરમ આરાધ્ય મનાય છે. તેને 'કલ્યાણક' કહે છે. ચ્યવન (છેલ્લા દેવલોકના ભવમાંથી માનવલોકમાં આગમન) સહિત પાંચ કલ્યાણક જે ભૂમિમાં, સ્થળે બન્યાં હોય તેને જૈનો તીર્થ તરીકે માને છે. આ ઉપરાંત જ્યાં વિશિષ્ટ પ્રસંગ કે ચમત્કાર બન્યા હોય તેવા સ્થળને પણ તીર્થ ગણવામાં આવે છે. તીર્થભૂમિ-તીર્થંકરો તેમજ સંયમશ્રેષ્ઠ જૈન મહર્ષિઓના પાદસ્પર્શથી પવિત્ર બનેલી હોય છે. ભાવિકો તેની યાત્રાએ જઇને ધન્યતા અનુભવે છે.[૨]

જૈન સંસ્કૃતિમાં ધાર્મિક અને આર્થિક વ્યવસ્થાનું એક ચોક્કસ માળખું છે. અને તેનું ચોક્કસ નામ છે. દહેરાસરમાં ભાવિકો ભેટરૂપે જે રકમ ધરે છે તે 'દેવદ્રવ્ય' કહેવાય છે. તેનો ઉપયોગ દહેરાસરના જિર્ણોધ્ધાર કે ધાર્મિકકાર્યો સંબંધી થાય છે. ઉપાશ્રયમાં જ્ઞાનપૂજન નિમિત્તે જે પૈસા અર્પણ કરે છે તેને 'જ્ઞાનદ્રવ્ય' કહેવાય છે. જેનો ઉપયોગ ધાર્મિક ગ્રંથોના પ્રકાશનમાં, જ્ઞાન ભંડારમાં કે પુસ્તકાલય માટે અને પંડિતોનો પગાર ચૂકવવામાં પણ કરાય છે. સાધુ-સાધ્વી માટે સમ્યક્ જીવન જરૂરિયાતો માટે નિયત દ્રવ્ય પૂરું પડાય છે. આને 'વૈયાવચ્ચખાતું' પણ કહેવાય છે. આ ઉપરાંત શ્રાવક-શ્રાવિકાઓના સહભાગી તરીકે 'સાધારણ દ્રવ્ય' ની પણ રચના કરવામાં આવી છે. સાથે 'જીવદયા'નો પણ એક અલગ વિભાગ રાખવામાં આવે છે. આ આર્થિક માળખાની વિશેષતાએ છે કે જે ક્ષેત્રના નિર્વાહ માટે દ્રવ્યો ઉપલબ્ધ થાય છે તે જ ક્ષેત્ર માટે તે વપરાય છે. માત્ર 'સાધારણ દ્રવ્ય' નો ઉપયોગ જરૂર પડે તો બધા જ કાર્યો માટે થઇ શકે છે.[૩] જૈન સંસ્કૃતિની આવી આર્થિક વ્યવસ્થાને કારણે સાંસ્કૃતિક ક્ષેત્રે તેઓનું પ્રદાન અનેરું રહ્યું છે.

## કચ્છનાં પ્રાચીન જૈન મંદિરો (દહેરાસરો) :-

કચ્છમાં જૈનધર્મ ઘણો પ્રાચીન છે. તેથી સ્વાભાવિકરૂપે જૈનમંદિરોનું નિર્માણ પણ પ્રાચીન સમયથી થતું રહ્યું છે. ૨૬મી જાન્યુ. ૨૦૦૧ના ભૂકંપ પહેલાં ઘણા પ્રાચીન જૈન મંદિરો જીર્ણાવસ્થામાં હતાં તેથી તેની માહીતી એક યા બીજા સંદર્ભગ્રંથોમાં સચવાયેલી છે. તેના આધારે પ્રાચીન જૈનમંદિરો કેવા હતાં ? તેની સ્થાપત્યશૈલી કેવી હતી ? તે અંગે આજે પણ જાણી શકાય છે. ભૂકંપમાં મોટાભાગના પ્રાચીન જૈન મંદિરો ભયંકર ઈજાગ્રસ્ત યા સંપૂર્ણ ધ્વંશ થયા છે. પરંતુ ફરી તેનું નવનિર્માણ કે જીર્ણોધ્ધાર થઈ રહ્યો છે.

### (૧) ગેડી :-

કચ્છ વાગડમાં આવેલું ગેડી ગામ ઘણું પ્રાચીન છે. અહીં એક ઉપાશ્રય અને જૈનમંદિર ૨૦૦૧ ના ભૂકંપ પહેલાં જીર્ણાવસ્થામાં હતું. તે સમયનું વર્ણન 'જૈનતીર્થ સર્વ સંગ્રહ' માં કરેલું છે. તે સંદર્ભના વર્ણન મુજબ :-

"અગાસી બંધ શિખરયુક્ત આ મંદિરને મોટી પરસાળ છે. આગળના ભાગમાં ચાર દેરીઓ શિખરયુક્ત છે. તેમાં પબાસણ વિદ્યમાન છે. મંદિરનો વચલો ઘૂમ્મટ ૧૬ સ્તંભોના આધારે બનાવેલો છે. મંદિરની લંબાઈ-પહોળાઈ ૨૮ બાય ૨૦ ફીટ છે. અગાસી સુધીની ઊંચાઈ ૧૪ ફીટ અને ઘૂમ્મટ સુધીની ઊંચાઈ ૨૦ ફીટની છે. ગર્ભગૃહમાં આરસપાષાણનાં બિંબો પ્રાચીનકાળનાં છે. વચ્ચે મૂળનાયક શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ ૩ ફીટ ઊંચી છે. મૂર્તિના નાક, હાથ, કાન ખંડિત થતાં ચૂનાથી જોડીને લેપ કરાયેલો છે. મૂળનાયકની એક બાજુએ શ્રી આદીશ્વરની મૂર્તિ છે. તેના ઉપર સં. ૧૫૩૪ (ઇ.સ. ૧૪૭૮) નો લેખ છે. અને બીજી બાજુએ શ્રી સુમતિનાથ ભગવાન છે. તેના ઉપર સં. ૧૯૨૫ (ઇ.સ. ૧૮૬૯) નો લેખ છે. આ મંદિર માલવશાહે બંધાવ્યાનો ઉલ્લેખ લેખમાં છે. એ સિવાય 'માલવવાવ' અને 'માલસર તળાવ' પણ તેમણે બંધાવ્યા હતાં."[૪]

### (૨) કટારિયા :-

કથાસૂત્ર અનુસાર અહીં શેઠ જગડૂશાહના મહેલો હતાં એમ કહેવાય છે. એક સમયનું આ ભવ્યનગર આજે તો એક ગામડામાં રૂપાંતર પામ્યું છે. અહીં ઉપાશ્રય, યાત્રાળુઓ માટે એક વિશાળ જૈનધર્મશાળા અને પુસ્તકભંડાર

તથા એક વિદ્યાલય સાથેનું જૈન છાત્રાલય છે. 'આર્કિયોલોજી સર્વે ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા' માં નોંધ્યું છે કે ''અહીં બજારની વચ્ચે જૈન મંદિરનું ખંડિયેર વિદ્યમાન છે. આ ખંડિયેર એક મકાનનો પાયો ચણાતાં મળી આવ્યું હતું. દેવકુલિકાઓના પાયા, દિવાલો અને કોતરણીભર્યા પથ્થરોથી જણાય છે કે એક સમયે આ મંદિર ૫૦ ફીટના ઘેરાવામાં હતું. સં. ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨) માં શેઠ વર્ધમાન આણંદજીએ જીર્ણોધ્ધાર કરાવી સુંદર અને ભવ્ય શિખરબંધ મંદિર કરાવ્યું છે. આમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની શ્વેતવર્ણી પ્રતિમા બે હાથ ઊંચી છે જે બાંઢિયાથી લાવીને અહીં સં.૧૯૮૮ (ઈ.સ. ૧૯૩૨) માં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.''[૫]

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તકમાં નોધ્યું છે કે વાગડનું આ એક માત્ર તીર્થ ભૂકંપમાં પડી ભાગ્યું છે. મૂળનાયક શ્રી મહાવીરસ્વામી તથા ભોંયરાના મૂળનાયક શ્રી નમિનાથજી આદિ બધાંજ પ્રતિમાઓ આણંદમાં લઈ જવાયા છે.[૬] સ્વાભાવિક છે. જયાં સુધી નવનિર્માણ ન થાય ત્યાં સુધી પ્રતિમાઓ ની જાળવણી અત્યંત જરૂરી છે.

## (૩) કંથકોટ

૨૦૦૧ ના ભૂકંપ પહેલાં અહીં સોળ થાંભલાવાળું ભગવાન મહાવીર સ્વામીના પુરાતન મંદિરનું ખંડિયેર હતું. આ મંદિર કોણે બંધાવ્યું એ વિશે શ્રી દલપતરાય પ્રાણજીવન ખખ્ખરે 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા'માં મંદિરમાંથી મળી આવેલા શિલાલેખો ઉપરથી માહિતી આપી છે. જે મુજબ મંડપના સ્તંભ ઉપર કોરેલા એક ત્રુટિત શિલાલેખ ઉપરથી સં.૧૩૪૦ (ઈ.સ. ૧૨૮૪) માં આ મંદિરનું નિર્માણ કરાવનાર તરીકે આમ્રદેવના પુત્રો લાખા અને સોલ્હાનાં નામો જાણી શકાય છે. ચૂનાના પ્લાસ્ટર ઉપર આમ્રદેવના પુત્ર પાસિલનું નામ જણાવેલું છે. મંડપના એક સ્તંભ ઉપરના લેખનો અંશ વંચાય છે. સં. ૧૩૨ (?) શ્રવણ સુદ્ધિ ૫, ને સોમવારે શ્રીમાળી જ્ઞાતિના આમ્રદેવ એટલું વંચાય છે.[૭]

'જગડૂચરિત' મુજબ જગડૂશાહના પૂર્વજોની પાંચ પેઢીઓ કંથકોટમાં નિવાસ કરતી હતી. જગડૂશાહના કાકાઓ વગેરે અહીં ૧૪ માં સૈકા સુધી નિવાસ કરતા હતાં. જેમણે આ મંદિર બંધાવ્યાનું શિલાલેખ પરથી પુરવાર થાય છે.[૮]

## (૪) શિકરા

કચ્છમાં આવેલું શિકરા જૈન ઓસવાળોનું જુનું ગામ ગણાય છે. આ ગામ ક્યારે વસ્યું તે વિશે સચોટ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ અહીં ઘણા પાળિયાઓ મૌજુદ છે. તેમાંના એક પાળિયા ઉપર સં.૧૦૬૦ (ઇ.સ. ૧૦૦૪) ની સાલ વંચાય છે. 'જૈન તીર્થ સર્વસંગ્રહ' માં આ અંગેના સંદર્ભ મુજબ :- 'અહીં એક કલાત્મક જૈન મંદિરનું ખંડેર વિદ્યમાન છે. આ મંદિરનું સં.૧૭૭૩ (ઇ.સ. ૧૭૧૭) માં નિર્માણ થયું હતું. સં. ૧૮૪૨ (ઇ.સ. ૧૭૮૬) માં જ્યારે માળિયાના મિયાણાઓ ઘણો ઉપદ્રવ કરી રહ્યાં હતાં ત્યારે આ મંદિરના મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીની મૂર્તિ આધોઇ ગામે લઇ જવામાં આવી હતી. મંદિરમાં એક શિલાલેખ પણ ઉપલબ્ધ છે.'[૯]

## (૫) આડેસર

આદિનાથ ભગવાનના 'આદીશ્વર' નામનું અપભ્રંશ થતાં આ ગામનું નામ આડીસર કે આડેસર પડ્યાંની લોકોકિત છે. તેને 'આદિશહર' ઉપરથી આદિસર અને તેમાંથી આડેસર થયાનું પણ મનાય છે. વળી જૂનું નામ ઓઠાણું હોવાનું પણ લોકો માને છે.

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તકમાં નોધ્યું છે કે જ્યારે મુનિશ્રીઓ તા.૨૩-૩-૨૦૦૧ માં ત્યાં ગયા ત્યારે ૨૦૦-૨૫૦ વર્ષ જૂનું દહેરાસર લગભગ ખંડેર જેવું લાગતું હતું. જૂના દહેરાસરની નીચે ભોંયરાનું કામ તથા ઉપર રંગમંડપના જીર્ણોધ્ધારનું કાર્ય ચાલુ હતું. દહેરાસરની ભમતીમાં રહેલા જિનાલયમાં (જે હવે તુટી ગયું છે) વિ.સં. ૧૭૮૧ (ઇ.સ. ૧૭૨૫) તપગચ્છીય ભટ્ટારક શ્રી વિજયપ્રભસૂરિ, શિષ્ય પં. હર્ષ વિજય, શિષ્ય લક્ષ્મીવિજય, શિષ્ય સૌભાગ્યવિજયજીના ઉપદેશથી આ જિનાલય આડેસરમાં બનાવવામાં આવ્યું છે એવો શિલાલેખ જોવા મળ્યો.[૧૦]

વળી આડેસર એ વાગડ દેશોધ્ધારક જૈનાચાર્ય શ્રી જિનવિજયજીદાદાની દીક્ષા ભૂમિ છે. કથાસૂત્ર અનુસાર તેમની દીક્ષા બાદ ગામનાં ખારાં પાણી મીઠા બનેલા. અને એટલે જૈનજગતમાં એ વિશેષ જાણીતું બન્યું.[૧૧] જો કે ભૂકંપમાં થયેલ નુકશાનને કારણે આદિનાથ ભગવાનની પ્રતિમા અને અન્ય પ્રતિમાઓ વાડીમાં સ્થાપિત કરવામાં આવેલ. અને પછી ચૈત્ર સુ.૫, ના જૂના ઉપાશ્રયમાં ચલપ્રતિષ્ઠા કરવામાં આવી.[૧૨]

## (૬) મેવાસા અને ભુવડ

ચિત્રોડથી ઉતરાદે કાઠી વસાહતના આ પુરાતન ગામમાં ચાર ચાર દેવાલયોનાં ખંડિયેરો પૈકીનું એક આસમાની રંગના આરસપહાણનું છે. અને એ જૈન જિનાલય હોવાની લોકવાયકા છે. આસમાની આરસ દેવાલયના ખાસ સ્થંભો માટે વપરાયેલો છે.

ભુવડ ગામ પણ કંથકોટ અને કોટાય જેટલું જૂનું છે. ભુવડ ચાવડા વંશનો રાજા હતો. એની ખાંભી અહીં હજારો વર્ષ જૂના મંદિર પાસે પૂજાય છે. એટલું જ જૂનું અને જીર્ણોધ્ધાર પામેલું એક પ્રાચીન જિનાલય પણ અહીં પાબુજીમડથી આથમણી દિશામાં આવેલું છે. અહીં અજિતનાથજી ભગવાન બિરાજે છે.[૧૩]

## (૭) પલાંસવા

'પલાસવન' શબ્દમાંથી અપભ્રંશ થઈને પલાંસવા તરીકે પ્રસિધ્ધ આ ગામમાં કોઇ કાળે પલાસ (ખાખરા) ના વૃક્ષો હશે. જો કે આજે તો ખાખરાના વૃક્ષોનો સંપૂર્ણ અભાવ છે. આડેસર અને પલાંસવાની વચ્ચે કર્કવૃત આવે છે. ૨૨મી જૂને સૂર્ય ઉત્તરમાં અહીં સુધી આપે છે. તે પછી દક્ષિણ તરફ પ્રયાણ કરે છે. કર્કવૃત્તને જણાવતું પાટિયું રોડ પર મૂકેલું છે.[૧૪]


વિ.સં.૧૯૧૦ (ઇ.સ. ૧૮૫૪) મહાસુદ ૫, ના દિવસે પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથનું જિનાલય ૨૦૦૧ના ભૂકંપને કારણે ઇજાગ્રસ્ત થયું હોવાથી નવા ઉપાશ્રયમાં પ્રતિમા લાવવામાં આવ્યાં છે. જૂના અને નવા એમ બે મૂળનાયક શાંતિનાથ શા માટે છે ? તેના ઉત્તરમાં કહેવામાં આવ્યું કે આ જિનાલયની પહેલા જૂનું લાકડાનું જિનાલય હતું તેના પર વીજળી પડતાં મંદિરનો કેટલોક ભાગ વળી ગયો હતો. અને પ્રતિમાજી ખંડિત થયા હતાં. ખંડિત જૂના મૂળનાયક શ્રી શાંતિનાથજી વિ.સ. ૧૬૬૦ (ઇ.સ. ૧૬૦૪) વૈ.સુ. છઠના શ્રી હીરવિજયસૂરિ - શિષ્ય વિજયસેનસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલા છે. નવા મૂળનાયક શ્રી શાંતિનાથજી પર વિ.સં. ૧૮૨૮ (ઇ.સ. ૧૭૭૨) નો લેખ જોવા મળે છે. પલાંસવાનું નામ 'પલાસૂઆ' કોતરેલું છે. ખંડિત થયેલા એ પ્રતિમા જમીનમાં ભંડારી દેવામાં આવ્યાં હતાં પાછળથી તેની પુનઃપ્રતિષ્ઠા જિનાલયમાં કરવામાં આવેલી.[૧૫]

## (૮) મનફરા

વિક્રમની ૧૭મી સદી વિ.સં. ૧૬૦૬ (ઇ.સ. ૧૫૫૦) ના પૂર્વાર્ધમાં વસેલું આ ગામ પહેલા મનોહર, મનોહરમાંથી મણગર, મનહર, મનહરામાંથી છેવટે વર્તમાનમાં મનફરા તરીકે પ્રસિધ્ધ બન્યું છે.

કથાસૂત્ર અનુસાર કંથકોટના રાજા સાથે અણબનાવ થતાં ત્યાંથી આવેલા ઓસવાલો અહીં પાંચખેજડાના એક ખેતરમાં ગામ વસાવેલું. ગામનું તોરણ ગડા ગોત્રીય જૈન ઓસવાલોએ બાંધેલું. કંથકોટથી શ્રી શાંતિનાથ ભગવાનની પ્રાચીન (લગભગ ૧૦૦૦ વર્ષ જૂની આ પ્રતિમા છે એમ કહેવાય છે.) પ્રતિમા અહીં લવાયા હતા. ૨૦૦૧ના ભૂકંપ પછી બનેલી ભીષણ પરિસ્થિતિના કારણે શાંતિનાથજી, વાસુપૂજ્યસ્વામી વગેરેની પ્રતિમાઓ મુંબઇ લઇ જવામાં આવી હતી. જે વિ.સં. ૨૦૫૮ (ઇ.સ. ૨૦૦૨) મહાસુદ-૨, ના પુનઃ જિનબિંબો ત્યાંથી પધાર્યા તેવી નોંધ 'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તકમાં કરેલી છે.[૧૬]

## પ્રાચીન જૈન તીર્થ - વસઇ મહાતીર્થ (ભદ્રેશ્વર)



જૈનોનું મહાનતીર્થ વસઇ કે વસહિકાએ ભવ્યનગરીના ખંડેરોમાંથી બચી ગયેલું એક માત્ર દહેરાસર છે. દંતકથા પ્રમાણે તે ૨૫૦૦ વર્ષ જૂનું છે. તેનાં વારંવારના જીર્ણોધ્ધારને કારણે તે કેટલું જૂનું છે તે જાણી શકાતું નથી.[૧૭] હાલમાં આ તીર્થનો સંપૂર્ણપણે નવેસરથી જીર્ણોધ્ધાર થઇ રહ્યો છે. પરંતુ જિનમંદિરની પ્રતિકૃતિ તો ભૂકંપ પહેલાં હતી તેવી જ રાખેલી છે. સંદર્ભ ગ્રંથોમાં સચવાયેલી માહિતીના આધારે અત્રે તેનું મૂલ્યાંકન કર્યું છે.

આ દહેરાસરના બાહ્ય અને આંતરિકરૂપ જુદા જણાતાં હતાં. બાહ્યરૂપમાં ઘણું ખરું પ્રાચીન સૌંદર્ય તરવરતું હતું જ્યારે આંતરભાગમાં પ્રવેશતાં આધુનિક તત્વોના મિશ્રણ સમું જણાતું હતું.[૧૮]

અવારનવાર ફેરફારો પામીને ઉભેલું આ મંદિર ૧૨ મી સદીના આસપાસનું હોય એમ લાગે છે. જૈનમુનિ શ્રી ખાંતિવિજયજીએ કેટલીક હકિકતો આ અંગે એકત્ર કરેલી. એ હકિકતો પ્રમાણે સં.૪૪૯ માં આ મંદિરો ભદ્રાવતીના સિધ્ધસેને બંધાવેલાં. ત્યારપછી સં.૬૧૮ માં ભદ્રાવતી કનકસેન ચાવડાની સત્તા નીચે આવતાં એનો જીર્ણોધ્ધાર કરાવેલો અને ભદ્રાવતીમાંથી એનું નામ ભદ્રેશ્વર થયું.[૧૯]

શાહ સોદાગર જગડૂશાહના સમયમાં સં.૧૩૧૫ (ઇ.સ. ૧૨૫૯) માં દુષ્કાળ પડ્યો ત્યારે એ મંદિરનો ફરી જીર્ણોધ્ધાર થયો. સં. ૧૫૯૨ (ઇ.સ. ૧૫૩૬) માં જામરાવળની સત્તાનીચે એ આવ્યું અને સં.૧૫૯૩ (ઇ.સ. ૧૫૩૭) માં મુસ્લિમ આક્રમણકારોએ તેને લૂંટ્યા પછી એનો મહિમા ઘટ્યો. મંદિરો ખંડેરો થતાં ચાલ્યાં. કહે છે કે છેક સં. ૧૮૧૫ (ઇ.સ. ૧૭૫૯) સુધી એના પથ્થરો મુન્દ્રા સુધી છૂટથી વેરાયેલા. ગામમાં પણ મકાનોના બાંધકામમાં એના પથ્થરો વપરાતાં.[૨૦]

તીર્થની અવદશા જોઇ જૈન મુનિશ્રી ખાંતિવિજયજીએ કચ્છના રાવશ્રી દેશળજી અને પ્રાગમલજીની સહાયથી ઠાકોરોનો કબ્જો દૂર કરી ઇ.સ. ૧૮૦૨ માં જીર્ણોધ્ધાર કર્યો હતો. એ પછી ઇ.સ. ૧૮૧૬ માં અંગ્રેજ રેસીડેન્ટ મેકમર્ડો અને ચાર્લ્સ વોલ્ટરે પણ તેના જીર્ણોધ્ધારમાં સહાય કરી હતી અને એટલે જ દહેરાસરના પ્રવેશદ્વાર ઉપર યુરોપિયન ઢબના પૂતળા જોવા મળ્યાં હતાં. તે ઉપરાંત દહેરાસરની બહારની દિવાલોમાં દેવ-દેવીઓ સાથે આ અધિકારીઓને પણ દર્શાવાયા હતાં. કથાસૂત્ર અનુસાર અસાધ્ય રોગથી મુક્ત થયા બાદ વૈદ્યરાજ ગુરુ સમતિસાગરની સૂચનાથી મીઠુબાઇ મોણસીએ ઇ.સ. ૧૮૯૪ માં ૫૦ હજાર કોરી દહેરાસર માટે ખર્ચી હતી. પ્રસંગે ૫૦ હજારની મેદની ઉપસ્થિત હતી. અને રા'ખેંગારે દહેરાસરની આસપાસ બે લાખ ફુટ જમીન ભેટ આપી હતી.[૨૧]

'કચ્છનો વિનાશકારી ભૂકંપ' પુસ્તકમાં નોંધ્યું છે કે આ તીર્થના દરવાજા અંદર મોટું મેદાન છે. દહેરાસરના પ્રવેશદ્વારથી નાની સીડી શરૂ થાય છે. જે પર ચડતા ચડતા ભવ્યપ્રતિમા ક્રમશઃ જોવા મળે છે. દહેરાસરમાં ઘણા સ્તંભો છે. અને બાવન દેરીઓ તથા મૂળનાયક મહાવીર સ્વામી છે.[૨૨]

આ તીર્થ સંબંધી પ્રાચીન-અર્વાચીન માહિતીનું તથા છેલ્લા જીર્ણોધ્ધારની વિગતોનું આલેખન કરતાં દહેરાસરના રંગમંડપમાં ચોડવામાં

આવેલ સંસ્કૃત ભાષાના સવિસ્તાર શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે આ તીર્થનો વિ.સ. ૧૯૨૦ (ઇ.સ. ૧૮૬૪) માં ઉધ્ધાર થયો ત્યાં સુધીતો એમાં મૂળનાયક તરીકે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા જ બિરાજમાન હતી. (જે અત્યારે શામળિયા પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે.) પણ ઉધ્ધાર સમયે શ્રી મહાવીર સ્વામીની પ્રતિમાને મૂળનાયક તરીકે બિરાજમાન કરવામાં આવી છે. મૂળનાયકની ફેરબદલીની બાબતમાં બીજો મત એવો છે કે આ ફેરફાર વિ.સં. ૧૬૨૨ (ઇ.સ. ૧૫૬૬) માં કરવામાં આવ્યો હતો. શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ પોતાના પુસ્તક 'ભદ્રેશ્વર - વસઇ મહાતીર્થ'માં આધારભૂત સાધનો દ્વારા અંતમાં જણાવે છે કે શ્રી પાર્શ્વનાથની પ્રતિમા વિ.સં. ૧૯૨૦ (ઇ.સ. ૧૮૬૪) પછીના ગમે તે સમયે દહેરાસરના પાછળના ભાગમાં પધરાવવામાં આવી હોય તો પણ, તે પહેલાંના સમયથી આ તીર્થ ભગવાન મહાવીર સ્વામીના તીર્થ તરીકે ઓળખાવા લાગ્યું હતું એ હકીકતમાં કશો બાધ નથી આવતો.[૨૩]

નોંધનીય છે કે દહેરાસરમાં આજે ભોંયરાવાળી દેરી કહેવાય છે. ત્યાં મોટું ભોંયરુ હતું. કોઇને ખબર ન પડે તેમ તેનું મોઢું બંધ કરવામાં આવ્યું છે. લોકોકિત મુજબ આ ભોંયરુ છેક જામનગર સુધી જાય છે.[૨૪]

૨૦૦૧ ના ભૂકંપને કારણે આ જૈનતીર્થને ભારે નુકશાન થયું. મંદિરના શિખરો, દેરીના શિખરો તૂટી પડ્યા, આરસપહાણ તૂટી ગયા. કમાનો ધ્વસ્ત થઇ પણ સદ્નસીબે જિનપ્રતિમાઓ સલામત રહી છે. જો કે અમુક પ્રતિમાઓ ખંડિત થઇ છે. આ દહેરાસરનો જીર્ણોધ્ધાર ૧૦ મી વખતનો ગણાશે.[૨૫]

આ તીર્થમાં વિશેષરૂપે ગચ્છોની સુમેળતાના દર્શન થાય છે. કારણ કે અહીં ત્રણ ગુરુમંદિર અને એક દેરી છે. અહીં એક ગુરુમંદિર તપગચ્છના શ્રી જીતવિજયજીદાદાનું છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૧૩ (ઇ.સ. ૧૯૫૭) માં આચાર્ય મહારાજશ્રી વિજયકનકસૂરિજીએ કરી હતી. આ ગુરુમંદિરનો વ્યાખ્યાન ખંડ પણ વિશાળ છે.

બીજું ખરતરગચ્છના મહાન પ્રભાવક આચાર્ય શ્રી જિનદત્તસૂરિજીનું ગુરુમંદિર છે. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૨૫ (ઇ.સ. ૧૯૬૯) માં મુનિરાજ શ્રી જયાનંદમુનિજીની નિશ્રામાં કરવામાં આવી હતી.

ત્રીજું પાયચંદગચ્છના આચાર્યશ્રી પાર્શ્વચંદ્રસૂરિજીનું છે. તેનું ખાતમુહૂર્ત

વિ.સં. ૨૦૩૦ (ઇ.સ. ૧૯૭૪) ના આસો સુદિ ૧૩ ના રોજ અને એની શિલારોપણ વિધિ વિ.સં. ૨૦૩૧ (ઇ.સ. ૧૯૭૫) ના જ્ઞાનપંચમીના દિવસે થઇ હતી. અને તેની પ્રતિષ્ઠા તા.૩૦-૧-૧૯૭૭ ના રોજ કરવામાં આવી હતી. ભૂકંપમાં ધ્વસ્ત થયેલ આ ગુરુમંદિરનું પુનઃનિર્માણ થઈ ચૂક્યું છે અને તા.૧૮-૨-૨૦૦૫ના પુનઃપ્રતિષ્ઠા પણ થઈ છે.


આ રીતે તીર્થના દહેરાસરની બહારના વિશાળચોગાનમાં પ્રવેશ કરીએ ત્યારથી પહેલા પાયચંદગચ્છનું પછી ખરતરગચ્છનું અને તે પછી તપગચ્છનું ગુરુમંદિર આવે છે. અને અચલગચ્છના પ્રભાવક આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિજીની પાદુકાની તથા એ ગચ્છના અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાળીની સ્થાપના એક ખાસ દેરીમાં જ કરવામાં આવી છે.[૨૬] નોંધનીય છે કે ભૂકંપમાં દરેક જગ્યાએ નુકશાન થયું હતું.

ભગવાન મહાવીરના મહાનિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરાં થયાં એ પુણ્યપ્રસંગ નિમિત્તે ભદ્રેશ્વર-વસઇ તીર્થમાં વિ.સં. ૨૦૩૧ (ઇ.સ. ૧૯૭૫) ના વૈશાખ સુદિ ૧૦ ના ધર્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ અવસરની યાદમાં આ તીર્થના કમ્પાઉન્ડને 'મહાવીરનગર' એવું નામ આપવામાં આવ્યું હતું.[૨૭] વિશેષરૂપે સં.૧૨૮૮ (ઇ.સ. ૧૨૩૨) માં વસ્તુપાળ અને તેજપાળ ભદ્રેશ્વરની યાત્રાએ આવી ગયેલાંની નોંધ મળે છે.[૨૮]

## કચ્છની મોટી પંચતીર્થી :-


કચ્છની મોટી પંચતીર્થીમાં જિનચૈત્યો સુથરી, કોઠારા, જખૌ, નલીયા અને તેરા - એ પાંચગામોમાં આવેલાં છે. અને આ પાંચે ગામો અબડાસા તાલુકામાં આવેલાં છે. પંચતીર્થીની શરૂઆતમાં જ આવતું સાંધણ ગામમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું મુખ્ય દહેરાસર છે. આ દહેરાસર વિ.સં. ૧૯૧૦ (ઇ.સ. ૧૮૫૪) માં સ્થપાયેલ. જે શેઠ શ્રી માડણ તેજશી ધુલ્લાએ બંધાવેલું. ક્રમે ક્રમે નવાં નવાં દહેરાસરોનો ઉમેરો થવાના કારણે સાંધણમાં એક જ સ્થાનમાં ૯ જિનમંદિરોનાં દર્શન કરવાનો લ્હાવો મળે છે. આ તીર્થને 'નવટૂક' ના નામથી ઓળખવામાં આવે છે. ઉપરાંત તેને 'તિલકટૂક' પણ કહે છે. વિશેષમાં અહિં એક જૈન પુસ્તક ભંડાર પણ છે.[૨૯]

## (૧) સુથરી :-



આ તીર્થ ધૃતકલ્લોલ પાર્શ્વનાથના તીર્થ તરીકે નામાંકિત થયેલું છે. અને એની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૯૬ (ઇ.સ. ૧૮૪૦) ના વૈશાખ સુદ આઠમના રોજ કરવામાં આવી હતી. આ મંદિર વિશાળ માળવાળું અને અનેક શિખરોથી શોભાયમાન હોવાથી ખૂબ આકર્ષક લાગે છે. દહેરાસરના ઉપલે માળે શ્રી કુંથુંનાથ ભગવાન ૩૧ ઇંચ જેટલા મોટા, ચો મુખજી (ચાર પ્રતિમાઓ) પધરાવવામાં આવેલ છે. આ મંદિરના શિખરની પાછળ બીજું શિખરબંધી જિનાલય બનાવવામાં આવ્યું છે. અને એમાં ભગવાન ઋષભદેવની વિ.સં. ૧૯૨૧ (ઇ.સ. ૧૮૬૫) ના લેખવાળી પ્રતિમા બિરાજમાન છે. આ મંદિરની પાસે આનંદ સાધના મંદિર નામે વ્યાખ્યાનહોલ તથા જ્ઞાનમંદિર બનાવવામાં આવેલ છે. ઉપરાંત ગામમાં શ્રી અજિતનાથ ભગવાનનું બીજું નાનું દહેરાસર પણ છે.[૩૦]

## (૨) કોઠારા :-



ત્રણ જૈન શ્રેષ્ઠીઓ શા ઘેલજી માલુ લોડાયા, શા શિવજી નેણશી લોડાયા અને શા કેશવજી નાયક. આ ત્રણે મહાનુભાવોએ કોઠારામાં ભવ્ય જિનપ્રાસાદ બનાવ્યો છે. જેણે દેશભરનાં વિશિષ્ટ, વિરલ અને કળામય દેવાલયોમાં સ્થાન

મેળવ્યું છે. આ તીર્થધામના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુ છે. આ મંદિર ઇ.સ. ૧૮૬૧-૬૨ માં પૂરું થયું હતું. આ મૂળ જિનાલયમાં એક ભોયરું છે. જે સંકટના સમયે કામ લાગે એવી છૂપી ઓરડીઓ અને એની ઉપર સાત ગભારા અને વિશાળ રંગમંડપ બનાવેલ છે. આ મંદિરના ઉપલે માળે ત્રણ ચોમુખ બિરાજમાન કરેલછે. અને આખો જિનપ્રાસાદ પાંચ શિખરો, સામરણ અને ઘુમ્મટથી બનાવેલ છે.


નાના મોટા અનેક જિનાલયોથી શોભતા આ તીર્થસ્થાનની આસપાસ પાંચ કોઠાવાળો ઊંચો ગઢ રચીને એને સુરક્ષિત બનાવવામાં આવ્યું છે. આ તીર્થને 'કલ્યાણટૂક' એવું સુંદર નામ આપવામાં આવ્યું અને મુખ્ય જિનપ્રાસાદને 'મેરુપ્રભ જિનાલય'ની ઉપમા આપી છે. આ જિનાલયમાં મૂળનાયકની જમણી-ડાબી બંને બાજુ મોટા શિલાલેખો મૂકવામાં આવ્યા છે. જેમાં સંપૂર્ણ વિગત આપી છે. આ ઉપરાંત કોઠારામાં ધર્મશાળા, ઉપાશ્રય, મહાજનવાડી, પાંજરાપોળ તથા ફૂલવાડી છે. અને વિશાળ ઘંટ છે. કહેવાય છે કે એનો ઘંટારવ ચાર-ચાર માઇલ સુધી સંભળાય છે.

આ જિનાલયની ઊંચાઇ બાબતે કહેવાય છે કે એ વખતે કચ્છમાં મહારાઓશ્રી પ્રાગમલજીનું શાસન હતું. અને કોઠારાના રાજવી જાડેજા શ્રી મોકાજી હતા. જ્યારે આ મંદિરનો પ્લાન બનાવીને શ્રી મોકાજીની મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યો ત્યારે એમણે એની સામે વાંધો ઉઠાવ્યો કે જો મંદિર આટલું ઊંચુ થાય તો પ્રભુના દર્શન કરવા એટલે ઉંચે જનાર વ્યિક્તની નજર રાજમહેલના જનાનખાના ઉપર પડે. જે મર્યાદાનો ભંગ થાય. તેના ઉકેલ માટે શ્રેષ્ઠીઓએ જનાનખાનામાં કોઇની નજર ન પડે એટલો ઊંચો ગઢ રાજમહેલ ફરતો પોતાના ખર્ચે બંધાવી આપ્યો અને મૂળ પ્લાન મુજબ મંદિરની ઊંચાઇ યથાવત રાખી.

આ જિનપ્રાસાદની રચના કરવાનું કૌશલ દર્શાવવાનું માન કચ્છના સાભરાઇ ગામના નિવાસી શિલ્પી-સોમપુરા નથુ રાઘવજીને ઘટે છે. શ્રી વ્રજલાલ ભગવાનલાલ છાયા 'સ્વદેશ'ના વિ.સં. ૧૯૮૦ (ઇ.સ. ૧૯૨૪) ના દિપોત્સવી અંકમાં છપાયેલ એમના 'કચ્છની સ્થાપત્યકળાના થોડા અવશેષો' નામે લેખમાં (પૃ.૭૫) કોઠારાના જિનમંદિરની કળાની પ્રશંસા કરતાં કહ્યું છે કે 'કારીગરી અને કળાની દૃષ્ટિએ ઉચ્ચ કોટિમાં ગણી શકાય એવું આ જિનમંદિર છે. મનુષ્યો અને પ્રાણીઓનાં તરેહ વાર આકૃતિવાળાં નાના મોટાં પુતળાઓ પરનું કોતરકામ છક્ક કરી નાંખે એવું છે. કોઇ સારંગી બજાવતી તો કોઇ તાઉસથી શોભતી, કોઇ ડમરુથી તાલદેતી તો કોઇ કરતાળથી શોભી

રહેતી, એવી અનેક તરેહની સ્ત્રી-આકૃતિઓથી વિભૂષિત થયેલા વિભાગો એવા તો સરસ રીતે યોજાયેલા છે કે, એક વખત તો કચ્છી સલાટોની શિલ્પકળા માટે આફરીનના ઉદ્ગારો કાઢ્યા વિના રહેવાતું નથી. ત્રણ ત્રણ હાથીઓની ત્રિકડીના દંતશૂળોથી બંને બાજુ આધાર પામતા તાકોના દશ્યથી હાથીઓના મજબૂત બાંધકામની પ્રશંસા કરવી કે તાકો વાળવાનાં વિકટ કામની વાહ વાહ બોલાવી એનો નિર્ણય થવો મુશ્કેલ થઇ પડે છે.'[૩૧]

## (૩) જખૌ :-



જખૌ કચ્છનું બંદરી ગામ છે. અને અબડાસા તાલુકામાં આવેલી કચ્છની મોટી પંચતીર્થીનું એ ત્રીજું તીર્થસ્થાન છે. આ સ્થાન તીર્થસ્વરૂપ બનવા લાગ્યું તેની શરૂઆત વિ.સં. ૧૯૦૫ (ઇ.સ. ૧૮૪૯) ની સાલથી થઇ અને ધીમે ધીમે એનો વિકાસ થતાં થતાં આજે એ તીર્થ નાના મોટા નવ જિનાલયો અને વીસ શિખરોથી શોભાયમાન બની ગયું છે.

અંચળગચ્છના આચાર્યશ્રી મુક્તિ સાગરસૂરિજીના ઉપદેશથી શેઠશ્રી જીવરાજ તથા શેઠશ્રી ભીમશીની બાંધવ બેલડીએ શ્રી મહાવીર સ્વામીનું જિનાલય બંધાવીને વિ.સં. ૧૯૦૫ (ઇ.સ. ૧૮૪૯) મહાસુદ વસંતપંચમીને સોમવારે એની પ્રતિષ્ઠા કરાવી અને પોતાના પિતાની પુણ્યસ્મૃતિને કાયમ રાખવા તેને 'રત્નટૂક' એવું નામ આપ્યું. મંદિરમાં પ્રતિષ્ઠાનો મોટો શિલાલેખ ચોડેલો છે.

આચાર્યશ્રી રત્નસાગરસૂરિના ઉપદેશથી શેઠ ભીમશીના પત્ની પૂંજાબાઇએ પોતાના પતિના શ્રેયાર્થે શ્રી સુવિધિનાથ ભગવાનનું અને શ્રેષ્ઠી ભોજરાજની પત્ની માંકબાઇએ પોતાના પતિના કલ્યાણ માટે શ્રી આદિનાથ વગેરે ચારતીર્થંકરોનું ચોમુખજીનું દહેરાસર બનાવડાવ્યું. જેની પ્રતિષ્ઠા વિ.સં.

૧૯૧૭ (ઇ.સ. ૧૮૬૧) ના મહાસુદ તેરસને શુક્રવારે કરવામાં આવી હતી. આ ઉપરાંત શ્રી વરસંગ ધારશીએ શ્રી મુનીસુવ્રત સ્વામીનું, શ્રી રામજીજેઠાની પત્ની ધનબાઈએ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું અને શ્રી હંસરાજ જેઠાએ શ્રી ચંદ્રપ્રભુનું દહેરાસર કરાવ્યું છે.

આ રીતે જખૌની 'રત્નટૂક' માં એક જ મુહૂર્ત માં નાના-મોટાં મળીને પાંચ જિનમંદિરોની પ્રતિષ્ઠા થઇ હતી. વિ.સં. ૨૦૨૭ (ઇ.સ. ૧૯૭૧) ની સાલમાં આ શ્રી રત્નટૂક જૈન દહેરાસરનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત તીર્થમાં ધર્મશાળા, આંબેલ શાળા અને પાંજરાપોળ છે.[૩૨]


## (૪) નલીયા :-



શ્રેષ્ઠી નરશીનાથાએ ગચ્છનાયકશ્રી મુક્તિ-સાગરસૂરિજીના ઉપદેશથી નલીયામાં શ્રી ચંદ્રપ્રભુનું સુંદર જિનાલયબંધાવીને એની વિ.સં. ૧૮૯૭ (ઇ.સ. ૧૮૪૧) ના મહાસુદ વસંતપંચમી, બુધવારે પ્રતિષ્ઠા કરાવી હતી. જિનાલયનું નામ 'વીર વસહી' રાખવામાં આવ્યું. આ દહેરાસર ઉપરાંત અહીં બીજા પણ દહેરાસરો બન્યાં. આ તીર્થ ૧૬ શિખરો તથા ૧૪ રંગમંડપોથી શોભાયમાન બનેલું છે. આ હકીકત ઉપરથી પણ આ તીર્થ કેટલું વિશાળ અને શિલ્પસમૃધ્ધ છે. એનો ખ્યાલ આવે છે. અહીં ધર્મશાળા, ભોજનશાળા, પાઠશાળા, આંબેલશાળા, જ્ઞાનમંદિર, બાલાશ્રમ, કન્યાશાળા, સદાવ્રત, મહાજનવાડી વગેરે અનેક સંસ્થાઓ છે.[૩૩]

## (૫) તેરા :-

આ તીર્થમાં બે જિનમંદિરો છે. એક શ્રી જીરાવાલા પાર્શ્વનાથનું અને બીજું શ્રી શામળિયા પાર્શ્વનાથનું. આમાં શ્રી શામળિયા પાર્શ્વનાથનું દહેરાસર



પ્રાચીન છે. અને શ્રી જીરાવાલા પાર્શ્વનાથનું દહેરાસર પાછળથી બનેલું છે.

શ્રી જીરાવાલા પાર્શ્વનાથના મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૧૫ (ઇ.સ. ૧૮૫૯) ના મહાસુદ વસંતપંચમીને સોમવારે આચાર્યશ્રી રત્નસાગરસૂરિજીની નિશ્રામાં થઇ હતી. આ દહેરાસરને નવ શિખરો છે. રંગમંડપ કાચકામથી અને ઘુમ્મટ કોતરકામથી શોભાયમાન છે. મંદિરની પ્રતિષ્ઠાનો મોટો શિલાલેખ ત્યાં જોવા મળે છે.

શ્રી જીરાવાલા પાર્શ્વનાથના મુખ્ય દહેરાસરના કમ્પાઉન્ડની બહાર જમણીબાજુ શ્રી શામળિયા પાર્શ્વનાથનું નાનું, જૂનું અને શિખર બંધ દહેરાસર છે. આ જિનાલય આશરે ૩૦૦ વર્ષ પહેલાં યતિશ્રી હીરાચંદજીએ બંધાવ્યું હતું અને યતિશ્રી ભક્તિ શેખરજીએ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો.[૩૪]

## કચ્છની નાની પંચતીર્થી :-

કચ્છની નાની જૈન પંચતીર્થીનાં જિનમંદિરો આ પ્રમાણે પાંચગામોમાં આવેલા છે. મુન્દ્રા, ભુજપુર, મોટી ખાખર તથા નાની ખાખર, બિદડા અને માંડવી.

## (૧) મુન્દ્રા :-


મુન્દ્રામાં ચાર દહેરાસર છે. (૧) શ્રી શીતલનાથનું બે માળનું આલીશાન દહેરાસર, એની પ્રતિષ્ઠા વિ.સં.૧૯૩૩ (ઇ.સ. ૧૮૭૭) માં થઇ હતી. (૨) એની બાજુમાં ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું આશરે સવાસો વર્ષ જૂનું શિખરબંધ દહેરાસર છે. (૩) ત્રીજું મહાવીર સ્વામીનું શિખરબંધ દહેરાસર છે. જે આશરે ૨૦૦ વર્ષ જેટલું જૂનું છે અને (૪) ચોથું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દહેરાસર છે. અહીં શ્રી પાર્શ્વનાથજીના દહેરાસર સાથે એક પુસ્તકભંડાર પણ છે. આ ચાર દહેરાસરો ઉપરાંત મુન્દ્રામાં અંચળગચ્છના ગુરુ હર્ષજીની પાદુકાવાળી છત્રી છે. એના ઉપર તેઓ વિ.સં. ૧૭૯૭ (ઇ.સ. ૧૭૪૧) ના માગસર વદ ૧૦ ના સ્વર્ગવાસી થયાનો લેખ કોતરેલો છે.[૩૫]

## (૨) ભુજપુર :-

મુંદ્રા તાલુકાના ભુજપુર ગામમાં પ્રાચીન અને શિલ્પસમૃધ્ધિસભર શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય છે. શ્રી મુક્તિસાગર સૂરિશ્વરજીના સદ્‌ઉપદેશ અને પ્રેરણાથી દોઢ સદી જૂના આ જિનાલયની પ્રતિષ્ઠા સં.૧૮૯૭ ના ફાગણ સુદ ત્રીજના દિવસે થઇ હતી. જ્યારે 'ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ' પુસ્તક (પૃ.૨૨૨) માં નોંધ્યું છે. વિ.સં. ૧૮૯૮ (ઇ.સ. ૧૮૪૨) ની નોંધ છે. દહેરાસરની બાજુમાં એક બે માળનાં નૂતન જિનાલયમાં મૂળનાયક કેશરિયા આદીશ્વર ભગવાન છે. આ જિનાલયની અર્ધશતાબ્દી પણ ભવ્યતાથી ઉજવાઇ હતી.[૩૬]

## (૩) મોટી ખાખર અને નાની ખાખર :-

મોટી ખાખરમાં શ્રી શત્રુંજયાવતાર નામે શ્રી ઋષભદેવ ભગવાનનું વિશાળ જિનાલય છે. એની પ્રતિષ્ઠા શ્રી વિવેકહર્ષગણિએ વિ.સં. ૧૬૫૯ (ઇ.સ. ૧૬૦૩) ના ૧૦ ના રોજ કરી હતી. આ પ્રતિષ્ઠા-મહોત્સવ સંબંધી એક મોટો શિલાલેખ આ દહેરાસરમાં લગાડવામાં આવ્યો છે. તેમાં કચ્છનાં રાજવી શ્રી ભારમલજીએ ભુજ નગરમાં શ્રી રાયવિહાર નામે શ્રી ઋષભદેવ ભગવાનનું જિનાલય બંધાવ્યાની નોંધ છે.[૩૭]




નાની ખાખરનું દહેરાસર

નાની ખાખરમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું સુંદર દહેરાસર છે. તેમનું ખાતમુહૂર્ત શ્રી લધાબાપાના હાથે થયું હતું. કચ્છી સંવત ૧૯૪૪ માં આ દહેરાસરનું કામ પૂર્ણ થયું હતું. આ દહેરાસર બાંધવા માટે

આરસપહાણ મુંબઇથી આવ્યા હતાં. શિખર માટે શિલાઓ પોરબંદરથી છ વહાણ ભરાઇને માંડવી આવ્યા. અને ત્યાંથી નાની ખાખર લાવવામાં આવ્યાં હતાં. આ દહેરાસર બનાવતા પહેલા અન્ય દહેરાસરો અને તીર્થોના પ્લાનનો અભ્યાસ કરી પછી નિર્માણ કરવામાં આવ્યું છે. આ દહેરાસરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ અને સાથે શ્રી પદ્મપ્રભુ અને ચંદ્રપ્રભુની મૂર્તિ બિરાજમાન છે. પાછળથી તેનો ૧૯૮૫ ની સાલમાં જીર્ણોધ્ધાર થયેલ.[૩૮] અહીં એક જ્ઞાનમંદિરનું નિર્માણ ઉપા. શ્રી ભુવનચંદ્રજીમહારાજની પ્રેરણાથી તાજેતરમાં થયું છે.

## (૪) બિદડા :-



સંવત ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧) માં નિર્માણ પામેલું દહેરાસર કે જે જગ્યામાં ગોરજીની પોશાળ હતી. એ જગ્યાએ આસંબિયા ગામના નથુશા તથા સખી ગૃહસ્થોએ એક નાની દહેરી બંધાવી જે હાલના દહેરાસરની અંદર દાખલ થતાં જ જમણી તરફ આવેલી છે. તે પાર્શ્વનાથ પ્રભુની દહેરી તરીકે ઓળખાય છે. જેમાં શ્રી ચંદ્રપ્રભુ, પાર્શ્વનાથપ્રભુ તથા શ્રી શાંતિનાથપ્રભુ બિરાજમાન છે.

ત્યારબાદ જૈનભાઇઓએ હાલનું જિનાલય બનાવ્યું જેમાં શિખર ઉપરની દહેરીમાં શ્રી ચંદ્રપ્રભપ્રભુની પાંચ પ્રતિમાઓની સ્થાપના કરેલ છે. મુખ્ય જિનાલયમાં મૂળનાયક આદિનાથ પ્રભુ બિરાજે છે. જિનાલયની દક્ષિણ દિશામાં શ્રી નેમિનાથ પ્રભુની દહેરી છે. જેમાં શ્રી અજીતનાથ પ્રભુ, શ્રી નેમનાથપ્રભુ તથા શ્રી વાસુપૂજ્યપ્રભુ બિરાજમાન છે.

શ્રી જૈનસંઘે પંચતીર્થીનો વિકાસ કર્યો છે. અહીં શ્રી ચૌમુખજી મહાવીર સ્વામીની મૂર્તિ બિરાજમાન છે. તદુપરાંત શ્રી સંઘના દર્શનાર્થે આરસ પથ્થરમાંથી શ્રી સમેત શિખરજી મહાતીર્થ, શ્રી શેત્રુંજયજી મહાતીર્થ, શ્રી અષ્ટાપદજી મહાતીર્થ, શ્રી ગીરનારજી મહાતીર્થ, શ્રી આબુજી મહાતીર્થ કંડારેલાં

છે. આ ઉપરાંત આરસના ત્રગડાગઢમાં શ્રી મહાવીર પ્રભુના જીવનના જુદા જુદા પ્રસંગો કલાત્મક રીતે કંડારેલા છે. નવા જિનાલયની પ્રતિષ્ઠા સંવત ૨૦૧૬ ફાગણ સુદ-૩ સોમવાર તા.૨૯-૨-૧૯૬૦ ના રોજ વિધિપૂર્વક કરવામાં આવી હતી.[૩૯]


## (૫) માંડવી :-

જૈનધર્મનું આ મોટું કેન્દ્ર છે. અહીં સાત દહેરાસરો છે. એમાં શહેર અંદર શ્રી મહાવીર સ્વામીનું, શ્રી ધર્મનાથજીનું, શ્રી શીતલનાથજીનું અને શ્રી શાંતિનાથજીનું - એમ ચાર દહેરાસરો આવેલાં છે. આમાં તપગચ્છ, અંચળગચ્છ અને ખરતરગચ્છ એ ત્રણે ગચ્છનાં દહેરા છે. બંદર ઉપર શ્રી અજિતનાથનું દહેરાસર છે. પુલના શહેર તરફના છેડે દાદાવાડી છે. અને એમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. પુલ પાર કરીને થોડે દૂર શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ આવેલ છે. એમાં શ્રી શાંતિનાથ ભગવાનનું સુંદર અને વિશાળ જિનમંદિર છે. આ ઉપરાંત ધર્મશાળા, ભોજનશાળા, જૈનવાડી, પાઠશાળા, ઉપાશ્રયો અને કેટલાંક જૈનહસ્તલિખિત ભંડારો પણ છે.[૪૦]

આ ઉપરાંત સમગ્ર કચ્છમાં કેટલાંય જૈનમંદિરો આવેલા છે. કોડાય, સામખિયાળી, રાપર, નાના ભાડિયા, લુણી, વાંકી, મંજલ, રતાડિયા, પત્રી, ભચાઉ, ફત્તેહગઢ, અધોઇ, વોંધ, ખારોઇ, લાકડીઆ, ચીરઇ, અંજાર, પધ્ધર, ડગારા, લોડાઇ, જવાહરનગર, દૂધઇ, ધમડકા, ચોબારી, ભીમાસર વગેરે અને કચ્છનાં પાટનગર ભુજમાં પણ જિનમંદિરો, સ્થાનકો આવેલાં છે.

## બોંતેર જિનાલય :-

અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરિશ્વરજીની



પ્રેરણાથી કચ્છના માંડવી તાલુકાના કોડાય - તલવાણા ગામોની પાસે ભુજ-માંડવી ધોરીમાર્ગ પર 'ગુણનગર' ના વિશાળ પટાંગણમાં

શત્રુંજયાવતાર શ્રી આદિશ્વર બોંતેર જિનાલય મહાતીર્થનું નિર્ણાણ એ કચ્છની ભૂમિનાં યાત્રાભાગ્યની ભવ્ય નીશાનીરૂપ છે. માંડવીથી ૯ કિમી. દૂર ૯૫ એકર (કચ્છ તારી અસ્મિતા - પૃ. ૧૮૬ માં ૮૦ એકરની નોંધ છે.) ની વિશાળ ભૂમિ પર અષ્ટકોણીય ૭૨ જિનાલય દશ્યમાન છે. આ તીર્થમાં મૂળનાયક તરીકે શ્રી આદીશ્વર ભગવાનની ૭૩ ઈંચની પ્રતિમા બિરાજમાન છે. તે ઉપરાંત ૭૨ જિનપ્રતિમાઓની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ૧ લી મે ૧૯૮૭ ના રોજ અહીં ભોજનાલયના ઉદ્ઘાટન પ્રસંગે તે સમયના રાષ્ટ્રપતિ શ્રી ઝૈલસિંહ કચ્છ આવ્યાં હતાં ત્યારે આચાર્ય શ્રી ગુણસાગર સૂરિશ્વરજીને સાતમાં વરસીતપનાં પારણા કરાવ્યાં હતાં. આચાર્યશ્રી ગુણસાગર સૂરિશ્વરજીની સમાધિ સ્થળે ગુરુમંદિર પણ આવેલું છે.[૪૧]

## ભુજનાં જૈન દહેરાસર અને સ્થાનકો :-

ભુજનું સૌથી પહેલું -નાનું છતાં સુંદર જિનાલય ડાંડાબજારમાં આવેલ મોટી પોશાળનું જિનાલય ગણાય છે. જે ગોરજી માણેકમેરજીના સમયમાં બંધાયેલ છે. એમાં સુપાર્શ્વનાથજી, અંબાજી અને શિવમંદિરનું નિર્માણ થયેલું છે. માતાજીની મૂર્તિ પાસે ખેંગારજીની સાંગ મૂકેલ છે. આમ, જૈન-શૈવ-શકિતનો સંયોગ ભાગ્યેજ જોવા મળે. અહીં ચૈત્રી અષ્ટમીના ઉત્સવ થાય છે. કચ્છ રાજયે વાણિયાવાડના નાકાથી કરીને નાની પોશાળ સુધીના વિસ્તારમાં જૈનોને વસાવ્યા એટલે એ વિસ્તાર જ આખો અદ્યાપિપર્યંત વાણિયાવાડના નામે ઓળખાય છે.[૪૨]

## (૧) શ્રી આદિશ્વર ભગવાનનું દહેરાસર :-

ભુજનાં વાણિયાવાડના ડેલામાં તપચ્છનું દહેરાસર આવેલું છે. તેના જૂના શિલાલેખ મુજબ આ દહેરાસર સંવત ૧૬૦૦ (ઇ.સ. ૧૫૪૪) માં ખેંગારજી પહેલાના યુવરાજ ભારમલજીએ બંધાવ્યું છે. ('કચ્છના જૈન તીર્થ ધામો' પુસ્તક, પૃ. ૩૧ માં સંવત ૧૬૫૬ ની નોંધ છે.) આ દહેરાસરમાં મૂળનાયક આદિનાથ ભગવાન છે. તે ઉપરાંત ગર્ભગૃહમાં આ પ્રમાણે અન્ય પ્રતિમાઓ છે. (અ) મૂળનાયક ઋષભદેવની ડાબી બાજુ-શાંતિનાથપ્રભુ, મહાવીર પ્રભુ, આદિશ્વર પ્રભુ, મહાવીર પ્રભુ, મુનિસુવ્રત પ્રભુ, નેમનાથ પ્રભુ (બ) મૂળનાયક ઋષભદેવની જમણીબાજુ - અજીતનાથ પ્રભુ, સંભવનાથ પ્રભુ, આદિશ્વરપ્રભુ, શાંતિનાથ પ્રભુ, કુંથુનાથપ્રભુ, સુવિધિનાથ પ્રભુ, શિતલનાથ પ્રભુ.[૪૩] આમ કુલ ૧૪ સુંદરમય પ્રતિમાઓ પ્રસ્થાપિત થયેલ છે. (ઉલ્લેખનીય

છે કે ૨૦૦૧ ના ભૂકંપમાં આ દહેરાસર ક્ષતિગ્રસ્ત થયેલું. જેનો જીર્ણોધ્ધાર થઇ રહ્યો છે.) વળી, પંચધાતુની દશ પ્રતિમાઓ દહેરાસરની સ્થાપનાથી પણ પ્રાચીન માનવામાં આવે છે. ગર્ભદ્વાર પાસે સામ સામે શ્રી ગૌમુખી યક્ષ અને શ્રી ચક્રેશ્વરી દેવી તથા શ્રી ખાંતિવિજયજી અને વિજયાનંદ સૂરિશ્વરનાં સ્મૃતિચિત્રો અંકિત થયેલાં છે. જયારે વાયવ્ય તરફ ગણનાયક શ્રી મણિભદ્રવીરજી સ્થાપિત થયેલ છે. શિખરબંધ જિનાલય શિલ્પસભર છે તથા કાળાનુક્રમે જિર્ણોધ્ધાર પણ પામતું રહ્યું છે.[૪૪]

## (૨) શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું દહેરાસર :-

આ દહેરાસર પણ વાણિયાના ડેલામાં આવેલું છે. અને તે અચલગચ્છનું છે. તેની સ્થાપના સંવત ૧૬૬૩ (ઇ.સ. ૧૬૦૭) માં થઇ અને તેનો જીર્ણોધ્ધાર સંવત ૧૮૭૬ (ઇ.સ. ૧૮૨૦) માં થયેલ. ત્યારબાદ સંવત ૨૦૩૧ (ઇ.સ. ૧૯૭૫) માં જીર્ણોધ્ધાર થયેલ. દહેરાસરમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન છે. તેમની ડાબીબાજુએ શાંતિનાથ પ્રભુ, શિલનાથ પ્રભુ, અભિનંદન પ્રભુ, મહાવીરપ્રભુ, આદિનાથ પ્રભુ, ગોડીજી પાર્શ્વનાથપ્રભુ અને ચંદ્રપ્રભુ સ્વામીની પ્રતિમાઓ છે. તેમની જમણીબાજુ - ધર્મનાથ પ્રભુ, શાંતિનાથ પ્રભુ, શંખેશ્વર પ્રભુ, સુપાર્શ્વ પ્રભુ, આદિનાથ પ્રભુની પ્રતિમાઓ છે. અને ગર્ભગૃહની ડાબીબાજુ ચક્રેશ્વરીદેવીનો ગોખલો છે. કલાત્મક દ્રષ્ટિએ બધા દહેરાસરમાં આ દહેરાસર કલાસભર જણાય છે.

મૂળ દહેરાસર ઉપરાંત નાની દેરીઓ પણ આવેલી છે. જેમાં વિમલનાથ, ધર્મનાથ વગેરેની પ્રતિમાઓ છે. સાથે અંબાદેવીનું નાનુંમંદિર પણ છે.[૪૫]

## (૩) શ્રી શાંતિનાથનું દહેરાસર :-

આ દહેરાસર પણ વાણિયાના ડેલામાં આવેલું છે. તે ખરતરગચ્છનું છે. અને શ્રી સંઘ દ્વારા આશરે સં. ૧૮૫૦ (ઇ.સ. ૧૭૯૪) માં સ્થાપિત આ જિનમંદિરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુ છે. તેમની સાથે ૯ આરસની અને ૧૩ પંચધાતુની જિનપ્રતિમાઓ બિરાજમાન છે. ભગવાન - પરિકર વગેરે ચાંદીનાં છે. વિશેષ સ્થાપત્યમાં તેની છતમાં કંડારેલ નાગદમનના ઉત્તમ શિલ્પનું દશ્ય છે. કલાસભર આ મંદિરના પ્રદક્ષિણા પથમાં વિવિધ દેવ-દેવીઓની પ્રતિમાઓ છે. અને એક ક્ષેત્રપાળની દેરી તથા સંવત ૨૦૦૩ (ઇ.સ.

૧૯૪૭) માં સ્થાપિત થયેલું દાદાશ્રી જિનકુશલ સૂરિશ્વરજીનું નાનું ગુરુમંદિર છે.[૪૬]

## (૪) દાદાવાડી :-

જૂની અસલ દાદાવાડી ભુજીયા ડુંગરની તળેટીમાં હાલ જ્યાં રેલ્વે સ્ટેશન છે તેની પાછળ આવેલી હતી. તે શહેરની બહુ દૂર એકાંતમાં આવેલ હોવાથી તેને ગામ નજીક લાવવામાં આવી. નવી દાદાવાડી નો પાયો ખરતરગચ્છ સંઘના આગેવાન શ્રી હેમચંદ્ર સાકરચંદ શાહના હસ્તે નંખાયો હતો. સંવત ૨૦૦૯ (ઇ.સ. ૧૯૫૩) નાં મહાસુદ ૧૧ ના દિવસે આચાર્યશ્રી જિનરત્નસૂરિજી મહારાજના વરદ્‌હસ્તે દાદા ગુરુદેવ શ્રી જિનદત્તસૂરિજીની ભવ્યમૂર્તિ તથા દાદા સાહેબશ્રી જિનચંદ્રસૂરિજી તથા દાદા જિનકુશળસૂરિજીની ચરણપાદુકાઓને વિધિપૂર્વક ગુરુમંદિરમાં સ્થાપિત કરવામાં આવી.

દાદાવાડીનાં મુખ્યદ્વારમાં પ્રવેશ કરતાં જ બરાબર સામે આ ગુરુમંદિર છે. તેના ગર્ભગૃહની ઉપર કળા કરતા મોરની સુંદર પ્રતિકૃતિ છે. ગર્ભગૃહની ડાબીબાજુ દિવાલ પાસે શ્રી મહાવીરના નિર્વાણ સ્થળ 'પાવાપુરી'ની ચાંદીની પ્રતિકૃતિ રાખી છે. તેની બરાબર ઉપર મહાવીરની એક છબી છે.[૪૭]

## શ્રી સંભવનાથ જિનાલય :-

દાદાવાડીમાં ગુરુમંદિરની જમણીબાજુએ શ્રી સંભવનાથ પ્રભુનું ભવ્ય જિનાલય છે. પગથિયાની બન્નેબાજુએ સુંદર કલાત્મક સ્તંભો છે. પ્રવેશદ્વાર પર લક્ષ્મીદેવીની મૂર્તિ છે. મુખ્યપ્રવેશદ્વાર ઉપરાંત બીજા બે દ્વાર પર પણ સરસ્વતી દેવીની પ્રતિમાઓ છે. ગર્ભગૃહની અંદર મૂળનાયક શ્રી સંભવનાથ પ્રભુ તેમજ તેમની જમણીબાજુ શ્રી વિમલનાથ પ્રભુ તથા ડાબીબાજુ શ્રી મહાવીર પ્રભુની પ્રતિમાઓ છે. મહાવીર સ્વામીની પ્રતિમાની બાજુમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પણ પ્રતિમા બિરાજમાન છે.[૪૮] આ જિનાલય વિશે ત્યાં જ સ્થાપિત શિલાલેખો પરથી માહિતી ઉપલબ્ધ થાય છે. જે મુજબ : શ્રી ખરતરગચ્છાચાર્ય શ્રી જિનરત્નસૂરિશ્વરજીના સદ્‌ઉપદેશથી ભુજના શેઠશ્રી સંઘવી હેમચંદભાઇ હિરાચંદભાઇએ આ જિનાલયનું ખાતમુહૂર્ત સંવત ૨૦૧૦ ના વૈશાખ સુદ ૧૨, તા.૧૪-૫-૧૯૫૪ માં કર્યું અને શિલારોપણવિધિ તા.૨૪-૫-૧૯૫૪માં થઇ. સંવત ૨૦૧૧ નાં ભાદરવા સુદ-૪ ના દિવસે શ્રી હેમચંદભાઇનું અવસાન થતાં તેમના પત્ની દિવાળીબાઇ તથા તેમના પુત્રોએ જિનાલયનું

બાંધકામ પૂર્ણ કરાવ્યું. અને તેની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા વિધિ સંવત ૨૦૧૭ ના મહાવદિ-૬, ગુરુવાર તા.૧૮-૨-૧૯૬૦ (કે ૧૯૬૧?) ના મંદલદિને. ખરતરગચ્છીય પૂ. ઉપાધ્યાય શ્રી લબ્ધિમુનીજી તથા ગણિવર્ય શ્રી બુધ્ધિમુનિજી અને પ્રેમજી મુનિજી આદિ મહારાજાઓની નિશ્રામાં કરાવેલ. આ જિનાલયના ઉદ્‌ઘાટક તરીકે કચ્છના મહારાવશ્રી મદનસિંહજીસાહેબ હતાં.[૪૯]

## ઘંટાકર્ણ મહાવીરનું મંદિર :-

દાદાવાડીમાં શ્રી સંભવનાથ જિનાલયની ડાબીબાજુ લગભગ અગ્નિકોણે શ્રી ઘંટાકર્ણ મહાવીર યક્ષનું પશ્ચિમાભિમુખ નાનું મંદિર આવેલું છે. જેની સ્થાપના સં. ૨૦૧૬ (ઇ.સ. ૧૯૬૦) ના ફાગણ વદ ૬ ગુરુવારે થયેલ. આ જિનાલયમાં ધનુષ્ય બાણધારી અને મુકુટધારી યક્ષ ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિ કંડારેલી છે. તેઓ જૈનશાસનનાં રક્ષક દેવ છે. કાનમાં ઘંટ જેવા કુંડળ ધારણ કરેલા છે. શક્ય છે. એટલે જ તે ઘંટાકર્ણ તરીકે જાણીતા હશે. ઉતર ગુજરાતના મહેસાણા જિલ્લામાં મહુડીગામે તેમનું પ્રખ્યાત મંદિર આવેલું છે.[૫૦] વિશેષરૂપે ગર્ભદ્વાર બહાર ઘંટ પર પણ શ્લોક વગેરેનું આલેખન છે.

દાદાવાડીમાં ગુરુમંદિરની ડાબીબાજુએ અલગ મંદિર સ્વરૂપે જૈનધર્મના તીર્થધામોની સુંદર આકૃતિઓ કાચની ફ્રેમમાં મૂકવામાં આવેલી છે. જેમાં મુખ્યત્વે : સિધ્ધાચલ મહાતીર્થ, સમેતશિખર તીર્થ, ગિરનારતીર્થ, અષ્ટાપદતીર્થ અને આબુતીર્થનો સમાવેશ થાય છે.[૫૧]

## (૫) આશકરણ દાદાની દેરી :-

વાણિયાવાડથી દાદાવાડી તરફ જતાં સ્મશાનગૃહની સામે આ સ્થાન આવેલું છે. તેમાં એક મંદિર તથા ત્રણ દેરીઓ આવેલી છે. મંદિર શુદ્ધ હિન્દુ સ્થાપત્યનું બનેલું છે. મંદિરમાં ચરણપાદુકાઓ છે. તેના પર જેટલું વંચાય છે તે પરથી લાગે છે કે તે પાદુકાઓ શ્રી કનકકુશળસૂરિની છે. તેમજ 'તપગચ્છ' વંચાય છે. અને સંવત ૧૬૮૫ હોય તેમ લાગે છે. તે મૂળ પાદુકાની આસપાસની ત્રણ દિવાલમાંના ગોખલામાં અન્ય પાદુકાઓ પણ આવેલી છે. તેમાં પૃષ્ઠભાગની દિવાલોનો ગોખલો સિંદુરથી રંગેલ છે. અને ત્રિશુળ દોરેલ છે. તેથી ગોખલો કોઇ દેવીનો હોવાની શક્યતા વધુ જણાય છે. હાલ આ મંદિર તથા દેરીઓનું સંચાલન 'વિશા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ' હસ્તક છે.[૫૨]

## (૬) થોભ શેરીનું ગુરુમંદિર :-

પાંજરાપોળ શેરીની લગભગ સામે આવેલ થોભશેરીમાં આ ગુરુમંદિર આવેલ છે. તે શ્રી કલ્યાણસાગર સૂરિશ્વરજીનું મંદિર છે. તેમાં ગુરુદેવની પ્રતિમા તેમજ પાદુકા છે. અને આ દહેરાસર 'અચલગચ્છ' નું છે. તેની સ્થાપના સંવત ૧૭૨૧ (ઇ.સ. ૧૬૬૫) માં થઇ હતી.[૫૩]

## (૭) શિવપારસ :-

ભુજ-માંડવીના રસ્તા પર (ભુજથી ૮ કિ.મી.) શિવપારસ સંકુલ આવેલું છે. અહિં શિવમંદિર અને શ્રી પાર્શ્વનાથજીનું જૈન મંદિર એમ દ્વિ મંદિરો આવેલાં છે. આ મંદિરની પ્રેરણા શિવભક્ત મુંબઇના શ્રી શાંતિલાલ ધારશી દોશીને થવાથી નિર્માણ કાર્ય થયું. અને ઇ.સ.૧૯૯૪ ના વૈશાખસુદ ૧૨-૧૩ ના દિવસોમાં શિવ-મહાવીરજીના મંત્રોચ્ચારની સાથે બંને દેવોની પ્રતિષ્ઠા થઇ. આ મંદિરના આર્કિટેક્ટ એન્જિનિયર શ્રી કીર્તિભાઇ નાનાલાલ શાહ છે. જૈન સાધ્વી માટે ઉપાશ્રયો, વ્યાખ્યાનહોલ, ભોજનશાળા તથા તરણહોજ પણ આવેલા છે. આ સ્થાનનું સંચાલન-શિવપારસ કલ્યાણ ટ્રસ્ટ -મુંબઇ કરે છે.[૫૪]

ભુજમાં ઉપર્યુક્ત જિનાલયો ઉપરાંત જૈન સાધુસાધ્વીના ઉપયોગ માટે ઉપાશ્રયો આવેલા છે. તેમાં મુખ્યત્વે શ્રી તપગચ્છ જૈનસંઘના બે ઉપાશ્રયો છે, શ્રી ખરતરગચ્છ જૈન સંઘના બે ઉપાશ્રયો અને શ્રી અચલગચ્છ જૈનસંઘનાબે ઉપાશ્રયો છે. આ બધા ઉપાશ્રયો વાણિયાના ડેલામાં આવેલા છે.[૫૫]

## જૈન સ્થાનકો :-

ભુજમાં સ્થાનકવાસી જૈનોના જે સ્થાનકો આવેલા છે તેમાં મુખ્યત્વે નીચે મુજબનાં છે. : (ઉલ્લેખનીય છે કે ૨૦૦૧ ના ભૂકંપ પહેલાની સંદર્ભ માહિતીના આધારે અત્રે નોંધ કરેલી છે.)

## (૧) આઠ કોટિ મોટીપક્ષના સ્થાનકો :-

આ સંઘના બે સ્થાનકો છે. મોટું સ્થાનક આશરે ૨૫૦ વર્ષ પહેલાનું લોકોકિત મુજબ મનાય છે. સંવત ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩) માં તેનો જીર્ણોધ્ધાર થયો છે. પાછળથી તેનો વિસ્તાર કરી ફરી જીર્ણોધ્ધાર થયો અને સંવત ૨૦૩૩ (ઇ.સ. ૧૯૭૭) માં તેનું ઉદ્‌ઘાટન થયું હતું.

સ્થાનક નં.૨ (લાલ સ્થાનક) સંવત ૧૯૭૫ (ઇ.સ. ૧૯૧૯) માં કારતક સુદ ૫, ના રોજ સંઘના આગેવાન શ્રીયુત દેસાઇ દામોદરભાઇ કરમચંદભાઇ ભુજવાલાનાં કુટુંબીજનોએ બંધાવ્યું અને શ્રી સંઘને સુપ્રત કર્યું. પાછળથી સંવત ૨૦૩૮ (ઇ.સ. ૧૯૮૨) માં આ સ્થાનક પર પાઠશાળાનો હોલ બાંધવામાં આવ્યો.[૫૬]

## (૨) છ કોટિ જૈન સ્થાનકો :-

આ સંઘના ત્રણ સ્થાનકો છે. કચ્છના દિવાન શ્રી વાઘાપારેખના પ્રયત્નોથી ભુજમાં લોકોક્તિ મુજબ આશરે ૨૦૦ વર્ષ પહેલાં સ્થાનકવાસી છ કોટિ સંઘની વ્યવસ્થિતરૂપે શરૂઆત થયેલી. પહેલા સ્થાનક સાથે સ્થાનકહોલ નવું બાંધવામાં આવેલ છે. તે જગ્યા આશરે ૧૪૫ વર્ષ પહેલા વોરા ખેતશી ગોડલજી પાસેથી ૨૫૦ કોરીથી શ્રી સંઘે ખરીદેલ.

કથાસૂત્ર અનુસાર બીજુ સ્થાનક લગભગ ૨૦૦ વર્ષ જૂનું છે. જેનું સમારકામ આજથી ૯૪ વર્ષ પૂર્વે કરવામાં આવેલ. નવા સ્થાનકનું બાંધકામ શ્રી સંઘ દ્વારા ઇ.સ. ૧૯૭૮-૭૯ નાં વર્ષમાં પુરું કરવામાં આવેલ.

ભુજનાં વિજયનગર વિસ્તારમાં 'માતુશ્રી કેસરબાઇ જૈનભુવન'નાં નામથી ઓળખાતું સ્થાનક વર્તમાનકાળે સાધુ-સાધ્વીઓ માટે બહુ જ શાતાહારી પુરવાર થયું છે.[૫૭]

## (૩) આઠ કોટિ નાની પક્ષના સ્થાનકો :-

આ સંઘના ત્રણ સ્થાનકો છે. જે વાણિયાવાડ વિસ્તારમાં આવેલાં છે. સ્થાનક નં.૧ જૂના સ્થાનક તરીકે ઓળખાય છે. સ્થાનક નં.૨ તળાવશેરીમાં આવેલ છે. સંઘભાઇઓનો વસવાટ ભુજ ગામની બહાર વધતાં સોસાયટી વિસ્તારમાં જૈનશાળાની બાજુમાં એક સ્થાનક (આરાધનાગૃહ) સ્થાપવામાં આવ્યું છે.[૫૮] હાલમાં ભાનુશાલીનગર અને ભકિતપાર્કમાં પણ સ્થાનકોનું નિર્માણ થયું છે.

આમ કચ્છમાં જૈનસંસ્કૃતિનાં હાર્દ સમા ઘણા જૈન તીર્થો અને સ્થાનકો આવેલા છે. જે જૈનોની ઉત્કૃષ્ટ ધાર્મિક ભાવના દર્શાવે છે.

## તારતમ્ય :-

'જૈનધર્મ' અંતર્ગત જેટલું સંશોધન કાર્ય થાય તેટલું ઓછું છે. પણ જૈન સંસ્કૃતિ સંદર્ભે જૈનપ્રજાનો ઇતિહાસ એક અલગ દ્રષ્ટિકોણથી આલેખાય

છે. કારણ કે તેમાં કેન્દ્રસ્થાને 'પ્રજા' હોય છે. વળી, જ્યાં જ્યાં જૈનપ્રજા વસતી હોય ત્યાં તેમનો ભૂતકાળ હોવાનો અને ભૂતકાળ સાથે જ ઇતિહાસને સંબંધ છે. ક્યારેક તો જૈનપ્રજાના પ્રદાનથી જે તે પ્રદેશની એક આગવી ઓળખ પણ ઊભી થાય છે.

કચ્છમાં જૈનધર્મ પ્રાચીનકાળથી હોવાની વાત સંપૂર્ણપણે સ્વીકારાય છે. ત્યારે સ્વાભાવિક છે કે સમયની દ્રષ્ટિએ જૈનપ્રજાનું મહત્તમ યોગદાન રહેવાનું. તેથી કચ્છમાં રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિકક્ષેત્રે તેમનું ઘણું પ્રદાન છે. વ્યવસાય અર્થે કચ્છબહાર વસનાર જૈનપ્રજાનો વતનપ્રેમ પણ કચ્છના વિકાસ માટે જવાબદાર રહ્યો છે. શ્રેષ્ઠીઓની ધાર્મિક અને પ્રજાકલ્યાણની નીતિમાં કેન્દ્રસ્થાને તો 'જૈનધર્મ' જ રહ્યો છે. પણ જૈનેતરો તરફ ભેદભાવ જોવા નથી મળતો.

કચ્છમાં ધાર્મિક દ્રષ્ટિએ અલગ અલગ ગચ્છો-સંપ્રદાયો હોવાને કારણે તાર્કિક મતભેદો શક્ય છે. પરંતુ તેનું રૌદ્ર સ્વરૂપ જોવા નથી મળતું. જૈનપ્રજાને યોગ્યદિશામાં વાળવાનાં અથાગ પ્રયત્નો જૈનમુનિઓએ કર્યા છે. તેની ફલશ્રુતિરૂપ જૈનતીર્થોનો વિકાસ ક્રમિકરૂપે થતો રહ્યો છે.

કચ્છના કેટલાય ગામોમાં જૈન મહાજનો દ્વારા દવાખાના, વાચનાલયો, ધર્મશાળાઓ, પાંજરાપોળોનું નિર્માણ અને સંચાલન હમેંશા થતું આવ્યું છે. અને કોઈપણ ભેદભાવ વગર બધી જ કોમોને તેનો લાભ મળતો રહે છે. પાણીનો પ્રશ્ન અસ્તિત્વમાં આવ્યો પછી નળ યોજના, ટાંકા, ચેકડેમો, હવાડા વગેરે સેવાઓ પણ જૈનો દ્વારા હાથ ધરાતી રહી છે. સ્વાતંત્ર્ય પૂર્વે તો શિક્ષણના ક્ષેત્રે જૈન મહાજનોની પ્રવૃત્તિઓની નોંધ તો ખાસ લેવી પડે. ઘણા ગામોની સ્કૂલો, કન્યાશાળાઓ, બોર્ડિંગો, જૈન સંસ્થાઓ દ્વારા જ ચલાવાતી હતી. દુર્ગાપુરની બોર્ડિંગ (હાલમાં બંધ), મુંબઈ, માટુંગા સ્થિત બોર્ડિંગો, સોનગઢ ચારિત્ર્યરત્નાશ્રમની બોર્ડિંગ આ સ્થળે નોંધનીય છે.

જૈન સ્ત્રીસમાજની સ્થિતિ વિશે માની લેવાની જરૂર નથી કે માત્ર કચ્છમાં જ અને તે પણ જૈન સમાજમાં જ બાળલગ્ન, કન્યાવિક્રય, વૃધ્ધલગ્ન, શિક્ષણનો અભાવ વગેરે અનિષ્ટો પ્રવર્તતા હતાં. તે સમયે સમગ્ર સ્ત્રી સમાજના ઓછે વત્તે અંશે આ પ્રશ્નો હતાં જેની સામે દરેક સમાજમાં સુધારાત્મક પ્રવૃત્તિઓ થયેલી છે. અને દરેક સમાજ સુધારકોનો શરૂઆતમાં વિરોધ થયો છે. અને સમય પરિવર્તન સાથે એ જ સુધારાઓ આજે સ્વીકારાયા છે. અંતમાં એટલું

ચોક્કસ કહી શકાય કે કચ્છનાં ઇતિહાસમાં જૈન સંસ્કૃતિનું એક વિશિષ્ટ સ્થાન છે. અને કચ્છના ઇતિહાસ, સમાજવ્યવસ્થા, શિક્ષણ, ઉદ્યોગો, રાજકારણ તથા સાહિત્ય જેવા પ્રજાના સર્વક્ષેત્રોમાં જૈનોનું યોગદાન વીતેલાયુગમાં અને વર્તમાનયુગમાં પણ ધ્યાનાકર્ષક રહ્યું છે. અને આ બધુ જૈન મુનિવરો, સાધ્વીજીઓ, મહાસતીજીઓના કરુણા-માનવતા અને ત્યાગની પ્રેરણા આપી જતા બોધ અને ઉપદેશને આભારી છે. અહિંસા અનેકાંત દ્રષ્ટિ તથા ત્યાગના મૂલ્યો પર આધારિત આ જૈન સંસ્કૃતિ કચ્છની અસ્મિતાનું અભિન્ન અંગ છે અને રહેશે.

## પાદ નોંધ :–

૧. મુનિશ્રી વિદ્યાવિજયજી - મારી કચ્છ યાત્રા, ૧૯૪૨, પૃ. ૧૪૧-૧૪૨
૨. શ્રી ભદ્રબાહુ વિજય - જૈનધર્મ - ઇ.સ. ૧૯૮૭, પૃ.૯૭
૩. એજન. પૃ. ૯૯ - ૧૦૧
૪. પ્રકાશક - શેઠ આણંદજી કલ્યાણજી - જૈન તીર્થ સર્વસંગ્રહ. ખંડ પહેલો, અમદાવાદ, ઇ.સ. ૧૯૫૩, પૃ.૧૪૫
૫. એજન. પૃ.૧૪૪
૬. પંન્યાસ મુક્તિ ચંદ્ર વિજય, ગણિ મુનિચન્દ્ર વિજય :- ભૂકંપમાં ભ્રમણ, શાન્તિ જિન આરાધક મંડળ, મનફરા (કચ્છ), ૨૬-૧-૨૦૦૨, પૃ.૩૮-૩૯
૭. ઉપર્યુક્ત - જૈનતીર્થ સર્વસંગ્રહ, પૃ.૧૪૫-૧૪૬
૮. એજન . પૃ.૧૪૬
૯. એજન.
૧૦. ઉપર્યુક્ત - ભૂકંપમાં ભ્રમણ. પૃ.૨૮
૧૧. ગોસ્વામી પ્રાણગિરિ પી. - કચ્છનાં જૈન તીર્થધામો, વિચારશીલ પ્રકાશન મુંબઇ-૧, ૧૯૯૫, પૃ.૩
૧૨. ઉપર્યુક્ત - ભૂકંપમાં ભ્રમણ. પૃ.૨૮
૧૩. ઉપર્યુક્ત - કચ્છના જૈન તીર્થધામો. પૃ.૨
૧૪. ઉપર્યુક્ત - ભૂકંપમાં ભ્રમણ. પૃ.૨૯
૧૫. એજન. પૃ. ૨૯-૩૦
૧૬. એજન. પૃ.૯૯
૧૭. શ્રી વૈદ્ય દિલીપ કે. - કચ્છનો વિનાશકારી ભૂકંપ, જાન્યુ. ૨૦૦૨, ભુજ. પૃ.૭૪
૧૮. પથિક - ગુજ ઇતિ. પરિષદ - સાતમું અધિવેશન, ભુજ - સ્મરણિકા, વર્ષ-૧૩, અંક-૩, ડિસે.૧૯૭૩, પૃ.૬૪
૧૯. એજન.
૨૦. એજન. પૃ.૬૪-૬૫
૨૧. ઉપર્યુક્ત - કચ્છનો વિનાશકારી ભૂકંપ. પૃ.૭૪-૭૫
૨૨. એજન. પૃ.૭૫
૨૩. શ્રી દેસાઇ રતિલાલ દીપચંદ -શ્રી ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ, ૧૯૭૭, પૃ.૬૩-૬૪

૨૪. એજન. પ્રવેશક. પૃ.૧૮
૨૫. ઉપર્યુક્ત - કચ્છનો વિનાશકારી ભૂકંપ. પૃ.૭૪
૨૬. ઉપર્યુક્ત - ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ. પૃ.૪૭-૪૮
૨૭. એજન - પૃ.૨૩૧
૨૮. સંપાદક - દેવલુક નંદલાલ બી. - જૈન રત્ન ચિંતામણિ. સર્વસંગ્રહ ગ્રંથ ભાગ-૨, શ્રી અરિહંત પ્રકાશન, ભાવનગર. નવે. ૧૯૮૫, પૃ.૧૮૧
૨૯. ઉપર્યુક્ત - ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ, પૃ.૨૦૧-૨૦૨
૩૦. એજન - પૃ.૨૦૨-૨૦૭
૩૧. એજન - પૃ.૨૦૭- ૨૧૩ અને (ફૂટનોટમાંથી)
૩૨. એજન - પૃ.૨૧૩ - ૨૧૫
૩૩. એજન - પૃ. ૨૧૫ - ૨૧૮
૩૪. એજન - પૃ. ૨૧૮ - ૨૨૧
૩૫. એજન - પૃ. ૨૨૧ - ૨૨૨
૩૬. એજન. પૃ.૨૨૨
ઉપર્યુક્ત - કચ્છના જૈનતીર્થધામો. પૃ.૧૮-૧૯
૩૭. ઉપર્યુક્ત - ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ, પૃ. ૨૨૨
૩૮. ક.વી.ઓ. શ્રી નાનીખાખર કીર્તિ સ્તંભ. ૧૯૭૫-૭૬ (પૃષ્ઠ નં. નથી)
૩૯. બિદડા-ગૌરવગાથા, શ્રી બિદડા એજ્યુકેશન સોસાયટી, મુંબઇ ૧૯૮૭. (પૃષ્ઠ નં.નથી)
૪૦. ઉપર્યુક્ત - ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ - પૃ.૨૨૩
૪૧. ઉપર્યુક્ત - કચ્છના જૈન તીર્થધામો. પૃ.૧૪ - કચ્છ તારી અસ્મિતા, પૃ.૧૮૬
૪૨. એજન. પૃ.૩૧
૪૩. શ્રી વિસા ઓશવાળ જૈન ગુર્જર જ્ઞાતિ, ભુજ - સ્મરણિકા, ૧૯૮૬, પૃ.૧૦૫
૪૪. ઉપર્યુક્ત - કચ્છના જૈન તીર્થધામો. પૃ.૩૧-૩૨
૪૫. ઉપર્યુક્ત - સ્મરણિકા. પૃ.૧૦૭
૪૬. એજન, ઉપર્યુક્ત - કચ્છના જૈન તીર્થધામો પૃ.૩૨.
૪૭. ઉપર્યુક્ત - સ્મરણિકા. પૃ.૧૦૯
૪૮. એજન. પૃ.૧૧૧
૪૯. એજન
૫૦. ઉપર્યુક્ત - કચ્છના જૈન તીર્થધામો. પૃ.૩૪
૫૧. ઉપર્યુક્ત - સ્મરણિકા, પૃ.૧૧૩
૫૨. એજન - પૃ.૧૧૩-૧૧૫
૫૩. એજન - પૃ.૧૧૫
૫૪. ઉપર્યુક્ત - કચ્છના જૈન તીર્થ ધામો. પૃ.૩૪
'કચ્છ રચના' - દિપોત્સવી વિશેષાંક, ૧૯૯૬, પૃ.૬૯
૫૫. ઉપર્યુક્ત - સ્મરણિકા - પૃ.૧૧૫
૫૬. એજન. પૃ.૧૧૫-૧૧૭
૫૭. એજન.
૫૮. એજન.

## સંદર્ભ ગ્રંથો


૧. શ્રી દેવેન્દ્રમુનિ - ધર્મ અને સંસ્કૃતિ

૨. મુનિ મહારાજ શ્રી ન્યાયવિજય - જીવન હિતમ્

૩. શ્રી દવે ત્રંબકલાલ - જૈન સાહિત્યમાં પાશ્ચિમાત્ય વિદ્વાનોનો ફાળો.

૪. પૂ.પં. ભાનુવિજયજી ગણિવર - જૈનધર્મનો સરળ પરિચય

૫. ડૉ. શાહ પ્રિયબાળા - જૈનમૂર્તિ વિધાન

૬. ડૉ. શર્મા લીલાધર - ભારતીય સંસ્કૃતિ કોશ.

૭. પં.પૂ. શ્રી વિજયધર્મ સૂરિશ્વરજી, મુનિ પ્રવર શ્રી કનક વિજયજી - ભગવાન મહાવીર - સંક્ષિપ્ત જીવન ચરિત્ર

૮. મુનિશ્રી સુશીલકુમારજી ભાસ્કર - જૈનધર્મ અને તેરાપંથ

૯. સંપાદક :- દેવલુક નંદલાલ બી. - જૈન પ્રતિભાદર્શન

૧૦. સંપાદક :- દેવલુક નંદલાલ બી- શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો. ભાગ-૧, ભાગ-૨

૧૧. પં.નાનચન્દ્રજી મહારાજ જન્મ શતાબ્દિ સ્મૃતિ ગ્રંથ (સંપાદક - મુનિ ચુનીલાલજી ૧૯૭૬)

૧૨. મુનિશ્રી વિદ્યાવિજયજી - મારી કચ્છયાત્રા

૧૩. જૈન પ્રવચન - વર્ષ ૧૦ મું , તા.૨૪-૧-૧૯૩૯, અંક ૪૫-૪૬

૧૪. શ્રી ભદ્રબાહુ વિજય - જૈનધર્મ

૧૫. ગુજરાત સ્ટેટ ગેઝેટિયર - કચ્છ ડિસ્ટ્રીક્ટ - ૧૯૭૦

૧૬. ડૉ. ભટ્ટી નાગજીભાઇ કે. - કચ્છનો સાંસ્કૃતિક વારસો - પાળિયા

૧૭. સંપાદક : દેવલુક નંદલાલ બી.- જૈન રત્ન ચિંતામણિ - સર્વસંગ્રહ - ગ્રંથ ભાગ-૨

૧૮. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર - જૈન ઇતિહાસની ઝલકો.

૧૯. શ્રી અંતાણી નરેશ - કચ્છ : કલા અને ઇતિહાસ

૨૦. શ્રી વિસા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ, ભુજ સ્મરણિકા. ૧૯૮૬

૨૧. કચ્છ તારી અસ્મિતા - કચ્છમિત્ર વિશેષ પ્રકાશન

૨૨. શ્રી દેસાઇ રતિલાલ દીપચંદ - શ્રી ભદ્રેશ્વર વસઇ મહાતીર્થ

૨૩. અચલગચ્છ દિગ્દર્શન - પાર્શ્વશ્રી મુલુંડ જૈન સમાજ, મુંબઇ

૨૪. ડૉ. શર્મા ગોવર્ધન, ડૉ. મહેતા ભાવના - સંસ્કૃતિ સેતુ કચ્છ.

૨૫. સંપાદક : વોરા લાલજી તેજસી, શાહ જાદવજી ખીમજી - નવીનાર જૈન મહાજન - સ્મરણિકા, મુંબઇ

૨૬. શ્રી અજાણી ઊમિયાશંકર - કચ્છઃ પરિસંવાદના પ્રાંગણમાં
૨૭. પંન્યાસ મુક્તિ ચંદ્રવિજય, ગણિ મુનિ ચંદ્રવિજય - ભૂકંપમાં ભ્રમણ-૨૦૦૨
૨૮. શ્રી કચ્છ ગિરનારની મહાયાત્રા, ખંડ-૧ (જૈન સસ્તી વાંચનમાલા, ભાવનગર)
૨૯. મુનિશ્રી પૂનમચંદ્રજી - વ્રજપાલજી સ્વામી
૩૦. શ્રી દ્વિવેદી આત્મારામ કેશવજી - કચ્છ દેશનો ઇતિહાસ, મુંબઇ
૩૧. શ્રી કારાણી દુલેરાય - કચ્છ કલાધર, ભાગ-૨
૩૨. શ્રી છાયા કંચનપ્રસાદ કે. - અતીતની અટારીએ
૩૩. ડૉ. ઓઝા ઈશ્વરલાલ - દીવાન ફતેહમહમદ
૩૪. ડૉ. શર્મા ગોવર્ધન, ડૉ. મહેતા ભાવના - કચ્છના જ્યોતિર્ધરો.
૩૫. મુનિશ્રી ભુવનચંદ્રજી - મંડલાચાર્યશ્રી કુશલચંદ્રજી ગણિવર
૩૬. પ્રકાશક :- શાહ પોપટલાલ ચુનીલાલ - શ્રી ભ્રાતૃચંદ્રસૂરિજીનું જીવનચરિત્ર
૩૭. મુનીશ્રી ભુવનચંદ્રજી - સંઘ સૌરભ - શ્રીપાર્શ્વચંદ્રગચ્છનો પરિચય ગ્રંથ
૩૮. શ્રી હંસરાજ રતનશી હીરજી મોમાઈઆ - ભ્રાતૃચંદ્ર ભક્તિમાળા.
૩૯. આચાર્યશ્રી વિજયરાજરત્નસૂરિજી - યુગ દિવાકર (શ્રી ધર્મસૂરિશ્વરજીનું પ્રેરકજીવન)
૪૦. મુનિશ્રી કલ્યાણચંદ્રજી - મારા સાધુ જીવનનાં સંસ્મરણો.
૪૧. ડૉ. પંડ્યા સુધા નિરંજન - તત્વજ્ઞાનના સીમા સ્તંભો.
૪૨. સંગ્રાહિકા :- સાધ્વીશ્રી હેમલતાશ્રીજી, સાધ્વીશ્રી પ્રજ્ઞલતાશ્રીજી - સમતા જગત સૌરભ જિનગુણ મંજરી ૧૯૮૭
૪૩. શ્રી શિવજી દેવસિંહ - મઢડાવાલા - કચ્છ કોડાયની કલ્પલતા, ૧૯૫૩
૪૪. બિદડા એજ્યુકેશન સોસાયટી - બિદડા ગૌરવગાથા
૪૫. સંપાદક - ગડા વિનોદ ખીમજી, દેઢિયા રમેશ રતનશી, દેઢિયા ગુલાબ રવજી : ક.વિ.ઓ. શ્રી નાનીખાખર કીર્તિ સ્તંભ.
૪૬. કપાયા જૈન સમાજ અને જૈન મહાજન - કપાયા - ભાતીગળ ઇતિહાસ
૪૭. અનવર આગેવાન, છેડા દેવચંદ - પરમાર્થીજીવ-ખીમજી માડણ ભુજપુરીયાનું પ્રેરક જીવન. ૧૯૭૮
૪૮. બિદડા એજ્યુકેશન સોસાયટી - સન્માનપત્ર
૪૯. જન્મભૂમિ - પ્રવાસી, તા.૧૬-૧૧-૨૦૦૩, રવિવાર

૫૦. શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી - ધર્મ અને દર્શન, ૧૯૭૧
૫૧. શ્રી યાજ્ઞિક અમૃતલાલ - સમાજસેવાના પ્રેરક પ્રસંગો.
૫૨. શ્રી અંતાણી કાંતિપ્રસાદ ચં., સંપાદક - શ્રી ધોળકિયા હરેશ - કચ્છ પરિચય પ્રકાશન, પુસ્તક-૫ (રાપર તાલુકો)
૫૩. સંપાદક :- દલાલ ચંદુભાઇ ભગુભાઇ - મહાદેવભાઇની ડાયરી, પુસ્તક ૮ મું, ૧૯૬૬.
૫૪. પંડિત સુખલાલજી - દર્શન અને ચિંતન
૫૫. અંતાણી કાંતિપ્રસાદ ચં., સંપાદક : શ્રી ધોળકિયા હરેશ - કચ્છનાં સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ ૧૯૮૨.
૫૬. શ્રી ધોળકિયા હરેશ - છેલ્લા હજાર વર્ષનું કચ્છ. ૨૦૦૩
૫૭. જય કચ્છ - પરિવારપૂર્તિ, ૧૧ ફેબ્રુ-૧૯૯૯.
૫૮. શ્રી શિવજી દેવસિંહ - વિદ્યાચંદ્ર અને સુમતિ ભાગ-૧ ઇ.સ. ૧૯૧૧
૫૯. શ્રી શિવજી દેવસિંહ - મારા જીવન પ્રસંગો ભાગ-૩, ઇ.સ. ૧૯૫૨
૬૦. પીઠવા દીપક - કચ્છ વૈભવ (ખંતીલી નારી)-૨૦૦૫
૬૧. પ્રકાશક : શેઠ આણંદજી કલ્યાણજી - જૈન તીર્થ સર્વસંગ્રહ ખંડ પહેલો-૧૯૫૩
૬૨. શ્રી ગોસ્વામી પ્રાણગિરિ પી. - કચ્છનાં જૈનતીર્થધામો. ૧૯૯૫
૬૩. શ્રી વૈદ્ય દિલીપ કે. - કચ્છનો વિનાશકારી ભુકંપ, જાન્યુ.૨૦૦૨
૬૪. પથિક -ગુજ. ઇતિ. પરિષદ ૭ મું અધિવેશન, ભુજ સ્મરણિકા - ૧૯૭૩
૬૫. કચ્છ રચના દિપોત્સવી વિશેષાંક. ૧૯૯૬

•